

પ્રકાશક: જીવનલાલ એન્ડ સન્સ. અમદાવાદ અને મુંબઈ-૨.

“શ્રીબોધ”ની ભેટ ૧૯૪૧

વાંક વિનાની

ચંદ્રકાન્ત જીવનલાલ મહેતા

‘શ્રીબોધ’ કાર્યાલય
[illegible]
[illegible]

: પ્રકાશક :
જીવનલાલ એન્ડ સન્સ
તરફથી : ચંદ્રકાન્ત જે. મહેતા
પીરમશા રોડ, અમદાવાદ.

મુંબઈના સોલ એજન્ટ
જીવનલાલ એન્ડ સન્સ
૧૨૯, પ્રિન્સેસ સ્ટ્રીટ.
મુંબઈ-૨.

સંવત ૧૯૯૭ :: આવૃત્તિ :: ઈ. સ. ૧૯૪૧

કિંમત
૨-૦-૦

મુદ્રક
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિ. પ્રેસ, નોવેલ્ટી
સિનેમા પાસે. અમદાવાદ.

નિવેદન

'ચાંદ વિનાની' ૭ જૂદીજૂદી વાર્તાઓનો સંગ્રહ છે. ગુજરાતના જૂદાજૂદા લેખકોની વાર્તાઓ આ પુસ્તકમાં મૂકી છે. 'ચાંદ વિનાની' આ માટેની એક લાંબી વાર્તા છે, એ ઉપરથી આ પુસ્તકનું નામ કરણ કરવામાં આવ્યું છે.

વાર્તાઓ સામાજીક છે; વસ્તુ પણ આપણી આજની સામાજીક પરિસ્થિતિમાંથી વીણેલી છે. વાર્તા, લેખકો સાહિત્યપ્રિય વાચકોના સુપરિચિત છે. એટલે આ સંગ્રહ વાચકવર્ગને સુરૂચીકર થઈ પડશે એવી ખાત્રી છે.

'શ્રીબોધે' ૮૫ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. એના જીવનમાં એણે ઘણા પુસ્તકો ગુજરાતને આપ્યા છે અને આપશે. આપણા જીવનને સ્પર્શતું સાહિત્ય અર્પી સમગ્ર જીવનમાં રહેતી ત્રુટીઓ સમજવા અને નિવારવા પથદર્શક થઈ પડે તેવી વાચન સામગ્રીથી સભર પુસ્તકો ગ્રાહકોને ભેટ આપવાના શ્રીબોધના તંત્રી મંડળના અને સંચાલકોના મનોરથ છે. હું આશા સેવું છું કે 'ચાંદ વિનાની' દ્વારા અમારી એ નેમ જળવાશે.

'શ્રીબોધ'ની લાંબી મજલમાં મળેલા સહકાર માટે ગ્રાહકો, લેખકો અને પ્રશંસકોનો હું આભારી છું.

મકરસંક્રાંતિ ૧૯૯૭
અમદાવાદ
૧૯૪૧

—સંપાદક

અ • નુ • ક્ર • મ

કુલવધૂઓ

ધૂમકેતુ

[૧]

ત્રણ દિવસ ને રાત સુધી જેમ આંગણે કૂતરું રખડે તેમ આશ્રયને માટે નગરશેઠની કુલવધૂઓ રખડી.

પણ પચાસ માણસના ભર્યા જથ્થામાંથી એક પણ દયાનો શબ્દ સંભળાયો નહિ; એક પણ સહાનુભૂતિની નજર મળી નહિ; એક પણ માણસ તેમના તરફ ફરકયો નહિ. એ જાણે જીવતી જ ન હોય એમ સૌ પોતપોતાના કામમાં તલ્લીન રહેતાં. જેઠ નોકરોને હાકલ મારતા દુકાને જવા ઉપડયા — દરવાજા પાસે ઓશિયાળી ઊભેલી નિરાશ્રિત સ્ત્રી તરફ નજર સરખી પણ કર્યા વિના.

એનો દેર ત્યાંથી નીકળ્યો. મોહક કાંતિનો અચ્છો જુવાન હતો. જરાક રંગદર્શી પણ હતો. ભાભીએ નેહ ભરેલા અવાજે બોલાવ્યો: ' એ વિનુભાઈ! આંહીં તો આવો ! '

વિનુ જવાબ આપવાને બદલે કૂતરાને હડકારતો દોડયો ગયો.

હમેશની કામ કરવાવાળી ગંગા પાણી ભરીને આવી.

' એ ગંગા, એ ગંગા — બે'ન ! '

મોટાના ઘરમાં રહેવાને ટેવાયલા નોકરો જેવી રીતે વાતાવરણમાંથી પોતાની વાણી ઘડી કાઢે છે, તેવી રીતે ગંગાએ, જાણે બેડાનો બહુ જ ભાર લાગ્યો હોય તેમ, યમુનાના શબ્દોને સાંભળ્યા છતાં ન સાંભળ્યા ગણીને, પોતાના હાથમાં લીધેલી ગાગર જરાક કમાડ સાથે ભટકાઈ હતી, તેનો લાભ લઈને, 'મરે રે!' એવા અર્થહીન શબ્દો વડે, જવાબ આપ્યા વિના જ, અંદર પ્રવેશ કર્યો.

થોડી વાર પછી રસોઈયાએ આવીને ડોકાબારી પણ બંધ કરી દીધી; અને એવી રીતે ઘરઆંગણેથી કાઢી મૂકવા માટેનાં જેટલાં આડકતરાં સૂચન થાય તેટલાં થતાં રહ્યાં. અંતે થાકીને તે રાતે યમુનાએ ઘર છોડ્યું, અને ત્યાર પછી એનું શું થયું. તેનો પત્તો લાગ્યો નહિ. શ્રીમંત સાસરા પક્ષમાંથી કોઈને આની તપાસ કરવાની જરૂર ન હતી; કારણ કે યમુનાનો વર તો મરણ પામ્યો હતો. ને વિધવા કુલવધૂ માટે આંહીં સ્થાન ન હતું,

તે ગરીબ માબાપની પુત્રી હતી એટલે એનું આંહીં ખાસ મહત્ત્વ ન હતું. તેનાં માબાપ – બાપ તો મરણ પામ્યો હતો — ખાસ મદદ કરી શકે તેમ ન હતાં. માએ, ઘંટી દળી દળીને કરેલી પોતાની નાનકડી પૂંજીમાંથી થાય તેટલા પ્રયત્નો કરી જોયા. યમુનાનો પત્તો લાગ્યો નહિ. અંતે રાતે બે ત્રણ વાગે ઘરાવાતી ઘંટી, જે પહેલાં સરલાનાં ગીતો સાંભળતી, તે હવે એનો છાનો અશ્રુપ્રવાહ નિહાળી રહેતી. ભરેલા સંસારમાં યમુના એવી રીતે ડૂબી ગઈ—જેવી રીતે ભરેલા સરોવરમાં એક કાંકરી ડૂબી જાય.

[૨]

યમુના જન્મી ત્યારે શ્રીમંત માબાપની પુત્રી હતી. કન્યા બની ને વસંતાગમને પ્રવેશ કર્યો ત્યારે લક્ષ્મી જાણે બહારની ઉપાધિ હોય તેમ પિતાના મરણ સાથે ચાલી ગઈ. અકિંચન વિધવાની એ પુત્રી બની રહી. આ ફેરફાર, જે સમાજમાં પૈસાને હદ કરતાં વધારે પ્રતિષ્ઠા આપવામાં આવે છે, ત્યાં ઘણો મહત્ત્વનો ગણાય. તેનું અસામાન્ય રૂપ તો કોઈ લઈ જઈ શક્યું નહિ, પણ તેથી એને પોતાના કુટુંબમાં સમાવવા ઈચ્છતા શ્રીમંતો, હવે તો, હરઘડીએ મહેરબાની કરતા હોય તેમ સરલાને, વારંવાર એની દીન અવસ્થાનું ભાન જાગ્રત રખાવતા. ખરી રીતે જે સંબંધ થયો તે શ્રીમંત પિતાની પુત્રી સાથે હતો; હવે જે સંબંધ તેઓ મહેરબાનીની રાહે બાંધી રહ્યા હતા, તે અકિંચન વિધવાની રૂપાળી કન્યા સાથે હતો. રૂપ ન હોય તો એ સંબંધ ટકે પણ નહિ. પણ રૂપ એવી ભયંકર વસ્તુ છે કે જે એને રૂપ માનીને એને લેવા દોડે એને એ મળે તો નહિ જ, પણ એણે માન્યું હોય તેમ એ રૂપ ત્યાં હોય પણ નહિ. યમુના સાસરે આવી. સાસરે આવી તે આવી, પણ ઘંટી દળતી માને તો ત્યાં આવવા જવાનો ભાગ્યે જ અધિકાર હતો, કારણ કે, જન્મજાતિને લીધે થયેલી અસ્પૃશ્યતા કરતાં પણ લક્ષ્મીની અસમાનતાએ સ્થાપેલી અસ્પૃશ્યતા વધુ ભયંકર હોઈ શકે છે. એટલે યમુનાનું જે ખરું રૂપ હતું તે તો પિંજરમાં પુરાયલા પંખીની માફક હણાઈ રહ્યું હતું. અને એના જે રૂપે, આ કુટુંબમાં એને સ્થાન અપાવ્યું હતું, એ રૂપ તો એક વખત ઈચ્છેલી વસ્તુ

હાથમાં આવતાં તે મૂલ્યમાં ઘટે છે તેમ, મૂલ્યમાં પણ ઘટી રહ્યું હતું. એટલું જ નહિ એ રૂપ જ અધર્મનું કારણ હોય તેમ સૌ એ રૂપને ઢાંકી દેવા, એને જેમ બને તેમ નામશેષ કરવા પ્રયત્ન કરી રહ્યા હતા; અને તેમ તેમ એ રૂપ વધારે ખીલતું હતું.

શહેરમાં જ્યારે અંધાધૂંધી પ્રવર્તી ત્યારે ગુંડાઓનાં ખંજર વધુ ભોગ લે માટે એને ધાર્મિક રૂપ આપવામાં આવ્યું હતું. પોલીસના પગાર ટૂંકા હતા, અને પાળવાનાં ખચ્ચાં વધારે હતાં, માટે એક પાવલી કે એક આઠ આની મળે તો એક ખંજર એક દિવસ છૂટથી ફરી શકતું. પોલીસ અફસરો પણ સમજતા કે આ કાંઈ રાજા વિક્રમનો જમાનો નથી કે આપણે અંધાર પછેડા ઓઢવાના હોય. જેટલી શકય તેટલી મહેનત કર્યા પછી એમને લાગતું કે એમણે કાયદા ને વ્યવસ્થા માટે કરવું જોઈએ તેના કરતાં વધારે કરી લીધું છે.

એ ગુંડાગીરીએ કેટલાક નિર્દોષ ભોગ લીધા, તેમાં યમુનાનો વર પણ હતો.

આતતાયીને હણવાનો ગીતાધર્મ જે માણસ ભૂલે છે તેણે આતતાયીને હાથે મરણ સ્વીકાર્યે જ છૂટકો: જાલિમ હિંસા અને આંધળી અહિંસા — એ બન્ને છેવટે પરિણામ તો એક જ લાવે છે — સમાજધર્મના વિનાશનું.

આ ધર્મ આખું ગામ ભૂલી ગયું હતું. ને તેથી સૌ પોત પોતાનો વાડો સુરક્ષિત કરવા ગુંડાઓ સામે ગુંડાઓ રોકી રહ્યા હતા.

શંકા અને ભયનું વાતાવરણ હતું. શ્રીપાળ શેઠનો તરુણ પુત્ર એ વાતાવરણનો ભોગ થઈ પડ્યો.

બરાબર એના ઘરના દરવાજા પાસે જ એક ગુંડાએ એને ખંજર ભોંકી દીધું. અને તે પડ્યો. એના પર હુમલો થતો જોઈ એને બચાવવા એક ગરીબ રેંકડીવાળો દોડ્યો. પોતાની રેંકડીને, જુવાન વહુ તથા નાના બચ્ચાને મૂકીને એ પવન વેગે દોડ્યો; પણ એના ઉપર હુમલો થયો ને એ પણ ત્યાં જ મરાયો. લોકોમાં હાહાકાર થઈ ગયો. નાસભાગ શરૂ થઈ ને કાંઈ ન બન્યું હોય તેમ નિર્ભયતાથી ગુંડો છટકી ગયો.

યમુનાને એ ખબર પડી. આવા મહાન સંકટમાં મહાન ગુણ ખીલે છે તે પ્રમાણે એનું જાણે કે પરિવર્તન થઈ ગયું. એણે પહેલાં તો પતિના મુડદાંને ત્યાંથી ઉઠાવવા દેવાની ના પાડી.

તેનો અવાજ ફરી ગયો હતો. રૂપ ફરી ગયું હતું. સીનો બદલાઈ ગયો હતો.

'હવે જે થવાનું હતું તે થઈ ગયું, બાઈ, બહેન! હવે કાંઈ હઠ કર્યે વળવાનું છે? — અને તમે કાયદેસર ફરિયાદ કરો — કોર્ટ ન્યાય જોવાની ક્યાં ના પાડે છે?'

સિંહણના જેવો જવાબ મળ્યો: 'એ કોણ છે બાયલો, જે અત્યારે કોર્ટની વાત કરે છે? દેશી રાજ્યોમાં વળી કોર્ટો કેવી, કાયદા કેવા, વ્યવસ્થા કેવી, શાંતી કેવી? હું તમને કહું છું નાં, હું પોતે આ મુડદું ઉઠાવીને ઘેર ઘેર ફરવાની છું!'

બોલનાર પોલીસ ઈન્સ્પેકટરનું માન ઘવાયું: 'બાઈ, તમારા દુઃખની અમે કદર કરીએ છીએ પણ તમારે જીભને સંભાળીને બોલવું જોઈએ!'

ઇન્સ્પેક્ટરના મોંમાં 'કદર કરીએ છીએ' એ શબ્દ તો ગુંડાના ખંજર કરતાં પણ વધારે ભયંકર લાગતો હતો.

'હવે મારી કદર કરવી મહેરબાની કરીને છોડી દો. પણ હું તમને કહું છું નાં — પહેલાં ગુંડાને હાથ કરો, ત્યાર પછી આ મુડદું આંહીંથી ઊપડશે. નહિતર તમારે એકને બદલે બે મુડદાં ઉપાડવાં પડશે !'

યમુનાનું હૃદય હવે ભરાઈ આવ્યું. એનો વેગ શમતાં ઠંડા ઘાની ક્રૂરતા એને હણી રહી. તે પોતાના પતિના મુડદાં પર ઢળી પડી: 'તમે મને પણ સાથે કાં ન લીધી ?' અને તે રડી પડી.

આસપાસ ઊભેલા સૌનાં અંતર દ્રવી ગયાં.

એટલામાં એટલી જ કરુણ ચીસો પાડતું રસ્તા પર બીજું ટોળું જતું હોય તેમ લાગ્યું. રેંકડીવાળાનું મુડદું ઉપાડ્યું હતું ને તેની વહુ તથા નાનો છોકરો આક્રંદ કરતાં પાછળ જતાં હતાં. છોકરો 'એ બાપુ ! એ બા. . . પુ !' કરતો પાછળ પછાટા મારતો જતો હતો.

જ્યાં સંસ્કૃતિજન્ય સત્તા નથી ત્યાં આવાં દૃશ્યો અનિવાર્ય છે. માણસ કેવળ જન્મથી રાજા હોય એ એટલું જ ભયંકર ગણાવું જોઈએ જેટલું માણસ કેવળ જન્મથી અસ્પૃશ્ય હોય.

[૩]

તે દિવસના બનાવ પછી સૌને ખબર પડી કે યમુનામાં ખરી રીતે સિંહણનો આત્મા વસે છે; પણ એટલું છતાં શ્રીપાળ શેઠ અને તેના સૌ કુટુંબીઓને એમાં કાંઈક વધારે

પડતો અવિવેક લાગ્યો હતો. સાધારણ રીતે આવા મરણ પ્રસંગે સ્ત્રીઓ ઘરમાં બેસીને હૃદયફાટ રુદન કરે અથવા તો વિધવાવેષની તૈયારી કરે તેને બદલે સોળે શણગાર સજીને પતિના મડદાં સાથે રખડવા નીકળવું એ સૌને અજુગતું લાગ્યું. પણ એથી વધારે અવિવેક ભરેલું વર્તન તો પાછળથી તેણે કર્યું હતું તે ધીમે ધીમે બહાર આવ્યું.

રાતના નવ દસ થયા હશે. યમુના એકલી, કોઈ ન જાણે તેમ, રેંકડીવાળાની વહુની સાથે, પાંજરાપોળના મુખ્ય મંત્રી અને વ્યવસ્થાપક કિરતચંદ શેઠને ત્યાં જઈ રહી હતી.

શેઠે અણુઆથમી વાળુ કરેલી, એટલે એ પહોંચી ત્યારે શેઠ અર્ધનિદ્રિત અવસ્થામાં મિત્રો સાથે આડાં અવળાં ગપ્પાં મારતા હતા. સુંદર રેશમી ગાદલાની સુંવાળી ભૂમિકા એમને જરાક વધુ પડતા વિનોદી બનાવી રહી હતી. યમુના ત્યાં પહોંચી. તેની પાછળ રેંકડીવાળાની દુઃખી પત્ની અને એનો છોકરો ઊભાં હતાં.

સૌના મોં ઉપર આશ્ચર્યની અદૃશ્ય રેખાઓ છવાઈ ગઈ. નગરશેઠની કુલવધૂ અત્યારે આંહીં આવી રીતે આવે — અને આવી રંક બાઈના સાથમાં, એ વાત કોઈથી મનાતી ન હોય તેમ ઘડીભર સૌ અવાક્ બની ગયાં.

'કોણ ?'

'કાકા, હું યમુના.'

પોતાના ગામના કિરતચંદ શેઠ હતા. એટલે યમુના એને કાકા જ કહેતી.

'કેમ ? અત્યારે અને તે પણ કોઈને લીધા વિના ?'

'એક કામ પડ્યું છે !'

'શું ?'

'આ બાઈ—જે રેંકડીવાળો આપણને બચાવતાં મર્યો તેની વહુ છે. આ એનો નાનો છોકરો છે . . .'

'હા. . આ . . .' કિરતચંદનું આશ્ચર્ય વધ્યું. એમાં એને કાંઈ સમજ પડી નહિ.

'એની બિચારીના ઘરમાં એક દિવસના દાણા ખાવા નથી. છોકરો નાનો છે. તમારી પાંજરાપોળમાં લાખોનું ફંડ છે, એમાંથી એને સારી જેવી વાર્ષિક મદદ આપો તો . .'

'અરે ગાંડી ! . . .' કિરતચંદ હસી પડ્યા. 'આટલા માટે તેં આંહીં ધક્કો ખાધો ? ને તે પણ અત્યારે ?'

પોતાના કામમાં કિરતચંદને તરત અનુકૂળ થતો જોઈ યમુનાને આનંદ થયો.

તે પૂછવા પણ જતી હતી કે શું મદદ આપશો, એટલામાં કિરતચંદનું પ્રાથમિક હાસ્ય પૂરું થઈ પડખે બેઠેલા પોતાના કારકુન તરફ તેની નજર ફરતી હતી. હાસ્યને લીધે ઝીણી થયેલી આંખ હજી મૂળરૂપ ધારણ કરી શકી ન હતી. તેણે કારકુનને પૂછ્યું :

'કેમ અમેચંદ ભાઈ ? હેં, આવી વાતમાં આંહીં સુધી ધક્કો ખાવાની શી જરૂર હોય ?'

'ના, ના, ધક્કો ખાવાની શી જરૂર ? અને આ ક્યાં મોટી વાત છે ? નગરશેઠ પોતે પણ ક્યાં આવી વાતમાં ના પાડે તેમ છે ? નગરશેઠને કાને વાત નાખી હોત તો છ મહિનાના દાણા એ કાઢી આપત ?'

'ના, પણ આમાં તો એક બીજો હેતુ પણ છે !'

૨૨૭૨૨

'શું ?'

'એમ કે આપણા સૌનો સાથ આ બાઈને છે, એ કોઈ દિવસ નિરાધાર રહેવાની નથી, એની એને ખાત્રી કરી આપવી છે. વળી મારા ઘરમાં હું એકલી પડી ગઈ છું. બીજું કોઈ મદદ કરવા ખુશી નથી. એમને લાગે છે કે એમ મદદ કરવાથી નિતનો લાગો થઈ જાય—ને દુષ્ટોની હમેશને માટે આપણા પર નજર રહે એ જુદું !'

કિરતચંદે એક બગાસું ખાધું : 'અમારે બીજો તો કાંઈ વાંધો નથી, કેમ અભેચંદ ભાઈ, બીજો આપણે શું વાંધો હોય ?'

અભેચંદ ધીરે રહીને બોલ્યા: 'મૂંગા ઢોરના તરણામાંથી એક પૈસો બીજે ખર્ચાય એ મને તો ખટકે.'

આ બાજી માટે બન્ને તૈયાર હોય તેમ કિરતચંદે તરત ઉપાડી લીધું:

'હા—સાલ્લું, એ જરા અજુગતું લાગે ખરું. અને વળી બીજું કાંઈ નહિ, આપણને ય પૂછવાવાળા તો હશે નાં ?'

'લૂલાં, લંગડાં, અપંગ, મૂંગાં પ્રાણીને મોંએથી તરણું પડાવવા જેવું થાય.' વનેચંદ અત્યાર સુધી તદ્દન શાંત હતો તે હવે બોલ્યો.

'ત્યારે, એમ કરને, દીકરી, હું તને નગરશેઠ ઉપર ચિઠ્ઠી લખી આપું કે . . .'

પોતાના સાસરા ઉપર ચિઠ્ઠી લખી આપવાની વાત સાંભળી યમુના પણ જરાક ધ્રૂજી. પ્રસંગ ઉપર બની જતી સિંહણમાં—નાનપણના લઘુતાના સંસ્કારે એટલું બળ જમાવ્યું હતું કે તેનું વીરત્વ એ વખતે ત્રણ બદામનું બની જતું.

મહાન શોકના પ્રસંગે એણે જે હિમ્મત બતાવી હતી, તે પ્રસંગ વહી જતાં, એની સાસરાના ઘરની ધ્રુજારી પાછી શરૂ થઈ હતી. મોટી મોટી સાહસ ભરેલી મુસાફરીઓ ખેડનારા, દરિયાના સ્વામીઓ કહેવાય તેવા વેપારીઓ પણ પોતાની પોળના ખૂણામાં પડેલ એક જૂનવાણી ઠૂંઠું ઉખેડતાં ક્યાં પાણી પાણી નથી થઈ જતા? કે નાતના કોઈ પ્રચલિત રિવાજને ઉડાવી દેતાં હાથ જીભ નથી કાઢતા? સિંહણ જેવી યમુના પણ સાસરવાસના કોઈનું નામ પડતાં ધ્રૂજી ઊઠતી.

કિરતચંદે તેની આ નબળાઈ તરત પારખી લીધી.

'વળી તારે ઘેર જેમ સૌને લાગા જેવું લાગે છે તેમ આંહીં પણ સૌને એમ જ થાય નાં?'

'પણ આના ધણીએ તે દિવસે જીવ આપ્યો હતો.'

'મેં તો બહુ ના પાડી, પણ માડી! ઈ તો બંદૂક વછૂટે ઈમ છૂટીને પેલાને બાઝી પડચા. એવા લેખ, બીજું શું?' રેંકડીવાળાની વહુ બોલી.

'હા, બાપુ હા, કરમ કાંઈ મિથ્યા થાય છે? ભગવાન જેવા દી આપે તેવા ભોગવી......' પણ કિરતચંદનું વાક્ય અધૂરું રહ્યું. સુંવાળી રેશમી ગાદીમાંથી એમને કાંઈક ખૂંચી રહ્યું હતું. તે જરાક અધર થઈ ગયા.

'જોયું?—અભેચંદ, છોકરાં કીધાં અટલે થઈ રહ્યું. મારા બેટાએ, કાચની ગોળી આંહીં ઓછાડ નીચે કોણ જાણે ક્યારે સંતાડી દીધી લાગે છે!' નીચેથી કાચની નાની ગોળી ખેંચી કાઢીને, વાત બદલાવવાનું આવું સાધન મળતાં, કિરતચંદ, અભેચંદ સામે જોઈ રહ્યા: હાથમાં કાચની ગોળી રાખીને બોલ્યા: 'જોયું? આ રહી, ક્યારની લાગતી હતી હો,

'ત્યારે કાકા ?—'

'હા દીકરી, બીજું શું, જા તું તારે. ગૌમાતનું તરણું ને બગાડાય—'

'અને આ તો અપંગ મૂંગા ઢોરનું ખાણુ—'

'અને માણસને વાચા છે, કાંઈ ઢોરને વાચા છે ?—'

ત્રણે જણાના એક પછી એક આવેલા જવાબો સામે યમુના ઘડીભર અવાક્ બનીને જોઈ રહી.

'પણ તમને નથી લાગતું કે રેંકડીવાળાએ ઉજળિયાત વરણની આબરૂ રાખી ?'

'આબરૂ રાખી ?—અરે ગાંડી, એણે આપણી તો આબરૂ રાખી શું—પોતાનું નામ પણ, ભગવાનને ઘેર સોનાને અક્ષરે નોંધાવી દીધું !'

'તો પછી આપણે આટલી મદદ ન કરીએ ?'

'મૂંગા ઢોરના ખાણમાંથી નહિ—' વનેચંદ બોલી ઊઠચો.

'એ તો પાળે એનો ધરમ છે. આપણો ધરમ મૂંગા ઢોરને પાળવાનો. રેંકડીવાળાનો ધરમ...'

'આપણે માટે મરવાનો કાં ?' યમુનાના અવાજમાં તીખાશ આવી ગઈ. તે બેઠા જેવી થઈ ગઈ.

બધા હસી પડચા: 'બેન, તમે નાહકનાં ગુસ્સો કરો છો. ભગવાને સૌને હાથ પગ આપ્યા છે !'

હાસ્ય કરતાં ઉત્તર વધારે નફફટ હતો. યમુના એક પણ શબ્દ બોલ્યા વિના ત્યાંથી ચાલતી થઈ ગઈ.

'બેન, તમે મૂંઝાતાં નહિ હોં. મારાથી થાશે એટલું બધું કરી છૂટીશ. એ તો એવું છે બેન, કે મારી પાસે આ પિયરનું ઘરેણું ક્યારનું પડ્યું પડ્યું નાહકનું ડોકને ભારે મારે છે, એટલે હું એને કાઢી નાખીશ.'

'ના રે, માડી! તમે વહુવારુ માણસ—' રેંકડીવાળાની વહુ બોલી.

યમુના તેની સામે જોઈ રહી હતી. હતી મજૂરણ પણ મજૂરીને લીધે જ આવેલું રૂપ સમભાગે ચારે તરફ વહેંચાઈ ગયું હતુંઃ 'તમારું નામ? મેં તમને તે પહેલાં પણ ક્યાંક જોયાં છે!'

'કેમ વળી—હું તમારા ધણી પાસે જ મજૂરી માટે આંટા મારતી—ભૂલી ગયાં?—મારું નામ વજી!'

'ઠીક ત્યારે, તમે આંહીં થોભો, હું હમણાં આવું છું!'

એટલું બોલી યમુના અદૃશ્ય થઈ ગઈ.

[૪]

શ્રીપાળ શેઠને આ વાતની ખબર પડી; અને સાથે સાથે યમુનાએ પોતાના પિયરનું ઘરેણું કાઢી વેચી પૈસા રેંકડીવાળાની વહુને આપી દીધા હતા, ને ત્યાંથી મોડી રાતે પાછી ફરતાં ગુંડાઓએ તેને હેરાન પણ કરી હતી, એ બધી વાતની એને ખબર પડી ત્યારે તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે નોકરોને ધમકાવી કાઢ્યા. મદદ કરનારને બરતરફ કર્યા. ને યમુનાને બહાર કાઢી—એવી શંકાની છોકરી આપણા ઘરમાં નહિ.

વિચારમાંથી ડગ્યા વિના ત્રણ દિવસ ને રાત યમુના રખડી તેને રખડવા દીધી. પ્રસંગે સિંહણ જેવી શૂરવીરતા બતાવતી યમુનામાં એક નબળાઈ હતી. એને એની મા યાદ આવતી અને એ મોળી પડી જતી. માનું અશક્ત શરીર

એના માટે ઘસાય એ સ્મરણથી એ ચિંતાતુર બની જતી. પોતે રખડશે — એ ખ્યાલ માત્રથી તે ધ્રૂજી ઊઠતી. અરક્ષિતા જેવી થશે તો પોતે માને ભારે પડશે એ વિચારથી એ નાસીપાસ થઈ જતી. માણસ, પ્રસંગે વાતાવરણને લીધે બહાદુરી બતાવી શકે, પણ ઘણા કાળની અસરને એકદમ નાબૂદ કરવાની એની અશક્તિ તો એનામાં કાયમ જ હોય છે. સાહસવીરો પણ રૂઢિને — કે પ્રચલિત સામાજિક રિવાજને ફેંકી દેતાં હેં ફેં હેં ફેં થઈ જાય છે. અંતે થાકીને યમુનાએ ત્રીજી રાતે ઘર છોડયું. યમુનાએ ઘર છોડયું ત્યાર પછી એનો પત્તો લાગ્યો જ નહિ. એવી કાંઈક ઉચ્છૃંખલ વિધવા કુલવધૂ વિષે ખાસ તપાસ કરવાની કોઈને જરૂર પણ લાગી નહિ. ખરી રીતે તો એ અદૃશ્ય રહે — એ નજરે ચડે નહિ કે લોકજીભે સંભળાય નહિ — એ વસ્તુસ્થિતિમાં જે ઊંડું આશ્વાસન રહ્યું છે તે આશ્વાસન જ સૌને યમુના વિષે અભ્યાસ ભરેલું મૌન જાળવવામાં મદદ રૂપ બની રહ્યું હતું.

[૫]

યમુનાનો ખરો ઇતિહાસ હવે શરૂ થાય છે. યમુનાને ઘર છોડયા પછી બે વિચાર આવ્યા. ગરીબ માતાને ત્યાં જવાનો: આપઘાત કરીને દેહ છોડવાનો. બેમાંથી એક વિચાર તેણે તાત્કાલિક અમલમાં મૂકયો હોત. પણ તેની પાછળ કેટલીક તરસી આંખો ફરી રહી હતી. એને ખબર ન હતી એટલું રૂપ એનામાં હતું. એટલે જેવો એણે ગૃહત્યાગ કર્યો કે તરત જ એની પાછળ વ્યવસ્થિત ટોળીએ એને ઉપાડી જવાની

તજવીજ કરી. એની પાછળ એક માણસ દેખરેખ રાખવા પડયો હતો. એટલે જે શહેર આવ્યું તેમાં એ દોડતી પેસી ગઈ. અને પેલો માણસ પાછળ રહી ગયો છે, એટલું જોઈને, કોઈને પૂછ્યા વિના પહેલું જે ઘર ઉઘાડું દીઠું તેમાં જ પેસી ગઈ.

કોઇ જુવાન માણસે તેને જોઈ અને...... 'એ ...... કરતો' કને તે દોડયો. પણ યમુના તેના ચરણમાં લોટી પડી 'ભાઈ, ગરીબ છું. એકલી છું આટલો આશરો આપો.'

તેને રૂપાળી જોઈને પેલાએ કહ્યું: 'સારું જા પેલી ચોકડી પાસે વાસણ પડયાં છે ત્યાં માંજવા બેસી જા!'

'અને, એ ધનસુખભાઈ?'

'કેમ, ભાભી?—કેમ કોનું કામ છે—?'

'અરે, ભઈ, તમે તો બહુ મોંઘા થયા છો. મારા તો બોલાવી બોલાવીને જીભના ડૂચા ય વળી ગયા.'

'પણ છે શું?'

'આ એ રતો. આજ પણ રાંડ કામવાળી પાછી ટાઈમસર આવી નથી તો.'

'અરે, આપણે એનું શું કામ છે?—આ બીજી કોઈ ગરીબ બિચારી પરગામથી કામ માગતી આવી તેને કામ કરવા બેસારી દીધી છે. ખાવું પીવું ને ચાર રૂપિયા ઠરાવ્યા છે!'

યમુના સાંભળી રહી. પોતે પરગામથી આવેલી કામ કરવાવાળી છે એ સ્વાંગ સાચવી લેવાનો છે તે સમજી ગઈ. એટલામાં ભાભી રસોડામાંથી બહાર આવ્યાં

ભાભીનું શરીર ખાસ્સું મજાનું વજનદાર હતું. રૂપાળું ન ગણાય પણ કુરૂપ ન લાગે તેવું એ શરીર હતું. એણે કામ

કરવાવાળીને જોઈ.

'અલી, કોણ છો તું નાતની?'

'બા, આંહીં તો પરગામથી બે ચાર દિવસ થયાં આવી છું. જાતની સથવારી છું. કામે રહેવા દેશો તો કામ બરાબર કરીશ; ક્યાંક કોટડી આપશો તો વળી આખો દી આંહીં પડી રે' શ'

'કોટડી—બોટડી આંહીં કેવી? કોટડીનું ભાડું આવે છ રૂપિયા. તને આપે ત્યારે બે માણસ જ કામ કરવા ના રાખે? પણ જો—ત્યાં દાદરા નીચે પડ્યું રહેવું હોય તો પડી રે' જે. ક્યાં છે તારો સામાન?'

'સામાન તો કાંઈ નથી, મા!'

'મા, મા કોને કરે છે? એવી કાંઈ હું ઉમરવાળી થઈ છું હજી? કેમ ધનસુખભાઈ બોલતા નથી?'

'તમને કોણ ઉમરવાળાં કહે ભાભી!'

યમુના કાંઈ સમજતી ન હોય તેમ વાસણ ઘસી રહી. પણ ભાભીએ આવીને ધનસુખને લાફો લગાવ્યો—હસતાં હસતાં—ને ધનસુખ ઊઠીને, હવે ઊભાં રહો તમારા હાલ કરું તે, એમ કહીને તેની પાછળ ઊભે દાદરે દોડ્યો ગયો. આ બધું આ ઘરનું વાતાવરણ યમુનાને વિચિત્ર ને રૂંધનારું લાગ્યું. પણ તેને કાંઈ બીજું જોવાની અત્યારે ઈચ્છા જ ન હતી તે ઊંધું ઘાલીને ભાણું ઘસ્યા કરતી હતી.

ઉપરને મેડે હસવાનો અવાજ આવી રહ્યો હતો. થોડીવારે એક ભૈયો આવ્યો. દાદર નીચેના એક તૂટેલ ટેબલ પર એ બેઠો. 'આઈ ગઈ નાં? મૈંને તૂમને ચેતાયા ન હોત, તો કયા બીતને વાલા થા, માલૂમ હય?'

પોતે સાંભળતી ન હોય તેમ યમુના તો વાસણને વધારે જોરથી ઘસી રહી હતી.

થોડી વાર રહીને ફરી ભૈયો બોલ્યોઃ ' સાલ્લે લોક બી ગંડૂ હોતે, જબ કામ ખતમ હોતે તબ દોસ્તો દૂશ્મનો બનતે.'

આ વખતે યમુનાએ ભૈયા સામે જોયુંઃ ' શું કહો છો ?' કોને કહો છો ? '

' ઓ.........તૂમ કીધર સે આઈ. મૈને સમજા જૂની કામવાળી હય. એક રંગ કી સાડી હય નાં ? ઈસીસે હમેરી ભૂલ હો ગઈ. ' ભૈયો હમેશની કામ કરવાવાળી ધારીને બોલ બોલ કરતો હતો — તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પહેલાં તો એને યમુનાની મુખમુદ્રા જ અત્યંત સુંદર લાગી, આ બાઈ કામ કરવા આવી હશે કે કેમ તેની પણ તેને શંકા પડી. તે વિચારમાં પડીને ચૂપ થઈ ગયો.

એટલામાં ઘરના માલિક મોટા શેઠ આવ્યા. ભૈયો ઊભો થઈ ને તેને સલામ કરી રહ્યો હતો.

સાંજે ચાર વાગે આખું ઘર પાછું ખાલીખમ બની ગયું. ઘરમાં ફક્ત બે જ જણાં રહ્યાં. ધનસુખ અને પોતે. બાકી સૌ દેવદર્શન કરવા ઊપડી ગયાં. ભૈયો પાસેની કોટડીમાં ઊંઘતો પડ્યો હતો.

ધનસુખ યમુના પાસે આવ્યો.

ભયત્રસ્ત હરિણીની માફક યમુના કંપી રહી.

' મેં તને, ભાભી પાસે કહીને કેવી રખાવી દીધી ? કેમ રખાવી છે ખબર છે ? '

યમુનાએ જવાબમાં ડોકું ધુણાવ્યું.

' દસશેરો શું હલાવે છે ? જરાક હસતી હો તો. પાન ખાવું છે ? કપૂરી છે હો ! '

યમુના તેની સામે જોઈ શકી નહિ. એટલો કઢંગી રીતે ધૃષ્કી એ માણસ હતો.

'જો, હવે, તારે આ ઘરમાં રહેવું હોય તો તું તારે મજા કરજે. પણ મારું મન સાચવવું પડશે હો!'

'સાચવીશ.' યમુના બોલી; અને તરત જ ઉમેર્યું. 'પણ શેઠ, મારા પેટમાં પાણો પડ્યો છે, તે ઠેકાણે કરવામાં પહેલાં તમારે મદદ કરવી પડશે હો. એમાંથી છૂટું એટલે પછી — પહેલાં એમાંથી છૂટવા દો!'

'હેં! હત્ રાંડની કમજાત! કો'કનું લઈ ને આવી છો નાં?' પણ ભવિષ્યનો વિચાર કરીને તે વધારે બોલ્યો નહિ. 'ખબરદાર, કોઈને ખબર પડી તો મૂઈ સમજજે. ભાઈ તો ઊભી જ ચીરી નાખશે, સમજી?'

ધનસુખ તે દિવસે તો ચાલ્યો ગયો.

પોતાની યુક્તિ સફળ થઈ એટલે યમુનાને જરા પોતાની શક્તિ પર વિશ્વાસ બેઠો. થોડા દિવસ તેણે ત્યાં શાંતિથી કાઢી નાખ્યા ને એક સાંજે તક શોધી નાસી ગઈ.

યમુનાએ હવે જે બીજું ઘર શોધ્યું ત્યાં એને લાગ્યું કે કાંઈક શાંતિ મળશે. આખું ઘર રોગના વાતાવરણથી ભર્યું ભર્યું રહેતું. ઘરધણી માંદો હતો. તેની વહુ માંદી હતી. છોકરો માંદો હતો. માત્ર છોકરાની નવોઢા પત્ની તંદુરસ્ત હતી. યમુનાને તે બાઈ નખશિખ પ્રેમ ભરેલી લાગી. જાણે પોતાનો પ્રેમ ઊભરાઈ જતો હોય ને કોઈનો જવાબ ન મળતો હોય તેમ હરઘડીએ એના શબ્દેશબ્દમાં એવી મીઠી માર્મિક પ્રેમવાણી આવ્યા કરતી. ઘરમાં પૈસાનો પાર ન હતો. ગેરવ્યવસ્થાનો પાર ન હતો. રોગનો પાર ન હતો. લોભનો પણ પાર ન

હતો. અને છતાં મોટી ભવ્ય આલીશાન હવેલીના છેક ઉપરને માળે તે ઊભી રહેતી ત્યારે તેને લાગતું કે આ શહેરમાં કોઈ પણ મકાન આ મકાનની હરોલનું નથી.

એક માત્ર પેલી નવોઢા પત્ની સમજતી કે — આ માત્ર મકાન છે: અને તે સિવાય એમાં બીજું કાંઈ જ નથી. તે હરઘડીએ કોઈકની સાથે કિલ્લોલ કરવા તરસી હતી—પણ એની સામે રંગબેરંગી ખાલી ઓરડાઓ ઊભા હતા.

યમુના ત્યાં રહ્યા પછી થોડા સમયે ઘરધણી મરણ પામ્યો. કારણ કે તે તો મરવા વાંકે જીવતો હતો. એની પત્ની પણ ત્યાર પછી તુરત ગઈ. અને ઘરનો નવો માલિક — નવોઢા પત્નીનો પતિ — ક્ષયની બીમારીમાં પડ્યો હતો. એ પણ બચે તેવી આશા ન હતી. આ વખતે યમુનામાં જીવનનો નવો સંચાર આવ્યો. તેને લાગવા માંડ્યું કે પોતાને માટે ઈશ્વરે કાંઈક તક જાણે આપી છે. તેણે રાતદિવસ એક કરી તેની સેવા કરવા માંડી. છતાં વળતાં પાણી થાય તેવી આશા ન હતી.

રાતના દસ થયા હશે. યમુના પોતાની ઓરડીમાં શાંત પડી હતી. બહાર ધીમી બુંદે ઝીણો વરસાદ આવી રહ્યો હતો.

અચાનક બારણું ઊઘડ્યું: 'યમુના!'

સામે શેઠની નવોઢા પત્ની ઊભી હતી — 'બેન? કેમ વસંત બેન? મને બોલાવી?'

'આંહીં આવોને, મારે તમારું કામ છે!'

યમુના બહાર નીકળી. તેના સંભ્રમનો પાર ન હતો.

વસંત તેને છેક ઉપરને માળે તેડી ગઈ. યમુના તેની પાછળ પાછળ ચાલી. ઉપરનો માળ અદ્વિતીય સૌન્દર્યથી

શણગાર્યો હતો. જ્યાં જુઓ ત્યાં શૃંગારી ચિત્રોની લટાર લાગી ગઈ હતી. સામ સામા અરીસા એક બીજાના સૌન્દર્યનો જવાબ આપતા હોય તેમ શોભી રહ્યા હતા. ઠેર ઠેર પોતાનું સૌન્દર્ય છુપાવવા વ્યર્થ પ્રયત્ન કરતી, જલમાં પડેલી સુંદરીઓ ચિત્રાંકિત હોઈ લાગણીને વધુ ઉશ્કેરી મૂકતી હતી. એક જગ્યાએ જૂના સમયના બેબીલોનનું સૌન્દર્યદર્શન હતું, તો બીજી જગ્યાએ માંસલ અવયવને ઢાંકીને, એથી વધુ મોહક બનતી, લલનાઓ ઊભી હતી. એક ઠેકાણે ખીલતી કળીના જેવી કોઈ મનોરમ તરુણી — જલમાંથી હમણાં જ બહાર આવેલી ભીની સુંદરી હોય તેવી — ખુલ્લા ખડક ઉપર ખુલ્લી પડી હતી: એ દેહનું રેખાદર્શન ને રૂપદર્શન પણ એટલું ઉત્તેજક ન હતું, જેટલું અંગ પ્રત્યંગમાંથી નીકળતું ધ્વનિત મૌન હતું. એ મૌન જાણે કહી રહ્યું હતું: 'જુઓ, હું આ રહી: નિત્યની યુવાન, નિત્યની અતૃપ્ત, નિત્યની નવીન!'

કેટલેક ઠેકાણે જલકુમ્ભને સ્તનકુમ્ભને આશ્રયે ટકાવીને શિલ્પસુંદરીઓ રસનું પાત્ર ભરતી ઊભી રહી હતી!

યમુના જોઈ રહી — એણે આ ખંડ આજે પહેલવહેલો જોયો હતો. એ જોઈ જ રહી. એણે પણ નગરશેઠની કુલવધૂ તરીકેનું જીવન ગાળ્યું હતું. પણ આંહીં કાંઈક જુદો જ દેખાવ એણે જોયો. તેમ જ વસંતનો આશય પણ કાંઈક પામી ગઈ હોય તેમ એ બોલી: 'બેન! આ તો હું પહેલી જ વખત જોઉં છું. આંહીં તો તમે હિંડોળે ઝુલતાં હો!'

એક ભયંકર ઉષ્ણ નિઃશ્વાસ સાથે વસંત આંખો મીંચીને તેની સામે ઊભી રહી. યમુના કાંઈ વધુ બોલી નહિ.

વસંતે આંખો ઉઘાડી ત્યારે તેમાંથી દડ દડ આંસુ ખરી રહ્યાં હતાં !

'બેન ?'

'તું કોણુ છો બાઈ ? તું કોઈક મારા જેવી જ લાગે છે. તું કામ કરવાવાળી ગમાર નથી. બોલ, સાચું બોલ, તું કોણુ છો ?'

'બેન— !'

યમુના વધુ કાંઈ પણુ કહ્યા વિના ઊભી રહી.

'મારાથી હવે આ સહન થતું નથી. જલી મરવાનું, જલમાં પડવાનું, આપઘાત કરવાનું મન થાય છે. તું કોઈક મારા જેવી છો—ભલે તું ના કહે—એટલે હું તને કહું છું. મારાથી આ સમૃદ્ધિ અને આ પરાણે પાળવાનો સંયમ—એ બન્ને સહેવાતાં નથી. યમુના ! તું મને થોડુંક ઝેર લાવી દઈશ ?'

'અરે બેન, ડાહ્યાં થઈને તમે આમ ગાંડાં કાઢો છો ? દુ:ખ કોને નથી પડતું ? અને કાલે સવારે સાજા તાજા થઈ જશો ને તમે . . . .'

'એ બધી આશા ખોટી છે; યમુના, પણુ ન કરે નારાયણુ ને જો કાંઈ વિપરીત થાય તો આવતી કાલે હું શેરીની રખડનારી થઈ જઈશ. માલિકની પાછળ કોઈ નહિ હોય તો હું વાઘરણુ કરતાં પણુ ભૂરે હાલે રખડીશ. યમુના, તું કાંઈ મદદ ન કરે ?'

'બેન, બા, હું શું કરું ?'

'તારી જાણુમાં કોઈ એવો જુવાન નથી — હજી વખત છે ત્યાં — પછી કાંઈ બને તેમ નથી. હજી એ માંદા છે ત્યાં આપણે કાંઈ ન કરી શકીએ ?'

હજારો વીંછીના ડંખ લાગ્યા હોય તેમ યમુના પાછળ છળી પડી. એને વસંતની વેદના સમજાતી હતી : પણ તે આટલી હદે જશે તેનો એને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

'બે . . ન ?' તે પાસેના કોચનો આધાર લઈને બેસી ગઈ. વસંત તેના ચરણ પાસે પડીઃ 'યમુના, તું—તું, મારી બેન થા. મને રખડતી વાઘરણ ન બનાવવી હોય તો આ એક જ માર્ગ છે. શાસ્ત્રોએ જાણ્યો છે. મહાપુરુષોએ સેવ્યો છે. કોઈ સારો જુવાન . . . .' તે વધુ બોલી શકી નહિ.

જેમ વિષધરને જુએ ને માણસ નાસે તેમ યમુના નાસવા માટે દોડી. પણ વસંત તેની પાછળ પડી. તેને પકડી પાડી. પોતાના બે બાહુ પાશમાં તેને દાબી દીધી ને ઉન્મત્ત વેગમાં ને વેગમાં તેના મોં પર એક ચુંબન લઈ લીધું.

'પણ તું કોણ છો એ તો કહે ? તું કામ કરવાવાળી તો નથી. ને કોઈ જોગીની પાછળ તો ઘર ઘર રખડતી નથી ને ?'

'બહેન, તમે મને છોડો, હું તમને એક વાત કહું !'

'લે કહે ડાહિલી !' વસંતે તેના ગાલ પર ટપલી લગાવી, તેનો હાથ ઝાલી તેને નીચે બેસારી દીધી. 'શું કહેવું છે, કહે તો ડાહિલી !'

'હું તમારા જેવી જ અભાગણી છું. કેવળ મારી જાતને બચાવવા અહીં તહીં રખડી રહી છું !'

'અને છતાં મને રખડતી બચાવવાના કામમાં તું મદદ કરતી નથી કાં ?'

'હું તમને શું કહું બહેન ! તમે તમારી જાતને હાથે કરીને બંદીખાને નાખી રહ્યાં છો !'

'ઓત્ તારી—આ તો જ્ઞાની લાગે છે! — પણ ડાહિલી . .' એટલામાં નીચે કાંઈ ગરબડ થતી લાગી. તેનો લાભ લઈને યમુના નીચે ઉતરી ગઈ. પણ જતાં જતાં વસંતે તેના કાનમાં કહ્યુંઃ 'મને કાંઈક આશ્રય દે, ડાહિલી — કાંઈક આશ્રય દે, તું આ વાતમાં શું સમજે ?'

પણ ત્યાર પછી યમુના જુવાન શેઠાણી સાથે બહુ સંપર્ક ન રાખતી. બની શકે તો મળતી જ નહિ. ત્રણ ચાર માસ પછી એ ઘરનો સૂર્ય આથમી ગયો. તે દિવસે વસંત બહુ રડી નહિઃ પણ એનો ચહેરો એટલો શોકમગ્ન હતો કે એ જોઈને માણસ વિચારમાં પડી જાયઃ કેવળ માણસ માણસની ખાતર કે સંબંધીની ખાતર કરે તેવો એ શોક ન હતો. પૃથ્વી છોડવાનો વખત આવે ને માણસ જે પ્રકારની વેદના અનુભવે એવી અકથ્ય વેદના એના ચહેરા પર હતી.

તેણે સવારે ઉઠીને ભૈયાને બોલાવ્યોઃ 'ભૈયા ! એ તુમ્હારે લીયે હય — ' અને તેણે સોનાનાં બે કડાં તેને આપ્યાં.

એમ દરેક નાના મોટા નોકરને સંભારી તેણે સૌને કાંઈ ને કાંઈ આપ્યું. એક સુંદર સાડી યમુનાને મળી.

યમુના દિઙ્મૂઢ બની ગઈ હતી. તેને લાગ્યું કે વખતે વસંતને ઘર છોડવું પડે માટે સૌને હાથે કરીને આપી લે છે. તેને પોતાની જાતની પણ ચિંતા પેઠી. વળી ક્યાંક નવું ઘર નિહાળવું પડશે. ત્યાર પછી દરેકે દરેક ખંડમાં વસંત ફરી. અને દરેક ખંડમાં થોડી થોડી વાર બેઠી. કેટલાક સમૃદ્ધિથી છલકાતા હતા. કેટલાકનું ફર્નિચર તો માત્ર ત્રણ દિવસ જ પહેલાં આવ્યું હતું.

મોડી સાંજે તે ઉપરને માળે ચડી ગઈ. યમુના ધીમે ધીમે

એની પાછળ ગઈ. પણ તેણે વસંતને ક્યાંય જોઈ નહિ. બારણાં બંધ હતાં. 'લાઈટ' બુઝાઈ ગઈ હતી.

卐

બરાબર મધરાતે ભયંકર ચીસોથી આખું મકાન ધ્રૂજી ઊઠ્યું.

યમુના ઉપર જવા માટે દોડી.

વસંતના ખંડમાંથી આગના ભડકા દેખાતા હતા.

એટલામાં ભૈયો ત્યાં આવી પહોંચ્યો. તેણે પાટુ મારી કમાડ તોડ્યું. અંદર જ્યાં જ્યાં પ્રકાશમાં ચીસેચીસ પાડતી વસંત બળી રહી હતી. તેણે યમુનાને જોઈ. યમુના દોડી— એને બચાવવા—પણ સામેથી વસંત દોડીને તેને બાઝી પડી હતી.

'બેન! તેં—તેં મને—રખ—'

તે વધુ કાંઈ બોલી શકી નહિ. ઢગલો થઈને પડી ગઈ. તેના પાસે યમુના પણ પડી ગઈ.

卐

બીજે દિવસે આગના અકસ્માતમાં ભોગ થયેલી બે કુલ વધૂઓની ચિતા પાસે પાસે બળી રહી હતી.

વાંક વિનાની

નૌતમકાન્ત સાહિત્યવિલાસી

પ્રકરણ ૧ લું :

કેવું અવળું શિક્ષણ!

"અંગ્રેજી શીખવતાં પહેલાં ચન્દ્રસેના બહેન કેટલાંય દૃષ્ટાંતો આપે છે. જે નામ આપણી આગળ મૂકે છે, તેમાંનું એક પણ હિન્દના ઇતિહાસોમાં મેં કદી વાંચ્યું હોતું નથી." એક વિદ્યાર્થિનીએ પોતાની બાજુમાં બેઠેલી ભારતીને સંબોધી વાતચીત શરૂ કરી.

પ્રત્યુત્તરમાં ભારતીએ માત્ર નીરવ સ્મિત કર્યું. વિદ્યાર્થિનીએ પોતાના અંતરનો ઊભરો ઠાલવવા માંડયો: "તમને નથી લાગતું કે ઘણું અંગ્રેજી ભણેલાનાં મગજ અંગ્રેજી છાપથી અંકિત બને છે!"

"ના, એવું કાંઈ જ નથી," ભારતીએ જવાબ દીધો: "મારા પિતાશ્રી ખૂબ અંગ્રેજી ભણ્યા છે. તમે કહો છો તેમ આપણી શિક્ષિકાએ આપણી આગળ કહ્યાં તેવાં નામ એમણે કદી પણ મને કહી સંભળાવ્યાં નથી."

વર્ગમાં એક શિક્ષિકા પોતાનો સમય પૂરો કરી વિદાય થઈ હતી. બીજો કલાક 'સંસ્કૃત'નો હતો. તે શિક્ષિકાને આવતાં વાર થઈ, એટલે સરોજિનીએ ભારતી આગળ પોતાની વરાળ બહાર કાઢી લીધી; એથી તેને શાંતવન મળ્યું નહિ.

દશેક મિનિટે સંસ્કૃત શિક્ષિકા અંગ્રેજી ચોથા ધોરણના આ વર્ગમાં પ્રતિભા પાડતાં દાખલ થયાં. છોકરીઓએ રાબેતા મુજબ અંગ્રેજી ઢબે માન આપ્યું, શિક્ષિકાબહેન સગર્વ બેઠાં અને સમય પૂરો કરી વિદાય થયાં.

'હિન્દની પ્રાચીન ભાષા શીખવતી શિક્ષિકાબહેન માન આપવાની આપણી પ્રાચીન રીતભાત શા માટે નહિ શીખવતી હોય !' ભારતીના મનમાં વારંવાર આ પ્રશ્ન થયા કરતો. પણ તેણે આજ સુધીમાં કોઈ પણ શિક્ષિકાને તે સંબંધમાં કશું પૂછ્યું નહોતું. તેના મોં પરના ભાવ કહેતા હતા, કે તેના અંતઃકરણમાં છુપાઈ રહેલી જિજ્ઞાસા એકાએક બહાર નીકળી જશે.

કૃષ્ણાબહેન હસમુખાં છે, ઇતિહાસ સમજાવવામાં કુશળ છે, અને ભૂગોળનું જ્ઞાન આપવામાં સરળ માર્ગ પસંદ કરનારાં છે. એમની આંખોનું ઊંડાણ એમનું અર્ધીસદીનું વય પુરવાર કરે છે. એમને એ પણ ખબર છે કે વર્ગની બત્રીશ વિદ્યાર્થિનીઓમાં પાંચ સાત સિવાયની બધી જ ઓછું અંગ્રેજી સમજી શકે તેવી છે. છતાં ઇતિહાસની સમજણ આપવા માટે ગુજરાતી ભાષાનો આશ્રય લેવાનો પ્રયત્ન હજી સુધી એમણે કર્યો જ નથી. આ બધું ભારતીના લક્ષમાં હોવાથી તેણે શિક્ષિકાબહેનને સ્પષ્ટ કહેવાની હિંમત ક્યારની એકત્ર કરવા માંડી હતી.

'Baber, when a boy, thirteen years old, became a chief —' ઇતિહાસનું પુસ્તક ઉઘાડી

શિક્ષિકાએ આ પ્રમાણે સડસડાટ વાંચવા માંડયું. તેમનું વાચન અટકાવી ભારતીએ નમ્રતાથી પૂછ્યું: "બહેન, મારી એક શંકા હું કહી શકું ખરી?"

"ઓહ યેસ. વ્હાય નૉટ?" ઇતિહાસનું પુસ્તક મેજ પર મૂકી શિક્ષિકાએ ચશ્માંમાંથી જોતાં ઉમેર્યું: "શું કહેવાનું છે?"

"અમને જે કાંઈ માહિતી આપવાની હોય તે બધી ગુજરાતી ભાષાદ્વારા આપવાનું રાખો તો કેમ?"

આવો પ્રશ્ન કોઈએ પોતાનાં શિક્ષક—શિક્ષિકાને પૂછ્યો હશે કે કેમ? આવી સ્પષ્ટ સમજણ–વાંચ્છના કોઈ પણ હિન્દી વિદ્યાર્થી—વિદ્યાર્થિનીએ અમલમાં મૂકી હશે કે કેમ?

શિક્ષિકાના અનુભવી—અભ્યાસી અંતરમાં તર્ક વિતર્ક શરૂ થયા.

ભારતીએ ટીકાત્મક પ્રશ્નદ્વારા સૂચના આપનારું જે કાર્ય કર્યું તે વિનયને અનુસરતું ગણાય કે નહિ? તેના કહેવાનું તારણ કેળવણીની પદ્ધતિ પર પ્રહાર કરનારું હતું કે નહિ? તેણે મૃદુસ્વરે જે જિજ્ઞાસા વ્યક્ત કરી તેમાં છુપાયેલું રહસ્ય તે સમજતી હતી કે નહિ?

કેટલાય વિચારને અંતે શિક્ષિકાએ ઉલ્લાસ દર્શાવવાનો ડોળ કરતાં કહ્યું. "ભારતી, તેં શંકા કરી તે અસ્થાને નથી. તારા પ્રશ્નમાં સરસ અર્થ સમાયેલો છે."

બહુ જ ટૂંકો છતાં માર્મિક પ્રત્યુત્તર સાંભળી ભારતી પોતાની જગ્યા પર ચૂપચાપ બેસી ગઈ.

*

બીજે દિવસે ભાનુ આકાશે તપતો થયા પછી સ્કૂલ ઊઘડી. એ તો નિત્ય–નિરંતરનો ક્રમ હતો જ તો.

ચોથો કલાક 'વર્નાક્યુલર'નો છે. ગુજરાતી શિક્ષિકા મંજુલાબહેન સાહિત્ય રસિક છે. માતૃભાષા ગુજરાતી માટે 'વર્નાક્યુલર' જેવો કઢંગો અને અપમાનજનક શબ્દ ઠોકી બેસાડાયો હોવાનું તેમના જ મોઢેથી વિદ્યાર્થિંનીઓને જાણવા મળ્યું છે. એમનામાં કવિતા કરવાની ધગશ છે. કવિયો તરફ એમના હૃદયમાં અનન્ય ભક્તિ વહે છે. એમણે ઘણીવાર કિશોરવયની છોકરીઓ સમક્ષ ઉચ્ચાર્યું છે: 'કવિતા સ્વયં સ્ફૂરે છે; ઇચ્છાથી તેનો જન્મ થવો કઠિન છે – થતો જ નથી. મરજીની આધિનતા જોડકણા જન્માવી શકે છે.' આ બીનાથી બધી વિદ્યાર્થિંનીઓ પેઠે ભારતી પણ સુપરિચિત હતી.

મંજુલાબહેને પોતાનો કલાક લેવા સારુ વર્ગમાં પગ મૂક્યો. સ્ત્રીસાહિત્યક કે કવયિત્રિ જે અદાથી સાહિત્ય સભાની વ્યાખ્યાનપીઠ પર પગ મૂકે. એ જ અદાનો આશ્રય અહીં મંજુલાબહેન લેતાં દેખાયાં.

કેટલીકવારે એમણે એમના પરિચિત સ્વભાવ અને પદ્ધતિ અનુસાર વિદ્યાર્થિંનીઓને આજ્ઞા કરી: "સંસ્કૃતિ આવકારતી કવિતા લખો જોઉં." પછી તે બોલી: "પંદર મિનિટનો વખત આપું છું."

'કઈ સંસ્કૃતિ ? કોની સંસ્કૃતિ ?' આ પ્રશ્ન શિક્ષિકા આગળ રજૂ કરવાનું કોઈને પણ સ્ફૂર્યું નહિ.

દશ મિનિટ પૂરી થવા પામે, એ પહેલાં તો પ્રતિભા વેરતી શિક્ષિકા પોતાના સ્થાન પરથી ઊઠી, વિદ્યાર્થિંનીઓની હાર પાસે આવી, એક પછી એકની કવિતા તપાસવા માંડી.

બધી વિદ્યાર્થિંનીઓની કવિતા તપાસી લીધા પછી તે કર્કશસ્વરે બબડી: "એકની પણ કવિતા સરસ થઈ નથી."

ભારતી બોલી : "વારંવાર તમે જ કહો છો : 'કવિતા ઇચ્છાથી જન્માવી શકાતી નથી — કવિતાનો જન્મ સ્વયં પ્રેરણા વિના શક્ય નથી. તો પછી કવિતા બનાવવાની આજ્ઞા કેમ કરો છો, બહેન ?" પછી તે મનમાં જ બબડી.

"કેવું અવળું શિક્ષણ — કેટલું બધું વિચિત્ર !"

પ્રકરણ ૨ જું :

ગ્રેજ્યુએટ માસીબા

સરલા માસી બી. એ. ની ડીગ્રી ધરાવે છે. એમનાં સગાંઓ તરફ એમને અનન્ય પ્રેમ છે. દરેકને ઉપદેશ કરવાની મનોવૃત્તિ અનેક મનુષ્યો પેઠે એમનામાં પણ છે. જમાનાની ઝડપને પકડી પાડવાનું તે સર્વને કહેતાં રહે છે. જૂના વિચારોનું સમર્થન એમના હૃદયને આઘાત કરનારૂં બને છે.

માસીબાને પારખવાનું કાર્ય ભારતીએ ક્યારે પાર ઉતાર્યું, એમને ઓળખવાનું તેને ક્યારે સૂઝ્યું, અને એમને તે ક્યારથી ઓળખવા પામી: વગેરે બીનાઓ પર તેણે કદિ પણ વિચાર્યું નથી. તેને એવી આવશ્યકતા પણ દેખાઈ નથી.

એક વિશાળ દીવાનખાનાની દીવાલ પર ટાંગેલા ઘડિયાળમાં સરોદના સુર સમા ટકોરા વાગવા માંડ્યા. બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ દીવાનખાનાની એક દિશાને સોનેરી 'શેતરંજી'થી આચ્છાદિત કરવામાં વિજયી બનતો હતો.

સવારના નવ વાગે માસીબાએ પોતાની મોટી બહેનના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો.

જમણા હાથ પરના ઓરડામાં ભારતીના પિતા કાંઈક લખવામાં નિમગ્ન દેખાયા. ડાબા હાથ પરનો ઓરડો બેઠકગૃહ તરીકે ઉપયોગમાં લેવાતો હતો. માસીબાએ જોયું તો તેમાં કોઈ જ નહોતું. તે જે દીવાનખાનામાં આવી ઊભી હતી, તેની સામેના ભાગમાં રસોડું હતું.

સરલાએ ભારતી તથા તેની માતાને રસોડામાં જોયાં.

હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી છોકરીઓ જે વખતે સ્કૂલ તરફથી સોંપાયેલું અધ્યયન કરતી હોય છે એ વખતે ભારતીને પોતાની માતાના ગૃહ કાર્યમાં મદદ કરતી જોઈ સરલાને રોષ ચડ્યો. એ સ્થિતિમાં તે ભારતીના પિતા પાસે જઈ બોલી : "રાયજી, મારાં મોટાં બહેન તો કેળવણીનું મૂલ્ય ન સમજી શકે, પણ તમેય ન સમજો, એ શું ?"

ભારતીના પિતાએ ઓચિંતો ઠપકો સાંભળતાં જ વિસ્મય પૂર્વક જોયું, તે બોલ્યા : "કેમ, કાંઈ બન્યું છે ?"

"ભારતીના અભ્યાસને શા માટે રૂંધાવા દો છો ?"

સરલાના આ પ્રશ્નથી વિનય સુખ ઝવેરીએ અણધાર્યા ઠપકાનું રહસ્ય શોધી લીધું.

"ગઈ કાલે રાતે જ્યારે અમે જમવા બેઠાં ત્યારે ભારતીએ ગૂઢ શબ્દોમાં હાઈસ્કૂલના શિક્ષણ તરફ પોતાનો અણગમો વ્યક્ત કરવા માંડયો......"

"એમાં તમે કશું જ નવું કહેતા નથી," સરલા માસીએ ખુરશીમાં સ્થાન લેતાં કહ્યું : "ઘણા છોકરાઓને અભ્યાસ કરવાનું પરિશ્રમભર્યું લાગે છે. તેમાં પણ આપણી છોકરીઓને તો ભણવા તરફ સખત કંટાળો જોવામાં આવે છે. હું મારો જ દાખલો આપું." પળભર વિરમી તે આગળ બોલી : "મારા

પિતાશ્રીએ વારંવાર મને ટોકવાનું ચાલુ રાખ્યું ન હોત તો કદાચ હું સેકંડસ્ટાંડર્ડ પણ પૂરું કરી શકી ન હોત."

"આ બાબતમાં હું કાંઈક જુદો મત ધરાવું છું," વિનયસુખે કહ્યું: "માણસને જે વસ્તુમાં રસ ન પડે તે વસ્તુ તરફ તેને પરાણે હડસેલો મારતા રહેવાનો કશો અર્થ નથી." તે આગળ બોલ્યા: "અને આજનું–શાળાનું શિક્ષણ માનવજીવનને વિકાસ સાધવા જેટલું બળવાન છે, એમ પણ હું માની શકતો નથી."

"વાહ — વાહ!" સરલાએ એમની વાતને હસી કાઢી. પછી દલીલ શરૂ કરી: "દાદાભાઈ નવરોજજી, લોકમાન્ય ટિળક, લાલાજી, માલવીયજી, મોતીલાલ, ચિત્તરંજનદાસ, ગાંધીજી, જવાહિરલાલ—"

'હજી કોણ જાણે કેટલાંય નામ આપશે,' એમ માનીને વિનયસુખે પોતાના મોં પર એવું હાસ્ય મોટેથી પ્રગટાવ્યું કે જેથી સરલાને મૌન સેવવાની ફરજ પડી.

"કાદવમાંથી કમળ પાકે છે માટે સૌએ કાદવમાં સ્નાન કરવું જોઈએ; ધૂળમાંથી સોનું નીકળે છે માટે સૌએ ધૂળમાં આળોટવું જોઈએ. આવો ઉપદેશ કોઈ શરૂ કરે તો તેને બુદ્ધિમાન કોણ માને?" વિનયસુખે દલીલ કરવા માંડી: "હું માનું છું કે કમળ બીજી કોઈ વસ્તુમાંથી જન્મતું હોત તો તેની આકર્ષણ શક્તિ આજે છે, એનાથી દશગણી વધારે હોત."

આવી વિચિત્ર દલીલ સરલાએ અંગ્રેજી ભાષાના કોઈ નાટક કે નોવેલમાં વાચી નહોતી. કોઈ પ્રસિદ્ધ વક્તાના વક્તવ્યમાંયે સાંભળી નહોતી.

મોટી બહેનના વરને દલીલથી હરાવવા સરલાએ ઘણ વખત સુધી વિચાર કર્યો, પણ તેને એક પણ સચોટ દલી સૂઝી નહિ. આખરે તેણે કંટાળી ભારતીને હાક મારી.

ભારતીએ આવી સરલામાસીને પ્રણામ કરવા હાથ જોડયા માસીબાએ તેના માથા પર પોતાનો હાથ ફેરવ્યો ને તે પોતાના ખોળામાં ખેંચી લીધી.

"તારાં માસીબા કહે છે કે તારે બી. એ. સુધી ભણ જોઈએ," વિનયસુખે પુત્રી તરફ જોઈ હસતાં હસતાં કહ્યું "કેમકે ભણેલા અને અભણ બંને વર્ગના લોકો આજન શિક્ષણને જીવનની મહત્તાનું શિખર માને છે."

ભારતી અવાક્ હસી.

"તારા પિતા તો સ્વદેશીના અંધ પૂજક છે. એમને પરદેશી કટલેરી, કપડાં, હોઝિયેરી વગેરે તરફ જેમ અણગમે છે, તેમ પરદેશી ભાષા તરફ પણ બેહદ અણગમો છે." સરલાએ હસતું મોં રાખી આમ પ્રસ્તાવ કહી સંભળાવ્ય પછી તેને આલિંગન આપતાં પૂછ્યું: "દીકરી, તને ભણ ગમતું નથી?"

"રસોડામાં ચાલો, માસીબા!" ભારતીએ સરલાને ખેંચવા માંડી. તે આગળ બોલી: "મારા બાપુને મેં થોડુંક કહ્યું છે તે સર્વ હું તમને કહી સંભળાવું."

ભારતી માસીબાને લઈ રસોડામાં આવી. વસુએ પોતાની નાની બહેનને જોતાં જ પૂછ્યું: "તારા બનેવીને શો ઉપદેશ આપતી હતી?"

મોટી બહેનના પ્રશ્નમાં રહેલી પ્રેમભરી મજાક ઓળખતાં સરલાને જરાય વાર ન લાગી. તે હસીને બોલી: "તમે અને

મારા બનેવી — બંને ખરેખર સરખાં છો. દર વખત મારું ડહાપણ ડહોળું છું, એમ મને સમજાવવા છતાં હું મારી મૂર્ખાઈ છોડી શકતી નથી.”

“બા, તમે માસીબાને હુકમ કરી જુઓ, જોઉં ?” ભારતીએ એક થાળીમાં ઘઉંના લોટની કણકને મસળતાં પૂછ્યું : “મારી પેઠે તમને મદદ કરવામાં કેટલાં ઉત્સાહી બને છે !”

છોકરીના વિનોદ ભરપૂર આ પ્રશ્નના જવાબમાં વસુએ સરલાના મોં સામે જોઈ કોઈ અદ્‌ભુત પ્રત્યુત્તર મેળવી લીધો.

“તું કટાક્ષ કરવામાં બહુ ચપળ બની ગઈ છે.” સરલા ભારતીના ગાલ પર ચૂંટો ભરતાં બોલી : “આટલી ચપળતા તારા અભ્યાસમાં વાપરતી હોય તો કેવું સારું !” ક્ષણભર મૌન રહી તેણે પૂછ્યું : “તું મને કાંઈક કહેવાની હતી ને !”

“અરે, એ તો હું ભૂલી જ ગઈ.” ભારતીએ વિસ્મૃત થયેલી વાતનું સ્મરણ કર્યું અને હાઈસ્કૂલમાં બનેલું બધું કહી સંભળાવ્યું.

“ભારતી નહિ જ ભણે.” સરલાએ વસુ તરફ જોઈ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. તેના અભિપ્રાયમાં છૂપાયેલો ઉદ્વેગ વસુએ પારખી લીધો. પણ તેણે એ ચર્ચા આગળ વધારવાનું ઉચિત માન્યું નહિ.

“તારે અગત્યનું કાંઈ કામ ન હોય તો તું આજ અહીં રોકાઈ જજે,” વસુએ નાની બહેનને કહ્યું : “ભારતીના સગપણ બાબતમાં અમારે તારી સલાહ લેવી છે.”

“અત્યારે તો હું ઘેર જઈશ.” સરલાએ કહ્યું : “પણ ઘણું કરીને સાંજે આવીશ.” કહી માસીબાએ ઊઠીને ચાલવા માંડ્યું.

પ્રકરણ ૩ જું :

લગ્ન

વિનયસુખનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઓછું કહી શકાય તેવું નથી. એમના આચાર વિચાર રૂઢિચુસ્તો જેવા છે. પણ એમનું પ્રથાપાલન અંધ નથી. એમનું અંતઃકરણ પારકા વિચારોથી જલદી રંગાઈ જાય એવું અસ્થિર નથી. આ બધું સરલામાસીથી અજાણ્યું નહોતું.

તેના હૃદયમાં બનેવી અને બહેન પ્રતિ સમાન પ્રેમ હતો. સવારે આવવાનું સ્વીકાર્યા પ્રમાણે તે આવી પહોંચી. આ વખતે સાંજ વીતિ–રાત શરૂ થઈ હતી.

"બહેન, ભારતી ક્યાં?" સરલાએ હિંડોળા પર બેઠેલી પોતાની મોટી બહેન પાસે જઈ બેસતાં પૂછ્યું.

"ઘાટણ આવી નથી એટલે વાસણ માંજે છે." વસુએ જવાબ દીધો.

સામેના કોચ પર બેસી બીડીનો દમ ખેંચી રહેલા વિનયસુખ બોલ્યા: "એમ નહિ, ગૃહવિજ્ઞાનના એક અભ્યાસક્રમનો સપ્રયોગ અનુભવ તે કરે છે."

આ વિનોદાત્મક જવાબ પૂછ્યા વિના જ અપાયો હતો. આ વાત સરલાને પ્રિય તો ન જ લાગી. તો પણ તેણે પોતાના મોં પર ખુશી બતાવતાં કહ્યું: "જેનાં માબાપ પોતાની પુત્રીઓને ઘરની ગુલામડી બનાવવાના કોડ સેવતા હોય, પુરાણી પ્રથાઓનાં પાલનમાં જ ઇજ્જત આબરૂ માનતાં હોય, અને પોતે જે આચાર વિચારને ઇષ્ટ માને છે, તેના સમર્થન માટે દલીલો શોધી શકતાં હોય, એવાં માબાપની દીકરી ગૃહવિજ્ઞાનનો અભ્યાસ ન કરે કે સક્રિય અનુભવ પ્રાપ્ત ન કરે, તો હિન્દી સમાજની જડતા ટકે શી રીતે?"

ચારેક મિનિટ સુધી વિનયસુખ મૂંગા સાંભળી રહ્યા પછી મોં પર આછું સ્મિત લાવતાં બોલ્યા:

"એક વિષયમાં તમારી સલાહ લેવાની છે."

નવી વાત શરૂ થતાં જ સરલા ગંભીર બની બોલી: "મારાં મોટાં બહેને સવારે જ મને કહ્યું હતું કે ભારતીના સગપણ બાબતમાં પૂછવાનું છે."

"તમારાં બહેનને મેં થોડીવાર પહેલાં જ કહ્યું–" વિનયસુખ બોલ્યા: "કે મુરતિયો પસંદ કરવામાં બે ત્રણ લાયકાતો તપાસવી જોઈએ." પછી તેણે પ્રશ્ન કર્યો: "આ બાબતમાં તમે સંમત છો?"

"હા–" સરલાએ પ્રસન્નચિત્તે કહ્યું: "શ્રીમંતાઈ ન હોય તો ચાલે પણ વિચારોની સમાનતા તો જોઈએ જ."

"પ્રથમ મારું કહેવું પૂરું સાંભળી લેવાથી તમને મત આપવાનું સરળ થઈ જશે." વિનયે કહેવા માંડ્યું: "મુરતિયો હોશિયાર અને મહેનતુ હોય તો પુત્રીને ભૂખે રહેવાનો વખત ન આવે. દુર્વ્યસની ન હોય તો લાંબું આયુષ્ય ભોગવે."

"અને એવો માણુસ નીરોગી હોય જ." સરલાએ પોતાના બનેવીના વિચારો સ્વીકારતાં સહર્ષ જણાવ્યું: "આવો મુરતિયો મળી આવવો જોઈએ."

વસુ કશું બોલતી નહોતી, બધું સાંભળતી હતી. તે બોલી: "મુરતિયાની મિત્રમંડળી ખરાબ — નાલાયક ન જોઈએ."

પાંચેક મિનિટ સુધી ત્રણેય જણુ શાંત રહ્યાં. રસોડાની પાછળની નળની ઓરડીમાંથી વાસણુના ખખડાટનો જે અવાજ આવતો હતો, તે બંધ થયો હતો. ભારતી ગુપચુપ આ ચર્ચા સાંભળતી હોય એમ લાગતું હતું.

"એક મુરતિયો કૉલેજમાં અભ્યાસ કરે છે." વિનયસુખ બોલ્યા: "એનાં માબાપ છે તો ગરીબ."

"કૉલેજિયન છે ને?" સરલાએ વચ્ચે જ પ્રશ્ન કર્યો. કોઈનાયે જવાબની દરકાર કર્યા વિના તે બોલી: "ભલે ગરીબ માબાપનો પુત્ર હોય."

"એનું નામ?" વસુએ ઉત્કંઠા બતાવી.

"નલિનકુમાર." વિનયસુખે પોતાની પત્નીની ઉત્કંઠા પૂરી કરતાં કહ્યું: "મેં કહી, તે ઉપરાંત બીજી તપાસ મારાથી થઈ શકી નથી."

*

'કન્યા કેવી પસંદ કરવી?' અને 'વર કેવો શોધવો?' આ બંને પ્રશ્નો તદ્દન નજીવા છે, એમ બુદ્ધિમાનો માને છે. એથી ઊલટું માનનારા પણુ બુદ્ધિમાનો જ છે.

માતા પિતાએ લગ્ન બાબતમાં પોતાનાં સંતાનોની અનુમતિ

લેવાની જરૂર હોય છે, આ બીના વિનયસુખે કે તેમનાં પત્ની વસુમતીએ કદી પણ સ્વીકારી ન હોતી. પણ સરલાએ તો અંગત રીતે એકાંતમાં ભારતી સાથે મસલત કરી લીધી હતી.

"હું સ્નેહલગ્નનું રહસ્ય જાણતી નથી. સ્નેહલગ્ન સુખી નીવડે છે કે દુઃખી, તેની મને ખબર નથી. કયું લગ્ન ઊચું ગણાય, એ બાબતનાં મને અભ્યાસ કે અનુભવ નથી. હું માત્ર એટલું જાણું છું કે મારાં માતુશ્રીનાં લગ્ન એમનાં માતાપિતાની ઇચ્છા પ્રમાણે થયાં હતાં. એ કાર્યમાં મારાં માતુશ્રીને પૂછવામાં આવ્યું ન હોતું. છતાં મેં તેમની વચ્ચે કદી પણ અણબનાવ કે ખટરાગ જોયાં નથી."

આ વિચારો ભારતીએ મક્કમપણે સરલામાસીને જણાવ્યા હતા.

*

ઘરનાં બધાંજ માણસો આનંદમગ્ન હતાં. સરલા માસીએ કેટલાય દિવસો પૂર્વે ભારતીને એકાંતમાં બોલાવી જે વિષયની ચર્ચા કરી હતી, તે વિષય પ્રત્યક્ષ આવી ઊભો હતો.

વાસણ માંજવાનું છોડી માતા પિતાની ચર્ચામાં એકાદ બે વખત ઉચ્ચારાયેલું નામ ભારતીએ ચપળતાથી સાંભળ્યું હતું. એ નામના યુવાનને તેણે લગનમંડપમાં આજ પહેલી જ વાર નિહાળ્યો.

થોડા સમયમાં ઘૂમટો ખેંચી હિંદુ લગ્નના રીતરિવાજો અનુસાર વસ્ત્રાભૂષણો સજી તેને પતિની જોડે મંડપમાં બેસવાનું હતું. લગ્નની પ્રત્યક્ષપળે જે સ્મિત યુવક — યુવતીઓનાં મોં પર છાનાં આભાસ આપતું હોય છે, એજ સ્મિત ભારતીના વદન પર પથરાયું હતું.

ભારતી નસીબદાર છે. તેને ભાગ્યયોગે કુળવાન સાસરિયું સાંપડે છે. પુણ્યશાળી માબાપના પુણ્યબળથી તેને ભણેલો વર મળે છે — વિનયસુખ શેઠ અને વસુ શેઠાણી જૂના વિચારનાં છતાં પોતાની કન્યાને કોલેજિયન જોડે પરણાવી તેમણે રૂઢિચુસ્તોના સમૂહમાં ખદબદતા કુસંસ્કારોના મૂળ પર સખત પ્રહાર કર્યો છે. વિનયભાઈ અને વસુબહેન સમયને ઓળખનારાં છેઃ વગેરે વગેરે ઉદ્ગારો અને અભિપ્રાયો ભારતીએ વારંવાર સાંભળવા માંડ્યા હતા. સરલામાસી તદ્દન નવા વિચારનાં હોવા છતાં ભારતી પરના અનન્ય પ્રેમને લીધે આ લગ્નમાં સહર્ષ સામેલ થઈ જૂના રીત રિવાજની મોજ માણી રહ્યાં હતાં.

'દૈવયોગની માન્યતા ભારતવાસીઓના બોજાનું કારણ છે. ભારતવાસીઓ દરેક શુભ પ્રસંગ તેને જ આભારી ઠરાવે છે. દુઃખદાયક સંજોગનું મૂળ પણ તેને જ લેખે છે. આવી આંટી ઘૂંટીવાળી વાતોની પરંપરામાં ભારતી કદિ ઊતરી નહોતી. તેમજ તે આ માન્યતાની સીમાથી બહુ દૂર પણ નહોતી.

ઘડીભર તેને પોતાને પણ લાગ્યું: 'હું ખરેખર નસીબદાર છું.'

લગ્નની ધન્યપળ જોતજોતામાં ગીત ગુંજન અને આનંદ રણકાર વચ્ચે પસાર થઈ અને ભારતી માતાપિતા-પિયરનું ઘર છોડી સાસરવાસમાં આવી.

*

ચાંદનીએ આકર્ષણ ઘેલા જગન્મંડળને નિઃસ્વર ચાદર ઓઢાડવા માંડી હતી. ભારતી પોતાના ખંડમાં બેઠી બેઠી કોઈની રાહ જોતી હતી.

પગરવ થતાં જ તેણે દ્વાર પ્રદેશ તરફ જોયું. નલિનકુમાર અંદર આવતો હતો.

કેટલીયે પળો વીત્યા પછી વાર્તાલાપ શરૂ થયો. કેટલાયે પ્રશ્નોત્તર થયા પછી ભારતીએ હૃદયમાં છુપાવેલું સત્ય બહાર કાઢવા માંડયું: "હું ઘણું ભણી છું."

નલિનકુમાર હસીને બોલ્યોઃ "હું ક્યાં ના કહું છું."

"સ્કૂલનું ભણતર મને રુચ્યું નહિ. મને તો મારા અંતરમાં સ્ફૂરેલી 'થિયરી' ભણવાનું સૂઝયું ને હું તે ભણી. તમે તો ખૂબ અંગ્રેજી ભણ્યા હશો, ખરું ?"

"હા, એવું કાંઈક ખરું."

નલિનકુમારના આ જવાબ પછી બંને અબોલ રહ્યાં. ભારતીના ચક્ષુઓમાં સ્મિત પ્રસરવા માંડયું. એ સ્મિત નલિનકુમારની આંખોમાં પ્રતિબિંબ પાડવા લાગ્યું.

પ્રકરણ ૪ થું :

કેવી ગુણિયલ ગૃહવધૂ !

ભારતી જૂની પ્રથાઓ પ્રમાણે પ્રભાતમાં વહેલી ઊઠતી, પ્રાતઃવિધિથી પરવારી, સ્નાન કરી દેવપૂજન કરતી, આખું ઘર ઝાડીઝૂડીને સાફ કરી લીધા પછી ગૃહકાર્યમાં પ્રધાનસ્થાન ભોગવતા અન્ય કાર્યોમાં પરોવાતી.

સાસરવાસમાં તેણે જૂદા જૂદા વિચારનાં સગાંઓ જોયાં. સ્કૂલમાં તેણે શિક્ષિકા આગળ દલીલો કરી હતી, પણ અહીં તેને તેમ કરવાનું અનુચિત જણાયું. તેને બરાબર યાદ હતું કે તેનાં માતુશ્રી ભાગ્યે જ દલીલબાજીમાં ઊતરતાં. નમ્ર સ્વભાવ, મીઠીવાણી, ઉચ્ચ ચારિત્ર્ય અને સહનશીલતાથી જંગલોને બગીચા બનાવી શકાય છે, આવું શિક્ષણ તેણે સ્વયંપ્રાપ્ત કર્યું હતું કે તેના માતુશ્રીનું જીવન જોવાથી તે છાપ તેનામાં ઊતરી હતી, આ બાબતનો વિચાર તેને કદી સૂઝયો નહોતો.

ચોથી અંગ્રેજી પૂરી થઈ — ન થઈ એટલામાં તો તેણે સ્કૂલ છોડી અને પિતાનું સાધનસંપન્ન ઘરબાર છોડી તે સસરાના નિર્ધન ઘરમાં વહુ થઈને આવી.

મુંબઈના વિશાળ માળામાં અનેક નાની મોટી ઓરડીઓ હોય છે. આવી એક બેખંડની ઓરડીમાં તે તેના પતિ સાથે વસવા લાગી.

માતાપિતાનાં ઘર જેવી સાહ્યબી સાધારણ સ્થિતિના પતિગૃહમાં ક્યાંથી હોય! પણ જે હતું તેમાં ભારતીએ સંતોષ માન્યો. પતિની સાધારણ સ્થિતિમાં સુખ અને આનંદ અનુભવવાનો તેણે પ્રયત્ન કર્યો.

તેનાં લગ્ન થયાંને ચારેક મહિના વીતવા આવ્યા. એટલા વખતમાં તો તેણે પતિનું ઘર પોતાનું બનાવી લીધું હતું.

ક્યારેક તેની નણંદ તેને જૂની રીતભાત બદલવાનું સમજાવતી. ક્યારેક ચીડવવાનો યત્ન કરતી. પણ, ભારતીના સ્વભાવમાં ચિડાવાનો અંશ જ ન હોય, ત્યાં તે શી રીતે ચિડાય?

ઘણીવાર તો તેની નણંદ ઉશ્કેરાઈ જતી: ક્રોધપૂર્વક તેને ન કહેવાનું કહી દેતી; કિન્તુ, ભારતીને માઠું લાગ્યું હોય, એવો એક પણ પ્રસંગ તેનાં સાસરિયાંમાં કોઈએ દીઠો નહોતો.

નલિન અને તેની પિત્રાઈ બહેન સ્નેહલતા બંને સુધારક વિચારનાં હતાં. સ્નેહલતાનો પતિ પણ તદ્દન નવા વિચારનો હતો.

સ્નેહલતાના પિતા સાધનસંપન્ન હતા. તેણે પુત્રોને મેટ્રિક સુધી ભણાવ્યા પછી અરવિંદ સાથે તેની ઈચ્છા મુજબ પરણાવી હતી.

અરવિંદ શ્રીમંત નહોતો, નોકરી કરીને ગુજરાન ચલાવનારા કારકુનોમાંનો તે એક હતો. એક વર્તમાનપત્રની ઑફિસમાં તે જોડાયેલો હતો. તેને એંશી રૂપિયા પગાર મળતો. આટલી

આવકમાં તેને મુંબઈ જેવા શહેરમાં રહેવાનું અને સુધરેલી સોસાયટીમાં પત્ની સાથે ફરવાનું ભારે પડતું. જેમ તેમ કરીને તે પોતાનું ગાડું ગબડાવતો.

સંજોગોને લીધે નલિને પણ વધુ ભણવાનું મોકૂફ રાખવું પડયું હતું. તેને ઘણા યત્નને પરિણામે એક વેપારી પેઢીમાં નોકરી મળી હતી. પેઢી અંગ્રેજી ઢબની હતી. માસિક સિત્તેરના પગારથી નલિનને કૉરસ્પોંડેન્ટ કલાર્ક તરીકે રાખવામાં આવ્યો હતો.

તે સ્વભાવે ચીડિયો અને વાત વાતમાં ઉગ્ર બની જાય તેવો હતો. નવાયુગની કેટલીક 'ફેશન' તેણે તેના જીવનમાં ઉતારી હતી. તેનું મિત્રમંડળ કહેવાતા સુધારક વિચારનું અને ખર્ચાળ હતું.

થોડા સમય પૂર્વે ભારતીનાં સાસુ સસરા મુંબઈ આવ્યાં ત્યારે જ ભારતીએ સમજી લીધેલું કે પોતાની સાસુ ભોળી અને નિર્દોષ હોવા સાથે વહેમી, જિદ્દી અને પુત્રવધૂ પર કારણ વગરનો દાબ બેસાડવામાં મહત્તા માનનારી છે. નજીવી બાબતમાં પણ વહુના વાંક શોધી કાઢવામાં તે પોતાનું ડહાપણ માને છે. પડોશીઓ, જ્ઞાતિજનો કે સગાંવહાલાંઓની હાજરીમાં જાણી-બૂજીને વહુને વાંકમાં લઈ તેને ધમકાવવામાં તે સરસાઈ સમજે છે.

વહુ કાંઈક વાંચતી હોય એ તેને ગમે નહિ. વહુ કાંઈક ગૂંથવાનું કે શીવવા ભરવાનું કામ કરતી હોય એ પણ તેને રુચે નહિ. વહુ વિચાર કરતી બેઠી હોય એય તેને પસંદ પડે નહિ. વહુ તેના પતિની આમન્યા ઉઠાવતી હોય એ પણ તેને ઠીક લાગે નહિ. વહુ સસરાની કાળજી રાખતી હોય એ પણ

તેને વાજબી લાગે નહિ!

ભારતીની સાસુ હિન્દી સમાજની 'સાસુ' નો એક બાજુનો આબેહૂબ નમૂનો હતી. ભારતીના સસરા એકવાર બોલ્યા હતાઃ

"નલિનની માતાની સેવા ચાકરી ઉઠાવવામાં વહુ સહેજ પણ નારાજ થતી નથી; એથી મને અજાયબો થાય છે. હું નશીબદાર છું કે મને ભારતી જેવી પુત્રવધૂ મળી છે."

ભારતીની તેના સસરાએ કરેલી આ પ્રશંસા તેની સાસુને કાળજે વાગી. સાસુએ સસરાને ઠપકો આપ્યો :

"વહુમાં એવી કઈ આવડત ઊભરાઈ નીકળે છે કે તમે એને છાપરે ચઢાવો છો, અને મને ઉતારી પાડો છો?"

"હું સાચું કહું છું. તને ઉતારી પાડતો નથી."

"પણ એનામાં અક્કલ જ કયાં બળી છે?"

"તે બહુ અક્કલવાળી છે."

"હું તો એને ઉચ્છ્રૃંખલ જોઉં છું. જો એમ ન હોય તો તે ફુરસદના વખતે વાંચવાનું લઈને કેમ બેસે? તેને તે ગમે જ કેમ?"

"પણ ગીતા વાંચે છે, રામાયણ વાંચે છે, પુરાણો વાંચે છે. મહાન્ સતિઓ અને મહાન્ પુરુષોનાં જીવન ચરિત્રો વાંચે છે. શિષ્ટ સાહિત્ય જ વાંચે છે."

"બૈરાંઓએ એ બધું સાંભળવાનું હોય. વાંચવાનું ન હોય."

"તું કમઅક્કલ છે."

ભારતીના સસરાના છેલ્લા શબ્દોથી સાસુને અનહદ રીસ ચઢી અને તે દિવસે રાત સુધી તેણે ખાધું નહિ.

નલિન ઘેર આવ્યો. સૌ ડોસીને સમજાવવા લાગ્યાં; પણ

તેણે કોઈનું માન્યું નહિ.

ભારતી તેની પાસે જઈ નમ્રતાથી બોલી:

"સાસુજી, હું ભૂલથી ભરેલી છું"

"તે મારા ઘરમાં કેમ ચાલે?"

"તમે કહેતાં હશો તો હું આજથી વાંચવાનું બંધ કરી દઈશ."

"એમાં કહેવાની જરૂર શી!"

"વારુ, ચાલો જમી લો."

ભારતીએ તેની સાસુને ખૂબ સમજાવી, કાલાવાલા કર્યા, પોતે મૂર્ખ છે અને સાસુ અક્કલવાળી છે, એવું કબૂલ કર્યું: ક્ષમા માગી. ત્યારે જ સાસુ જમવા માટે ઊઠવા તત્પર થઈ.

જમતી વેળાએ તેણે જેટલી થઈ શકે તેટલી વહુની રસોઈની નિંદા કરી. નલિનનો પિતા ઉશ્કેરાઈ ગયો હતો; પણ, તેણે ભારતીની સહનશીલતા જોયા પછી પોતાના ઉશ્કેરાટને મનમાં જ દબાવ્યો. નલિન તો કોઈની દરકાર કર્યા વગર જમીને બહાર રવાના થઈ ગયો હતો.

સાસુ — સસરાએ જમી લીધા પછી ભારતી જમવા બેઠી. સસરાએ દૂરથી દૃષ્ટિ કરી તો જણાઈ આવ્યું કે વહુ માટે શાક બાકી રહ્યું નહોતું. મનમાં જ તે બોલી ઊઠ્યો.

"કેવી ગુણિયલ ગૃહવધૂ"

પ્રકરણ ૫ મું :

પડોશમાં પ્રભુતા વસે છે

કેટલાક દિવસો બાદ નલિનનાં માતાપિતા દેશમાં ગયાં. ભારતી ઘરમાં પતિ સાથે રહેવા લાગી.

એક સરિયામ રસ્તા પરના ઓરડામાં તેઓનો વસવાટ હતો. મુંબઈના મકાન માલેકો મરજી મુજબ ઘરનાં ભાડાં નક્કી કરી અનેકગણું વ્યાજ ઉપજાવી લેવાની સ્વાર્થવૃત્તિ સેવતા હોય છે. આવા જ એક મકાનમાલેકની તાજેતરમાં બંધાયેલી ઈમારતના ખોખામાં નલિન અને ભારતીનું સ્થાન હતું. સિત્તેર રૂપિયાનો પગારદાર કારકુન દર મહિને તેના પગારમાંથી પચ્ચીશ રૂપિયા મકાનમાલેકને આપતો હતો.

ભાડૂતોની જિંદગી તરફ બેદરકારી સેવતા અનેક મકાન માલેકોની હરોળમાં પોતાનું અગ્રપદ સ્થાપી શકે એવોજ એક ભાગ્યશાળી આ મકાનનો માલેક હતો.

બત્તીના બબ્બે રૂપિયા ભાડાથી અલગ વસૂલ કરવામાં આવતા અને બત્તી બાર વાગ્યા પહેલાં બુઝાવી દેવામાં આવતી.

ભાડૂતોની ફરિયાદ રોજિંદી રહેવા છતાં તેમને દાદ મળતી નહિ. ભારતી જે મજલા પર રહેતી હતી, તે મજલા પર બે દીવાનખાનાં અને બાવીશ ઓરડીઓ હતી. મકાનને ચાર મજલા હતા અને દરેક મજલે એવી જ રચના હતી.

બે નળ, બે સંડાસ અને કચરો નાખવા માટે ચાલમાં રાખવામાં આવેલી એક કોઠી સિવાય વધારાનું કાંઈ પણ ઉપયોગી સાધન એકેય મજલા પર જોવામાં આવતું નહિ. નળ નિયમિત આવ્યો હોય એવા તો મહિનામાં ભાગ્યે જ આઠેક દિવસો ભાડૂતોએ અનુભવેલા, અને સંડાસ તો અઠવાડિયા સુધી કેટલીક વાર જેમનાં તેમ પડયાં હોય એમ જણાતું. ભાડૂતોના ઓરડાની બત્તી બાર વાગે બંધ થતી એની સાથે જ ચાલમાં પણ અંધારું ઘોર કરી મૂકવામાં આવતું.

મકાનના સિંહદ્વાર પર ખાટલો નાખીને એક પઠાણ બેસી રહેતો. દિવસના ચોવીશ કલાકમાંથી બાર કલાક સુધી તો એ પઠાણ તેના સાથીદારોનું ટોળું જમાવી વાતોનાં તડાકામાં ગાળતો. એ પઠાણના હાથમાં મકાનની લશ્કરી સત્તા હતી. ક્યારેક બે ચાર દહાડે ગુજરાતી દેખાવનો 'મહેતો' તપાસ માટે આવી ચડતો અને આવતાંવેંત પઠાણને સાથે લઈ ચારે મજલા ઘૂમી વળતો. ચાલની ગંદકી માટે નિયમિત ભાડું આપનારાઓની ફરિયાદના જવાબમાં 'મહેતો'—"બધું સારૂં છે" કહી વિદાય થઈ જતો. અને ભાડું આપવામાં ભોગજોગે એકાદ મહિનો વિલંબ કરી ચૂકેલો કોઈ ભાડૂત ચાલની ગંદકી માટે કે બત્તીની માગણી માટે ફરિયાદ કરવાનું સાહસ કરતો, તેના જવાબમાં 'મહેતો' તેને તુચ્છકારી કાઢતો. કેટલીકવાર તો પઠાણ પોતાની લશ્કરી સત્તાનો પરચો

દેખાડવામાં પણ પાછી પાની કરતો નહિ.

સમાજની જૂની રુઢિઓને જમીનદોસ્ત કરવાના ફડાકા મારનારા, પુરુષ જાતિને જુલમી ઠરાવી સ્ત્રીજાતિની સ્વતંત્રતાની હરહમેશ ગર્જના કર્યા કરનારા અને ‘ બોલ્શેવિઝમ ’ની વાતોના વિવેચન કરી નાખનારા થોડાક ભાડૂતોય એ મકાનને શોભાવી રહ્યા હતા: પણ, તેમાંથી કોઈએ કદી પણ ‘ મહેતા ’ કે ‘ પઠાણ ’ને ન્યાયની રસિક પ્રસાદી સમજાવવાની હિંમત કરી નહોતી. ભારતી આ બધું જોતી અને ક્યારેક તેના પતિને વાતચીતમાં કહી દેતી:

“ આવી ગંદકી મ્યુનિસિપાલિટીની અધૂરી કાળજીનું પરિણામ છે અને મકાનના રખેવાળો તથા મહેતાઓની જોહુકમી ‘ પોલીસની સત્તા ’ કે ‘ કાયદાની સત્તા ’ની સંકુચિતતાને આભારી છે. ”

જવાબમાં નલિન બોલતો: “ આપણે તો ચઢ્યે ચઢ્યું ભાડું ચુકાવી આપીએ છીએ. આપણે રખેવાળ કે ‘ મહેતા ’ની જોહુકમી તરફ વિચારેય શા માટે કરીએ ? અલબત્ત ! તારી બીજી બાબત વિચારવા જેવી ખરી. પણ એવી ઊંડી પંચાતમાં કોણ ઊતરે ? ”

પતિના આ જવાબ પછી વધારે પડતી ચર્ચા કરવાનું ભારતીને યોગ્ય ન લાગતું.

*

એક રવિવારનું પરોઢ થયું. ભારતી ક્યારની નિત્યકર્મથી પરવારી ગઈ હતી. ગઈ કાલ જેટલો જ કચરો તેણે પરમ દિવસે દીઠેલો. ચાલમાં બે ત્રણ દિવસથી પડી રહેલો કચરો વાસ

મારતો હતો. ભારતીથી બધું સહન થતું, પણ ગંદવાડ તેનાથી જરાય સહી શકાતો નહિ.

ચાલમાં બત્તી તો હતી જ નહિ, પણ પરોઢના સમયને લીધે ઝાંખું ઝાંખું અજવાળું બહારથી આવતું હતું. ભારતીએ બહાર આવી ઝાડુથી ચાલ વાળવા – ઝૂડવા માંડી. એક પડોશીએ તેને ઝાડુ મારતી જોઈ કહ્યું:

"બહેન! આ શું કરી રહ્યાં છો?"

"મારી ફરજ બજાવું છું." તેણે વિવેકપૂર્વક જવાબ આપ્યો. પડોશી આભો બની ગયો. બીજો એક પડોશી અને પડોશણ બહાર આવ્યાં. તેમને નવાઈ લાગી. બીજા કેટલાક સ્ત્રી પુરુષોએ પણ ચાલમાં થઈ ગયેલી વાતચીત સાંભળી પોતાનાં બારણાં ઉઘાડયાં હતાં.

ભારતી મહા મુસીબતે વાસ મારી ગયેલા પડતર કચરાને એક બાજુએ એકત્ર કરી રહી હતી. કોઈને જણાયું કે તેનું મગજ ખસી ગયું છે! કોઈને લાગ્યું કે તેના દેહમાં ભૂત પ્રવેશ્યું છે! આમ જેને જેમ સૂઝયું તેમ સૌએ ભારતી માટે માની લીધું.

ભારતી દરેકના ઉદ્‌ગાર સાંભળ્યે ગઈ; પણ તેણે હાથ પર લીધેલું કાર્ય ન છોડયું. થોડીવારે એક બંધ ઓરડી અંદરથી ઊઘડી. તેમાંથી એક વ્યક્તિ બહાર ચાલમાં આવી. સૌએ તેના પર દૃષ્ટિ કરીઃ પડોશની વ્યક્તિને ઓળખતાં પડોશીઓને શી વાર લાગે!

"દીકરી ભારતી!" એક પ્રતિભાશાળી અવાજ સંભળાયો. ભારતીએ ઊંચું જોયું.

વ્યક્તિ તેની નજીક આવી રહી હતી. તેનાં માથા પરના

લાંબા ચળકતા વાળ તદ્દન સફેદ હતા. ભવ્ય મુખમુદ્રા પર કરચલીઓ પડી હતી. ઉજાસભર્યાં નેત્રોમાં જમાનાના આભાસ પથરાયા હતા. નેવું દિવાળી જોઈ ચૂકેલા પંડિતજીને ભારતી પાસે આવી પહોંચતાં બે મિનિટ વિતાવવી પડી.

"દીકરી, થોડી ફરજ મને ય બજાવવા દે."

એટલું કહેતાંની સાથે બુઢ્ઢા પંડિતે તેના હાથમાંનું ઝાડુ લઈ લીધું. તર્કવિતર્ક અને મરજી મુજબનાં અનુમાન બાંધી બેઠેલાં પડોશીઓ ચકિત બન્યાં.

"લાખોની મિલકત પરમાર્થમાં લૂંટાવી પંદર વર્ષથી દેશની મૂંગી સેવા બજાવી રહેલા પંડિતજીએ ભારતીના કાર્યને મહાન ફરજ માની!" એક પડોશી બોલ્યો.

કોઈની મજાલ નહોતી કે પંડિતજીએ સત્કાર કર્યો હોય, ત્યાં તિરસ્કારની ભાવનાથી જોવાની હિંમત કરી શકે.

"મારા જેવી દીકરી ઊભી હોય અને તમારા જેવા વડિલ તકલીફ ઊઠાવે, એ સારું ન કહેવાય."

ભારતીએ ડોસાના હાથમાંનું ઝાડુ પાછું માગ્યું. ડોસાને અનહદ તકલીફ પડતી હતી: અર્ધી અર્ધી મિનિટે તેને વિરામ માટે થોભી જવું પડતું હતું. છતાં ય તેણે ભારતીને ઝાડુ ન આપ્યું. પંડિતજી તરફ પૂજ્યભાવ ધરાવતાં પડોશી સ્ત્રી પુરુષોને ઝાંખપ લાગી અને ઘણાંખરાં પંડિતજી કને દોડી આવ્યાં.

"આપણાં ઘરનું અસ્વચ્છ આંગણું અમે સ્વચ્છ કરી લઈશું. અમને ઝાડુ આપી દો."

બે મિનિટમાં તો પાંચ—સાત પડોશીઓ કચરો સાફ કરતાં દેખાયાં.

ભારતીને દીવાની સમજી બેઠેલાં અને તેને વળગાડની

અસર થઈ છે એમ માનનારાં આ દૃશ્ય જોઈ અંતઃકરણથી પસ્તાયાં.

જ્યારે ચાલ સ્વચ્છ બની ગઈ ત્યારે પંડિતજીથી બોલી જવાયું:

"આપણા પડોશમાં પ્રભુતા વસે છે."

પ્રકરણ ૬ ઠ્ઠું

ગૃહ વ્યવહાર

" **પરાધીન** બનેલી પ્રજા જ્યારે પોતાને જીતનારી— પ્રજાનાં બુદ્ધિ, સાહસ અને શૌર્યનું અનુકરણ કરવાને બદલે વિજયી પ્રજાની મોજશોખની વૃત્તિનું અનુકરણ કરી પોતાને 'સુધરેલ' માનતી થાય છે; ત્યારે તેનામાં ગુલામીના અંકુર ફૂટેલાં મનાય છે. એ ગુલામીના અંકુર પરદેશી રીતરિવાજને આવકારી સ્વરાષ્ટ્રની સંસ્કૃતિને હણવાનું આડકતરું કાર્ય કરે છે. માનસ ગુમાવી દેવાના સંજોગમાંથી બહુ જ ઓછી વ્યક્તિઓ છટકવા પામે છે."

આવી જ કાંઈક માન્યતા ભારતીની હતી. તેનું મન વિદેશી સંસ્કૃતિની અનિચ્છનિય છાપથી કદી પણ અંજાતું નહોતું. પણ પોતાના પતિને બધા જ જૂના વિચારો તરફ અણગમો છે, એ જાણ્યા પછી મનમાં તેને સહેજ દુ:ખ થયું હતું.

નલિનને કલબોમાં ફરવાનો, મિત્રમંડળને પાર્ટિઓ આપવાનો, સિગારેટ ફૂંકવાનો અને દેખાદેખીથી ગજા ઉપરાંત ખર્ચ કરવાનો અનિચ્છનીય શોખ સ્પર્શ કરી રહ્યો હતો.

ભારતીએ પતિને 'કરકસર'ની કિંમત સમજાવવાનો અને 'સીવીલીઝેશન'નો ખરો અર્થ તેના જીવનમાં ઉતારવાનો નિશ્ચય કર્યો.

એકવાર તેણે તેના પતિને સમજાવવાની કોશિશ કરતાં કહ્યું: "પરદેશી રીતરિવાજ ચાહનારાની હારમાં રહેવા માટે શક્તિ અને આવક ઉપરાંત ખર્ચ કરવા તૈયાર થવું એ તમારા જેવા સંસ્કારીને ન છાજે."

નલિને જવાબ આપ્યો: "મને શું છાજે અને ન છાજે, એ સમજવાનું કામ મારું છે."

"છતાં મારી ફરજ મને લાગણીવશ બનાવી આટલું કહેવડાવે છે. હું નમ્રતાપૂર્વક તમને અરજ કરી શકું છું."

"મારે શું કરવું જોઈએ."

"જગતના જાણકારો કહે છે કે દરેકે પોતાની આવક કરતાં ખર્ચ ઓછો કરવાની ટેવ પાડવી જોઈએ. માંદગી તથા વ્યવહારના બીજા અનિવાર્ય સંજોગો વખતે ઉપયોગી થઈ શકે તે માટે યથાશક્તિ બચત કરવી જોઈએ."

નલિને હસીને વાત ઉડાવવાનો યત્ન કરતાં કહ્યું: "બહુ સારું." ભારતી તે દિવસે વધારે કાંઈ ન બોલી.

બે ચાર દહાડા વીતી ગયા પછી વળી એક વાર તેણે પતિ સમક્ષ કરકસરનો પ્રશ્ન રજૂ કર્યો. આ પ્રમાણે અનેક વખત તક મળતી ત્યારે ભારતી તેને કરકસર કરવાની આજીજી કર્યા કરતી.

ક્યારેક પત્નીની સલાહ પતિને યોગ્ય જણાતી અને પોતાની ભૂલો સુધારવાનું તે વચન આપતો. ક્યારેક તેને ક્રોધ ઊપજતો અને તે પત્નીનું ભયંકર અપમાન કરતો.

નલિનનો અંતરાત્મા હરહમેશ તેને સાક્ષી આપ્યા કરતો :

“ ભારતીના હૃદયમાં પતિનાં અવિચારી કૃત્યો પ્રત્યે અણગમો છે. પણ અંગત રીતે તો તે તેના પતિ પ્રત્યે ઈશ્વર સરખી પૂજ્ય ભાવના ધરાવે છે. ”

કેટલીક વાર નલિનને તેનો અંતરાત્મા ભારતીની સલાહની અવગણના કરવા બદ્દલ ઠપકો આપ્યા કરતો. પણ તે અસ્થિર માનવી હતો. કોણ જાણે શામાટે ઘરની બહાર ગયા પછી તેના વિચારો પાશ્ચાત્ય સંસ્કૃતિની વકીલાત કરનારા બની જતા.

પતિનું અસ્થિર માનસ સ્થિર થાય, એ આશાથી ભારતી અપમાન સહન કરતી, ત્રાસ વેઠી લેતી, પણ તેના કર્તવ્યને યશ મળવાના લખાયા જ ન હોય, ત્યાં તે શું કરી શકે ?

સૂર્યનો પ્રકાશ સત્તા પરથી ઊતરવા લાગ્યો હતો. ઓરડામાં એક સાદડી પર બેસી — ભારતી કાંઈક વાંચતી હતી.

નલિન આવ્યો. રોજ કરતાં વહેલો હતો. ભારતીએ તેના વદન પર નિરાશા, ક્રોધ, અને શોક જોયાં : અને તેના હૈયામાં ફાળ પડી. તે કાંઈ પણ પૂછે એ પહેલાં જ નલિને એક કાગળ તેના હાથમાં આપ્યો.

ભારતીએ જોયું. તે નોટિસ હતી.

“ સંસ્થાની આવકમાં ઘટાડો થવાથી અમારે ફરજિયાત નોકરોના પગાર પર જબ્બરો કાપ મૂકવાના સંજોગો ઊભા કરવા પડે છે. આવતા માસથી જો તમે પચાસ રૂપિયાના પગારથી નોકરી કરવા તૈયાર હશો તો તમે તમારી નોકરી ટકાવી શકશો. જો આ સંજોગોને પહોંચી વળવા તમે તૈયાર ન હો તો આવતા માસથી તમારે તમારી નોકરી બાબતની ગોઠવણ કરી લેવી. ”

નોટિસ વાંચી ભારતી વિચારમાં ડૂબી ગઈ. નલિનની સ્થિતિ કાંઈક ગંભીર બની હતી.

કેટલાક વિચારને અંતે એકાએક તે બોલ્યો;

"પચાસમાં હું શી રીતે નોકરી કરું! સિત્તેર પણ મને પાલવતા નહોતા. આજના ખર્ચાળ વખતમાં માણસ ઓછા પગારમાં કઈ રીતે જીવી શકે?"

"તમારું કહેવું ખરું છે; પણ આજની બેકારીને લક્ષમાં લઈ અને નોકરી ટકાવી રાખો તો વધુ સારું."

"પચાસના પગારમાં હું ભાડું શું ભરું? દૂધવાળાને શું આપું? દાણાવાળાને શું આપું? ઘીવાળાને શું આપું? તેલવાળાને શું આપું? આઠ બાર આના તો મને સિગારેટ ખરીદવામાં જોઈએ. મારા બીજા બહારના ખર્ચ હું ક્યાં લેવા જાઉં!"

"તમે એમ કરો. બીજી સારી નોકરીની શોધ કરો. જ્યાં સુધી સારા પગારની બીજી નોકરી ન મળે, ત્યાં સુધી કષ્ટ વેઠીને પણ આ જગા ટકાવી રાખો. બહારનો નકામો ખર્ચ ઓછો કરો. સિગારેટ બોયકોટ કરો."

"અરે, પણ પચાસ રૂપિયામાં ગુજરાન કેમ ચાલે!"

"તમે તમારું ખીસાખર્ચ બંધ કરો તો હું ચલાવી આપું."

"એ કેમ બને! હું તે કોઈ જૂના જમાનાનો ચકરી પાઘડી પહેરી ફરનારો ભદ્રંભદ્ર થોડો છું કે સ્વમાનને હિણપ લાગવા દઉં!"

"તો પછી નોકરી મૂકીને શી રીતે સ્વમાન ટકાવી શકશો?"

"એજ ઉપાધિમાં છું."

નલિનનાં હૃદયમાં સખત આઘાત પહોંચેલો જણાયો.

ભારતીને તેની અસર થયા વગર કેમ રહે?

પતિને થયેલા આઘાતની અસર ભુલાવી દેવા માટે ભારતીએ તેને ધીરજ આપવા માંડી,

"આજ તો આખા દેશની ભયંકર સ્થિતિ છે. એકબાજુ રાજકારણ ગૂંચવાડામાં પડયું છે. બીજી બાજુ સામાજિક રિવાજો અને ધાર્મિક પ્રથાઓને નામે કેટલીક અરાજકતા પ્રવર્તી રહી છે. આ બધું પણ શ્રમજીવીઓની રોટલી ઝૂંટવી લેવામાં, તેમને રોજી ન મળવા દેવામાં કેટલાય સંજોગોમાં કારણભૂત બનતું રહે છે, અને તે તમારા જેવા બાહોશ અને બુદ્ધિમાનથી શી રીતે અજાણ હોય!"

"એ બધું મારા ધ્યાનમાં છે. હું બધું સમજું છું."

"તો પછી સંજોગોને પહોંચી વળવા શા માટે તૈયાર ન થવું?"

"શી રીતે પહોંચી વળવું?"

"કરકસર સિવાય બીજું એક પણ મહાન સાધન મારી નજરે પડતું નથી."

ભારતીએ સૂચવેલો ઉપાય સાંભળી નલિન ચૂપ રહ્યો. તેણે ઊંડો શ્વાસ લીધો.

"મને ગજવા ખર્ચ માટે ઓછામાં ઓછા વીશ રૂપિયા તો મળવા જ જોઈએ."

"ખુશીથી, તમે વીશ રાખજો, અને બાકીના ત્રીશ મને આપજો. એટલામાં હું બધું નિભાવી લઈશ."

"શી રીતે નિભાવશે?"

"પચ્ચીશની આ જગા ખાલી કરશું અને દશ રૂપિયાના ભાડાવાળી ઓરડીમાં રહેશું."

"એમાં મારું પૉઝીશન શું!"

"ભાડાની રકમના અંદાજથી પૉઝીશનનું માપ બંધાય છે; એમ તમે માનો છો?"

"હું ભલે ન માનતો હોઉં; પણ દુનિયા તો માને છે."

"દુનિયાને કોઈ માટે માનવાની પડી નથી. દરેક માણસ પોતે જ એમ માની બેસે છે કે તે આમ કરવા જશે તો દુનિયા તેમ માનશે. બાકી કાંઈ જ નથી."

ભારતીએ દુનિયાનો ડર અર્થવગરનો ઠરાવી નલિનને હિંમત આપી. કેટલીક વાતચીતને અંતે નલિન નોકરી ચાલુ રાખવાના અને પત્નીની સલાહ મુજબ કરકસર કેળવવાના નિર્ણય પર આવી ગયો.

તેઓએ પચ્ચીશના ભાડાવાળી જગા ખાલી કરી, અને એક નાની પણ હવા ઉજાસવાળી ઓછાભાડાની ઓરડીમાં વસ્યાં. ભારતીએ ઘરનો ખર્ચ વ્યવસ્થિત બનાવ્યો.

પહેલો મહીનો ભારતીએ બાંધેલા બજેટ મુજબ વ્યવસ્થિત રીતે પસાર થઈ ગયો. બીજે મહીને ભારતીને ત્રીશ રૂપિયા આપવાને બદલે નલિન દશ જ રૂપિયા આપી શક્યો.

ભારતીએ પૂછ્યું: "આ વખતે વીશ ઓછા કેમ?" જવાબમાં નલિન બોલ્યો:

"ગયા મહીનાનું દશનું કરજ હતું અને આ મહીનામાં પણ મારું ખીસાખર્ચ ત્રીશ સુધી પહોંચ્યું છે. મેં ઘણા પ્રયત્નો કર્યા, પણ મારાથી ઓછું થઈ શક્યું નથી. મને લાગે છે કે હું ત્રીશથી ઓછો ખીસાખર્ચ તો કરી શકીશ નહિ."

"જો કરકસર વહેલી કેળવી હોત અને પાશ્ચાત્ય સુધારાને નામે મોજનાં સાધનોથી પરવશ ન બન્યા હોત, તો આજે

તમને ઓછા ખર્ચમાં ચલાવવું કઠિન ન થઈ પડત. થયું તે થઈ ગયું. હજીપણ તમે કરકસર કેળવો. સિગારેટનો અર્થ વગરનો ખર્ચ બંધ કરો. ચાપાણી અને નાસ્તા પાછળનો ખર્ચ કમી કરો. નાટકસિનેમા જોવાની નિયમિત રસવૃત્તિને અનિયમિત બનાવી મૂકો."

"મારાથી ન બને તેવું દબાણ કરવાનો શો અર્થ!"

"હું દબાણ કરતી નથી."

"ત્યારે?"

"આજીજી કરું છું. મારી ફરજ બજાવું છું. ભવિષ્યમાં આપણે આત્મસંતોષ મેળવવામાં કમનસીબ ન બનીએ તેના પ્રયત્નો કરું છું."

ચર્ચાએ વેગ લેવા માંડ્યો. નલિન ઉશ્કેરાઈ ગયો. ભારતીએ ક્રોધને સહેજપણ નજીક આવવા દીધો નહિ. નલિને ક્રોધના આવેશમાં તેને લાત મારી. ભારતી સામે થશે; એ ભયથી તે બે કદમ દૂર હટીને ઊભો રહ્યો. વાતચીતમાં અને ગુસ્સાના આવેશમાં તેનાથી કેવું વિચિત્ર–નિર્દય વલણ લેવાઈ ગયું? તેના દેહમાં કંપનો આવિર્ભાવ થઈ ચુકયો હતો. જ્યારે તેણે ભારતીને એવીને એવી શાંત રહેલી દીઠી, ત્યારે તેના અસ્થિર મનમાં પોતાના કૃત્યનો પડછાયો પડવા માંડ્યો.

તે બોલ્યોઃ "ભારતી! પ્રિય ભારતી! હું કમનસીબ છું. મૂર્ખ છું."

ભારતીની આંખો પતિના મોં પર પ્રસરતી ચિંતા, બેચેની અને દર્દની ઘોળાતી લાગણી જોતાં જ પળભર મીંચાઈ રહી.

પ્રકરણ ૭ મું :

આશા

બુદ્ધિમાન વ્યક્તિઓના સ્વાર્થ પર કાપ પડે છે; ત્યારે 'વાદ' જન્મે છે. જગતમાં ધનિક ધનિકને અને ગરીબ ગરીબને ગળી જતા જોવામાં આવે છે. પારકા માટે પડકાર કરનારી વ્યક્તિઓ તો ક્યાંક જ હોય છે.

ભારતીના પડોશમાં મૂડીવાદ તરફ બેહદ ધિક્કાર દેખાડનારા 'કૉમરેડ' પણ હતા અને સમજ્યા વગર મૂડીવાદનો બચાવ કરનારા 'કૅપિટાલિસ્ટો' 'કૉન્ઝરવેટિવો, અને 'મૉડરેટો' પણ હતા.

નવલશંકર અંગ્રેજી ભણેલા હોવાથી જેઓ અંગ્રેજી ન જાણતા, તેઓ સાથે વાત કરતાં પણ શરમાતા. તેઓની દૃષ્ટિએ તો ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, મરાઠી, બંગાલી કે હિન્દુસ્થાની ભાષા માનવભાષા જ નહોતી. તે એક હાઈસ્કૂલમાં માસ્તર હતા. લાંબા વખતથી પંતુજી તરીકે નોકરી કરવાથી તેને પગારેય ઠીક મળતો. તેણે કરકસરને બહાને કંજૂસવૃત્તિ કેળવી હતી; અને એ વૃત્તિને પરિણામે તેની પાસે સારી જેવી

રકમ જમા થઈ હતી. ચાલનાં બધાં જ માણુસો તેને 'માસ્તર સાહેબ' કહીને બોલાવતાં. ભૂલેચૂકે જો કોઈ 'સાહેબ' શબ્દ ખાઈ ગયું તો તે તરત તેને સભ્યતાની વ્યાખ્યા સમજાવી પોતાને 'માસ્તર સાહેબ' સંબોધનથી બોલાવવાની આડકતરી ચેતવણી આપી દેવામાં બિલકુલ પછાત ન પડતા.

'માસ્તર સાહેબ'ને તેના વિચારની પ્રતિમા સરખી પત્ની મળી હતી. તેનાં સદ્ભાગ્યે તેને સંતાનની ઉપાધિ જ નહોતી. પતિપત્ની દશ રૂપિયાનાં ભાડાંવાળી ઓરડીમાં રહેતાં હતાં. તેમની બાજુમાં તેમનાં બે ભાણેજ અને તેમનાં બાલબચ્ચાં હતાં.

મોટો ભાણેજ રામશંકર થોડાક સમયથી માંદગીના બિછાને હતો. તેની પત્ની કાન્તા પતિની ચાકરી કરતી. તેમને સાત વરસનો બાળક અને ચાર વરસની બાલિકા હતાં. નાનો ભાણેજ દેવશંકર છ મહિનાથી નોકરી ગુમાવી બેકાર બન્યો હતો. તેની પત્ની ગોમતી સ્વભાવે ઉગ્ર અને લડાયક મનોવૃત્તિ ધરાવનારી હતી. રામશંકર તથા દેવશંકરની માતા ઊજળી પણ તેઓની સાથે હતી. બધાં એક જ ઓરડીમાં રહેતાં હતાં. ઊજળી અંધ હતી.

પડોશમાં રહેનારાં બધાં જ પરમાર્થીઓ અંધ ઊજળી અને તેના પુત્રો વગેરે તરફ અણગમો ધરાવતાં. ઊજળીનો બંધુ નવલશંકર પણ તેની બહેન તથા તેનાં સંતાનો તરફ આદરભાવ ધરાવી શક્યો નહોતો. બિચારી અંધ ઊજળી અને તેની પુત્રવધૂ કાન્તાને ભારતી સિવાય બીજી કોઈ ઓરડીમાં આવકાર ન મળતો. રામશંકર અને દેવશંકર પણ ક્યારેક વૃદ્ધ પંડિતજી કને જઈ બેસતા. પણ, તેઓનું બેસવાનું ઈશ્વરે ઝાઝો વખત ન ટકાવ્યું. પંડિતજી એક દિવસે ઓરડી બંધ

કરીને ક્યાંક જતા રહ્યા: મકાનના મહેતાજીને તો તેમના તરફથી તેમના પ્રસ્થાન પૂર્વે એક સાથે છ મહિનાનું ભાડું મળી ગયું હોવાથી તેણે કદાપિ પંડિતજીની ઓરડી તરફ નજર સુદ્ધાં કરી નહોતી. કેટલાંક હલકું માનસ ધરાવનારાંઓએ એવી ગપ ઉડાડેલી કે પંડિતજી ભાડું ચઢાવી — ખોલી પર તાળું લગાવી અગિયારા ગણી ગયા. પણ એક દિવસે ચાલમાં સર્વ પડોશીઓ સમક્ષ ભારતી અને નલિને પંડિતજીના બારામાં થઈ રહેલી ગેરસમજૂતી ટાળી નાખવાનું યોગ્ય ધાર્યું હતું.

વયોવૃદ્ધ પંડિતજીએ તેની વિદાયગીરી પૂર્વે નલિન અને ભારતીને પોતે પ્રવાસે ઊપડે છે; એમ કહ્યું હતું. નલિનને કેટલીક સૂચનાઓ આપતાં તે બોલ્યા હતા:

"મારી દેવી સરખી દીકરી ભારતીનું દિલ કદાપિ દુભવીશ નહિ. હું એને મારી ધર્મની પુત્રી માનું છું. એના જેવી આર્યપુત્રી મારી નેવું વરસની અવસ્થામાં ભાગ્યે જ મેં બીજી ભાળી હશે!"

નલિન અને ભારતીનાં વંદન ઝીલી તેમને અંતઃકરણનાં આશીર્વાદ અર્પી પંડિતજી પ્રવાસે ઊપડી ગયા હતા. પંડિતજીની વિદાય પછી તેની સ્મૃતિ તેનાં પૂજકોનાં હૃદય પરથી કેમ ખસે!

સૂર્યકિરણોએ પ્રખર સ્વરૂપ લીધું હતું. નલિન નોકરી પર ગયો હતો. ભારતીએ ક્યારનાં વાસણ માંજી પોતાને પહેરવાંનાં વસ્ત્રો શીવવાં શરૂ કરી દીધાં હતાં. ચાર દિવસથી આરંભેલું શીવણનું કાર્ય તેણે તે દિવસે એક કલાકમાં પૂરું કર્યું.

"ભારતી બહેન!" એક અતિ પરિચિત સ્વર સંભળાયો. ભારતીએ બારણાં તરફ નજર કરી. રામશંકરની પત્ની કાન્તાને

જોતાં જ તેને આદરભાવ આપતાં તે બોલી:

"આવો બહેન!"

ધીમે પગલે કાન્તા ભારતી પાસે આવી પહોંચી. કાન્તાના ચહેરા પર કદી ન દીઠેલી ગ્લાનિ હતી. તે કાંઈક કહેવા આવી હોય અને કહેતાં અચકાતી હોય એમ જણાતાં ભારતીએ પ્રથમ તેને બેસવાનો આગ્રહ કર્યો. કાન્તા બેઠી. થોડીવારે ભારતી બોલી: "જે કહેવું હોય તે કહો, બહેન." કાન્તાની જીભ ઊઘડે તો તે જવાબ આપે ને! તેને અવાક્ જોઈ ભારતીએ કહ્યું.

"કોનાથી શરમાઓ છો!" ભારતીએ તેની જીભને વાચા અપાવવાનો લાગણીભર્યો પ્રયત્ન કર્યો.

મનુષ્યનું અંતઃકરણ લાગણીને સ્પર્શે છે ત્યારે તેની ગદ્ગદિત ભાવના પરનું વજ્ર સરખું દબાણ પણ નિમિષ જેટલા સમયમાં હઠી ગયા વિના રહેતું નથી. ભારતીએ જોયું, કાન્તા રડી રહી હતી.

"મને તો કહે, બહેન." ભારતીએ તેનું અંતર ઉઘડાવવાનો યત્ન જારી રાખ્યો. કાન્તાની જીભ ન ઊઘડી. ભારતીએ તેને આશ્વાસન આપવા માંડ્યું. કેટલીક પળો બાદ કાન્તા સ્વસ્થ બની. અચાનક તેનાથી કહી દેવાયું:—

"દશ રૂપિયા આપશો?"

કાન્તાથી અનિચ્છાએ મંગાઈ ગયું. દબાવી રાખેલું લાચારીનું વજ્રમુખ ઊઘડી ગયું.

ભારતીનાં શરીર પર વીજળી તૂટી પડી. ચારેક પળો સુધી તે જડવત બની રહી. કાન્તાનાં ઘરની સ્થિતિ તેની આંખ સામે ખડી થઈ.

તેનાં બે નાનાં બાળકો પણ ક્યારેક તેની માતા પાસે ખાવાનું માગતાં ભારતીએ સાંભળેલા. કોઈ ન સાંભળે એટલી કાળજીથી કાન્તા તેના બાળકોને ધમકાવતી; એ પણ ભારતીએ સાંભળેલું. મહિનાઓથી નોકરીની શોધ માટે પ્રયત્નો કરતાં ય નિરાશાથી બળતો દેવશંકર, બીમારી અને બેકારીથી નિઃશ્વાસ મૂકતો રામશંકર અને છાને ખૂણે પરમાત્માની દયા માગતી અંધ ઊજળી ઈત્યાદિ વાતાવરણ ભારતીનાં નેત્રપટ પર 'ફિલ્મ' પેઠે ઉપસ્થિત થઈ અદૃશ્ય થયું.

ભારતીએ વાતાવરણ પરથી કલ્પી લીધું: કાન્તા જો તેની કનેથી દશ રૂપિયા મેળવવામાં નિરાશ બનશે તો તેના બાળકો, પતિ, દિયર અને સાસુ સાથે તેને ઓરડી ખાલી કરવી પડશે.

મકાન માલેકો તરફથી તેમને ચેતવણી અપાઈ ગઈ હતીઃ અમાવાસ્યા પહેલાં ત્રણે ત્રણ ચઢેલાં બિલ ન આપી શકાય તો છેવટે એક બિલ પણ આપવું, અને તેમ ન બની શકે તો ખાલી કરી મરજી પડે ત્યાં જવું.

કાન્તાની દેરાણી તો તેના સાધનસંપન્ન પિતાને ત્યાં વિદાય થઈ ગઈ હતી. મકાનમાલેક તરફથી કાયદેસર ચેતવણી મળ્યા પછી કાન્તા અને તેના કુટુંબીજનોએ દશરૂપિયા માટે નવલશંકરને આજીજી કરી હતી. 'માસ્તર સાહેબ' તેની આંધળી બહેન ઊજળીને કહી ચૂક્યા હતા કે પૈસા સિવાયની બધી વાતો કરવી. આ બધું ભારતીએ કાન્તા પાસેથી વિગતવાર જાણ્યું; ત્યારે તેનું હૈયું ધડકવા લાગ્યું.

"આપશો ને, બહેન!" કાન્તાએ આશાતુર નેત્રે ભારતી પર નજર કરી.

ભારતીની વાચા બંધ થઈ. એકાએક તે બેઠી થઈ અને ઓરડામાં આંટા મારવા લાગી. કેટલાક મંથન બાદ તેણે તેની બેગ ખોલવા માંડી. અચાનક તેને યાદ આવ્યું. "છેલ્લો દાગીનો હજી ચાર દહાડા પૂર્વે જ વેચી નાખ્યો અને એ પૈસાથી તો ઓરડીનું બે માસનું ચઢેલું ભાડું અપાયું. હું કેમ ભૂલી જાઉં છું!" મનમાં જ તે બબડી. તે એજ પળે ત્યાંથી ખસી ગઈ.

નલિનને તેનો પગાર ઘટવા પહેલાં જ ભારતીના દાગીનાઓ એક પછી એક પોતાના 'પૉઝીશન'ની રક્ષા પાછળ હોમી દીધેલાં. છેલ્લો એક દાગીનો કે જેને મહામુસીબતે ભારતીએ છુપાવી રાખેલો, તે પણ તેના પતિનો પગાર ઘટ્યા પછી બીજે મહીને ભાડું ચુકવવામાં ડૂલ થયો હતો.

પહેલો અને છેલ્લો—કોઈપણ દાગીનો નલિનના હાથમાં આપતાં ભારતીએ સહેજ પણ આંચકો લીધો નહોતો, તેના મનમાં એ વાતનું સ્મરણ સરખુંય નહોતું. પોતાના સ્મરણભ્રમ માટે પળવાર તેને ખેદ થયો.

ભારતીને અવાક્ ટહેલતી જોઈ કાન્તાની આશા વેગવંત બનતી હતી; તેના વદન પર કાન્તાએ અણગમાની છાયા સુદ્ધાં દીઠી હોત તો તે નિરાશ બની ક્યારની બહાર ચાલી ગઈ હોત.

"મારાથી પાછા અપાશે ત્યારે આપીશ." કાન્તા આશાને ઝૂલે ઝૂલી રહી હતી.

દશરૂપિયાની નોટ કાન્તાને સાગરત્રાપા સમાન હતી. ત્રાપો હાથ લાગે તો તેને કિનારો હાથ લાગ્યા બરાબર હતું.

ભારતીને દશ રૂપિયાનો શો હિસાબ! વાત વાતમાં અને

રમતાં રમતાં તેણે અનેકવાર દશની નોટ ભુંગળુંવાળીને ફેંકી દીધેલી.

પણ તે ક્યાં ? ક્યારે ?

પિતાના ઘરમાં, નિર્દોષ બાલ્યાવસ્થામાં.

ભારતીની આંખ સામે તેનું બાલજીવન આવ્યું: પિતાની વાત્સલ્યપ્રતિમા, માતાની મમતામૂર્તિ અને સહોદરની કિલકિલાટભરી વાણી ઉપસ્થિત થયાં.

" હું ન આપી શકું !"

ભારતીના મુખમાંથી ઉદ્ગાર નીકળી ગયા. તેની સ્થિતિનું તેણે ભાન ખોયું હતું.

" ઉતાવળ નથી. આજે આપશો તો વપરાઈ જશે. અમાવાસ્યાને આગલે દહાડે આપજો. બહેન ! હું જીવીશ; ત્યાં સુધી તમને નહિ વિસરું !"

કાન્તા જુદું સમજી. ભારતીને તેની સ્થિતિનું ભાન થયું. કાન્તાની ગેરસમજૂતી તેના જાણવામાં આવી.

" હું શીરીતે આપીશ ? મારી પાસે શું છે ! એક રૂપિયો પણ આપવાની મારી સ્થિતિ ક્યાં છે !"

મન સાથે વિવાદે ચઢેલી ભારતી મૂંઝવણથી ઘેરાઈ ગઈ.

" તો શું કાન્તાનું આશાના કિનારે આવેલું નાવ સમુદ્રમાં હડસેલું !" અંતઃકરણમાં માનવતાનું ઓજસ ઝબકારા મારવા લાગ્યું. સાંજોગિક અંધકારમાંથી છુટવાના તેણે ફાંફા માર્યા; પણ કોઈ તેને શાંતિકર ન બન્યું.

પ્રકરણ ૮ મું :

પરાયા માટે

નવલશંકર માસ્તર સાધનસંપન્ન હતા. કાન્તાના મામાજી સસરા થતા હતા. પોતાની નિર્ધન અને અંધ બહેન ઊજળીના કુટુંબને મદદ ન કરે તે ભાઈને કેવા પ્રકારનો સમજવો, આ પ્રશ્ન ભારતીના મનમાં ઘોળાયા કરતો હતો.

પ્રત્યુત્તર આપતી સ્વયંભાવના તેના અંતઃકરણમાં પડોશી પ્રત્યેની લાગણી કેળવનારા પડઘા પાડતી હતી.

કોઈ પણ ભોગે કાન્તાને ઉપયોગી થવાનો તેણે નિશ્ચય કર્યો.

ભારતીના પતિની આર્થિક સ્થિતિ કેવી હતી, તેનાથી કાન્તા પૂરેપૂરી પરિચિત નહિ હોય. કદાચ તેને જરાય ખબર નહિ હોય.

'પડોશણની માગણી સ્વીકારવી જોઈએ. તેમની મુસિબતનું નિવારણ થાય, એવા પ્રયત્નો કરવા જોઈએ. અતિથિસત્કારની મહાન મનાયેલી ભાવનાથી એક સમયમાં ભારતવર્ષનું ગૌરવ પૃથ્વીની ચારે દિશામાં મધુર મમતા વર્ષાવી રહ્યું હતું.' આવી ભાવના ભારતીના મનમાં ડહોળાતી હતી.

કાન્તાને ઉપયોગી થવાનો નિશ્ચય કરી ચૂકેલી ભારતીની આંખ આગળ પોતાની નિર્ધન સ્થિતિનો ખ્યાલ ખડો થતાં તે પળભર હતાશ થઈ.

'પિતા સાધનસંપન્ન છે. ભાઈ સારું કમાય છે. તેમની આગળથી પૈસા લાવવા ?' આ પ્રમાણે ભારતીના મનમાં પ્રશ્નોની પરંપરા ઉત્પન્ન થવા માંડી.

વિનયસુખનો પુત્ર ભારતીથી મોટો હતો. પરણ્યો હતો. પિતા જે માળામાં રહેતા એ જ માળામાં તેની ઉપરના મજલા પર એક ફ્લૅટમાં ભારતીનો વડીલબંધુ સજોડે રહેતો હતો.

"પિતાજી પાસે આવે પ્રસંગે શા માટે ન જવું ?"

"તેના મનમાં મારા પતિની કઢંગી સ્થિતિનો ખ્યાલ આવ્યા વિના રહેશે ?"

"મોટાભાઈને કહું ?"

"ના. પિતાજીને કહેવા બરાબર થયું."

મન અને અંતઃકરણ વચ્ચેની વાતચીત પછી ભારતીના હૃદયમાં ભાવનાનું વહેણ વહેવા માંડ્યું :

'નલિન સ્વમાનપ્રેમી છે. તેની આર્થિક સ્થિતિ તદ્દન નબળી છે, એવું કોઈના જાણવામાં ન આવે તેની તે ખાસ કાળજી રાખે છે. હું મારા પિતા કે બન્ધુ આગળ જઈ પૈસા માગું તો તેમના મનમાં મારા પતિની હાલતનો સ્વાભાવિક ખ્યાલ આવ્યા વિના રહે નહિ.'

તેણે મન સાથે નિર્ધાર કર્યો : 'જે મુઠ્ઠીને બંધ રાખવા સારૂં નલિન આપત્તિ વેઠે છે, તે મુઠ્ઠી તેની પત્નીએ કોઈ પણ સંજોગોમાં ઉઘાડવી જોઈએ નહિ.'

માબાપ અને ભાઈ આગળ જઈ પૈસો માગવાથી પતિની

હાલત તેમની આગળ પ્રકાશમાં આવ્યા વિના રહે નહિ, એમ જણાતાં ભારતીએ 'પૈસા ક્યાંથી મેળવવા ?' 'પૈસા મેળવવા માટે શું કરવું?' 'એવો કયો માર્ગ આર્યલલના આગળ ઉઘાડો પડ્યો છે, જે પર પસાર થતાં પૈસા મળી શકે, ઘરની હાલત પ્રકટ ન થાય અને કોઈને શંકા કરવાનું કારણ ન મળે.' વગેરે પ્રશ્નોનો ઉકેલ શોધવા માંડ્યો.

તેની નજર ઓચિંતા બારણા તરફ જતાં તેણે રંભાને અંદર આવતી દીઠી. હંમેશના વિનયી સ્વભાવ અનુસાર તેને આવકાર દેતાં તે બોલી: "આવો, રંભાબહેન —"

રંભાએ ભારતી પાસે આવતાંની સાથે જ પૂછ્યું:—

"કાન્તા અહીં આવી હતી ને!"

"હા. કાન્તા બહેન આવ્યાં હતાં."

"એની સાસુ, એનો વર તથા એનો દિયર મારા પતિ પાસે આવ્યાં હતાં. એ લોકોનું ભાડું ચડી ગયું છે અને મકાનમાલેક તરફથી આ માસની આખર સુધીમાં ઓરડી ખાલી કરવાનું તેમને કહેવાઈ ગયું છે. કાન્તાનો વર બિમાર છે. ધંધા વગરનો છે. એનો દિયરે ય બેકાર છે. મારા પતિ પાસે પૈસા લેવા આવ્યા હતા."

"માણસને મુસીબત હોય ત્યારે પૈસા લેવા આવે. ભલભલા મુસીબતમાં આવી પડે છે અને સૌથી પહેલી મદદની આશા તેઓ તેમનાં સગાં સંબંધીઓ પર રાખે છે."

"અમે તો સાફ ના કહી દીધી."

"એ તમે ઠીક ન કર્યું. ઊજળી બહેન તમારા પતિનાં સગાં બહેન છે અને તેના પુત્રો તમારા પતિના સગા ભાણેજ છે, એટલે તમારા પતિએ તેમને જેટલી બને તેટલી મદદ

આપવી જોઈએ. તમારા પતિ તેમની બહેન તથા ભાણેજને મદદની ના કહી ચૂકયા હોય તો તમારે તમારા પતિને સમજાવવા જોઈએ. રામશંકર અને તેના ભાઈનાં તમે મામી છો. મામી માતા સમાન મનાય છે. તમે એ બંને ભાઈઓનાં માતાજી સરખાં ગણાવ. શું માતાએ પુત્રોને મદદ ન કરવી જોઈએ ?" ભારતીએ રંભાને જવાબ આપવાની એક પણ બારી ન રહેવા દીધી. રંભા ચુપ થઈ ગઈ. થોડીવાર પછી તેણે વાત બદલી અને પૂછયું:

"કાન્તાએ તમારી પાસે કાંઈ માગ્યું ?"

"ના."

"તમે નસીબદાર; નહિ તો એ લોકો બેશરમ છે. માગ્યા વિના રહે તેવા નથી. જો જો કયારેક પણ તમારી પાસે પૈસા માગશે."

"હશે તો હું આપીશ."

"આપતા નહિ."

"કેમ ભલાં !"

"આપશો તો પૈસા જશે. નોકરી ધંધા વગર એ લોકો શી રીતે પાછા આપશે ?"

"પાછા નહિ આપી શકે અને જો ઈશ્વરકૃપાથી મારી પાસે સગવડ હશે તો હું તેમને ફરી વાર પૈસા આપીશ. કારણ કે ઉછીના લઈ જનારાઓ જ્યારે લેણદારને પાછા ન આપી શકે, ત્યારે લેણદારે સમજવું જોઈએ કે ઉછીના લઈ જનારાઓની સ્થિતિ સુધરી નહિ હોય. પણ, હું કયાં લેણદારની દૃષ્ટિએ આપી શકું તેવી સાધનસંપન્ન છું ! પણ, આપણે વ્યર્થ ચર્ચામાં શા માટે ઊતરવું જોઈએ ? કાન્તાએ મારી પાસે

કશું જ માગ્યું નથી.”

ભારતીએ કાન્તા તથા તેનાં કુટુંબીઓની મર્યાદા ઢાંકવાનો પ્રયત્ન કર્યો અને તેમ કરવા જતાં જૂઠું બોલવાનું તેણે જરાય નાપસંદ ન કર્યું.

રંભાને ભારતીનો સ્વભાવ વિચિત્ર જણાયો. તેની પાસે રંભાની કૂથલીખોર દલીલો ન ટકી.

જગતમાં અનેક વહેમી-શંકાશીલ નિંદાથી ટેવાઈ ગયેલાં: અને કેળવણી સાથે બારમો ચન્દ્રમા ધરાવનારા બૈરાં હોય છે; તેમાંની એક રંભા હતી. ભારતી જેવી ચંચળ સ્ત્રી પડોશમાં રહેવા છતાં રંભાના સ્વભાવને ન પામી શકી હોય તે કેમ બને! ભારતી અનિચ્છાએ હસી.

“આવાં બૈરાંઓને સુધારવાની જરુર હું કબુલ કરું ખરી. પણ અમારી સમાજને સુધારવા નીકળી પડેલાં સ્ત્રી-પુરુષ સુધારકો કોણ જાણે શા કાજે બેદરકારી સેવતા હશે! હું ધારું છું કે સુધારકો માત્ર ભાષણો કરવા જેટલી જ શકિત ધરાવતા હોવા જોઈએ. તેઓમાં રચનાત્મક કાર્ય કરવાનો અભાવ હોવો જોઈએ.” તેનાં અંતરમાંથી સુધારકો માટે મત પ્રગટ્યો.

રંભા કોઈ જુદા જ વિચારમાં હતી. તેના ચહેરા પરની વિચાર છાયાઓ કહી આપતી હતી કે તે ભારતી સાથે વાર્તાલાપ કરવાની તક શોધતી હોય!

“તમને દાગીનાનો શોખ લાગતો નથી,” રંભા અચાનક બોલી. ભારતીએ હસીને દાગીનાની વાત જ ઉડાવી દીધી.

“હું તમારા જેવડી હતી; ત્યારે ચાર રૂપિયાની કિંમતના ચંપલ પહેરતી.” રંભાએ પોતાનું મહત્ત્વ વર્ણવવું શરૂ કરી

દીધું: "હજી પણ મને દાગીના વગર ન ચાલે. ઘણીખરી ઓળખીતીઓ મારા માટે માને છે કે હું પ્રૌઢા થવા આવી એટલે મારે સાદું રહેવું જોઈએ. ભલા, મારે શા માટે ભિખારણ જેવી બની રહેવું! મારા પતિ સારું કમાય છે. બેંકમાં પૈસા છે. હજી હમણા જ અમે દેશમાં બીજું મકાન ખરીદ કર્યું. મારા પતિ બહુ લોભી છે; પણ મારી પાસે તેનું કશું ચાલતું નથી. હું કહું, ત્યારે તેણે નાટક જોવા આવવું પડે છે. તે ઘણીવાર કહે છે કે તેને મારા લીધે ખોટા ખર્ચમાં ઊતરવું પડે છે."

ભારતીની સંમતિની સહેજ પણ દરકાર કર્યા વગર રંભાએ પોતાના ઘરનું પુરાણ કહેવા માંડ્યું હતું. ભારતી ચુપચાપ સાંભળ્યે જતી હતી.

"મારી પેઠે તમે પણ પતિને કાબુમાં રાખતા જાઓ. ભલાં, આપણે બૈરાંઓએ શા માટે શોખ ન માણવા! તમારા શરીર પર હમણાં હમણાં તો મેં રેશમી કપડું જ દીઠું નથી. તમે શા માટે આવું ચલાવો છો!" રંભાએ તો વગર પૂછ્યે–વગર માગ્યે ભારતીને સલાહ આપી દીધી. ભારતીને ઠીક ન લાગ્યું; તો પણ તેણે શાંતિપૂર્વક જણાવ્યું:

"રંભાબહેન! તમે તો મારાં માતુશ્રી તુલ્ય છો. તમારે મને સાચી સલાહ આપવી જોઈએ."

"ત્યારે શું તમારા ગેરલાભનું કહું છું?"

"તમારો હેતુ કદાચ સારો હશે, પણ તમારી સલાહ જરાય સારી નથી. તમે પીઢ વયનાં અનુભવી છો. તમારે તો અમારા જેવી નાની ઉંમરની સ્ત્રીઓને સાદાઈ શીખવવી જોઈએ, ખર્ચ ઘટાડતાં શીખવવું જોઈએ. તમારે તો

અમને સહન કરતાં શીખવવું જોઇએ" ભારતીના આ શબ્દો સાંભળી રંભા ચકિત બની ગઈ. કોઈ સ્ત્રીએ તેને આવો જવાબ આપ્યો નહોતો.

" રંભા બહેન ! તમારી ફરજ તમારી સાદાઇમાં છે. તમે તમારા પતિને તેમનાં દુ:ખી સગાં સંબંધીઓને ઉપયોગી બનાવશો તો તમારા પવિત્ર અંતરાત્માને નિરાંત મળશે. સ્ત્રીઓને જગતના કવિઓએ દયામૂર્તિ કહી છે. કવિઓના સત્ય કથન આપણે જ જુઠ્ઠાં પાડીએ તો આપણે સ્ત્રીઓ જ કેમ કહેવાઇએ. આપણે આપણા સગાં સંબંધીઓની કફોડી હાલતમાં તેમને ટેકારૂપ ન બની શકીએ, પડોશી ધર્મ ન બજાવી શકીએ, આપણે આપણો પત્નીધર્મ ન ખીલવી શકીએ, આપણે આપણો દયાથી ભરપૂર સ્વભાવ ન ખીલવા દઇએ તો કવિઓ ખોટા ઠરે. આપણને દયાની દેવી ઠરાવનારા જ આપણને નિર્દયતાવી પ્રતિમા ઠરાવ્યા વિના રહે નહિ."

ભારતીએ રંભાને 'દયા'ની વ્યાખ્યા કહી, તેને સાચું સ્ત્રીત્વ સમજાવવાની કોશિશ કરી; પણ રંભાના જડ હૃદયમાં તે એકદમ શીરીતે ચેતન પ્રગટાવી શકે !

રંભાએ ભારતીને આટલી જ્ઞાનવંત નહોતી માની. તેણે માન્યું હતું કે અનેક સાધારણ બૈરાંઓ જેવી જ ભારતી પણ એક સાધારણ બૈરૂં હશે. રંભાને પોતાની માન્યતા ખોટી લાગી.

" તમે બહુ જ જાણો છો : નાની વયમાં પણ તમે બહુ સમજો છો." રંભાએ કહી દીધું.

" આમ વખાણ કરી મને ઉંચે છાપરે શા સારુ ચઢાવો છો ! હું તો કાંઈ સમજતી નથી. તમે મારાથી વધુ સારી સમજવાળાં છો : વધુ અનુભવી છો. તમારી નજરે તો અમે

ઉગતી છોકરીઓ જેવી ગણાઈએ." ભારતીના આ શબ્દો રંભાને બહુ જ ગમ્યા.

"તમે સાચું કહો છો." રંભા બોલી.

"તમારા જેવાં જ્ઞાની બૈરાંઓએ શા માટે પોતાના આફતમાં આવી પડેલાં કુટુંબીજનોને ઉપયોગી ન બનવું! શા માટે તમારા જેવાં ભલાં બૈરાંઓએ પારકાનાં દુઃખ સમજી — તેમને પોતાથી બને તેટલી મદદ કરવા ન તૈયાર થવું!"

ભારતીની સલાહ રંભાનાં હૃદયમાં ઊતરી. તેને જણાયું કે ભારતી ઉજળી અને તેના સંતાનોને મદદ કરવાની હિમાયત કરી રહી હતી.

થોડી પળો બાદ ભારતીને જ્યારે ઘરકામમાં પ્રવૃત્ત બનેલી દીઠી; ત્યારે રંભા ત્યાંથી બહાર નીકળી.

પોતાની ઓરડીમાં ગયા પછી રંભાના હૃદય પરથી ભારતીની સલાહ ધીમે ધીમે દૂર થવા લાગી.

પ્રકરણ ૯ મું :

આત્મશ્રદ્ધા

ભારતી રસોઈ બનાવવામાં તલ્લીન હતી. નલિન આવ્યો. તેણે ઘડિયાળમાં જોયું. સાડાનવ થવા આવ્યા હતા. ભારતીના કહેવાથી તે જમવા બેઠો. તેના વદન પર ભયસૂચક છાયાઓ હતી. ગઈ રાતે ભારતી, પોતાની સ્થિતિ કાન્તાને ઉપયોગી થવાનો નિશ્ચય અને પતિની માર્ગ પ્રતિક્ષા ઈત્યાદિ વિચાર મંથનમાં બે વાગ્યા સુધી જાગી હતી.

નલિનના મુખ પરની છાયાઓ તેના હંમેશના મોડીરાત સુધીના ઉજાગરાનું પરિણામ હશે એમ ભારતીએ અનુમાન કર્યું.

" જમવા બેસો છો ? " ભારતી બોલી.

રસોઈ તૈયાર થઈ ગયેલી જોતાં જ નલિન જમવા બેઠો.

" મને બીતિ રહે છે. " તેણે કહ્યું.

" શાની ? " આશ્ચર્યસહ ભારતીએ પૂછ્યું.

" તારી ઉપયોગી સલાહ સ્વીકારી મેં જે નોકરી ટકાવી; તે ખૂંચવાઈ જવાની. "

" એવી ધાસ્તી રાખવાનું કારણ ? "

"છેલ્લા બે ત્રણ દિવસથી ઑફિસમાં જતાં મોડું થઈ ગયું. તેં તો વખતસર રસોઈ તૈયાર રાખી હતી; પણ ઉજાગરાને લીધે મારાથી વહેલું ઊઠી ન શકાયું અને ઑફિસે પહોંચવામાં મોડું થઈ ગયું. હું તને ગઈ કાલે જ મારી ધાસ્તીનું કારણ કહેવાનો હતો; પણ હું બહુ જ રોકાઈ રહ્યો અને ઘેર આવવામાં ઘણો જ 'લેટ' થયો."

"તમે મોડીરાત સુધી ફરો છો અને ઉજાગરા કરો છો એથી ક્યારેક તમારી તંદુરસ્તી બગડવાનો પણ મને ભય રહે છે." ભારતીએ લાગણીપૂર્વક કહ્યું.

"તે તો ઠીક; પણ નોકરી જવાનું વાતાવરણ ઊભું થયું છે; તેનું શું કરવું?" નલિને મુશ્કેલ પ્રશ્ન મૂક્યો.

"નિરાશા શા માટે સેવવી જોઈએ? પ્રયત્નો કરવાથી અને ઈશ્વર પર શ્રદ્ધા રાખવાથી કદાપી નિષ્ફળતા મળતી નથી."

ભારતીએ નલિનને આશાવંત બનાવવાનો યત્ન કર્યો. અને તેણે થાળી પીરસી. જમવાનો સમય હોવાથી નલિનને દુઃખ થાય તેવી વાતો યાદ આપવાનું તેણે યોગ્ય ધાર્યું નહિ.

ભારતીના આત્મવિશ્વાસ ભરેલા શાંતવનથી નલિનના ચહેરા પરની ભયસૂચક છાયાઓ કાંઈક ઓછી થઈ. બંને જમવાનું શરું કરે; એ પહેલાં જ નલિનની દૃષ્ટિ ભારતીની થાળી પર ગઈ. તરત તેને બરણી તરફ જોવાની ફરજ પડી. બરણી ખાલી હતી. પોતાની થાળીમાંની રોટલીઓ ચોપડેલી હતી. ભારતીની થાળીમાંની રોટલીઓ કોરી હતી. નલિને ભારતી સામે જોયું. તેના ચહેરા પર અસંતોષની છાયા સરખી ય નહોતી.

નલિનના અંતઃકરણમાં ભારતી માટે સન્માન સર્જાયું.

" મારા ખિસ્સામાં બારેક આના હશે. આજ હું ઉધાર ચાહ પીશ ને, ઉધાર પાન ખાઈશ. સિગારેટની એક જ પેટી પર ચલાવી લઈશ. ઘી લાવી આપું ? " નલિન થાળી પરથી ઊઠે, એ પહેલાં જ ભારતી બોલી :

" કાલ માટે લાવી આપજો. આજ તો જરૂર નથી. "

ભારતીના કહેવાનું તાત્પર્ય નલિને સમજી લીધું. તેના અંતરમાં પોતાની બેદરકારી માટે આઘાત થયો. ઝંખવાતે હૈયે તે જમવા લાગ્યો.

નલિને જમી લીધું. ઑફિસમાં જવાને હજી થોડીક વાર હોવાનું જણાતાં તે વિચાર કરતો બેઠો. ભારતી વાસણ માંજવા ગઈ.

" પગારને દશ દિવસની વાર છે. એક બાજું મૂડીવાદી માલેક મારા વાંક શોધી મને રજા આપવા ઇચ્છે છે. બીજી બાજું મોદીએ તેના પૈસા ચઢી જવાથી વધુ ' ક્રેડીટ ' આપવાની અનિચ્છા બતાવી છે. મારો ખાનગી ખર્ચ કોઈ રીતે ઘટી શકતો નથી. હું નક્કી કરૂં છું એટલું પણ ગૃહવ્યવહાર નિભાવવા માટે હું ભારતીને આપી શકતો નથી. તેની એકે એક સલાહ કાળજીથી ભરેલી જાણવા છતાં હું તેને ન્યાય આપવામાં સફળ બનતો નથી. હું દુર્ભાગી છું; પણ મારા દુર્ભાગ્યથી ભરેલા જીવનમાં તે એક સદ્ભાગ્ય છે. હું એટલું નસીબ ન ધરાવતો હોત તો કોણ જાણે અવનતિના કયા પગથિયાં પર મારું સ્થાન નિર્માઈ ગયું હોત. "

નલિને કપાળ પર હાથ મૂકી નિશ્વાસ લીધો. ભારતીએ વાસણો માંજી ચોકડી સ્વચ્છ કરવા માંડી હતી. તેણે પાછું

ફરી જોતાં નલિનની સ્થિતિ કળી લીધી.

'નલિનકુમાર' નામ પોકારતો એક શખ્સ બારણાં પાસે આવીને ઊભો. નલિને તેને ઓળખી લીધો અને તેના હાથમાંથી 'તાર' લઇ તેને રવાના કર્યો. ચોકડી સ્વચ્છ કરી ભારતી આવી પહોંચી.

કોનો તાર છે?" તેણે કાંઈક ગભરાટ સહ પૂછયું.

તાર વાંચી લીધા પછી નલિને હતાશ બની જણાવ્યું:

"મારા પિતાશ્રીનો તાર છે. બા બિમાર છે અને આપણે બેઉને બની શકે તેટલા વહેલા આવવાનું જણાવ્યું છે."

"કેવી વિચિત્ર પરિસ્થિતિ!" ભારતીના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી ગયા. બંને વિચારમાં ડૂબી રહ્યા હતા.

"સૌથી પહેલી ગાડીમાં આપણે જવું જોઈએ." ભારતીએ કહ્યું.

"હું પણ કહું છું કે આપણે સૌથી પહેલી ગાડીમાં જવું જોઈએ; પણ જવું કેવી રીતે?"

નલિન ગમગીન બન્યો. કેટલીક પળો વીતિ ગઈ. અચાનક તે બોલ્યો:

"પૈસા કયાં છે? ઘરમાં પણ એવી કોઈ વસ્તુ રહી નથી જેને વેચી ગાડીભાડું મેળવી શકું. તારા તમામ દરદાગીના એક પછી એક મેં વેચી નાખ્યા!"

"ભૂતકાળને ભૂલી જાવ. વર્તમાનને સંભાળવા તરફ કાળજી રાખો."

"ભૂતકાળની ભૂલો વર્તમાનમાં નડી રહી છે." નલિન પરિતાપથી સળગી ઊઠયો.

"કોઈપણ ભોગે આપણે જવું જોઈએ" ભારતી વધુ

ગંભીર બની. તેના શબ્દો નલિન ઝીલી ન શક્યો.

"કોઈ રીતે જઈ શકાય તેમ નથી."

"તમારાં માતુશ્રી — મારાં સાસુ બિમાર છે. આપણે લાગણી ધરાવતાં હોઈએ તો જવું જ જોઈએ."

"સંજોગો સાનુકુળ નથી."

"આત્મશ્રદ્ધા હોય તો લાગણીમાં એટલું જોર છે કે આથી પણ પ્રતિકુળ સંજોગો સાનુકુળ બની જાય."

ભારતીના શબ્દોથી નલિન સ્થિર થયો. એજ પળે તે ઊઠ્યો. કોટ પહેર્યો અને બારણા તરફ જઈ પહોંચ્યો.

"પ્રયત્ન કરું છું. જોઉં છું કે આત્મશ્રદ્ધા શું કરી શકે છે! લાગણીમાં કેટલું બળ છે?"

નલિનના જતી વખતના હિંમતભર્યા શબ્દો ભારતીએ સાંભળ્યા હતા.

સીતાને કૌશલ્યા તરફ જેટલો પૂજ્યભાવ અને લાગણી હતાં; સુભદ્રાને કુંતા તરફ જેટલો પ્રેમ અને ભક્તિભાવ હતાં. સુલોચનાને મંદોદરી માટે જેટલી મમતા અને માન હતાં; તેટલાં જ માન: મમતા: પ્રેમ: અને ભક્તિભાવ: ભારતીના હૃદયમાં તેની સાસુ માટે જીવંત હતાં.

સાસુની બિમારી સાંભળીને ભારતીનું નિર્મળ: કોમળ હૈયું ફફડી ઊઠ્યું હતું. સંજોગ અને પરિસ્થિતિની વિકટતા તેની નજર પરથી ખસી જવા પામ્યાં. તેનાં અંતઃકરણમાં એક જ અવાજ ઉત્પન્ન થયો:

"બિમાર સાસુ પાસે જઈ પહોંચવું જોઈએ."

નલિન અને પોતે વેળાસર દેશમાં ન જઈ શકે તો સગા વહાલાંઓ કોની નિંદા કરે? આપ્તજનો અને જ્ઞાતિવાનો કોનો

વાંક કાઢે ? માતા પાસે પુત્ર ન પહોંચી શકે અને જો એ પુત્ર પરણેલો હોય તો લોકો સંજોગોનો દોષ ન કાઢે. પુત્રને દોષિત ન ઠરાવે. તમામ વાંક પુત્રવધૂના માથા પર ઢળી પડે.

ભારતી, એ બધું સમજતી હતી. પણ લોકનિંદાના ડરથી જ તે સાસુ પાસે જવા તૈયાર નહોતી. તેની આતૂરતામાં તો તેની સાસુ તરફની પૂજ્યભાવના અને મમતાનાં પ્રતિબિંબ હતાં. તે માનતી કે અંતઃકરણમાં મમતા હોય અને એ મમતાને ન્યાય આપવા જેટલી આત્મશ્રદ્ધા હોય તો ગમે તેવી આફત નષ્ટ થયા વગર ન રહે.

ભારતીએ આંખો બંધ કરી. તેની વિચાર સૃષ્ટિમાં ૐ સર્જાયું. નિરાકાર ઈશ્વરને મનુષ્ય—ચક્ષુઓ સાકાર સ્વરૂપે જોઈ પોતાની ભાવના પર સ્થિર થઈ શકે એવું ૐ ચિત્ર જાણે ધૈર્ય આપવા જ સર્જાયું હોય એમ તેને જણાયું.

" ભારતી બહેન ! " કોઈએ ઉચ્ચાર્યું.

ભારતીના કાન પર શબ્દો અથડાયા. તેણે આંખો ઊઘાડી. કાન્તાને તેણે તેની પાસે ઊભેલી દીઠી.

"આજે હું મારા સાસુજી પાસે દેશમાં જવાની છું." ભારતી બોલી.

કાન્તા વિચાર કરતી ઊભી રહી. થોડી પળો બાદ તેણે જવાની રજા માગી. ભારતીએ કાંઈ પણ બોલ્યા સિવાય તેને જવા દીધી.

બીજી જ પળે તેને યાદ આવ્યું.

" આજે તો હું અવશ્ય જઈશ. પણ કાન્તાને નિરાશ થતું પડશે; તેનું શું ! " અચાનક તે મૂંઝવણમાં પડી.

" મારા પર કાન્તાએ મદાર બાંધ્યો છે. વિશ્વાસ રાખ્યો

છે. તેની આશા પૂરી કરવાની તક શું મને નહિ મળે!" તેણે પુન: આંખો બંધ કરી.

"વિશ્વાસનું પરિણામ સારું જ આવે છે. કાન્તાએ વિશ્વાસ રાખ્યો હશે તો જરૂર તેને ઉપયોગી થવામાં ઈશ્વર મને મદદગાર બનશે."

તેના હૃદયનાં ઉંડાણમાંથી શાંતવનના સૂર સર્જાવા લાગ્યા. એની એજ સ્થિતિમાં તે ધ્યાનસ્થ બનવા લાગી.

પળો વીતિ. ઘડિયો વીતિ. ભારતીએ અખંડ આત્મવિશ્વાસથી આરંભેલું ધ્યાન કોણ જાણે કેટલા સમય સુધી સ્થિર રહ્યું!

"ભગવાનનું ભજન કરે છે!" કોઈ બોલ્યું. અને આંખો ઉઘડી ગઈ. અણધાર્યા સમયે નરેન્દ્રને આવી પહોંચેલો જોઈ તેને સહજ આશ્ચર્ય થયું.

"લે." નરેન્દ્રે ભારતિને નોટનું બંડલ આપ્યું. સો, સો ની ચાર નોટ અને પચાસ પચાસની બે નોટ જોઈ ભારતિ બોલી:

"પસલી આપે છે!"

"પસલી આવે ત્યારે પસલી. આ તો મારી બહેન ભારતીના નામનો સંકલ્પ કરી શેર લીધેલા. ગઈકાલની મુદત સુધીમાં ભાવ વધે તો શેરમાં જેટલો નફો થતો હોય તેટલી રકમ મેં મારી બહેન ભારતીને આપી દેવાનું ચોક્કસ કરેલું. ગઈકાલે ભાવમાં અજબ વધારો હોવાથી મેં શેર વેચી નાખ્યા. મારી મુદ્દલ રકમ બાદ કરતાં પાંચસોની રકમ નફામાં રહે છે. મારાથી મારી બહેનના ભાગ્યે સાંપડેલી આ રકમ શીરીતે રખાય!" નરેંદ્રે તેના રમુજી સ્વભાવ મુજબ ખુલાસો કર્યો.

"શેર ખરિદ કર્યા ત્યારે જ મને કહ્યું હોત તો?"

"કહ્યું હોત અને ભાવ ન વધ્યા હોત તો ?" નરેન્દ્રે કહ્યું.

નાટકમાં બનતા કેટલાક અણધાર્યા પ્રસંગો વખતે કેટલાક પ્રેક્ષકોને તેમાં સંભવિતપણું જણાતું હોતું નથી. ભારતીને કલ્પનાય નહોતી કે પોતાનો ભાઈ નરેન્દ્ર પોતાના આફતપૂર્ણ વખતમાં વગર તેડે આવી પહોંચશે.

"તારી આ ઓરડીથી પેલી જગા સારી હતી." ઓરડીમાં ચોમેર નજર કરી નરેન્દ્ર બોલ્યો.

"મને આ ઓરડી પણ સારી લાગે છે." ભારતીએ કહ્યું.

ભાઇ બહેન થોડીવાર બેઠાં, બહેને માતા પિતાના ખબર પૂછ્યા. કેટલીકવાર પછી નરેન્દ્રે કહ્યું:

"તું અને મારા બનેવી કેમ આવતાં નથી, 'બા' 'બાપુજી' ની લાગણીનો તમારે ખ્યાલ કરવો જોઈએ." નરેન્દ્રે તેની બહેનને ઠપકો આપ્યો.

"આવશું. આવશું." ભારતી બોલી.

નરેન્દ્ર જવા લાગ્યો. ભારતી ઊઠી. બારણા પાસે ગઈ.

"હં. હું કહેતાં ભૂલી ગઈ. જુઓને. ભાઈ, હું અને તમારા બનેવી આજની પહેલી ગાડીમાં દેશમાં જશું. મારા સાસુજી બિમાર છે. 'બા' 'બાપુજી' ને કહેવાનું ભૂલતા નહિ. બની શકશે ત્યાં સુધી તો અમે ઘેર આવીને પછી જ સ્ટેશન તરફ જશું; પણ, કદાચ અહીં જ મોડું થઈ જાય અને ન આવી શકીએ."

બહેને ભાઈને સંદેશ આપ્યો. ભારતીનો બંધુ નરેન્દ્ર વિદાય થયો. બહેન ભાઇને તેની નજરથી અદ્રશ્ય બન્યો ત્યાં સુધી મીટ માંડી જોઈ રહી.

"ભાઈએ કહ્યું. 'બા' 'બાપુજી' ની લાગણીનો મારે ખ્યાલ કરવો જોઈએ. એવી કઈ દીકરી હોય કે જેને તેનાં મા બાપની મધૂર લાગણીનું પાન કરવાની ઇચ્છા ન હોય! પણ, મને અને મારા પતિને મારા પિતા પાસે જતાં સંકોચ થાય છે. કદાચ પૂછે કે દાગીના ક્યાં? તો શું જવાબ આપું! શું મારા પતિનું ગૌરવ ઓછું થવા દઉં! મારા ભાઈનું પણ કદાચ ધ્યાન દોરાયું હોય! પૂછ્યું હોત તો કહી દેત કે ઘરમાં શું દાગીના પહેરે! કોઈ સગાં સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગ કે એવો જ કોઈ શુભ પ્રસંગ હશે અને જવું પડશે ત્યારે પહેરીશ." ભારતી મનમાં જ તેની શંકાઓનું સમાધાન કરવા લાગી.

કાન્તાની કરુણમૂર્તિ તેને પુનઃ યાદ આવી. તરત તેણે કાન્તાને હાક મારી. કાન્તા આવી પહોંચી "લ્યો કાન્તા બહેન." ભારતીએ કાન્તાને પચાસની નોટ આપી.

"છૂટા નથી?" કાન્તા આનંદિત સ્વરે બોલી.

"છૂટાની શી જરૂર છે. પચાશેય તમારા ઉપયોગમાં લેજો. હું રાજીખુશીથી તમને આપું છું. પાછા આપવાની શરતે નથી આપતી."

પચાસની નોટ સાથે કાન્તા ઉલ્લાસભેર તેની ઓરડી તરફ દોડી ગઈ.

સાંજ થઈ. ભારતી તેના પતિના આગમનની રાહ જોઈ રહી હતી. નલિન આવ્યો. તેના ચહેરા પર નૂર નહોતું.

"આત્મશ્રદ્ધા વાત કરવા પુરતી છે. ઈશ્વરભાવના નાટકો અને નવલકથાઓ લખનારાઓને વર્ણન કરવા પુરતી અને

વાંચનારાઓને વાંચવા પુરતી છે. શ્રીમંતો નિર્દય છે. કુદરત નિર્દય છે. દુનિયામાં પૈસા સિવાય કોઈ સગું નથી. કોઈ મિત્ર નથી."

આવતાંની સાથે જ તે કકળી ઊઠયો તેના અંતઃકરણમાં ઉભરાઈ રહેલી વરાળ આપોઆપ શબ્દોદ્વારા બહાર નીકળી ગઈ.

ભારતીએ સાડા ચારસો તેના હાથમાં મૂકયા અને પોતાના ભાઈ નરેન્દ્રના આગમનની તેના તરફથી પાંચસો રૂપિયા મળ્યાનો તથા પોતે કાન્તાને પચાશ આપી દીધાની બિના પતિને કહી.

નલિનનો પળો પૂર્વેનો નિસ્તેજ અને નિરાશ ચહેરો તેજવંત અને આશાપૂર્ણ બની ગયો.

પ્રકરણ ૧૦ મું:

ઉન્નતિ કે અવનતિ?

નલિનની માતા અંતકાળની ઘડિયો ગણી રહી હતી. તેના ખાટલા પાસે સગાં વહાલાંઓ અને નલિનના પિતા બેઠાં હતાં. સૌ નલિન અને ભારતીનાં મુંબઇથી આવવાની રાહ જોઇ રહ્યા હતાં.

રસ્તાપરથી પસાર થતી ઘોડાગાડીનો અવાજ કાને પડતો અને ડોસો ઊઠી ઊઠીને બહાર ડોકિયું કરતો : પણ ગાડીને આગળ વધેલી જોતો કે તરત નિરાશ થઇને બેસી જતો. ત્રણેક ગાડીઓએ ડોસાને નિરાશ કર્યો. ચોથી ગાડી જ્યારે મકાન પાસે અટકી; ત્યારે તેને આશા બંધાઇ. નલિન અને ભારતી ગાડીમાંથી ઉતરતાં દેખાયાં, ડોસાના સંકેતથી એકજણ ગાડીમાંથી સામાન ઉતરાવવા બહાર ગયો. થોડીવારમાં તો ભારતી અને નલિન ઘરમાં આવ્યાં.

"સાસુજી." ભારતી તેની સાસુ પાસે ગઇ. વહુનો અવાજ કાન પર અથડાતાંજ ડોશી ચમકી. તેણે આંખો

ઉઘાડી. વહુ અને પુત્રને જોતાં જ તેણે કોઇ અજબ સંતોષ દર્શાવ્યોઃ તેમને નજીક આવવા કહ્યું. નલિન અને ભારતી ડોસીની બંને બાજુ પર ગોઠવાઈ ગયાં કે તરત ડોસીએ આંખો બંધ કરીઃ ફરી એક વાર ઉઘાડી. નલિન, ભારતી, નલિનના પિતા અને આજુબાજુ બેઠેલાં સગાં સ્નેહીઓ તરફ નજર કર્યા બાદ ઉઘડેલી આંખો ફરી મીંચાઈ ગઇ.

કેટલીકવાર પછી તો આખા ફળિયાગાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું, જીવતાં; માતાની મમતાને પિછાનવામાં પોતે અભાગી નિવડયો છે; એવું નલિને માન્યું. અને એક વખતે તેનાથી પોક મૂકી રડી દેવાયું. રડવા કૂટવાના પ્રસંગોને કૂરિવાજ સમજી બેઠેલા નલિનનું રૂદન તેના પિતાને અસહ્ય બન્યુંઃ ભારતીના હ્રદયને આઘાત નિવડયું, જગત ફાની છે, કોઈ કોઇનું નથી, સગાંવ્હાલાં અને કુટુંબ પરિવાર એ સર્વ ઇશ્વરની માયા છે; એમ તમામ સ્ત્રી પુરુષોએ માનવું પડયું.

સમયને જતાં કેટલી વાર? ડોસીના મૃત્યુ પછી દિવસો વીતિ ગયા. રૂઢિચુસ્ત જ્ઞાતિજનો મૃત્યુ ભોજન માટે આગ્રહ કરે; એ પહેલાં તો તેઓને જમવાનાં નો'તરાં આવી પહોંચ્યાં, નલિન પાસે ભારતીએ આપેલા પૈસા હતા; એ પૈસા માતાના દહાડા પાછળ વપરાયા.

'આગળ વધેલી' મનાતી પશ્ચિમની કેળવણી પામેલા નવજુવાનો દેશમાં રહીને શું કરે! અંગ્રેજી ભણતરનાં ઝેર કોઈ જુવાનને ખેતી કરવાનું શીખવી શકયા હોત તો એ ભણુતરને સમજુ હિન્દીઓએ અમૃત માન્યા હોત.

નલિન જેવા કૉલેજમાં ભણેલા જવાનથી શું દેશમાં ગાંધીનો, કણીઆણુનો, કંદોઇનો કે કાપડનો ધંધો થઈ શકે?

દરજી, સુતાર, લુહાર કે મોચી પેઠે તેનાથી 'હાથકસબ' પર જીવી શકાય ?

સ્કૂલ કે કૉલેજનું શિક્ષણ તો 'કલાર્ક' ઉત્પન્ન કરનારા કારખાનાની ગરજ સારે છે. અને એ 'કલાર્ક'નો મોટો ભાગ 'ટેબલવર્કર્સ' બને છે નલિનના પિતાએ તેના પુત્રને ભણાવવા પાછળ બની શકે તેટલો ખર્ચ કર્યો હતો. ડોસાને જણાયું કે બ્રિટિશ રાજસત્તાએ સ્થાપેલું શિક્ષણ યુરોપના દુર્ગુણો શીખવાડવામાં જેટલું ફતેહમંદ બન્યું છે; તેટલું ફતેહમંદ સદ્‌ગુણો શીખવાડવામાં નથી જ બન્યું.

નલિન અને ભારતી મુંબઈ આવ્યાં. એના એજ માળામાં અને એની એજ ઓરડીમાં જીવવાનું, કરપીણ વિધાતાએ જાણે કેમ નક્કી કરેલું હોય !

માણસનું માનસ મહાવિચિત્ર ઘડાયું છે. આનંદમાં આવતાંય એને વાર ન લાગે અને શોકમાં ડૂબી જતાંય એને વાર ન લાગે. માતાનું યાદગાર મરણ નલિનની સ્મૃતિ પરથી ખસી ગયું.

નલિને કોઇ 'બિઝનેસ' કરવાનો વિચાર કર્યો; પણ કયું 'બિઝનેસ' કરે ! તેણે કોઇ સારી આવક આપે એવી નોકરી માટે પ્રયત્ન કર્યો. પણ, જ્યાં એક ખાલી પડેલી જગા માટે એકસો જેટલા 'ટેબલ વર્કર્સ' હાથમાં અરજી લઇ હાજર થતા હોય; ત્યાં તેનો શી રીતે પત્તો ખાય ? અનિચ્છાએ આખરે તેને જૂની નોકરી પર હાજર થવાનું યોગ્ય લાગ્યું. તે, તેના શેઠ પાસે ગયો. વીશ દિવસની રજા મેળવીને ગયેલા નલિનને પચ્ચીશમા દિવસે નોકરી પર હાજર થયેલો જોઈ તેના શેઠે ઉગ્ર થઇ તેને જણાવી દીધું.

"તમે નોકરીને બિલકુલ લાયક નથી. તમારો પગાર હોય

તે લઈ જાવ અને બીજી જગાએ નોકરી શોધી લ્યો. તમારી જગા માટે મેં એક મહેનતુ માણુસ પસંદ કર્યો છે અને એ માણુસે પાંત્રીશના પગારમાં નોકરી કરવાનું આજીજી કરીને માગી લીધું છે"

શેઠના હુકમથી કેશિયરે નલિનના પગાર પેટે બાકી નીકળતા પૈસા તેને ચુકવી આપ્યા. તકદીરને દોષ દેતો નલિન ત્યાંથી વિદાય થવા લાગ્યો. તેના શેઠે તેને અટકાવ્યો અને એક સોનેરી લાલચ આપી:

"ત્રીસ રૂપિયાના પગારમાં નોકરી કરવાની ઇન્તેજારી તમે નોંધાવતા જશો તો કદાચ તમને નોકરીમાં રાખી લેવાનો હું વિચાર કરીશ. મને તમારી જરૂર તો છે જ નહિ. પણુ, વધારા ખાતે માસિક ત્રીસ રૂપિયાનો બોજો સહન કરીશ. તમે આજે જવાબ ન આપી શકો તો આવતી કાલે આપજો. અરે, મહિના સુધીમાં આપજો."

શેઠના શબ્દો સાંભળી નલિન અજાયબ થયો, મુંગે મ્હોડે વિદાય થઈ ગયો. ઓફિસ બહાર ગયા પછી તેને એક બીજો કારકુન મળ્યો. તેણે તેને હતાશ જોઈ કહ્યું:

"તમે દેશમાં ન ગયા હોત અને નોકરી પર હાજર થવામાં પાંચ દિવસ મોડા ન પડ્યા હોત તો પણુ તમને રજા મળવાની જ હતી."

કારકુનના શબ્દો સાંભળી નલિને તેની સાથે થોડી વાતચીત કરી.

"પાંત્રીસનો માણસ મળ્યો એટલેને!" નલિને પૂછ્યું.

"માણુસની તપાસ જ ક્યાં થઈ છે?" કારકુન બોલ્યો.

"તો પછી શેઠે શું જોઈ મને રજા આપી!"

"ખરી વાત કહી દઉં!"

"વધારે સારું."

"તમારો સ્વભાવ શેઠને પસંદ નથી. તમારું વર્તન શેઠને પસંદ નથી."

"મારા સ્વભાવ અને વર્તનમાં કાંઈ ખામી છે?"

"મારા માટે અવળું ન ધારશો. હું તો એક સ્નેહી તરીકે તમને જે છે તે કહી દઉં છું. જાણે જુઓ શેઠ પોતે જ એકવાર મને કહેતા હતા."

"શું?"

"નલિનને વાત વાતમાં પોતે ભણેલો છે; એવું મિથ્યાભિમાન થઈ આવે છે. વિનય અને વિવેક ભૂલી ગયો છે. કંપેનિયન સારા નથી. મોડી રાત સુધી રખડવાની ટેવ પડી છે. આળસુ — સુસ્ત, નિરાશાવાદી, ચિંગુસ અને ઉડાઉ થયો છે. વ્યસની બની ગયો છે. જો વાતવાતમાં અર્થ વગરની દલીલબાજી ન કરતો હોત, પોતાના ભણતરનું ડહાપણ ન ડહોળતો હોત, જૂના રીત રિવાજને વિરુદ્ધ બડબડતો ન હોત, પોતાની લાયકાત ઉપરાંતનો દેખાવ કરતો ન હોત અને સાદી રીતે નોકરી કરી મર્યાદાઓમાં રહેતો હોત તો તેનો પગાર પણ ધીમે ધીમે વધતો રહેત."

કારકુન કહી ગયો. નલિન સાંભળી રહ્યો. તેણે કશો જ ઉત્તર ન આપ્યો. મનમાં જ તે બબડ્યો.

"ભારતી પણ મને એવી જ સલાહ આપ્યા કરે છે."

કારકુન નલિનના ચ્હેરા પર તાકી રહ્યો હતો. એકાએક નલિન ગુસ્સાથી બોલી ઊઠ્યો.

"મારા વિચારો, વર્તન અને સ્વભાવ સાથે શેઠને શી

નિસ્બત છે? તેની અને તેના જેવા જંગલી માણસોની નજરે હું નાલાયક હોઉં એથી શું થયું? મારા 'સર્કલ'માં કોઈએ મને, શેઠે ધાર્યો તેવો માન્યો નથી. હું બધું સમજું છું, મૂર્ખ નથી. કોલેજમાં ભણ્યો છું. બેવકુફ નથી. જડ નથી."

નલિનના ચહેરા પર લાલાશ આવી ગઈ. તેણે પુનઃ ઉચ્ચાર્યું.

"શેઠને કહી દેજો કે નલિન બસ્સોની લાયકાત ધરાવે છે. તેને સાડીસાત વખત જરૂર પડે તો મને બોલાવે. હું ત્રીશ—પાંત્રીશમાં નોકરી કરવા આવું એવી સ્વપ્નેય આશા ન રાખે. એની ટીકાથી હું મારું 'સર્કલ' બદલું એવો બેવકુફ નથી. હું જે કરું છું; તે સમજીને જ. મને સલાહ આપવાની કે પાછળથી મારી નિંદા કરી, દયા ખાવાની ફરીથી ઉદારતા ન દેખાડવાનું શેઠને સાફ સાફ કહી દેજો." નલિન ગુસ્સાથી છુટો પડી ગયો.

તેના બાકી નીકળતા પગારના પૈસા મળ્યા હતા. ભારતી પાસેથી સાડાચારસોની ઓચિંતી રકમ મળવાથી તેણે પોતાનો પગાર મેળવવાની પરવા કરી જ નહોતી. પરિસ્થિતિ જણાવી તેણે માત્ર દેશમાં જઈ આવવાની રજા માગી હતી. જો એમ ન બન્યું હોત તો તેણે ફરજીઆત પગારની રકમ મેળવવી પડત અને આજે તેની પાસે જે પૈસા આવ્યા હતા; તે કદાચ ન આવ્યા હોત.

રોમ રોમ વ્યાપેલા ક્રોધથી નલિન બિહામણો બન્યો હતો. એક સ્ટોર પાસે તે અટક્યો. અંદર ગયો અને થોડીજવારમાં 'ફૅશનેબલ' 'શૂટ' સાથે બહાર નીકળ્યો. તરત નજીકના 'શૂઝ માર્ટ'માં જઈ તેણે ચકચકિત 'શૂઝ' ખરીદ કર્યા. બીજી કેટલીક વસ્તુઓ ખરીદી વિક્ટોરિયા ભાડે કરી તે ઘર તરફ ઊપડ્યો.

બપોરના બે વાગ્યા હતા. ભારતી ઓરડીમાં સાદડી પર બેઠી હતી. તેની પાસે કાગળનો જથ્થો, લાહી અને પાટિયું પડેલાં હતાં. આસપાસ થોડીક સ્ત્રીઓ બેઠેલી જોઈ શકાતી હતી. નલિન આવ્યો. તેણે જોયું, ભારતી 'પૅકેટ' તૈયાર કરી રહી હતી અને બૈરાંઓ સાથે મરણ પામેલી તેની સાસુ સંબંધમાં વાતચીત ચલાવી રહી હતી. જૂના રિવાજ મુજબ ખરખરો કરવા આવેલાં ઓળખીતાં બૈરાંઓ અને ભારતીનાં તેમનાં તરફના વલણથી નલિનને તિરસ્કાર છૂટચો.

"મરી ગયાં તે ગયાં. કાંઈ દિલગીરીના દેખાવ કર્યે પાછાં આવવાનાં નથી. મરનાર પાછળ દિવસો સુધી તેમનાં વખાણ કરી તેને યાદ કર્યા કરવાં, એ મૂર્ખાઈ છે."

એક તો નલિનનું મગજ ફરી ગયું હતું. તેમાં શોક દર્શાવવા આવેલા જૂના જમાનાનાં બૈરાંઓ દીઠાં. એટલે તેનું મગજ હાથથી ગયું અને તેણે કર્કશ સ્વરે સંભળાવી દીધું. શોક દર્શાવવા આવેલાં બૈરાંઓ ઊઠીને ચાલી ગયાં.

"આજ તમને શું થયું છે!" ભારતી ગભરાટ સાથે બોલી.

"તારે ચિંતા કરવાની જરૂર નથી."

નલિનની મુખમુદ્રા પરથી ભારતીએ અટકળ કરી કે કોઈ ગંભીર બનાવ બન્યો હોવો જોઈએ.

નલિને કપડાં ઉતારી નવું ખમીસ, ટાય, કૉલર પૅન્ટ, કોટ અને બૂટ પહેરી લીધા પછી ભારતી તરફ જોઈ પૂછ્યું:

"પૅકેટ શા માટે બનાવે છે?"

પતિના સવાલનો ખુલાસો આપતાં તે બોલી:

"સમય બારીક છે. મને એમ લાગ્યું કે આજ કાંઈ જ

કામ નથી એટલે નકામું બેસી રહેવા કરતાં કાંઈક કામ કરવું."

નલિને દાંત કચકચાવ્યા. 'પૅકેટ'ના ઢગલા પર ઠોકર મારી.'

"આટલા બધા શું વેંચવા માટે બનાવ્યા છે?"

"હા."

"કોણ હું વેંચવા જઈશ?"

"તમે બેસો. હું સમજાવું. આ બધા 'પૅકેટ' સ્વદેશી કાગળોથી બન્યા છે. કાન્તાનું કુટુંબ દુઃખી છે. મેં જ તેને સલાહ આપી કે આપણે ઘરમાં બેસી નકામી વાતો કરીએ એના કરતાં કામ કરીએ. થોડી વાર પહેલાં કાન્તા અહીં હતી. હમણાં આવવી જોઈએ."

"એ તો હું સમજ્યો; પણ વેંચશે કોણ?"

"બાકીની વ્યવસ્થા કરવાનું કાન્તાબ્હેને માથે લીધું છે."

"પણ ફાયદો શું?"

"હું જેટલાં 'પૅકેટ' તૈયાર કરું, તેની મહેનત મારે લઈ લેવી."

ભારતીનો ખુલાસો નલિનને કાંઈક ઠીક જણાયો. પણ, તરત તેને પોતાનું 'પૉઝીશન' યાદ આવ્યું. સ્હેજ વિચારી તે બોલ્યો:—"બહુ બહુ તો એક માણસ આઠથી બાર આનાની કોથળી તૈયાર કરી શકે."

"એટલા પૈસા મળેને!"

"પડોશમાં મારી ઈજ્જત શું! સૌ એમ માને કે નલિન એજ્યુકેટેડ હોવા છતાં કમાવા માટે કમજોર છે."

"કોઈ માને જ નહિ."

"મારાથી તું વધુ જ્ઞાની છે એમ?" નલિને પત્ની સામે જોયું. તેની દૃષ્ટિમાં તેના સ્વભાવની છાયા હતી. ક્રોધ

અને ધિક્કાર હતાં. કોણ જાણે શા માટે નલિન આજ ભારતીનાં મહેનતુ કાર્ય પર ચીડાઈ રહ્યો હતો ? શા માટે ગુસ્સાની મર્યાદા વટાવી રહ્યો હતો ? ભારતી મૌન બની પોતાનું કાર્ય કરવા લાગી. પતિએ બીજી ઠોકરથી ‘ કોથળી ’નો ઢગલો છિન્નભિન્ન કરી મૂક્યો અને ઝડપથી બહાર ચાલી ગયો.

ભારતિનાં અંતરમાં ચિનગારી પ્રગટી :

“ પુરુષોએ મનસ્વી પણે ઘડી કાઢેલા વર્ષો જૂના આદર્શો સ્ત્રીઓના સુખની કાળજી ધરાવનારા છે કે તેમને પીસી નાખનારા, તેનો સ્હેજ પણ વિચાર કર્યા વગર જૂના રીતરિવાજ, જૂની સભ્યતા, જૂના આદર્શ અને જૂના ગૌરવને જાળવી રાખવામાં પોતાના સુખને કચડાવા દેતાં ય સ્ત્રીઓને ક્યાં ન્યાય મળે છે ? ”

જૂના અને નવા વિચારના પક્ષો વચ્ચેનો માર્ગ લેનારા નિષ્પક્ષ ઉપદેશ કરનારા વક્તાઓ અને વિદ્વાનોનાં કથનો ભારતીએ કન્યાશાળામાં વિદ્યાર્થિની અવસ્થામાં સાંભળ્યાં હતાં, એક નામાંકિત વક્તાનું પોતે હસી કાઢેલું કથન તેનાં કાન પર અથડાતું હોય એવો તેને આભાસ થયો. તેના અંતઃકરણમાં એક પ્રશ્ન ઊઠ્યો.

“ પૂર્વજો અને કુળવાન માબાપના ઉપદેશનું પૂરેપૂરું પાલન કરી હું ઉન્નતિ સાધું છું કે અવનતિ ? ”

તેનું ચિત અસ્થિર બન્યું. અસ્ત વ્યસ્ત બનેલા અને વિખરાઈને છૂટા છવાયા થઈ ગયેલા ‘ પૅકેટ ’ તેણે એકત્ર કરવા માંડ્યાં.

પ્રકરણ ૧૧ મું :

દુર્ભાગી પિતા

ભર્યાં કોણે ધૈર્યો ગિરિવર સમા સ્થિર મનમાં;
ઘડાયાં હૈયાં શા અનુપમ અમીપૂર્ણ તનમાં.

ઘરભંગ વિધુર થયા પછી નલિનના પિતાનું વૃદ્ધ શરીર વધારે ઘસાવા માંડયું હતું. મુંબઈમાં નોકરી કરતા પોતાના પુત્ર તથા તેની વહુ સંબંધમાં તે વિચાર્યા કરતો. મુંબઈમાં રહેતા તેના એક સંબંધીએ લખેલો પત્ર વાંચી તેની ચિંતા વધી હતી.

નલિનનું ચિત્ત સ્થિર લાગતું નથી. પહેલી ઘડીએ તે જે વાત કરે છે તેજ વાત બીજી ઘડીએ ફરી ગઈ હોય છે તેની મિત્ર મંડળી સારી જણાતી નથી. તેનો સ્વભાવ પારખવો કઠિન બન્યો છે. તેના જીવનનું ધ્યેય શું છે, એ કલ્પી શકાતું નથી. તેની સંભાળ લેવાની જરૂર છે. કંઈક આવી મતલબનો એ પત્ર હતો.

ભૂતકાળમાં પિતાએ પુત્રને દેશમાં રહેવાનું કહી જોયું હતું; પુત્રે ગણકાર્યું નહોતું.

'શહેરમાં સુખ નથી. જીવનની ખરી મજા ગામડામાં છે. શહેરમાં માણસની મનોવૃત્તિને જુદી જુદી જાતના કેટલાય કાટ ચડે છે. બીજાના બંગલા અને હવેલી કે માળા જોઈ પોતાનાં ઝુંપડાં બાળી મુકવાની ઈચ્છા શહેરમાં વસનારાનાં દિલમાં જન્મે છે. વગર મહેનતે, એકદમ શ્રીમંત થઈ જવાની હવાઇ લાલસા, કમાણીથી સવાયું – દોઢું ખર્ચ કરતા રહેવાની ટેવ અને હૃદયની અશાંતિ ઇત્યાદિ અનિષ્ટો શહેરનાં વાતાવરણમાં સારી પેઠે પોષાતાં રહે છે.' આવું આવું કેટલુંય પિતાએ પુત્ર આગળ કહ્યું હતું.

પિતાની બધી વાતોને પુત્રે હસી કાઢી હતી.

મુંબઇથી આવેલા પત્રે પિતાને મુંબઇ તરફ ઉપડવાની પ્રેરણા કરી. પોતે મુંબઈ આવવાનો છે, એવી ખબર પુત્રને આપવાની તેને જરૂર જણાઇ નહિ.

રેલ્વે સ્ટેશને આવી પિતાએ મુંબઇની ટીકીટ કઢાવી. ટ્રેન આવતાં તે વિચારગ્રસ્ત ચહેરે તેમાં બેસી ગયો. પાંચ મિનિટ પછી ગાડી ઉપડી. પિતાએ પુત્રની પરિસ્થિતિ જોવાની આશાએ પોતાનું ગામ છોડયું.

ટ્રેન દોડયે જતી હતી અને તેના મનમાં પુત્રની સ્થિતિ કલ્પાયે જતી હતી.

નલિનના પિતા ઝાઝું ભણ્યા નહોતા. હિન્દનાં મોટાં ગણાતાં કેટલાંક શહેરોમાં તે ફર્યા હતા. ઘણા અનુભવ મેળવ્યા પછી દેશમાં આવી વસ્યા હતા.

'ચક્કીમાં પીસાયેલો આટો કેટલા પ્રમાણમાં નુકશાનકારક નિવડે છે, બનાવટી ચીજોનું મિશ્રણ થયેલો ખોરાક શરીરની તંદુરસ્તીને કેટલી મુદત સુધીમાં હાનિકર બને છે વગેરે બાબતો

તેના લક્ષ બહાર નહોતી.

દેશમાં કેટલોક વખત નોકરી કર્યા પછી તેનો પેન્શનનો હક્ક થયો હતો અને તેણે પેન્શન પર ઉતરવું વ્યાજબી ધાર્યું હતું. નલિનની માતાના મરણ બાદ એક મહિનો વીત્યો અને તેણે મુંબઈ જવાનું પસંદ કર્યું.

મુંબઈ આવી તેણે જાણ્યું કે તેનો પુત્ર દશ રૂપિયાની નાની ઓરડીમાં રહેતો હતો: નોકરી વિનાનો હતો. ગુણિયલ પુત્રવધૂ કાગળની કોથળીઓ તૈયાર કરતી અને તેના પતિને રસોઈ કરી આપતી. ઘરનું તમામ કામકાજ પોતાને હાથે જ કરી લેતી.

અભણ અને ભણેલી સ્ત્રીઓ વચ્ચે ક્યારેક કેટલો ભેદ પડતો હોય છે? અભણ ભોળી સ્ત્રીઓ પરધર્મની વટલાળ નીતિનો ભોળપણથી ભોગ બનતી હોય છે: ચમત્કાર, વહેમ અને કાવત્રાંઓનો શિકાર થઈ જતી હોય છે: ક્યારે ક તો બળાત્કારના સકંજામાં પણ સપડાઈ જાય છે. જો કે બધી જ નિરક્ષર – અભણ સ્ત્રીઓનું આમ બનતું નથી: કેટલીક તો જુલમથી ઘેરાયલી પરિસ્થિતિમાં આત્મબલિદાન પણ આપતી હોય છે. જ્યારે કેટલીક સ્ત્રીઓ એક વખત જુલમનો શિકાર બન્યા પછી એ સ્થિતિમાંથી છટકવાનો માર્ગ મેળવી શકતી નથી.

સાક્ષર – કેળવાયેલી સ્ત્રીઓ ચમત્કાર અને વહેમના કારસ્થાનોમાં ભાગ્યે જ ફસાય છે: કદાચ જુલમનો ભોગ બની ગઈ હોય છતાં એવી સ્થિતિમાંથી છટકવાનો માર્ગ મેળવી શકે છે, તેઓમાં નૈતિક બળ ઓછું હોય છે અને હોય છે તો તે બળનું મહત્વ પણ નજીવું જ હોય છે. કેટલીક સુશિક્ષિત સ્ત્રીઓમાં એવું નૈતિક બળ અસ્તિત્વ ધરાવતું હોય છે કે

તે જગતને ચકિત કરે તેવું સમજણથી ભરપૂર હોય છે: સીનમગરોને એવકુફ બનાવી છટકવાની આવડત હોય છે; જ્યારે નિરક્ષર સ્ત્રીઓમાં 'સૈનિકધર્મ' સરખી શ્રદ્ધા હોય છે. એક બચાવ માટે બુદ્ધિનો ઉપયોગ કરે છે; બીજી શ્રદ્ધાનો ઉપયોગ કરે છે.

નલિનનો પિતા ઓછું ભણેલો છતાં અભણ અને ભણેલી સ્ત્રીઓ વચ્ચે રહેલી જૂદી જૂદી શક્તિઓનો ખ્યાલ ધરાવતો હતો. પરધર્મીઓની વટલાળ ચાલબાજીમાંથી સાક્ષર સ્ત્રીઓને બુદ્ધિબળથી બચેલી અને નિરક્ષર સ્ત્રીઓને સ્વધર્મપરના શ્રદ્ધાબળથી બચેલી તેણે સાંભળી હોવાથી તે સ્ત્રીસમૂદાયની – બેઉ વર્ગની – એક બીજીથી જૂદી પડતી તાકાત સમજી શક્યો હતો.

ઘરની આર્થિક આફતોને પહોંચી વળવા માટે નિરક્ષર સ્ત્રીઓ સેવ, પાપડ કે વડી બનાવવાનું: દળવા ખાંડવાનું: પાણી ભરવાનું: રસોઈ કરવાનું: વાસણ માંજવાનું કે અથાણું તૈયાર કરી આપવાનું કામ ધંધાર્થી દૃષ્ટિએ કરતી હોય છે. જ્યારે શિક્ષિત સ્ત્રીઓ કન્યાશાળાઓમાં કન્યાઓને ભણાવવાનું, દવાખાનાંઓમાં 'નર્સ' બનવાનું કે ભરત શીવણનું પસંદ કરતી હોય છે. આ બધું ડોસો જાણતો હતો.

ભારતીએ ઘરમાં બેસી કાગળની કોથળીઓ તૈયાર કરવાની જે યોજના ઘડી હતી, તે મામૂલી નહોતી, તેણે તૈયાર કરેલી કોથળીઓ નવીન ઢબની અને આકર્ષક હોવાથી તેની ચોમેરથી વ્યાપારીઓએ કાન્તાના દિયર દેવશંકર કને માગણીઓ કરવા માંડી હતી. દેવશંકરે વ્યાપારીઓની માગણી કાન્તા સમક્ષ રજૂ કરી હતી અને ભારતીએ જ્યારે પોતે તૈયાર કરેલી કોથળીઓની માગણીઓ કાન્તા મારફત સાંભળી ત્યારે તેને પોતાના પ્રયાસ માટે સંતોષ થયો હતો.

પતિની બેકાર સ્થિતિમાં દિવસભર મહેનત ઉઠાવી તેને આજીવિકા ચલાવવામાં સહાયતા આપે એવી પત્ની વીસમી-સદીના યુગમાં હોઈ શકે ખરી ?

ડોસાની આંખ સામે પોતાની જ પુત્રવધૂનો જ્વલંત દાખલો હતો, તે જોઈ તે પોતાના અહોભાગ્ય સમજવા લાગ્યો.

ડોસાને પોતાના પુત્ર માટે ચિંતા થતી હતી. ભારતી તેને સદુપદેશ આપતી; ત્યારે તે તેનો ઉપદેશ ગ્રહણ કરવાને બદલે તેને ધુત્કારી કાઢતો: તેનું બેહદ અપમાન કરતો. ક્યારેક તો નિર્દયપણે હાથ પણ ઉઠાવતો. ભારતી બધું જ સહન કરી લેતી. કદિપણ તેણે પોતાનાં માતાપિતા કે ભાઈ કને જઈ પતિની વિરૂદ્ધ ફરિયાદ કરી નહોતી. તેણે પોતાના પતિ વિરૂદ્ધ સસરાના કાન પર વાત જવા દીધી નહોતી. પડોશીઓ કે સગાં સંબંધીઓમાં પણ તેણે પતિની નિંદા થાય તેવી વાત કરવાનો વિચાર સુદ્ધાં કર્યો નહોતો.

પવિત્રતાનું પાલન કરવું, ધર્મનું ચિંતવન કરવું, આપત્તિઓ વેઠીનેય પતિનું દુઃખ ઓછું કરવું: ઈત્યાદિ તેના મનના મનોરથ હતા.

એક સાંજે નલિન વહેલો આવ્યો. તેને જોતાં જ ભારતીએ પોતાનું કોથળીઓ બનાવવાનું કાર્ય પડતું મૂક્યું: છૂટું છવાયું પથરાયેલું હતું તે બધું વ્યવસ્થિત કરી એક ખુણામાં ગોઠવી દીધું. પત્ની તરફ કેટલાક દિવસથી બેદરકાર બનેલો અને વાત વાતમાં ગમે તેની સાથે તકરાર કરતો થઈ ગયેલો વિચિત્ર નલિન ભારતીની સમયસૂચકતાથી કાંઈક સ્થિર બન્યો. તે બોલ્યો:-

“ડોસો શામાટે અહીંથી દેશમાં જતો નથી ?”

“આપના પિતાજી માટે આવો તુચ્છકાર દેખાડો એ

જરાય સારૂં નથી." ભારતી કાંઈક કડક બનીને બોલી. પતિ ચુપ રહ્યો. પણ, પત્નીએ સસરા તરફ દર્શાવેલો પૂજ્યભાવ તેને ગમ્યો નહિ. તે દિલમાં ખૂબ ખિજવાયો, ધુંધવાયો.

પત્ની સમજી શકી કે જ્યારે ખર્ચાળ પુરુષો ક્યાંયથી પૈસા મેળવી શકતા નથીઃ તેમના ખોટા પ્રયત્નો નિષ્ફળ નિવડે છે, ત્યારે તેઓ બેહદ ક્રોધી બને છે–વાત વાતમાં બીજાનો દોષ કાઢનારા અને વિચિત્ર સ્વભાવના બની જાય છે, આવી સમજણથી ભારતીએ તેના પતિના ખિજવાટ તરફ ધ્યાન જ ન આપ્યું.

પતિએ પત્નીને કહ્યું: "હું અત્યારે વધારે ઉપાધીમાં પડવા આવ્યો નથી. મારી પાસે પૈસા નથી અને મારે ભજીઆં ખાવાં છે."

ભારતીએ સ્ટવ પેટાવ્યો અને જોતજોતામાં તો ચણાનો આટો એક તપેલીમાં કેળવવા માંડયો. તેલની કડાઈ ચઢાવી અને ભજીઆં બનાવવાની શરૂઆત કરી દીધી.

સસરા બહારથી આવી પહોંચ્યા; કપડાં ઉતારી બેઠા. ભારતીએ લાજ કાઢી અને નલિનને તેના પિતાને બોલાવવાની સંજ્ઞા કરી. નલિને બિલકુલ લક્ષ જ ન આપ્યું. ભારતીના દિલમાં લાગી આવ્યું; પણ તેનાથી સસરાને શી રીતે બોલાવી શકાય ?

કોઈ દિવસ ભારતીને પતિનાં નિર્દય વર્તન માટે આવો આઘાત થવા પામ્યો નહોતો. પોતે સહન કરેલા પતિના કઠોર પ્રહારોથી તે નારાજ બની નહોતી; પણ સસરા તરફના પતિના અપમાનિત અને અસભ્ય વર્તનથી તે ઘણી નારાજ થઈ. તેના ચહેરા પર અફસોસની છાયા છવાઈ ગઈ.

નલિન ભજીઆથી સંતુષ્ટ બની ઊઠયો: કોઈપણ જાતની પરવા વગર તેણે કોટ પહેર્યો, હૅટ હાથમાં લીધી.

"બે રૂપિયા લાવ." કર્કશ સ્વરે તેણે પત્નીને કહ્યું.

ભારતી બેઠી થઈ. તેણે મજુરી કરી કરકસરથી ખર્ચ કાઢતાં બચાવી રાખેલા પૈસામાંથી બે રૂપિયા પતિને આપ્યા. પિતા સાથે વાત કરવાની દરકાર કર્યા વિના જ નલિને જવા માંડયું. ડોસાએ બધું જ અવલોકયું હતું. તેના ગુસ્સનો પાર નહોતો. તેણે પુત્રને બહાર જતો અટકાવ્યો.

"જરા થોભી જા. હું તને આજ એ વાત સ્પષ્ટ જણાવી દેવા માગું છું."

"શું?"

"હું આવ્યો છું, ત્યારથી જોઈ શકયો છું કે વહુ અને મારા તરફ તું દરકાર વગરનો બન્યો છે."

"ભારતી મને ઉપદેશ આપવાનું ભયંકર કૃત્ય દિનરાત કરી રહી છે અને તમે મુંબઈમાં આવી મારી બદનામી કરવા લાગ્યા છો. મારા મિત્રો મારફત હું જાણી શકયો છું કે તમે જ્યાં ને ત્યાં મને દુર્વ્યસની તરીકે ઓળખાવો છો." પુત્રે રોષપૂર્વક કહ્યું.

"તો તું શા માટે સુધરતો નથી? તારાં દુવ્યસનો શા માટે છોડતો નથી? તારી દેવી સરખી પત્નીનું તું શા માટે માનતો નથી? લોકોમાં, નાતજાતમાં અને સંબંધીઓમાં તું શા માટે મારી ઈજ્જત લૂંટાવી રહ્યો છે? નલિન! હું અને ભારતી તારું ભલું ચાહીએ એટલું કોઈ પણ ચાહી શકે નહિ. યાદ રાખ, અમારું માનીશ નહિ તો એક દિવસે તારે પોકે પોકે રોવું પડશે."

ડોસાના શબ્દો નલિનનાં કાળજાંમાં ખુંચી રહ્યા. તેનાથી સહી શકાયું નહિ. તે ઉશ્કેરાયો.

"તમે મારી ચિંતા મૂકી દો અને આજને આજ દેશમાં જતા રહો." નલિન તેના પિતાના શરીર પર ધસી ગયો. ડોસા પર તે પ્રહાર કરે એ પહેલાં જ ભારતી વચ્ચે આવી ઊભી રહી. નલિને ઉઠાવેલો લોખંડી સળિયો પિતાને બદલે પત્નીના કપાળમાં વાગ્યો, લોહીની ધાર છૂટી. પોતાની સાડીના પાલવ વડે ભારતીએ વહેતું લોહી અટકાવ્યું. ડોસાની તમામ શાંતિ સળગી ઊઠી.

"હું પોલીસને ખબર આપું છું." ડોસો આવેશમાં બારણાં તરફ દોડે, એ પહેલાં જ ભારતી બારણા આડે જઈ ઊભી રહી. ચાલમાં કાન્તા, ઉજળી, રંભા અને બીજી કેટલીક પડોશણો એકત્ર થઈ હતી. સૌએ જોયું કે ઘુમટો ખેંચેલી સ્થિતિમાં અને લોહીયાળ વસ્ત્ર ભારતી બારણાં આડે ઊભી તેના સસરાને હાથ જોડી રહી હતી. પડોશણોના કલેવર કંપી ઊઠયાં. સ્ત્રીમંડળમાંથી સંભળાયું:

"નલિને તેની પત્ની પર પ્રાણઘાતક પ્રહાર કર્યો છે. કોઈ પોલીસને ફોન કરો."

'પોલીસ'નું નામ સાંભળતાં જ ભારતી બહાર દોડી. અને પોતાની પડોશણોને તેણે કાલાવાલા કરી પોલીસને 'ફોન' કરતી અટકાવી. રંભા વિકરાળ બની હતી. તેને ભારતી માટે સન્માન હતું; પણ તેના કપાળમાંથી વહેતું લોહી જોઈ તે અંગાર બની, નલિનને ફિટકારતી તે એક દિવાનખાનામાં પ્રવેશી.

"હાય! શું થશે!" ભારતીના મુખમાંથી છાતીફાટ ઉદ્‌ગાર સરી પડયા અને તે શરીરનું સમતોલપણું ખોઈ બેઠી. કાન્તા

વગેરેએ તેને ઝીલી લીધી. સૌ તેને ઓરડીમાં લઈ આવ્યાં.

ભારતીએ પડોશણોને ઉદ્દેશી નમ્રતાથી કહ્યું: "મારા પ્રત્યે તમે લોકો સહેજપણ લાગણી ધરાવતાં હો, તો મારા પતિને દોષિત ઠરાવવાનો વિચાર સરખોય ન કરશો."

"નલિન દિંગમૂઢ બની ચિત્રવત્ બેસી રહ્યો હતો. તેના પિતાની આંખોમાં આંસુ દેખાતાં હતાં. પરિસ્થિતિ ખુબજ ગંભીર થઈ હતી. એટલામાં રંભા નલિનના મોં પ્રત્યે આવેશ ભરપૂર નજરે તાકતી બહારથી ઓરડીમાં આવી પહોંચી.

ભારતીએ તેને ખુબ આજીજી કરી અને પોતાના પતિ વિરૂદ્ધ એક શબ્દ પણ ન ઉચ્ચારવાની યાચના કરી. તેના શબ્દોએ રંભાને હચમચાવી મૂકી. ભારતીની સૂચના પછી પડોશણો તેની સારવાર કરવા લાગી.

"ચિંતા ન કરશો. મને કાંઈ બહુ જખમ થયો નથી. બે ત્રણ દિવસમાં મારો ઘા રૂઝાઈ જશે. પોલીસ તમારો વાળ વાંકો કરી શકશે નહિ." ભારતીએ હસતે ચહેરે નલિન તરફ જોઈ કહ્યું.

થોડીવારમાં તો પોલીસ અમલદાર ચાલમાં દેખાયો. નલિનની ઓરડી પાસે આવી પહોંચતાં અને વાતાવરણ સમજી લેતાં તેને કેટલીવાર લાગે!

પોલીસ અમલદારને જોતાંજ નલિન થરથર કંપવા લાગ્યો. ભારતી બેઠી થઈ. કોઈપણ પ્રકારની પૂછપરછ થવા પામે એ પહેલાં જ તે બોલી:

"સાહેબ! આપને ફોન કરવામાં કોઈની ગેરસમજ થવા પામી છે. હું બેઠી હતી અને સળિયો ખુણામાં હતો. હું વાસણ લેવા ગઈ અને ઓચિંતો સળિયો મારા પર પડ્યો. મારા કપાળમાં વાગ્યું અને મારાથી ચીસ પાડી દેવાઈ. બનવા જોગ

છે કે મને માર પડચાનું કોઈએ સમજી લીધું હોય!"

પોલીસ અમલદારે બધું સાંભળી લીધું. ભારતીનો બચાવ ન સમજે એવો તે ભોટ કેમ હોય! તેણે બધો જ સાર ખેંચી લીધો. નલિનનો ચહેરો જ તેને કહી આપતો હતો કે તેણે આવેશમાં બેવકુફી કરી હોય! પણ, વાતાવરણ જાણ્યા પછી પોલીસ અમલદારે પોતાની ફરજનો કડકપણે ઉપયોગ કરવાનું ઉચિત ન ધાર્યું.

પળનો પણ વિલંબ ન કરતાં તે ત્યાંથી વિદાય થયો. તેના ગયા બાદ નલિન ઊઠયો. ચાલમાં ચોમેર દ્રષ્ટિ કરી; તેના પિતા તેને ન દેખાયા. નિરાશા, દુ:ખ અને ધુંધવાટ સાથે તે બહાર જતો રહ્યો.

પ્રકરણ ૧૨ મું :

કસોટી

[મંદાક્રાન્તા]

" ભીતિ શાની કનક તુજને તું કસોટી થવા દે "
" જ્વાલામાંથી જગત પડદે જ્યોતને જાગવા દે "
" ઝાંખા તારા દિપકવરણાં દિવ્યતા સ્થાપનારા "
" ઉજાસો છે અનુપમ જગે સર્વમાં શ્રેષ્ઠ તારા "

ક્રોધ વિનાની અને કર્તવ્યશીલ પ્રકૃતિને પ્રહારની વેદના ક્યાં સુધી રંજાડી શકે ? ભારતીને થયેલો જખમ ચાર દિવસથી વધુ વખત ન ટકી શક્યો.

નલિનના કૃત્યને તેણે આવેશભૂલ અને અજ્ઞાનતાનું કારણ માન્યું. તેના કૃત્યને અપરાધ માનવાની તેનાં અંતરાત્માએ સાફ ના કહી.

" તાપે છતાં એ રવિ તેજવંત "
" હુંયે પ્રભુતા પતિની અનંત "
" નારી તણું ચેતન વિશ્વ તારે "
" વ્યાપી રહ્યાં તિમિર એ નિવારે "

કર્તવ્યમૂર્તિના ભાવ ગુંજનમાં અચાનક એક સ્મરણથી વિક્ષેપ થઈ આવ્યો. 'સસરા ક્યાં?'

નલિને અનુમાન બાંધ્યું હતું કે પોતાના પિતા ત્રાસથી કંટાળી દેશ ભણી વિદાય થઈ ગયા હોવા જોઈએ. પિતાનો દેશમાંથી વહેલો–મોડો પત્ર આવવાની તે આશા રાખતો હતો. અને ન આવે તો તેને તેના પિતાના પત્રની વધુ ચિંતા નહોતી.

પુત્રવધૂ દુઃખથી ત્રાસ પામીને કોઈને કહ્યા વગર અલોપ થઈ ગયેલા સસરા માટે તેને ચિંતા થયા કરતી. નલિનનું ચિત્ત ચકડોળે ચડ્યાનું અને સારાસારનું ભાન તેના અંતઃકરણમાંથી વિદાય થયાનું તેના જાણવામાં હતું.

પરદેશીઓની રાજસત્તાના પ્રતાપે અને સ્વદેશના મુડીદારોની સ્વાર્થાંધ મનોદશાના પરિણામે ભારતવર્ષમાં પ્રવર્તી રહેલી ભયાનક બેકારી અને તેને અંગે ચોમેર ફેલાઈ રહેલી અંધાધુંધી નલિનનાં સુખસંપત્તિ અને મનની શાંતિને હરી લેવામાં સફળ બન્યાં છે; એવી ક્યારેક ભારતીને શંકા થતી; પણ તરત તે પોતાની શંકાને અર્થ વગરની માની લેવાની કોશેશ કરી પોતાના મનનું સમાધાન કરતી.

ગૃહવ્યવહારમાં વારંવાર ઊભી થતી મુશ્કેલીઓ હવે તો ભારતીને સામાન્ય જણાવા લાગી હતી. તેણે પોતાની મહેનતનો ત્યાગ કર્યો નહોતો. હંમેશાં તે તેના પતિની માનસિક સ્થિતિને ઠેકાણે લાવવાના, તેને આશાવાદી અને મહેનતુ બનાવવાના તથા તેનાં દુર્વ્યસનો છોડાવી દેવાના પ્રયત્નો કર્યા કરતી.

રાતના આઠ વાગ્યા હતા. ભારતીએ દાળ, ભાત અને શાક તૈયાર રાખ્યાં હતાં. રોટલી બનાવવાનું બાકી રાખ્યું હતું. તે પતિની રાહ જોતી હતી. નવ થયા. દશ થયા. અગિયાર થયા.

પણ પતિનો પગરવ સુદ્ધાં તેણે ન સાંભળ્યો. તેને બહુ ચિંતા કરવાનું કારણ નહોતું. ઘણીવાર રાતના ત્રણ ત્રણ વાગ્યા સુધી નલિન ઘેર ન આવતો.

રાંધેલું બધું જ જેમનું તેમ હતું. ભારતીને ભૂખ કેમ લાગે? તેણે ઓરડીમાં દિપકના પ્રકાશબળથી ચોમેર નજર કરી. એક બાજુની છાજલી પર થોડાંક પુસ્તકો હતાં. તેણે એક પુસ્તક લીધું: વાંચવા માંડ્યું, તરત બંધ કર્યું. વાંચવામાં તેનું ચિત્ત પરોવાયું નહિ.

આખી રાત વીતિ ગઈ, નલિન ન આવ્યો, બીજા દિવસનું પ્રભાત ઊગ્યું; ભારતીના અંતરમાં ચિંતા વધવા લાગી. પતિની શોધ કરવાની તેને તીવ્ર ઈચ્છા થઈ. તેણે બહાર જવાનાં સાદાં કપડાં પહેર્યાં અને તે હિંમતથી બહાર નીકળી.

કોઈ દિવસ તેણે તેના પતિને પૂછ્યું નહોતું કે તમે ક્યાં ક્યાં ફરો છો? તેના મિત્રોનાં નામ તેને યાદ હતાં; પણ તેમનાં એડ્રેસની તેને ખબર નહોતી.

ભારતી બહાર નીકળી રસ્તા પર તો આવી. ક્યાં જવું? ક્યાં શોધ કરવી? તે મૂંઝાઈ ગઈ. એકાએક તેને પોતાની નણંદને ત્યાં જવાનું સૂઝ્યું.

"કદાચ નલિનના પિતા પણ ત્યાં હોય!" ઉતાવળે તેણે માર્ગ કાપવા માંડ્યો.

એક આલીશાન ઈમારત પાસે તે અટકી. તેને યાદ આવ્યું કે અગાઉ બે ચાર વખત તે પોતાના પતિ જોડે એ જ મકાનમાં આવી હતી. ભારતી તે મકાનમાં દાખલ થઈ.

તેણે સરલાને જોતાં જ પૂછ્યું: "તમારા ભાઈ અહીં આવ્યા છે?"

" એ શા માટે આવે ! "

" કેમ ન આવે ! "

" વાત એમ છે કે નલિનનાં માતુશ્રી — મારાં કાકી અવસાન પામ્યા પછી એકવાર તે અહીં આવ્યો હતો. તેના બનેવી પાસે તેણે પચ્ચીશ રૂપિયા ઉછીના માગ્યા હતા. તેના બનેવી પાસે પૈસા ન હોવાથી તેણે પૈસા આપવાની અશક્તિ બતાવી. નલિનને માઠું લાગ્યું. અને તે રીસાઈને ચાલી ગયો. બસ. તે દિવસ પછી કોઈ દહાડે તે અહીં આવ્યો નથી. હું પણ એ જ કારણસર તમારે ઘેર આવતી નથી. "

સરલાએ આપેલા ખુલાસાથી ભારતીને દુઃખ થયું. તેણે કળાવા ન દીધું. સરલાએ થોડીપળો બાદ કહ્યું:

" નલિન મારો ભાઈ છે. પણ, મને તમારી પાસે સત્ય કહેવામાં શી હરકત છે ? તમે માનો કે ન માનો. પણ, તે જુગાર રમે છે. ' આંકડા ' ખેલે છે. મારે ન કહેવું જોઈએ છતાં કહું છું કે ગૃહસ્થોએ ન જવું જોઈએ એવાં સ્થાનોમાં તે જાય છે. માણસની બુદ્ધિને બગાડવાનું કામ કરનારાં અનિચ્છનિય ' પીણાં ' પણ તેણે પીવાં માંડયાં છે. "

સરલા વધારે બોલે; એ પહેલાં જ ભારતીએ તેના કથન તરફ પોતાનો અણગમો જાહેર કર્યો.

" ભાભી ! તમે જૂનો આદર્શ ધરાવનારા હોવાથી તમારા પતિની નિંદા સાંભળી શકતા નથી. પણ, તમારે સત્ય હકીકત જાણવા તરફ દુર્લક્ષ કરવું જોઈએ નહિ. "

સરલાની સલાહ સાંભળી ભારતી થોડીવાર મૌન રહી.

" તમારા કાકા અહીં આવ્યા છે ? "

" હા. ચાર દહાડા પહેલાં છેલ્લી વાર આવી ગયા. કદાચ

પાંચ દહાડા પણ થયા હોય. બસ. તે દિવસ પછી તો તે શી રીતે આવે!"

"કેમ!" ભારતી બોલી. સરલા અજાયબ બની.

"કેમ શું! જાણે તમને ખબર જ ન હોય! મારા કાકા દેશમાં ગયાનું તમે ન જાણુતા હો એ હું કેમ માનું!" સરલાના આશ્ચર્ય અને શંકારહિત ખુલાસા પછી ભારતીએ જાણે પોતે જાણુતી હોય એવો ડોળ કર્યો.

"વારૂ, હું રજા લઈશ.'' ભારતી ઊઠી. સરલાએ તેને બેસવાનો અને કૉફી પીને જવાનો આગ્રહ કર્યો. પણ તેનું ચિત્ત ઠેકાણે હોય તો તે બેસેને! ઉતાવળે ઘેર પહોંચવાનું બહાનું કરી—ક્યારેક આવવાનું જણાવી તેણે રજા મેળવી.

તે એકલવાયી ચારે બાજુ ઘુમી વળી. પણ, 'ટ્રામ ટર્મીનસ' અને સરિયામ રસ્તા પર નલિન થોડો બેસી રહ્યો હોય! ભારતી નિરાશ થઈને ઘેર આવી. તેણે બારણું ખોલ્યું. દરવાજામાં એક બંધ પરબીડિયું પડેલું હતું. તરત તેણે ઊઠાવી લીધું.

પરબીડિયા પર પતિનું નામ તેણે વાંચ્યું. સસરાના અક્ષર ઓળખતાં તેને જરાય વાર ન લાગી.

તેને વાંચવાની જિજ્ઞાસા થયા વગર કેમ રહે! પણ, પતિ પર લખાયલો પત્ર તેનાથી પતિની રજા વગર કેમ વંચાય? ભારતીએ બંધ પરબીડિયું ખોલવાની અનિચ્છનિય હિંમત ન કરી.

ભૂખની જ્વાલાઓએ ભારતી પર અસર કરવી શરૂ કરી. સીડી પર તેનું લક્ષ જતાં જ તેના પેટમાં ફાળ પડી. નલિનને માંડ માંડ સીડી પર ચઢતો જોઈ તે તેની સામે દોડી.

પ્રકરણ ૧૩ મું :

પિતાનો પત્ર

પતિની બેચેની કાંઈક ઓછી થયાનું જાણી ભારતીએ પોસ્ટમાં આવેલો પત્ર તેના હાથમાં આપતાં કહ્યું: "તમારા બાપુજીનો પત્ર લાગે છે."

નલિને મૂંગે મોંએ પત્ર લઈ લીધો. એડ્રેસ તરફ જોતાં જ તેણે પોતાના પિતાના હસ્તાક્ષર પારખી લીધા.

પિતા ક્યાં હશે, ક્યાંથી પત્ર લખ્યો હશે, તેમાં શું લખ્યું હશે: ઈત્યાદિ વિચારો તેના મનમાં થતા હતા કે કેમ, તે સમજી શકાતું નહોતું.

પૅકેટ ફોડી તેણે આતુરતાથી પત્ર વાંચવા માંડ્યો:

"નલિન!"

તેં તારી માતા ખોઈ છે. મેં શું ખોયું છે, તે હું જાણું છું. અંતઃકરણમાં સળગતી આગના ભડકા જોવા જેટલી શક્તિ ઈશ્વરે દરેક આંખને આપી નથી. જેમનાં નેત્રો અને અંતઃકરણ વચ્ચે સુમેળ સાધનારી અદૃશ્ય દોરી હોય છે તેઓ જ આ ભડકા જોઈ શકે છે. તારે આવાં નેત્રો કે અંતઃકરણ છે કે કેમ, એ પ્રશ્ન હું તને પૂછતો નથી.

તને કદાચ યાદ નહિ હોય, એક સમયનું સ્મરણ લખું છું.

વતનમાં આપણી માલિકીનાં ઘર નહોતાં. તારાં માતુશ્રી ઘણી વખત કહેતાં: ‘ઘરનાં ઘર થઈ જાય તો નલિન અને એની વહુને આપણી પેઠે ભાડે રહેવું ન પડે.’

એ વખતે તારાં લગ્ન થયાં નહોતાં. તું હાઈસ્કૂલમાં ભણતો હતો. આપણા વતનમાં હાઈસ્કૂલ ન હોવાથી આપણા ગામથી બાર માઈલ દૂરના શહેરમાં તારે રહેવું પડતું. તું દર મહિને એક વખત આવી અમને મળી જતો. તું જેટલા પૈસા મોકલવાનું કાગળમાં લખતો એટલા પૈસા હું વખતસર મોકલી આપતો. તને ખબર હતી કે હું કેટલી મૂંઝવણ વેઠીને તને ભણવા સારું પૈસા મોકલતો હતો.

સમયને જતાં વાર લાગતી નથી. જીવનમાં બની ગયેલા પ્રસંગો સ્મરણપટ પરથી ભાગ્યે જ જતા રહે છે.

સંજોગ આવી ઉપસ્થિત થતાં તારાં લગ્ન થયાં. મેં માન્યું કે મારો નલિન ગુણવાન પત્ની મેળવવા જેટલું સદ્‌ભાગ્ય લઈ ને અવતર્યો છે. તારી માન્યતા જાણવાનો મને એ વખતે વિચાર જ શી રીતે આવ્યો હોય?

તારાં માતુશ્રીના આનંદનો પાર નહોતો. મારા મોં પર કેટલાય દિવસો સુધી પુત્રને પરણાવ્યાનો લહાવ સ્થિર રહ્યો હતો. એ ગૌરવ મારે મન જગત જીત્યા બરાબર હતું.

જે રકમની મદદથી તારાં માતુશ્રીના કહેવા — પ્રમાણે હું ઘરનાં ઘર ખરીદી શક્યો હોત તે રકમ તને ભણાવવાના અને તને વરાવવાના ખર્ચ પાછળ વપરાઈ ગઈ. મને લાગ્યું કે નાણાં જીવંત કાર્યમાં ઉપયોગી બન્યા છે. તારાં માતુશ્રી આગળ એક દહાડો તે કહ્યું હતું:

' નલિનના પિતા જેવો પિતા જે પુત્રે મેળવ્યો હશે તેણે પૂર્વભવે પૂન્ય કર્યાં હશે. '

આવું આવું તો તું ઘણીવાર કહ્યા કરતો.

તારાં લગ્ન થયા પહેલાં કદિપણ મેં તને કડવું વેણ કહ્યું નહોતું. તે પછી પણ ક્યારેય નથી કહ્યું. તારા સંબંધમાં કેટલુંક સાંભળ્યું અને કેટલુંક નજરે જોયું ત્યારે મારા મનમાં તારાં અમાનુષી કૃત્યો તરફ સખત ધિક્કાર ઉત્પન્ન થયો. પણ તે ક્યારે ? એ વખતે ક્યા સંજોગો હતા ? શું બન્યું હતું ? તેં એવું કયું વર્તન દાખવ્યું ? વગેરે પ્રશ્નોના જવાબ હું તારી પાસે માગતો નથી.

મને ખોળવાનો યત્ન તેં કર્યો હશે કે કેમ, એ હું જાણતો નથી. જાણું છું એટલું જ કે એક દિવસે પણ તું મને સંભાર્યા વિના રહેવાનો નથી.

મારા જીવનચક્ષુ !

મારું મોં જોવાની આશા રાખીશ નહિ. હું વતનમાં છું, એમ કલ્પીશ નહિ. હું ક્યાં છું ? શું કરૂં છું ? તેમાંનું કાંઈજ તને કહેવા ઇચ્છતો નથી. પણ જે કાંઈ કરૂં છું તેનાથી મને સંતોષ મળે છે.

માનસશાસ્ત્રીઓના મગજમાં ન ઉતરે એવું વર્તન તેં તારાં પિતા પ્રત્યે ક્યારેય પણ દાખવ્યું હોય તો તું ઈશ્વર પાસે ક્ષમા માગજે. તારી ધર્મપત્નીને તેં વિના વાંકે રિબાવી છે, એમ તારું અંતઃકરણ કબૂલે તો તું તેની આગળ ક્ષમાની યાચના કરજે.

લિ. તારો પિતા "

પત્ર વાંચતી વખતે નલિનના મોં પર વિસ્મય, પશ્ચાતાપ અને મનોમંથનની છાયા જન્મીને અદૃશ્ય થતી હતી. ભારતીએ સર્વ અવલોક્યું હતું.

કેટલીક ક્ષણો પછી એકાએક નલીન ધ્રૂજવા લાગ્યો. તેના મોંમાંથી ઉદ્‌ગાર બહાર નીકળવા માંડ્યા:

"જીવનને અંતિમ પગથારે બેઠો છું, બાપુ! સ્વભાવ હજી કોણ જાણે કેવાયે ઉંડાણમાં ધસડી જશે, એ નથી સમજી શકતો બાપુ!"

શબ્દે શબ્દે પશ્ચાત્તાપની છાયા પથરાતી હોય, એમ જણાતું હતું. પિતાના પત્રે પુત્રની મનોવૃત્તિ બદલાવા માંડી કે પુત્રને જકડી રહેલી બિમારીએ આ પલટો કર્યો, તે કહી શકાતું નહોતું. પતિનું જીવન નજરેનજર અનુભવી ચૂકેલી પત્નીને આ શબ્દોચ્ચારે ચોમેરથી ઘેરી લીધી હતી. આ પલટો તેની વિચાર-સૃષ્ટિમાં વિદ્યુત પેઠે ઝબકવા લાગ્યો, ક્ષણાંતે અદૃશ્ય થવા માંડ્યો. આ પ્રમાણે ઝબકવું અને અદૃશ્ય થવું પળો સુધી ચાલતું રહ્યું.

નલિનના સ્વભાવ, વર્તન અને જીવનક્રમની ગતિ જાણે કોઈ નાટકનું પાત્રાલેખન હોય, તેમ ભારતીને જણાવા લાગ્યું હતું.

"ભારુ! તેં —" રુંધાતે સ્વરે નલિને બોલવા માંડ્યું: "આ પત્ર નહિ જ વાંચ્યો હોય."

તેણે પોતાની પત્નીના હાથમાં પત્ર આપ્યો, વાંચી જોવાની અવાક આજ્ઞા કરતાં તેણે આંખો બંધ કરી વિચારવા માંડ્યું.

ભારતીએ પત્ર વાંચવા માંડ્યો હતો તે વખતે તેણે એકવાર ફરીથી 'ભારુ' સંબોધન સાંભળ્યું. જ્યારે તેણે પતિ સામે જોયું ત્યારે સૂચના પ્રાપ્ત કરી: "કાંઈ કહેવા માગતો નથી. ફક્ત એટલું જ કહું છું કે આખોય પત્ર વાંચી લે, પ્રિય!"

પત્ર વાંચતાં વાંચતાં લાગણીનું જે મંથન હૃદયને કંપાવતું હતું તે કંપ પતિ મુખથી સંભળાતા 'ભારુ' 'પ્રિય' શબ્દોથી દૂર થતો હતો.

આખો ય પત્ર વાંચી લીધા પછી ભારુએ નલિનના મોં સામે જોયું. નલિને પોતાની પત્નીની શાંત, ગંભીર મુખમુદ્રા પરથી કાંઈક ખોળવાના પ્રયત્નો કરવા માંડ્યા હોય એમ જણાવા લાગ્યું.

પ્રકરણ ૧૪ મું :

પ્રલયદૂત

હસો કાળાં નીલો ગહન રહીને ખૂબ હસજો
રડી લેજો ચક્ષુ જીવન પથમાં ખૂબ રડજો
નહીં કોઈ રોકે ભવરણ મહીં ચેતન નથી
નથી કાયા માયા જડ વિહિન કાંઈ જ નથી
છતાં શાથી લાગે હૃદય વસમું દશ્ય તુજને
નથી દેખાતું કાં ! રૂદન હસવું કાંઈ મુજને !

બાજુના માળામાંથી કોઈએ ગાયું અને ભારતીએ લક્ષ દઈ સાંભળ્યું. તેને ભાન ન રહ્યું કે તેનો પતિ બિછાનાવશ છે અને પોતે દાક્તરને તેડાવ્યા છે.

" ભારુ, મારી માંદગીનો વિચાર કરે છે ને ! "

નલિનના આ શબ્દો સાંભળતાં જ તેણે તંદ્રાવરણ દૂર કરવાની પળ પ્રાપ્ત કરી.

" મેં દાક્તરને બોલાવ્યા છે. " ભારતી બોલી : " હમણાં આવવા જોઈએ. "

દાક્તર આવ્યો. તેણે નલિનનું શરીર તપાસી લીધા પછી ભારતીને કહ્યું: "દરદીને આ ઓરડામાંથી બહાર લઈ જવાની જરૂર છે."

"બહાર એટલે ક્યાં હૅાસ્પીટલમાં?"

"એવી જ કોઈ જગ્યામાં, જ્યાં સુકી હવા મળી શકે. હું ધારું છું કે તમે એમને લીમડો હોય એવા સ્થાનમાં લઈ જવાની સગવડ કરી શકશો."

"રાયચંદ સેનેટોરિયમમાં લીમડાનાં ઝાડ છે."

"બસ, ત્યાં લઈ જાઓ."

"કન્ઝમ્પશનની અસર લાગે છે?"

દાક્તરે જવાબ ન આપ્યો. થોડીવાર અવાક્ બેસી રહ્યા પછી ઊભા થઈ તે બોલ્યા: "ચિંતા કરશો નહિ. જે કાળે જે થવાનું હોય છે તે મિથ્યા થતું નથી."

દાક્તરે જવા માંડ્યું. જતાં જતાં બોલ્યા: "બહેન! દરદીને કહેજો કે તેનું દરદ સામાન્ય છે અને તમારે તેની ખૂબ કાળજી રાખવી."

દાક્તર ઝડપથી ભારતીનો ઓરડો છોડી બહાર નીકળી ગયા. ભલા દાક્તર સાહેબે વિઝિટ ફી પણ માગી નહિ.

જ્યારે ભારતીએ દાક્તરના અભિપ્રાયનું તારણ મેળવ્યું ત્યારે તેના હૃદયમાં સખત આઘાત થયો.

*

રાત પડતી હતી. સેનીટોરિયમમાં એક ખાટલામાં નલિન નિદ્રાવશ પડ્યો હતો. તેની આજુ બાજુએ તેના સગાંસંબંધી બેઠાં હતાં. એકાએક તેની આંખો ઊઘડતાં તેને જણાયું કે

એક બાજુએ પોતાની પિતરાઈ બહેન અને તેનો પતિ અરવિંદ બેઠાં હતાં. બીજી બાજુએ ભારતીના પિતા વિનયસુખ, માતા વસુમતી, સરલામાસી ઉપરાંત એકાદ બે બીજાં બૈરાં સૂમસામ બેઠાં હતાં.

તેણે પોતાના માથા આગળ ભારતી, તેનો બંધુ તથા તેની ભાભીને દીઠાં.

નલિને ઓરડામાં ચોમેર નજર ફેરવી. "કોને ખોળો છો, નલિન ?" ભારતીના બંધુએ પૂછ્યું.

જવાબમાં નલિન બકતો હોય તેમ બોલવા લાગ્યો : "કોઈ જ નથી. મને સાચી સલાહ આપનારા મારાં સ્વજનો સિવાય અહીં કોઈ જ નથી. હું જેની હંમેશ અવગણના કરતો હતો, તે બે વ્યક્તિઓમાંની એક અહીં બેઠી છે. બીજી નથી."

"એ બીજી કોણ ?" ભારતીની ભાભીએ પૂછ્યું.

"ભારતીનાં પૂજ્ય સસરા." નલિનનો અવાજ તીક્ષ્ણ બન્યો હતો — રૂંધાયો હતો. "મારા બાપુનું મોં હું નહિ જોઈ શકું ?"

આ પ્રશ્નાત્મક વાક્ય ચોમેર પડઘો પાડી રહ્યું. સૌ સુનમુન બની ગયાં હતાં.

જે ભલા દાક્તર ભારતીને ત્યાં આવી ગયા હતા, એ જ દાક્તરે સેનીટોરિયમમાં આવવાનું જણાવ્યું હતું. દાક્તરે ઘણા દરદીઓને જીવતદાન દીધાં છે, એમ કહેવાતું હતું.

ભારતીના પિતા, બંધુ તથા અન્ય સગાં સંબંધીઓએ બીજા દાક્તરને બોલાવવાનું જરૂરી માન્યું નહોતું. એ દાક્તરથી વધારે હોશિયાર દાક્તર તેમના ધ્યાનમાં નહોતો.

સમય થતાં ભલા દાક્તર આવ્યા. દરદીને તપાસી લીધા

પછી તે બોલ્યા : "ભારતીબહેન સિવાયનાં સૌ બહાર જાય તો સારું!"

તેની સૂચનાનો અમલ થતાં વાર ન લાગી.

સર્વે ગયા પછી દાક્તરે ભારતીને કહ્યું : "બહેન! હિમત રાખજો. હવે તમારા પતિને વધારે વખત રોકી શકાય એવી સ્થિતિ નથી."

આટલું કહી તેણે નલિનને એક 'ઇન્જક્શન' આપ્યું. નલિનના શરીરમાં જોમ આવ્યું હોય તેમ દેખાયું. ભારતીએ સમજી લીધું કે એ જોમ દાક્તરના પ્રયાસનું પરિણામ છે.

એકાએક નલિને ભારતીનો હાથ પકડ્યો ને બબડવા માંડ્યો : "મને ક્ષમા કરી દે. ભારુ! પ્રિયે! મારા અપરાધો —"

તેનાથી વધારે બોલી શકાયું નહિ.

કેટલીયે વાર સુધી તેણે ફાટી આંખે ચારે તરફ જોયા કર્યું.

ભારતીની જીભ વાચાવિહોણી બની હતી. આશ્વાસન આપવાની તેની ઇચ્છા હોવા છતાં તે બોલી શકી નહિ.

"ભારુ, તારી આંખમાં આંસુ આવ્યાં છે." નલિને પત્નીના નેત્રો સામે જોતાં કહેવા માંડ્યું : "તું રડીશ નહિ. હું કાંઈ તને એકલી છોડી જતો રહેવાનો નથી."

પછી તે ખડખડાટ હસવા લાગ્યો.

ભારતીએ જીભને વાચા આપવાનો યત્ન કરવા માંડ્યો. મહામુસીબતે તે બોલી : "પ્રાણ! કાંઈ કહેવું છે?"

"ના. હવે શું કહેવાનું હોય! ઘણું કહ્યું છે. હવે ફક્ત ક્ષમા જોઈએ."

"મારી પાસેથી?"

"હા. ક્ષમા જોઈએ. આપી શકે છે?"

ભારતી તેનો જવાબ શોધે, તે પહેલાં જ નલિને ચિત્કાર કર્યો: "બાપુ, શાંત મુખે ક્ષમા અર્પી છે. હું પામ્યો છું — બધું પામ્યો છું. જગતના ઊંડાણમાંથી ઉંચે ચઢતાં —" તેનાથી મોટેથી હસી જવાયું અને ભારતીએ ચીસ પાડી.

કારમી ચીસના પડઘા બહારની ઓસરીમાં ક્રંદન પ્રસરાવી રહ્યા. ભારતીના ભાઈ — ભાભી, માતા પિતા અને બીજાં સ્વજનો ઊતાવળે અંદર આવ્યાં. સરલામાસીએ ચોમેર જોતાં જણાયું કે ત્યાં દાક્તર નહોતા.

જગતના બાગ બગીચાઓ, ઝુંપડી અને આલીશાન મહેલાતો, પશુપંખીઓના કૂજન, સિંહ વાઘની ગર્જનાઓ મહાસાગરના ઘુઘવાટ, નદીના ખળખળ વહેતા જળનાદ અને મનુષ્યોના આનંદ શોકમાં સત્ય શું!

ભારતીને કાંઈ સૂઝ ન પડી. તેની ચપળ બુદ્ધિ બહેર મારી ગઈ. એકાએક તેણે બીજી ચીસ પાડી.

કોઈ દિવસ નહોતો દીઠો, એવો કરુણાજનક ચ્હેરો વિનયસુખે દીઠો. પોતાની પુત્રી ભારતીને પત્થરની જડ પ્રતિમા સમી અવાક્ ઊભેલી જોતાં જ તેનું હૈયું ભરાઈ આવ્યું.

મૃત્યુ નજરે જોનારાઓનાં કાળજાં પીગળી ગયાં. કોઈના ચહેરા પર ધૈર્ય નહોતું.

નલિન અવાક્ પડેલો હતો. તેની આંખો બંધ હતી. શ્વાસ બંધ હતો. નસોમાં ફરતું લોહી બંધ હતું. દરેકે સમજી લીધું કે નલિનનું જીવન બંધ હતું.

નલિનને લઈ જવાની તૈયારીઓ થતાં કેટલીકવાર? નિર્જીવ બનેલા માનવદેહને ભસ્મ કરવા માટે સૌ તૈયાર થઈ ગયાં.

ભારતીને આસપાસના વાતાવરણની શી રીતે શુદ્ધિ હોય!

આકાશમાં કડાકા થતા સંભળાયા. વીજળીના ઘોર ગર્જનો વચ્ચે શશિ રવિને તેણે એકબીજાથી અથડાતા દીઠા. પૃથ્વી તેની ધરી પરથી ગબડી જતી હોય એમ લાગ્યું.

તેણે ઉંચું જોયું. આકાશમંડળ નીચું ઉતરતું જણાયું. સૂર્યની ભયાનક જ્વાલાઓ હમણા જ પૃથ્વીને ખાક કરી મૂકશે, એ ભયાભાસથી તે કાંપી ઊઠી.

એક બાજુ નલિનને લઈ જવાની તૈયારીઓ પુરી થઈ હતી. બીજી બાજુ ભારતી નીચે ઉતરતા આકાશથી બચવા માટે સહાયતાની ત્રાડ પાડી ઊઠી.

"દોડો. દોડો." અને તેણે દોડવા માંડ્યું. ભારતીને કોઈ સ્થિતિનું ભાન નહોતું. નલિનનો દેહાંત થવાનું તે વિસરી ગઈ હતી.

"બાપુજી. બાપુજી. મારા પતિને બચાવો. આખુંય આકાશમંડળ હમણાં તૂટી પડશે. મારા પતિને કચડી નાંખશે. બાપુજી, બાપુજી."

લાશની પાછળ દોડતી ભારતીને તેના બંધુએ અટકાવી. ભારતીએ આર્ત્તનાદ કર્યો.

"કોઈ નહિ બચાવી શકો! બાપુજી પણ નહિ બચાવી શકે!" ભારતીના બેભાન પણ છાતીફાટ શબ્દોથી વિનયસુખના અંતરમાં ન સમજાય તેવો પડઘો પડ્યો

"ઓ બાપુ! ઓ મારા વીર! ઓ બા, ઓ માસી........ મારો નલિન......મારો નલિન......"

અસ્પષ્ટ ચિત્કાર દરેકના કલેવર વીંઝવા માટે પૂરતો હતો. ભારતી ઓચીંતી જમીન પર તૂટી પડી.

પ્રકરણ ૧૫ મું :

લાગણી, વાયકા અને સ્વામી પ્રકાશાનંદ કોણ ?

ભારતી પોતાનાં માબાપને ઘેર આવી હતી. તેના પર તૂટી પડેલા દુઃખને લીધે તેના દરેક સગાંને લાગી આવ્યું હતું.

'બિચારું કુદરતી વાડીનું ફૂલ ખીલ્યું ન ખીલ્યું થઈ ગયું.' આ પ્રમાણે અનેક ઓળખીતા પરસ્પર વાતો કરતાં-બોલતાં હતાં.

કોઈ કહેતું હતું : "બિચારી ભારતીને સાસરવાસમાં પણ કોઈ અંગનું સગું નથી. એની સાસુ હતી તે તો ભારતી વિધવા થયા પહેલાં જ મરણ પામી. ભારતીનો સસરો ગરીબ સ્થિતિનો હતો. સ્વભાવે પણ ઘણો ગરીબ હતો. એનું શું થયું, તેની કોઈને ખબર નથી. વતનમાં તેના પડોશીઓ તેને સંભારે છે ને તેના અલોપ થવાથી દુઃખાર્દ્ર હૈયે તેની શોધ કરતા રહે છે. બહુ ભલો માણસ હતો."

*

નાતજાતમાં પટેલ થઈ ફરનારા માંહોમાંહે વાતો કરે છે: "કુદરતે ભારતી જેવી કુળવાન અને ગુણવતી છોકરીનું સૌભાગ્ય લૂંટી લીધું. હા, પણ એની પાસે કોઈ પોતાનું ધાર્યું થોડું કરાવી શક્યું છે? લલાટના લેખ કદિ પણ મિથ્યા થયા છે? બિચારી ભારતીએ જિંદગીભર રડવાનું રહ્યું. હે પ્રભુ! યુવાવસ્થામાં રંડાપો દીધો, એના કરતાં બાઈને મોત દીધું હોત તો સારું હતું."

વિધવા પ્રત્યે દાખવાતી આ સહાનુભૂતિ સાંભળી સુધારક વિચારનો એકાદ પુરુષ પોતાના અંગત વિચારો જણાવતાં કહે છે: "ભારતીનો પતિ અંગ્રેજી ભણેલો સુધારક હતો. બાઈ પોતે પણ અસંસ્કારી નથી. તેના પિતા સમજદાર છે. ભારતીની માસી તો સામાજિક ક્રાન્તિના ચાહક છે. આ લોકો ભારતીનાં પુનર્લગ્ન કરવાની હામ ભીડે તો શું ખોટું ગણાય?"

તદ્દન સુધરેલા વિચારનો એક યુવાન પોતાના મિત્રો આગળ જુસ્સાથી બોલે છે; "આપણે 'સાયકોલૉજી' તથા 'સેકસોલૉજી'ની દૃષ્ટિએ વિચારીએ તો પણ યુવાન વિધવાને પુનર્લગ્નની છૂટ ન આપવી એ રાક્ષસી મૌન છે."

તેના આ મતનું પ્રતિપાદન કરતાં બીજો યુવાન કહે છે: "પ્રણાલિકાનો ભંગ કરવાની હિંમત દરેક માણસના હૃદયમાં હોતી નથી. જેઓ એવી હિંમત કરી જાય છે તેઓ પ્રત્યે સમાજ હલકી નજરે જુએ છે. જો મારી પુત્રી કે બહેન નાની વયમાં વિધવા થઈ હોત તો હું સમાજની પરવા કર્યા વિના તેમને પુનર્લગ્નની છૂટ આપત."

*

"સમાજ વ્યવસ્થાને બહાને આજ સુધીમાં કેટલાય કુરિવાજો જનતાના માથા પર લાદવામાં આવ્યા છે. બીજા કેટલાય નવા રિવાજો લાદવાના યત્નો થયા કરે છે. લાંબા વખતથી પરાણે પળાવવામાં આવતા જૂના રિવાજો જેટલે અંશે હિંસક બન્યા છે તેટલે અંશે નવા નિયમો પણ સમય સંજોગાનુસાર ફેરવાયા વગરના ચાલુ રહેશે તો હિંસક બનશે. ઉપદેશ આપવાનો અધિકાર કુદરતી છે, એ પ્રમાણે વર્તાવવાનો અધિકાર અકુદરતી છે." સરલા માસી તથા તેમના પતિ આ પ્રમાણે માને છે.

ભારતીના વૈધવ્યની વાત જૂની થતી જાય છે. મરનારનાં સંભારણાં દિન પર દિન ઓછાં થતાં જાય છે. સરલામાસીએ પોતાના મન સાથે નિશ્ચય કર્યો છે કે ૭ માસની મુદત પુરી થયા પછી ભારતીના પુનર્લગ્ન કરવાનો પ્રયત્ન કરવો.

તેણે નક્કી કરેલી મુદતમાં બે ચારથી વધારે દિવસો બાકી રહ્યા નથી.

રવિવાર હોવાથી વિનયસુખને ઓફિસે જવાનું નહોતું. તેનો પુત્ર પણ ઘરમાં આવી પિતા પાસે બેઠો હતો. વસુમતી અને તેની પુત્રવધૂ આડીઅવળી વાતો કરતાં બેઠાં હતાં.

પુત્રવધૂ તરફ જોઈ વસુમતી બોલ્યાં: "ભારુ—ની ભાભી! આજ તમારાં માસીજી એકલાં આવવાનાં નથી. તમારા માસાજીને પણ સાથે લાવવાના છે."

કાંઈક બોલવું જોઈએ, એમ માની ભારતીનાં ભાભી બોલ્યાં: "એમનો નિશ્ચય તમે નહિ જાણતા હો."

"કોનો?" ભારતીનાં માતુશ્રીએ પૂછ્યું: "સરલાનો કે એના પતિનો?"

ભાભીએ જવાબ દીધો: "બંનેના વિચાર કયે દહાડે જૂદા

પડ્યા છે?"

"મને એમણે કશું કહ્યું નથી. એણે શો નિશ્ચય કર્યો છે વળી?"

"ભારતીબહેનનાં પુનર્લગ્ન કરવાં, કરવાં ને કરવાં જ."

માતુશ્રી હસ્યાં. ક્ષણાંતે બોલ્યા: "એ બંને ધુની મગજનાં માણસો છે. સાવ ગાંડાં છે."

કેટલીકવાર પછી ભાભીએ માતુશ્રીનું ધ્યાન ખેંચતાં કહ્યું: "આ આવ્યા,"

સરલા અને તેનો પતિ ઘરમાં દાખલ થયાં. વસુમતી વગેરેએ સરલાના પતિનો વિવેકપૂર્વક સત્કાર કર્યો.

ચારે બાજુ નજર ફેરવી માસીએ વસુમતીને પૂછ્યુ: "ભારુ ક્યાં?"

વસુમતી જવાબ આપે તે પહેલાં જ ભાભીએ સરલા સાંભળે તેમ કહ્યું: "સવારના આઠ વાગતાં ગયા છે."

"આઠ વાગે ક્યાં ગઈ છે?"

"રોજ જાય છે." વસુમતીએ કહ્યું: "એનાં ભાભીને કહેતી હતી કે આર્યસમાજ મંદિરમાં કોઈ વૃદ્ધ સન્યાસી પાસે જાય છે."

માસાથી પોતાનો અંગત મત દર્શાવ્યા વિના રહી શકાયું નહિ. વિનયસુખના મોં સામે જોઈ તે બોલ્યા: "આર્યસમાજ તરફ મને સંપૂર્ણ સદ્‌ભાવ છે. પણ આર્યસમાજીસ્ટો સંસ્થાના નામ પ્રમાણે આર્યોના સામાજિક સંગઠન તરફ વધારે ધ્યાન આપે તો સારું!"

વિનયસુખે પૂછ્યું: "એ લોકો ધાર્મિક એકીકરણને વધારે મહત્વ આપે છે, એમ તમારું માનવું છે?"

"મને એમ લાગ્યું છે." પોતાના માથા પરથી હૅટ ઉતારી મેજ પર મૂકતાં અને ખુરશી પર બેસતાં મામા બોલવા લાગ્યા: "હં! કયા સન્યાસી પાસે જાય છે? હું ધારું છું કે સ્વામી પ્રકાશાનંદ આગળ ઉપદેશ સાંભળવા જતી હશે. હું એમને ઓળખું છું. સ્વામી પ્રકાશાનંદ આઠ — દશ મહીનાથી મુંબઈમાં આવી રહ્યા છે. બિચારા સંસ્કૃત કે અંગ્રેજી જાણતા નથી. પણ જીવનનું ઉંચું ધ્યેય આર્યસમાજની સેવા કરવામાં છે, એમ તે માને છે, બહુ નમ્ર સ્વભાવના છે. ભારુ એમને શી રીતે ઓળખે?"

"ભારુ કહેતી હતી, —" વિનયસુખના પુત્રે જવાબ આપતાં કહેવા માંડ્યું: "કે થોડા દિવસ પહેલાં આર્યસમાજ મંદિર આગળથી તે ઘેર આવતી હતી. અચાનક તેની મુલાકાત મંદિર આગળ થઈ હતી.,,

"હું ધારું છું કે આ બધું તને ભારુનાં ભાભીએ કહ્યું છે." વિનયસુખે પોતાના પુત્રને ઉદ્દેશી જણાવ્યું: "ભારુ પોતાના હૃદયની તમામ વાતો એનાં ભાભીને કહી દીધા વગર રહી શકતી નથી."

દરેકનું લક્ષ ભારતીનાં ભાભી તરફ ગયું. ભાભી વસુમતીને કાંઈક કહી રહ્યાં હતાં.

"કહે છે કે સ્વામી પ્રકાશાનંદ ભારુના બધાં સગાંને સારી પેઠે ઓળખે છે." વસુમતીએ કહ્યું: "એમ ભારુએ તેનાં ભાભીને કહ્યું હતું."

"મને ઓળખે છે?" વિનયસુખ સાશ્ચર્ય બોલી ઊઠ્યા:

"હું ક્યારેય પણ સ્વામી પ્રકાશાનંદને મળ્યો નથી."

વસુમતી ચકિત થતાં બોલી:

"બધાં સગાંને ઓળખે છે એટલે હું પણ આવી ગઈને! મને તો ખબર જ નથી કે સ્વામી પ્રકાશાનંદ કોણ ને કયા?"

ભારતીનાં ભાભી પોતાના મોં પરનું ગાંભીર્ય પરાણે ટકાવી રહ્યાં છે, એમ વસુમતી અને સરલાને જણાઈ આવ્યું.

ભારુએ કહેલી કોઈ છૂપી વાત તેનાં ભાભી કહી શકતાં નથી, એમ સરલા તથા વસુમતીએ માન્યું હશે કદાચ.

પ્રકરણ ૧૬ મું:

બલિદાન

બે અઢી કલાક પહેલાં માસી આવીને ગયાં. તેમનો નિશ્ચય તેઓએ માતાપિતા અને ભાઈ ભાભી આગળ વ્યક્ત કરતાં જણાવ્યું:

"ભારુનાં પુનર્લગ્ન કરવાં પડશે:"

પિતા અને બંધુ કશું બોલ્યા નહિ. માતા અને ભાભીએ પુનર્લગ્ન વિરોધી દલીલો કરી. આ દલીલો પાછળ લાગણીવિહોણો હેતુ નહોતો.

ચર્ચા ઘણીવાર લંબાયા પછી પિતા અને માસી વચ્ચે ચર્ચા ચાલી. ભાઈ માસીના નિશ્ચયને સંમત થયો હતો. પિતા બોલ્યા હતા:

"ભારુની ઇચ્છા પુનર્લગ્ન કરવાની હોય તો હું તેને રોકું નહિ."

માતાએ કહ્યું હતું: "ઉંચા કુટુંબની વિધવાઓને સમાજે પુનર્લગ્ન કરવાની છૂટ આપી નથી એટલે મારી દીકરીનાં પુનર્લગ્ન હું ઇચ્છી શકું નહિ."

ભાભીએ પોતાના બધા જ વિચારો માતાદ્વારા વ્યક્ત કર્યા હતા.

વિવાદાત્મક ચર્ચાનો અંત આવ્યો નહોતો. પુનર્લગ્નની તરફેણમાં નિકાલ આવશે કે વિરુદ્ધમાં, તે કહી શકાય તેમ નહોતું. સાંજ પડયા પહેલાં મામા મામી ફરી આવવાનાં હતાં.

આ બધી હકીકત ભારતીએ ભાભીને મોંએથી સાંભળી હતી.

આ બાબતમાં પોતાનો અંતરાત્મા શું કહે છે, તે જાણવાનો ભારતીએ પ્રયત્ન કર્યો, પણ તેના અંતઃકરણ તરફથી તેને જવાબ જ ન મળ્યો.

થોડીવાર પછી મામા મામી આવવાના હતાં. ભાઈ ભાભી તેમના આવાસમાં ઉપલા મજલામાં હતાં: માતાપિતા ઘરમાં હતાં, ભારતી એક પુસ્તક વાંચી રહી હતી.

એકાએક તેણે બાજુમાં આવેલા બે મજલાના મકાનમાંથી ધુમાડા નીકળતા જોયા. નીચે કેટલાક સ્ત્રીપુરુષો ઊભાં હતાં. ભારતી ઉતાવળથી નીચે ઉતરી આવી.

ઉપરથી ચીસ આવતાં જ ભારતી મજલા પર જવા દોડી. નીચે ઊભેલી એક સ્ત્રીએ તેને અટકાવતાં કહ્યું: “ આગ ઘણી છે, જશો નહિ. ”

ભારતીએ તેનું ગણકાર્યું નહિ.

મકાનમાં રહેનારાં લગભગ બધ જ બહાર નીકળી આવ્યા હતાં. બીજા મજલાની એક ઓરડીમાં રહેતી એક સ્ત્રી આગ લાગ્યા પૂર્વે ક્યાંક બહાર ગઈ હતી, હજીસુધી તે પાછી ફરી નહોતી. તેની બે છોકરીઓને બહાર ખેંચી લઈ બચાવવાનું કોઈને સૂઝે તે પહેલાં જ તેમની ચીસો નીચેનાં માણસોને કાને આવી હતી.

ભારતી સળગતા દાદર પર થઈ ઉપર આવી, ઓરડીમાં દાખલ થઈ. બંને બાલિકાઓ ભારતીને વળગી પડી. ભારતીએ ઓરડીમાં ચોમેર કાંઈક શોધવા માંડયું. એક મિનિટ પણ મોડું થાય તે ઠીક ન લાગવાથી તેણે એક જાડું કપડું બંને છોકરીઓના શરીર પર વિંટાળ્યું અને ઝડપથી રસીવડે બંને છોકરીઓને મજબુત રીતે બાંધી તેણે બારીએથી નીચે ઉતારી દીધી.

નીચે ઊભેલા માણસો આશ્ચર્ય પામ્યા. તેઓએ છોકરીઓના અંગ પર બાંધેલી રસી છોડી નાખી. ભારતીએ ઝડપથી તે રસી પાછી ઉપર ખેંચી લીધી.

"જલ્દી બહાર આવો, બહેન! આગનું બળ ખૂબ વધી ગયું છે."

બંબાગાડી આવતી હોય એવી ઘંટડી વાગવા માંડી હતી. સહિસલામત બચેલી છોકરીઓના અંગને સહેજ ઈજા થઈ હતી. આગની ગરમીથી તેમના શરીરને અસર થયા વગર પણ રહી નહોતી. છતાં તેમનું જીવન બચી ગયું છે એમ ચોક્કસપણે કહી શકાતું હતું.

બારીના નકુચામાં રસી પરોવી ત્વરાથી ભારતીએ બે ગાંઠ વાળી. તેણે એ રસી વાટે નીચે ઉતરવાનો યત્ન કર્યો. આગનું જોર વધી જવાથી રસી, બારી અને તે પોતે–ત્રણે નીચે જમીન પર તૂટી પડયાં.

નીચે ઊભેલાં લોકો તેની પાસે દોડી ગયાં, તેને બધાંએ મળીને આગના ભડકામાંથી બહાર ખેંચી કાઢી.

વિનયસુખ, વસુમતી તથા તેમનાં પુત્ર અને પુત્રવધૂ પણ બહારની ધમાલ સાંભળી ત્યાં આવ્યાં હતાં.

ભારતીએ ચોમેર નજર કરી. પોતાના વડિલોને ઓળખતાં એટલું જ કહ્યું: "હું મારું કર્તવ્ય કરી શકી છું. આજે હું નિર્વાણ પામું છું."

પછી તેણે પોતાના વડિલોને બે હાથ જોડી વંદન કર્યાં. ભાઈ, ભાભી, માતાપિતા વગેરે ભારતીના આનંદિત ચહેરા સામું જોતાં હતાં. તેમણે ક્યાંય સુધી જોયા જ કર્યું.

*

પારકાની બે છોકરીઓને બચાવવા જતાં ભારતીએ પ્રાણ ખોયો, આ વાત ચારે તરફ પ્રસરવા માંડી. વીસ પચ્ચીસ મિનિટમાં તો જાહેર કાર્યકર્તાઓ, પોલીસ અમલદારો અને વર્તમાનપત્રોના કાન સુધી પહોંચી ગઈ. બીજે કોણ જાણે ક્યાં ક્યાં સુધી આ બલિદાના ખબર પહોંચ્યા હશે!

ભારતીના પુનર્લગ્ન કરવાનો નિશ્ચય કરી બેઠેલાં મામા મામી જ્યારે સાંજ શરૂ થતાં પહેલાં વિનયસુખના ઘરમાં આવ્યાં ત્યારે તેમણે શું જોયું? શું અનુભવ્યું? એમના અંતઃકરણમાં હંમેશ માટે સ્થપાઈ રહે એવી એક પ્રતિમા.

મૃતદેહને સ્મશાન તરફ લઈ જવામાં આવ્યો. રસ્તામાં એક અતિ જાણીતો પુરુષ પોતાના માથા પરના સફેદ વાળ પર હાથ ફેરવતો બોલ્યો: "હું એ દેવકન્યાને ઓળખતો હતો — આજે વધારે ઓળખતો થયો."

પ્રવાસેથી પાછા ફરેલા પંડિતજી સર્વની સાથે જવા લાગ્યા. ઘણા માણસો અને ભારતીના મામા સાથે તે વાતો કર્યે જતા હતાં.

સ્મશાનમાં ઘણા સ્નેહીઓ આવ્યા હતા. દૂરથી ઉતાવળે આ તરફ આવતા સન્યાસી જેવા માણસને જોતાં જ મામા બોલ્યા:

"સ્વામી પ્રકાશાનંદ સુધી ભારુના અંતની ખબર પહોંચી લાગે છે."

સ્વામીજીએ જ્યારે બળતી આગમાં કાંઈક ખોળતા હોય તેમ નિરીક્ષા કરવા માંડી ત્યારે પંડિતજી બોલ્યા:

"શું શોધો છો, સ્વામીજી."

સ્વામીજીએ જવાબ દીધો: "મારા નલિનની વહૂને."

સૌએ સ્વામીજીના મોં સામે વિસ્મિત નેત્રે જોયું. ચિતા ભડભડ બળ્યે જતી હતી.

સ્વામીજી જડ પુતળાં પેઠે આગના ભડકા અવલોક્યે જતા હતા.

કેટલીયે વાર પછી તેનાં નેત્રો ભીંજાયેલાં જણાયાં.

ભાઈએ ઓચિંતી ચીસ પાડી: "ભારુ! બહેન."

કોણ જવાબ આપે?

ભાનુમતિનો ભ્રમ

રમણીકરાય અ. મહેતા.

[૧]

ભાનુ સ્વયંસેવિકાસંઘમાં જોડાઈ. અમરેશને આ વાતની ખબર પડતાં તેની છાતી ગર્વથી ફુલાવા લાગી, તેના આનંદની સીમા ન રહી. તેને એમ થયું કે ક્યારે ભાનુને ત્યાં જઈ તેને મુબારકબાદી આપું. આખરે તેનાથી રહેવાયું નહીં અને તે ભાનુને ત્યાં પોતાના મનનો ઉલ્લાસ જણાવા ચાલી નીકળ્યો.

ભાનુ પોતાના દિવાનખાનામાં એક નૉવેલ વાંચતી બેઠી હતી. અમરેશ દિવાનખાનામાં દાખલ થયો અને મોટેથી બોલી ઉઠયો–" હલો."

ભાનું ચોંકી. તેણે કહ્યું—" અમરેશ! શું છે? આટલે મોટેથી બોલવાનું કારણ—"

" કારણ? કારણ એ કે તમે સ્વયંસેવિકાસંઘમાં જોડાયાં સાંભળી મને આનંદ થયો છે. હું તમને મુબારકબાદી આપવા આવ્યો છું." અમરેશે કહ્યું.

"એવો તો શો મેં મોટો વાઘ માર્યો છે?"

"વાઘ નહીં, પણ, તમો સ્વયંસેવિકાસંઘમાં જોડાશો એવું મેં સ્વપ્ને પણ ધાર્યું ન હતું."

"કારણ?" ભાનુએ પૂછ્યું.

"કારણ તો ઘણાં છે. એક તો પરીક્ષાનો સમય પાસે આવ્યો છે. બીજું એ કે તમને તેમ કરવાની સલાહ ભાગ્યે જ કોઈ આપતે."

"વાત ખરી છે, મને પણ એમ થતું હતું કે બે મહિનાની ખાતર આખા વર્ષની મહેનત શા માટે બરબાદ કરવી? ઉપરાંત મહેશની દલિલ પણ મને તો વ્યાજબી લાગે છે. તેના કહેવામાં ઘણું તથ્યાંશ છે. તેનું કહેવું ઘણીવાર એવું તો મર્મભેદક હોય છે કે તીરની માફક દિલની આરપાર સરી જાય છે."

"કહ્યું, કપાળ! એ શું કહેવાનો છે, વેદિયો ઢોર છે." વાત ઉડાવવાની બીકથી અમરેશે કહ્યું, "તેનામાં કોડીની અક્કલ બળી હોય તોને? વારૂ, પણ હવે ચાહનો હુકમ કરશો કે?"

ભાનુના મુખ પર હાસ્યની છટા ખેલવા લાગી, તે ખૂરશી પરથી ઊઠી, અને બોલી.

"હું ચાહનું ભટને કહી આવું. તમે બેસો."

ભાનું બીજા ખંડમાં ચાલી ગઈ. અમરેશ મનમાં વિચાર કરવા લાગ્યો—"હજી મહેશનો મોહ તેના મનમાંથી ગયો નથી. જ્યાં સુધી તેના મનપર મહેશની છાપ છે ત્યાં સુધી તે કદાપિ મારી થનાર નથી. ગમે તેમ કરી મહેશની અસર તેના મન પરથી ભૂંસી નાંખવી જોઈએ."

ભાનુ શ્રીમંતની એકની એક દીકરી હતી. તેના પિતા અનુપરામે મેંગેનીઝની ખાણોમાં સારો પૈસો પેદા કર્યો હતો. પહેલાંના વખતમાં એ ધંધામાં જ્યારે તીવ્ર સ્પર્ધા ન હતી ત્યારે એટલો પૈસો પેદા કર્યો હતો કે શ્રીમંતોમાં તેની ગણના થતી હતી. વેપારને અંગે તેને ઘણા માણસોના પ્રસંગમાં આવવું પડયું હતું. નસીબમાં ફેરફાર થવાની સાથે તેની રીતભાત અને રહેણીકરણીમાં પણ ફેરફાર થયો હતો. ઘરમાં સુધારો દાખલ થયો હતો. રહેવાને પ્રશસ્ત બંગલો અને ઘેર નોકરચાકર હતા. તેમની રહેણીકરણી સુધરેલી ઢબની થવા માંડી હતી. અનુપરામની પત્નીમાં જૂના સંસ્કાર હતા, પણ પતિદેવના નિત્યના ટકટકથી તે ઘસાવા માંડયા હતા. વ્રત અને અનુષ્ઠાનો પર ઝાઝું લક્ષ્ય નહતું. પતિરાજ પોતાની પત્ની નીરૂને કહેતા હતા કે, "લોકો વ્રત અને અનુષ્ઠાન શા માટે કરે છે? પૈસાને માટે કે સંતતિ માટે. વ્રત કરવામાં શરીર શોષવી નાંખે છે. આજ લક્ષ્મીપૂજા, કાલે શિવરાત્રી, પરમ દિવસે સત્ય-નારાયણની કથા, આજ હરતાળિકા ને કાલે કાજળી એમ વ્રતમાંથી ઉંચા આવતા નથી. આપણને સહજ મહેનતે એટલું ધન મળ્યું છે કે ત્રણ પેઢી બેસી બેસીને ખાયતો પણ ખૂટે નહીં. માટે ખાલી વલોપાત શા માટે કરવો! વારુ, ઉપરાંત પ્રતિષ્ઠિત માણસોમાં આપણી ગણના થાય છે માટે તેઓ જે રીતે ચાલે તે રીતે આપણે ચાલવું, હરવું, ફરવું. પાલવે જઈ શીતળ સમિરનું સેવન કરવું ઉપરાંત કેટલીક સંસ્થાઓમાં જોડાવું. ખર્ચને માટે તો કંઈ બીવાનું નથી. પણ લોકમાં નામના થાય તેમ કરવું."

સ્ત્રીજાતિનું મન સ્વાભાવિક રીતે કોમળ હોય છે. આરામ

પ્રિય હોય છે, તેમાં ધણીનો ઉપદેશ, પછી કહેવું શું, ? બીજું એ પણ હતું કે નીરૂનો સ્વભાવ લજ્જાશીલ હતો. તે ઝાઝું ભણી ન હતી. તેથી પતિરાજની દલિલનો સામનો કરી શકતી ન હતી. પતિ કહે તે પરમેશ્વર એમ સમજી ધીરે ધીરે તેણે કહેવાતા જૂના કુસંસ્કારોને તીલાંજલી આપી દીધી હતી અને નવીન સંસ્કારની રીતથી તે ગૃહસંસારનું નાવ ચલાવતી હતી.

ભાનુ તેમની એકની એક કન્યા હતી. તે સુધારાના ઝંઝાવાતમાં ઉછરી હતી. તારુણ્ય આવતાં તે કોલેજનું ઉચ્ચ શિક્ષણ ગ્રહણ કરતી હતી. ઘરમાં નવીન ઢબની રીતભાત, કોલેજના ઉચ્ચ શિક્ષણના પ્રભાવથી તેનામાં એક પ્રકારની છૂટ હતી, તે કોલેજના સહાધ્યાયીઓ સાથે છૂટથી ભળતી, મેળાવડામાં ભાગ લેતી, કોલેજના વાર્ષિક સંમેલનમાં અભિનય પટુતા દાખવતી હતી. કે મિજલસમાં મિષ્ટ કંઠથી સંગીતની સુધા ચખાડતી હતી. ઉપરાંત તે તરુણસંઘની સભ્ય હતી. આમ ભાનુની પ્રવૃત્તિ અનેકવિધ હતી.

અનુપરામના દિવાનખાનામાં ત્યારે મજલીસ જામતી કોલેજના તરુણો સાથે ભાનુ વાદવિવાદમાં ઉતરતી ત્યારે અનુપરામનું હૈયું હર્ષથી છલકાઈ જતું હતું આ મિજલસમાં ' પોલીટીકસ ' અને સમાજ સુધારા પર તર્કવિતર્ક થતા હતા, ભાનુ નવા સંપ્રદાયની પક્ષપાતી હતી, કેટલીકવાર તે એવી તો સબળ દલિલ કરતી હતી કે સામાને સ્હેજમાં મ્હાત કરતી. આ મિજલસમાં બે જણુ હંમેશ આવનાર હતા અને તેઓ લગભગ ઘરના જ માણસ લેખાતા હતા. એક અમરેશ અને બીજો મહેશ.

અમરેશના પિતા કૃષ્ણલાલ જાગીરદાર હતા, અનુપરામની

મેંગેનીઝની ખાણો તેમની જાગીરની પડોશમાં નીકળી હતી. આથી કૃષ્ણુલાલને અને અનુપરામને ગાઢ સંબંધ હતો. થોડા જ સમયમાં કૃષ્ણુલાલનું મૃત્યુ થયું અને કૃષ્ણુલાલની વિધવા અને અમરેશની ખબર અંતરનો ભાર અનુપરામને માથે પડચો હતો.

મહેશના પિતા મનુભાઈ કૉલેજમાં અધ્યાપક હતા. અનુપરામના આગ્રહને વશ થઈ તે ભાનુને શિક્ષણ આપવા આવતા હતા. તેઓ તેમના ઊત્તમ ગુણ, સંસ્કારિતા અને ઊજ્જવલ ચરિત્રને લઈ કુટુમ્બપ્રિય થઈ પડચા હતા. ભાનુ પર તેમનો સદ્ભાવ હતો અને તેઓ તેને પોતાની પુત્રી લેખતા હતા, ભાનુનો નવા મતનો મોહ ઘણીવાર તેઓ તર્કથી ભાંગતા હતા. અને કેટલીકવાર ભાનુને તેમનું કહેવું માન્ય કરવું પડતું હતું. ભાનુની હોંશિયારી જોઈ તેઓ મનમાં ઘણા પ્રસન્ન થતા હતા. અને અનુપરામને કહેતા હતા કે છોકરીનું હૃદય પવિત્ર છે. ભાનુને કૉલેજમાં ઊચ્ચ શિક્ષણ લેતી જોયા પછી મનુભાઈ આ લોક છોડી પરલોકવાસી થયા. આથી મહેશને પણ એક કુટુમ્બીજન તરીકે અનુપરામ લેખવા લાગ્યા. તેમના પિતાની સેવા અને લાગણીનો વિચાર કરી તેઓ મહેશને પણ મમતા પાત્ર લેખવા લાગ્યા, મનુભાઈ જો કે ઘણી સાદાઈથી રહેનાર હતા છતાં તેમને ત્યાં કોઈ પણ જાતનો અભાવ ન હતો. કોઈની મદદની અપેક્ષા વગર તેઓ પોતાનો સંસાર નિર્વાહ ચલાવતા હતા. આ પ્રમાણે અમરેશ અને મહેશને અનુપરામ જોડે કુટુમ્બવત્ સ્નેહ હતો.

અનુપરામના બન્ને મિત્રો આ લોકમાંથી વિદાય થયા પછી તેમનો વારો આવ્યો. તેમણે કેટલીક મોટાઈની કલ્પના કરી હતી તે તેમના મનમાં જ રહી ગઈ અને કાળનું તેડું

આવ્યું. કાળના તેડાની કોઈથી અવગણના થઈ નથી તો અનુપરામથી કેમ થાય ! અંતકાળ વખતે પત્ની નીરૂને કહેતા કે ઊત્તર અવસ્થામાં હરિભજન કરીશ. પણ મનની મનમાં રહી ગઇ. ઘરની સંભાળ અને ભાનુની કાળજી ઘેર આવનારને રાખવાનું કહી, તેઓ પણ એક દિવસે આ ફાની દુનિયા છોડી ગયા.

આ ઘટનાને બે વર્ષ વીતી ગયાં. અનુપરામ બુદ્ધિશાળી માણસ હતા. તેઓ પોતાની મિલ્કતની વ્યવસ્થા એક સોલી-સીટરની સહાયથી એવી રીતે કરી ગયા હતા કે વિધવા નીરૂને કે કુમારી ભાનુને કોઈ પણ જાતની ઊણપ નથી. તેમનો સંસાર પૂર્વવત્ ચાલ્યા કરે છે. ભાનુનું શિક્ષણ પણ પહેલાંની માફક જારી છે. અમરેશ અને મહેશ પણ પહેલાંની માફક આવ્યા કરે છે.

[૨]

દેશમાં અસહકારનો પવન ફુંકાવા માંડ્યો હતો. ઘણાંય માણસોના મન વિચારના વમળમાં ગોથાં ખાતાં હતાં; કારણ, એ હતું કે અસહકારની ઝાંખી પણ રૂપરેખાનું તેમને ભાન ન હતું. અમરેશ બી. એ. ની પરીક્ષામાં બેસવાનો હતો. પરંતુ અસહકારનો પવન જોરથી ફુંકાતાં સહુથી પહેલો તે તેમાં જોડાયો. તેણે કૉલેજમાં જવાનું બંધ કર્યું અને દેશની ચળવળમાં ભાગ લેવા લાગ્યો. યુવકો તેના પર પ્રશંસાના પુષ્પો વેરવા લાગ્યાં.

ભાનુ જુનિયર બી. એ. માં હતી. એક દિવસે ત્રણેજણ ભાનુને ત્યાં ભેગાં થયાં, અમરેશના આત્મત્યાગની વાત સારી કૉલેજમાં થતી હતી ભાનુ પણ અમરેશના કાર્યથી અંજાઈ

ગઈ હતી. તે એકાએક બોલી ઊઠીઃ—

"હું પણ કૉલેજને બોયકૉટ કરીશ."

અમરેશ પ્રફુલ્લ નયને તેના સામું જોઈ રહ્યો. મહેશ બોલી ઊઠયો.

"રોષ બધો કૉલેજ પર ઉતર્યો લાગે છે. ભાનુ, કૉલેજે એવું શું બગાડયું છે?" મહેશના જવાબમાં અમરેશે એક લાંબુ ભાષણ કર્યું. મહાત્મા ગાંધીનો આદેશ, સત્યાગ્રહીઓનો કારાવાસ, દેશની દુર્દશા, યુવાનોની ફરજ, જનની જન્મભૂમિ પ્રત્યે તેમની ફરજ, વગેરે આવેગપૂર્ણ ભાષામાં એ બધું અભિનયથી જણાવ્યું. કોઈ વિજયીવીરની માફક ભાનુ સતૃષ્ણ નયને તેની સામું જોઈ રહી.

મહેશે કહ્યું, "બધુંય ખરૂં પણ કૉલેજ શા માટે છોડવી તે વિષે કંઈ કહ્યું નહીં."

ભાનુ વચ્ચેજ બોલી ઊઠીઃ "કેમ નહીં. અમરેશના કહેવામાં બધુંય સમાઈ જાય છે. અત્યારે કામ કરવાનો વખત છે. વાતો કરવાનો વખત નથી. કૉલેજમાં પ્રોફેસરના ભાષણો સાંભળી 'નોટ્સ' લખવાનો હમણાં સમય નથી. બધાયે કૉલેજનો બોયકૉટ કરવી જોઈએ."

"મહેશે કહ્યું" હમણાં તો મને એમ જણાતું નથી.

"તમે આંધળા કે અબુધ છો" ટેબલપર જોરથી હાથ પછાડી અમરેશે કહ્યું.

"કદાચ તેમ પણ હોઊં." મહેશે ટૂંકમાં પતાવ્યું.

અમરેશના મગજનો પારો ઉંચે ચઢી ગયો હતો. તેણે રોષમાં કહ્યુંઃ–"નહિ, નહિ તું દેશદ્રોહી છે."

"પોતાના મનને પ્રતિકુળ હોય તે સર્વને દેશદ્રોહી કહેવા

એ મહા અન્યાય છે." મહેશે પ્રત્યુત્તર વાળ્યો.

"તો શું દેશમાં બધાય મૂર્ખ છે?"

"બધાની વાત શામાટે કરો છો? અસહકારમાં બધાયે સાથ દીધો નથી." મહેશે રોફમાં કહ્યું.

"બધાયે સાથ દીધો નથી એટલે અમે ઉપાડેલું કાર્ય મહાન નથી, પવિત્ર નથી કે ઉદ્દાર નથી એમ સિદ્ધ થતું નથી."

"એતો અમરેશ તારે સિદ્ધ કરી બતાવવાનું છે."

"તો અત્યાર સુધી શું કર્યુંઃ ખાલી બકવાટ સમજો છો? અમરેશે કહ્યું."

"બકવાદ હો વા નહો પણ શિક્ષણ લેવાનું બંધ કરવાથી દેશને શું લાભ થવાનો છે તે સિદ્ધ કરી બતાવ્યું નથી." જો બધા જ શાળા છોડી દે તો લોકશિક્ષાનું શું થાય! દેશના સંતાનો અજ્ઞાણ રહે તેનું શું? તેમને શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ કે નહીં એ સંબંધી કંઈ પણ તું જણાવી શક્યો નથી.

"હા, હા, અમરેશ બધાંય શાળા કે કૉલેજમાં જવાનું છોડી દે તો તેમનું શું થાય એનો વિચાર કરવાની જરૂર છે." ભાનુ વચ્ચમાં જ બોલી ઊઠી.

"અત્યારે તેનો વિચાર કરવાની જરૂર નથી. દેશની સ્થિતિ થાળે પડશે એટલે આપોઆપ એનો વિચાર થશે. ત્યારે દેશમાં યુદ્ધની સ્થિતિ વ્યાપ્ત છે ત્યારે આનો કોઈ વિચાર કરતું નથી. અત્યારે તો આપણે અત્યારનો પ્રસંગ સંભાળી લેવાનો છે. લોકો દરિદ્રતામાં પીડાય છે. ઘણાને પેટપુર ખાવા અન્ન મળતું નથી. દેશનો પૈસો વિદેશ ઘસડાઈ જાય છે. આપણા ઉદ્યોગોનો નાશ થાય છે. આવી વખતે આપણે

આપણા ઉપજીવિકાના સાધનરૂપ કેળવણી મળી તો શું ને ન મળી તો શું ? એથી દેશનું દળદર ફીટવાનું નથી."

"હું સ્વીકાર કરૂં છું. આપણા દેશમાં અત્યારે ઘણા ક્ષેત્રોમાં કામ કરવાનું છે. પણ તેને માટે પ્રાથમિક તૈયારી અને યોગ્યતા સંપાદન કરવી જોઈએ છે." મહેશે જવાબ વાળ્યો.

"એ બધું કામ ન કરવાનાં બાહાનાં છે. હાથમાં લીધું કામ શીખતાં શીખતાં યોગ્યતા આપોઆપ આવી જાય છે.

ભાનુએ વચ્ચમાં પૂછ્યું:—"વારૂં, તો મહેશ ! તમે કૉલેજ છોડશો કે નહીં ?"

"શા માટે છોડું ? અત્યારે તેમ કરવું મને ઠીક લાગતું નથી." મહેશે દ્રઢતાથી જવાબ આપ્યો.

"મારે માટે તમને શું લાગે છે ? હું કૉલેજ છોડીશ કે નહીં ?"

"કૉલેજ છોડશો કે નહિ તે તો ભવિષ્યની વાત છે. ભવિષ્યનું જ્ઞાન ઈશ્વરે મનુષ્યને આપ્યું નથી. તમારે માટે હું એટલું કહી શકું કે કેવળ ભાવનાને વશ થઈ કૉલેજ છોડવામાં સાર નથી. એથી તમારા ઉજળા ભવિષ્યને હાની પહોંચશે એમ મારું માનવું છે."

ભાનુએ કંઈ જવાબ આપ્યો નહીં.

એટલામાં બહારથી કોઈના ગીતનો અવાજ સંભળાયો કે

"સરફરોશીકી તમન્ના અબ હમારે દિલમેં હય.
દેખના હૈ જોર કિત્ના બાજુએ કાતિલમેં હય."

અમરેશ બોલી ઊઠયોઃ "સાંભળ્યું કે મહેશ એ શું કહે છે તે ?"

"હા, તમન્નાની વાત કરે છે. તમન્ના એટલે આશા.

સારા કામની આશા કોને નથી હોતી? આશા પોષવી એ એક વાત છે. તેને યોગ્યતા સંપાદન કરી બલિદાન માટે તત્પર થવું એ બીજી વાત છે."

"કોલેજમાં, લેકચરો, સાંભળવાથી એ યોગ્યતા આવશે. નહિ વારૂં ?" અમરેશે કહ્યું.

"વળી અર્થનો અનર્થ કર્યો કે? મારૂં એમ કહેવું નથી. દેશની ઉન્નતિ દેશના યુવકોના હાથમાં છે. પરંતુ તેને માટે તેમણે યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ. ઉત્સાહ કે આવેશમાં આંધળિયાં કરવાથી કાર્ય સાધી શકાતું નથી." અમરેશ ચૂપ રહ્યો.

આ પ્રમાણે ભાનુના દિવાનખાનામાં બપોરે મિજલસ જામતી હતી. ત્રણે જણ અનેક પ્રકારનાં તર્ક વિતર્ક કરતાં હતાં, વિવિધ વિષયો ચર્ચાતા હતા. અમરેશની વાક્છટા, ઢોળાઈ જતો ઉત્સાહ વાદવિવાદ, કરતી વખતનો મનોરમ અભિનય. તેનો સુંદર પોશાક, માથા પરના હોળી સ્થિર કરેલા વાળ અને મનોહર મુખમુદ્રા ભાનુના દિલપર અનેરી અસર જમાવતાં હતાં. જ્યારે મહેશનો સુડોળ મને મજબૂત શરીરનો બાંધો, પાણીદાર આંખો અને તેની તર્ક કરવાની કુશળતા; જ્યારે અમરેશની દલિલોને છિન્નભિન્ન કરતી હતી ત્યારે તે તર્ક રૂપી છરી ભાનુના દિલમાં કટારની માફક ખોસાઈ જતી હતી.

[૩]

ભાનુએ કોલેજને છોડી નહીં એટલું જ નહીં પણ બીજી છોકરીઓ કોલેજ છોડવા તૈયાર હતી તેને પણ તેમ કરતાં

સમજાવીને રોકી રાખી. આ .વાત અમરેશને કાને આવી એટલું જ નહીં પણ મહેશે પણ તે જાણી.

અમરેશને આથી એક પ્રકારનો ક્રોધ આવ્યો અને રોષના વેગમાં તે સત્યાગ્રહમાં જોડાયો. ભાનુ આ ખબર સાંભળી મનમાં હસી.

તેજ દિવસે બપોરે અમરેશ પોતાની બડાઈના સમાચાર સંભળાવવા ભાનુને ત્યાં આવ્યો. અને વાતવાતમાં કહ્યું કે, "મેં પ્રમુખને વિનતી કરી છે કે જે સ્થળે ચકમક જામવાની હોય ત્યાં મને મોકલવો. પ્રમુખે મારી માગણીનો સ્વીકાર કર્યો છે ને કહ્યું કે કાલે મને મળજો."

"ચકમક જામે તે સ્થળે જઈને શું કરશો. ?" ભાનુએ કહ્યું.

"ભાનુ, તું પણ મહેશની માફક પ્રશ્નો જ કર્યા કરે છે. આ પ્રશ્નો કે મિમાંસા કરવાનો વખત નથી. ખાવુંપીવું, સીનેમા જોવા કે નાટકની ચર્ચા કરવાનો આ વખત નથી. ત્યાં ગયા પછી જે કામ કરવાનું હશે તે કરીશું. જેવી બુદ્ધિ સુઝશે તે પ્રમાણે વર્તીશ."

આ સાંભળી ભાનુના મનમાં એક પ્રકારનો ઉત્સાહ સ્ફુર્યો. તેના મન આગળ સ્વપ્નની માફક દેખાવ ખડો થયો કે વિશાળ માનવમેદની કાયદા ભંગ માટે એકત્ર થઈ છે. પોલીસ લાઠી ચલાવી રહી છે. યુવાનો સામો પ્રતિકાર કર્યા વગર હર્ષથી માર ખાય છે. પળવાર પછી હર્ષના આવેગમાં તેણે કહ્યું: "મારો પણ વિચાર સત્યાગ્રહમાં જોડાવાનો થાય છે. મને દાખલ કરશે ખરા કે ?"

"શા માટે નહિં. ઘણી જ ખૂશીથી. કેળવાયેલી યુવતિઓની તો ખાસ જરૂર છે." આનંદ દિપ્ત વદને અમરેશે કહ્યુ.

૧૦

ભાનુના ચ્હેરા પર આનંદની છટા ખેલવા લાગી. થોડીવાર પછી અમરેશે કહ્યું:—

"આવા કાળમાં કેળવાયેલી સ્ત્રીઓએ સાથ આપવો જોઈએ. જ્યાં સુધી તેઓ સક્રિય સહાય નહીં આપે ત્યાં સુધી દેશનો ઉદ્ધાર નથી. એ દિલગીરીની વાત છે કે આપણે ત્યાં સ્ત્રીઓને ઘરમાં જ ગોંધી રાખે છે. ચૂલો અને છોકરાંની સંભાળ સિવાય તેમને બીજું કર્તવ્ય છે, એમ કોઈ લેખતું જ નથી."

આ પળે મહેશ અંદર આવ્યો. અમરેશના વાક્યના કેટલાક શબ્દો તેના કાન પર પડ્યા હતા. તેણે આવી ખૂરશી પર બેઠક લેતાં અમરેશને પૂછ્યું:—

"અમરેશ, શું કહ્યું?"

અમરેશે જવાબ દીધો નહીં પણ ભાનુ બોલી ઊઠી:—

"અમરેશ કહે છે કે બીજા દેશની સ્ત્રીઓની પેઠે આપણા દેશની સ્ત્રીઓને સ્વાતંત્ર્ય નથી. આપણે તેમને ઘરની ચાર દિવાલની વચ્ચે ગોંધી રાખીએ છીએ. ચૂલો કે છોકરાંની સંભાળ સિવાય બીજું કંઈ કર્તવ્ય તેમને છે એમ માનતા નથી."

"જો એમ હોય તો એ એક પ્રકારનો ભ્રમ છે. કોણ કહે છે કે આપણી સ્ત્રીઓને સ્વાતંત્ર્ય નથી?"

અમરેશ મોટેથી બોલી ઊઠ્યો:–"હું કહું છું, બધાય કહે છે. સ્ત્રીઓની મૂક્તિની આડે પુરુષોનો સ્વાર્થ આવે છે. પોતાના સ્વાર્થને લઈને સ્ત્રીજાતિને પરાધીનતાની શૃંખલામાં જકડી રાખી છે. સર્વ વિષયમાં પરાધીન રાખી છે. પૈસાની બાબતમાં પણ તેમ, શરીરના આરોગ્યમાં પણ એમ, ઘર એજ એની દુનિયા અને એજ એનું સ્વર્ગ.

બીજા દેશમાં સ્ત્રીઓને કેટલું સ્વાતંત્ર્ય છે! આપણે ત્યાં તો તેમને સમાજ હક્કની વાત તો બાજુએ રહી પણ તેમને હક્ક આપવાની જ ના કહે છે. આપણો મહાન સ્મૃતિકાર મનુમહારાજ સ્ત્રીઓને શિર કેટલા દોષ લાદે છે. અનૃત, સાહસ, માયા વગેરે.

ભાનુના મનમાં વિચારોના ખળભળાટ થવા લાગ્યા. તેના મનમાં પુરુષ જાતિપર એક પ્રકારનો દ્વેષ ઉદય થયો. તેને એમ થયું કે પુરુષ જાતિપર એનો બરાબર બદલો લેવો જોઈએ. મહેશ અત્યાર સુધી ચૂપ હતો તેણે કહ્યું.

"અમરેશ ! જે મહાન સ્મૃતિકારને તું સ્ત્રી જાતિનો વિરોધી સમજે છે તેજ સ્મૃતિકારે શું નથી કહ્યું કે × "જ્યાં નારીઓનું પૂજન થાય છે ત્યાં દેવતાઓ રમે છે ?"

સ્ત્રીને માટે આપણી ભાષામાં જે શબ્દ છે તે શું સૂચવે છે ? સ્ત્રીને માટે એક શબ્દ છે 'અર્ધાંગી' અડધું અંગ, નહિ પા કે પોણું, આપણે પાશ્ચાત્યોની પેઠે તેને better half કહેતા નથી. સ્ત્રીઓને અધિકાર નથી ? દરેક ઘરમાં જાવ, નજર કરો કે સ્ત્રીઓ કેટલું પ્રભુત્વ પતિપર ભોગવે છે. ઘરની તિજોરીઓની ચાવીઓ તેમની પાસે હોય છે. સંસારના કામમાં પુરુષવર્ગ ભાગ્યે જ તેમની સામે માથું ઉચકે છે. કોણ કહે છે તેઓ દાસીઓ છે ? તેઓ ઘરની રાણીઓ છે. હું તો ઘણા કુટુંબોમાં ભમ્યો છું. ઘણાં ઘર જોયાં છે. હિંદુઓ અને મુસલમાનમાં કોઈ સ્ત્રીને દાસી લેખતું નથી. બીજી બધી વાત જવા દો. અમરેશ ! તારી માતાને મરી ગયે ભાગ્યે જ ચાર વર્ષ થયાં હશે. તું જ કહે તારા પોતાના ઘરમાં તારી માતાનું

× यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः

શું સ્થાન હતું? શું તારી પુજ્યમાતાને સ્વાતંત્ર્ય નહતું? કેટલો તેનો અધિકાર હતો?"

ભાનુ મુગ્ધ ચીત્તે આ સાંભળી રહી હતી. અમરેશના ઘરની વાતનો ટોણો તેને અસરકારક જણાયો.

અમરેશ ગાંજ્યો જાય તેવો નહતો. તેણે કહ્યું:–"મારી મા? મારી માતો એક દેવી હતી. માન્યું કે સ્ત્રીઓને સ્વાતંત્ર્ય છે. પણ પૈસાની બાબતમાં આપણે તેમને પરાધીન નથી રાખતા?

"શી રીતે? પુરુષ ચોવિશ કલાક ચાકરી કરે છે. મીલમાં રાતપાળી કરે છે. સવારથી સાંજ સુધી બેલની માફક વૈતરું કરે છે. શા માટે? પોતાના પેટની ખાતર? નહિ. પોતાની સ્ત્રી અને છોકરાંનાં સુખને માટે, સ્ત્રીને દરદાગીના પહેરવા મળે, તેને પોતાની અવસ્થા પ્રમાણે કોઈપણ પ્રકારની ન્યૂનતા ન જણાય તેને માટે. પારકાની સેવા, કઠોર વચનો, કે ગાળગલિચ શામાટે સહન કરે છે? સ્ત્રીને માટે જ."

અમરેશે આટલેથી પરાજય માન્યો નહીં. તેણે ઉત્તેજનાથી કહ્યું:–"કબૂલ, પણ સ્ત્રીને પૈસાને માટે આધારતો પુરુષ પર રાખવો પડે છે ને? આ શું સ્ત્રીઓને માટે ગૌરવનો વિષય છે? એના કરતાં એ નોકરી કરી પૈસા મેળવે તો સ્વાધીનતાથી જીવન ગુજારી શકે."

"વાહવાહ! ખૂબ કહી" મહેશે મજાકના સ્વરે કહ્યું. જ્યાં સ્ત્રીઓને ચાકરી કરવી પડે છે ત્યાં તેના કેવા હાલ થાય છે તે શું અમરેશ, જણાવવાની જરુર છે કે? યુરેનીયન ટાઈપીસ્ટ ગર્લ્સના જીવનપર માત્ર નજર કરો. તેઓનું જીવન કેવું વિષમ હોય છે? ચાકરી પર નિર્ભર રહી સંસાર ચલાવતા ઘણીવાર તેઓ માલેકને કે ઓફિસના બીજા માણસોને આનંદ

પ્રમોદ કરાવી પૈસા મેળવે છે. કોઈને ખાડામાં ઉતારી તેનો સંસાર બગાડે છે. કેટલીય બીજાની વિષય વાસનાનો શિકાર બને છે, કેટલીક પોતાના શિયળને રાખમાં રગદોળે છે. આ આર્થિક સ્વાતંત્ર્ય કરતાં કુટુંબનું પારતંત્ર્ય હજાર દરજ્જે શ્રેયસ્કર છે. ઘરમાં સ્ત્રીઓનું સન્માન છે, આદર છે, તેમના પ્રત્યે પૂજ્યભાવ છે."

અમરેશ ચૂપ થઈ ગયો. વધારે બોલ્યો નહીં. ભાનુના મનમાં પુરુષ જાતિ પ્રત્યે વિરોધનું વાદળ ઊઠી આવ્યું હતું તે ઉડી ગયું. તેનું મન નિર્મળ આકાશ જેવું થઈ ગયું. અમરેશનું અભિમાન ગળી ગયું. પણ મનમાં તે મહેશની ઈર્ષ્યા કરવા લાગ્યો. તેની આંખોમાં તે સ્પષ્ટ જણાઈ આવતું હતું. તેને થતું હતું કે દુર્વાસા મુનિની માફક જો શક્તિ હોતતો તે મહેશને બાળી નાંખત.

મહેશને એની પરવા નહતી.

[૪]

અમરેશ સત્યાગ્રહી છાવણીમાં દાખલ થયો. પણ ઘણા વખત સુધી કોઈ એકાદ કેન્દ્રમાં જઈ કામ કરવાને માટે કહેણુ આવ્યું નહીં. ભાનુ ઘણીવાર તેને આમ થવાનું કારણ પૂછતી હતી. અમરેશ કોઈને કોઈ બાને વાતને ટાળતો હતો. કેટલીક-વાર એમ કહેતો હતો કે—" મને મોટા કામથી અલગ રાખ્યો છે. નાના કામમાં શું રહ્યું છે? ને કરનાર માટે ક્યાં માણસોનો તોટો છે?"

અમરેશ પોતાના મનમાં સારી રીતે સમજતો હતો. શામાટે કામમાં ઝુકાવવું પડતું નથી. એને માટે કેટલી ચાલાકી અને

કેટલા પૈસા ખર્ચવા પડયા છે. પૈસા હાથમાં હોય તો શું નથી થતું? અમુક રકમો અમુક કાર્ય માટે ભરી કે ઘર બેઠાં બેઠાં દેશભક્ત.

મહેન્દ્ર આ બીનાથી અણુવાકેફગાર નહતો. પણ તે કોઈની આગળ અમરેશની નિંદા કરતો નહતો. તેની સમક્ષ તો શું પણ તેની ગેરહાજરીમાં પણ તેના સંબંધી ચર્ચા કરતો નહીં. કોઈની ખાનગી વાત જાહેર કરવાની તેને ટેવ નહતી.

અમરેશ મનમાં સારી રીતે સમજતો હતો કે ભાનુ મહેશની પક્ષપાતિ છે. ગમે તેટલું કરૂં પણ મહેશ મારી બાજી પર પાણી ફેરવે છે.

તેની તર્કજાળ મારાથી તોડી શકાતી નથી. આથી ભાનુના મનપર તે ધારી અસર ઉપજાવે છે. જો એ કાંટાને દૂર કરાય તો મારું કામ થાય, નહીતો નહીં. એને દૂર કરવો એજ ઠીક છે. આમ તે મનમાં વિચાર કરતો હતો.

ભાનુ એક દિવસ કોલેજમાં ગઈ નહતી. અમરેશને આ વાતની ખબર પડી. બપોરે ભાનુ ઘરમાં બેસી દૈનિક પત્રને વાંચી રહી હતી ત્યાં અમરેશ આવી લાગ્યો. તેનુ સડસડાટ આવવું અને ચહેરાપર ઉશ્કેરાટની એક પ્રકારની છાયા જોઈ ભાનુ ચોંકી અને બોલી ઊઠી – "કેમ, અમરેશ, આજે છે શું?"

"હવે અહીં આવવાનું બનશે નહીં, ભાનુ, આજે હું વિદાય લેવા આવ્યો છું." નિશ્વાસ નાખતાં અભિનય છટાથી અમરેશ બોલ્યો.

ભાનુ તેના કહેવાનો ભાવાર્થ સમજી નહીં. તે તેના ચહેરા સામુ જોઈ રહી. અમરેશે બોલવાનું જારી રાખ્યું "આ ઘર મારે મન મારું પોતાનું ઘર છે. તારા વડિલને અને મારા

પિતાને કેટલો ઘનિષ્ટ સંબંધ હતો ? અહીં આવતાંની વાર કેટલી પુણ્યસ્મૃત્તિ જાગ્રત થાય છે. પણ હવે અહીં આવવાનું બનશે નહીં—"

"શામાટે ! થયું છે શું ? તે તો કહો ?" ભાનુ એકદમ બોલી ઊઠી.

"મહેશનાં કારસ્તાન, બીજું શું ?" અમરેશે કહ્યું. જો તે મારું અપમાન કરત તો તો હું સહન કરત, પણ એ અધમ જ્યાં ત્યાં બધાની સમક્ષ તારા પુજ્ય પિતાનું અપમાન કરે છે.

ભાનુને પગથી માથા સુધી આગ લાગી. તેના ચહેરા પર શ્યામ છાયા છવાઈ. તેની આંખમાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા. તે કંઈ પણ બોલી નહી.

અમરેશ તેના મનનો ભાવ આબાદ સમજી ગયો. અસરતો ઠીક જામે છે સમજી તેણે પોતાનું બોલવાનું પુનઃ શરૂ કર્યું:— "જે દિવસથી તેં કોલેજ છોડી તે દિવસથી તેણે તારી નિંદા કરવી શરૂ કરી છે. તારી નિંદા તો ઠીક, પણ સાથે સાથે તારા પુજ્ય પિતાજીની નિંદા પણ શરૂ કરી છે. મારાથી બધું સહન થાય, પણ જેને હું વડિલ લેખું છું તેવા તારા પિતાની નિંદા હું સાંખી શકતો નથી."

"તે શું કહે છે ?" ભાનુએ પૂછ્યું.

"ઘણુંય કહે છે. તારા પિતા નાસ્તિક હતા. સનાતન ધર્મમાં તેને શ્રદ્ધા નહતી. ઘરમાં શિક્ષણ આપીને છોકરી નહી, પણ એક નટીને કેળવી છે. એવું એવું કહે છે. કોલેજ પ્રો. ભટ્ટની આગળ આવું આવું કંઈ બડબડતો હતો. સાહેબ તો આ સાંભળીને અવાક્ બની ગયા કે આને કહેવું શું ?"

ભાનુ કંઈ પણ બોલ્યા કર્યા વગર આ સાંભળી રહી હતી.

સ્વરે કહ્યું:—

" મહેશ ? મહેરબાની. ફરી આ ઘરમાં પગ મૂકતા ના."

એટલું કહી અશ્રુસિકત ચહેરે પવન વેગે અંદરના ખંડમાં ચાલી ગઈ. મહેશ દિંગમૂઢ બની ગયો. તે ભાનુના અને પોતાના પિતાની છબી સામે કેટલીક ક્ષણ જોઈ રહ્યો. તેનું અંતઃકરણ ગળગળુ બની ગયું. તરત જ પાસે પડેલા ટેબલ આગળ ગયો અને ધ્રુજતા હાથે ભાનુને પત્ર લખ્યો.

ભાનુ,

આજના બનાવની મને સમજ પડતી નથી. જે ઘરની સાથે, ઘરના માણસો સાથે પવિત્ર સ્મૃત્તિ જકડાઈ છે; તે ઘરમાંથી વિદાય લેતાં મારું હૃદય વિદિર્ણ થાય છે. જતાં જતાં એટલું જણાવવાની જરૂર જોઉં છું કે પ્રો. ભટ્ટની સાથે જે વાતોનો પ્રસંગ બન્યો હતો તેમાં તમારે કે તમારા પૂજ્ય પિતા માટે અપમાન કે નિંદા જેવું કશું ન હતું. તેમના પ્રત્યેના મારા પૂજ્ય ભાવમાં કે તમારે માટે જે મને સન્માન છે તેમાં ત્રૂટિ આવે એવું કંઈ કહ્યું નથી. આ વાત સાચી છે કે ખોટી તે પ્રો. ભટ્ટ ને પૂછી જોતાં ખાત્રી થશે. એજ. ઈશ્વર તમને સદ્બુદ્ધિ આપે.

શુભેચ્છક.
' મહેશ '

ચીઠ્ઠી ટેબલપર મૂકી મહેશ ત્યાંથી ચાલ્યો ગયો. અડધા કલાક પછી અમરેશ ત્યાં આવ્યો. જુએ તો દિવાનખાનામાં કોઈ ન મળે. ટેબલપર ચીઠ્ઠી પડી છે. હાથમાં લઈ તે વાંચી. વાંચ્યા બાદ એક જાતના સંતોષની વરાળ નીકળી. તેણે ખિસ્સામાંથી પોકેટ બુક કાઢી, ચીઠ્ઠી વાળીને તેમાં રાખી દીધી.

બાદ ધીમે પગે આવ્યો હતો તેવો પાછો ફર્યો. ભાનુ સાથે વાતચીતનો પ્રસંગ શોધ્યો નહીં.

[૫]

આ ઘટના બન્યાના બીજે દિવસે અમરેશ મહેશને મળ્યો. વાતવાતમાં તેણે તેને પૂછ્યું કે:—' ભાનુ સાથે તારે શું થયું છે? તે તો આગ આગ થઈ ગઈ હતીને! છે શું આ બધું?"

"કેમ? તેણે તને કંઈ કહ્યું હતું?" અમરેશના સામું જોઈ હસતાં હસતાં મહેશે કહ્યું.

"ઘણું કહ્યું. તારા માટે ગમે તેમ બોલી પણ મારે ગળે તે ઉતર્યું નહીં. તેં કંઈ એક ચીઠ્ઠી લખી કહ્યું કે પ્રો. ભટ્ટ સાથે ખરાખરી કરવાનું કહે છે? જાણે મોટો સત્યવાદી હરિશ્ચંદ્ર! હું તેને ઘેર પૂછવા જવાની છું. લાયર કહીંનો એમ કહી તે ચીઠ્ઠી મારા હાથમાંથી લઈ ફાડી ચૂરેચૂરા કર્યા. તારે માટે તો કહ્યું પણ મારી પણ બાકી છોડી નહીં."

"તેં શું કર્યું હતું કે તારી ઝડતી લઈ લીધી?" મહેશે પૂછ્યું.

"એજ. કારણ કોણ જાણે? તમે પણ મારી નિંદા બીજાને મોંએ ન કરતા હો એની શી ખબર?"

મહેશે કહ્યું:—જવા દેને એ વાત. એમાં શું બન્યું છે? હું કંઈ એ જાણવા ઇચ્છતો નથી. મને એ સંબંધી કંઈ વાત કરતો ના કે ઘેર ખબર કહેવા આવતો ના."

અમરેશે કહ્યું:—"તે તને આટલો અન્યાય કરે છે ને તને કંઈ લાગતું નથી? આશ્ચર્ય!"

"એમાં આશ્ચર્ય જેવું શું છે? સત્ય કોઈ દહાડો ઢાંક્યું ઢંકાયું છે ખરૂં? આપણે એ ભાંજગડમાં પડવાની કંઈ જરૂર નથી."

અમરેશ સાંજના ભાનુને ત્યાં ગયો. ભાનુ દિવાનખાનામાં નહતી. નોકર સાથે પોતાના આગમનનો સંદેશો મોકલ્યો. ભાનુ આવી. તેનો ચ્હેરો હંમેશ જેવો પ્રફુલ્લ ન હતો. અમરેશે વાતવાતમાં મહેશનો પ્રસંગ છેડયો. ભાનુના મનને વધારે કલુષિત કરવા ફાંફાં માર્યા પણ તેના આ યત્નમાં તેને સિદ્ધિ મળી નહીં. ભાનુને આ વાત ગમતી ન હતી. તેણે કહ્યું:—

"અમરેશ, જવા દો ને એ વાત. જે થવાનું હતું તે થયું. હવે એને વારંવાર સંભારવાથી શું લાભ છે? મહેશ એને રસ્તે, હું મારે રસ્તે. જવા દો એનું નામ. એ વાતને સંભારતાં મારા મનમાં કંઈ થઈ આવે છે."

અમરેશ હવે સવાર સાંજ ભાનુને ત્યાં આવવા લાગ્યો. પણ પહેલાંના જેવી મિજલસ જામતી નહીં કે તેમાં રંગ આવતો નહીં. અમરેશ કંઇ નવા નવા પ્રસંગ છેડી ભાષણ કરતો પણ ભાનુનું મન તેમાં લાગતું ન હતું, કોઈ કોઈ વાર તે બહાનું કાઢી ઊઠી જતી. અમરેશ એટલેથી વાતને પડતી મૂકે એવો ઘરાક ન હતો. તેને તો ભાનુના દિલ પર કાબુ જમાવવો હતો. આને માટે તેની પાસે જે યુક્તિનો ભંડાર હતો તે એક પછી એક ખાલી કરવા લાગ્યો.

ભાનુ એક દિવસે કૅાંગ્રેસ ઓફિસમાં સત્યાગ્રહની છાવણીમાં નામ નોંધાવી આવી. આ વખતે છાવણીમાં કંઈ ઝાઝું કામ ન હતું. કારણ કે તે વખતે 'ગાંધી અરવિન પેકટ'ની વાત ચાલતી હતી. દીલ્હીમાં બેઠકો ભરાતી હતી. સર્વેનું લક્ષ તે

પર ચોંટયું હતું. મહિલા સંઘની પ્રમુખ કાર્યકર્તીએ ભાનુને જણાવ્યું કે હમણાં તો આ છાવણીમાં કંઈ કામ નથી, પણ નાસિકની છાવણીમાં કામ કરનારની જરૂર છે એમ સાંભળ્યું છે. ત્યાંથી ખબર આવતાં તમને ત્યાં મોકલી આપીશ''

અમરેશને આ વાતની જાણ થતાં સહુથી પહેલો તે ભાનુને ત્યાં આવ્યો. ભાનુ તે દિવસે ઘણી આનંદમાં હતી. આ સંધી ઠીક છે એમ તેણે જાતજાતની વાત છેડી. તેણે કહ્યું કે "ભાનુ, તારા પૂજ્ય પિતાના ઉચ્ચતમ આદર્શનું પાલન કરજે." ઉપરાંત બીજી અનેક વાતો કરી. તેમાં ખાસ કરીને તેણે પોતાની બડાઈ હાંકી. માણસ પૈસાના જોરથી શું કરી શકે છે, તે જણાવ્યું. અમૂક રકમ અમૂક ફંડમાં ભરી કે નામ આગળ આવ્યું. કોઈ પત્રકારની ખૂશામત કરીને કે ભાડુતી લેખક પાસે પોતાનાં બણુગાં ફુંકાવી જગતમાં કેમ આગળ આવી શકાય તે તેણે જણાવ્યું. ઉપરાંત આ ચળવળમાં દાખલ થઈ તેણે કેવી યુક્તિઓ અજમાવી હતી અને શી રીતે પ્રધાન કાર્યકરોમાં તેની ગણના થવા લાગી હતી તેનું રહસ્ય પોતે પોતાની મેળે તેની આગળ ફોડયું. આમ કરતાં તેણે પોતાના ખિસ્સામાંની એક પોકેટ બુક કાઢી તેમાંથી કેટલાંક નામો વાંચી સંભળાવ્યાં અને જણાવ્યું કે મારે આ બધાની સહાય લેવી પડી હતી.

દેશ સેવાના પવિત્ર કાર્યમાં માણસ આટલી હદે પહોંચે છે તેની ભાનુને કલ્પના નહતી. પોતાના સ્વાર્થ સાધવા કે મોટાઈ અને નામના મેળવવા માણસ કેટલી હદ તે સુધી પહોંચે છે તે ભાનુને તેના બોલવાથી સમજાયું. દેશ સેવાનો ઢોંગ કરી માણસ લોકોની પાસે પૈસા કઢાવી પોતાનું ખિસ્સું કેમ તર કરે છે

તે પણ તે સમજી. સદ્‌ભાગ્ય એટલું હતું કે બધા તેવા હોતા નથી. દેશ સેવક અને પ્રમુખ કાર્યકર થવા માટે અમરેશના કાવાદાવા સાંભળી તેનું મન કંપી ઊઠયું. જે અમરેશને તે સાચો અને દેશ પ્રત્યે લાગણીવાળો સમજતી હતી તેને તેના ખરા સ્વરૂપમાં ઓળખતાં તેના પ્રતિ તેને ધૃણા ઉત્પન્ન થઈ. મનની વાત મનમાં દબાવી મોં પર કોઈ પણ જાતનો વિકાર દાખવ્યા વગર તબિયત ઠીક નથી એમ કહી અમરેશને વિદાય કર્યો. અમરેશ ત્યાંથી ચાલ્યો ગયો. ભાનુને લાગ્યું કે દિવાનખાનામાંથી એક પ્રકારની ઝેરી હવા તેના જવા સાથે નીકળી ગઈ.

ભાનુની દૃષ્ટિ ટેબલપર પડી. ટેબલપર અમરેશની તે વહાલી પોકેટ બૂક હતી. કાળું મોરોકકો લેધર. જાણે નાનો સર્પ કુંડળું કરીને બેઠો ન હોય તેમ તેને ભાસ થયો.

ભાનુના મનને એમ થયું કે નોકરને હાક મારી અમરેશને પાછો બોલાવી તેની નોટબુક તેને પાછી આપી દઉં. વળી બીજી પળે તેના મનમાં વિચાર આવ્યો કે:—“ લાવને આ ઢોંગી દેશભક્તની નોટ બુકમાં શું છે તે જોઉં.” આમ અનિચ્છાએ જેવી નોટ બુક તેણે ઉઘાડી કે તરતજ તેમાંથી એક કાગળ નીચે પડયો. ભાનુએ તે ઉચકી લીધો. નજર નાંખતાં જણાયું કે તે ચીઠ્ઠી તેના નામની છે. અને નીચે મહેશની સહી છે. ચીઠ્ઠી વાંચતાંની વાર તેના મન પર પ્રકાશ પડયો. તેને ચક્કર આવવા લાગ્યા. તેને લાગ્યું કે દિવાનખાનું ગોળગોળ ફરે છે. તે કોચ પર ઢળી પડી.

તેજ દિવસે તે પ્રો. ભટ્ટને ત્યાં ગઈ. પ્રોફેસર સાથે મહેશ સંબંધી વાતચીત કરી. બનેલી હકિકત પણ સાફ સાફ તેમને જણાવી. પ્રોફેસર ભટ્ટના કહેવાથી ભાનુને સઘળી વાતનો

ઉકેલ પડયો. "મહેશને મારે હાથે ઘોર અન્યાય થયો છે." પ્રો. ભટ્ટે પણ હકિકત સાંભળી મૃદુ ઠપકો આપતા હોય તેમ કહ્યું, "મહેશ તમારા પિતાની નિંદા કરે અને તે મારી આગળ? એ વાત પર તમને વિશ્વાસ શી રીતે આવ્યો? તમારી ફરજ મને પૂછવાની હતી. ન પૂછયું એ ગંભીર ભૂલ થઈ છે. હું મહેશને તેમ જ અમરેશને ઓળખું છું. અમરેશને હાથે અઘટિત કાર્ય થવાની સંભાવના છે પણ મહેશને હાથે કદાપિ નહીં. તે તમારા પિતાને પોતાના પિતા જેટલા જ પૂજ્ય લેખે છે. તે તેમની નિંદા કરે કે ભુંડુ બોલે એ કોઈ કાળે સંભવિત નથી, તેના હાથે હજી સુધી એવું કામ થયું નથી."

ભાનુ ઘેર આવી પલંગ પર પડી રહી. ખાવાને પણ ઊઠી નહીં. તેની મા નીરૂએ ઘણું સમજાવ્યું પણ તેણે ખાધું નહીં. તબિયતને બાને સૂઈ રહી .

નિયમ પ્રમાણે બીજે દિવસે અમરેશ તેને ત્યાં આવ્યો. કોઈપણ જાતની પ્રસ્તાવના કે બાંદી કર્યા વગર સીધો પ્રશ્ન કર્યો કે "અમરેશ? જે દિવસે મહેશને મેં અહીંથી વિદાય આપી તે દિવસે તે મારે માટે એક ચીઠ્ઠી લખી ચાલ્યો ગયો હતો. એ ચીઠી તમારી પોકેટબુકમાં શીરીતે ભરાઈ ગઈ?"

અમરેશે જોયું કે તેની તે નોટબુક અને તેની પાસે મહેશની ચીઠ્ઠી ટેબલપર પડેલ છે. સત્યાનાશ! આ શું? અમરેશ ગભરાય તેમ નહતો. તેણે કહ્યું "મેં જોયું કે ચીઠ્ઠી ટેબલ પર પડી છે. ઉચકીને પોકેટ બુકમાં મુકી—"

ક્રોધથી ભાનુનું શરીર પાંદડાંની માફક ધ્રુજવા લાગ્યું. ક્રોધના આવેશમાં અમરેશને આગળ બોલવા ન દેતાં તે બોલી —"અમરેશ! બચાવ કરવાની કંઈ જરૂર નથી. આજ

પ્રો. ભટ્ટને મળી આવી છું સઘળી હકીકત દીવાની માફક સ્પષ્ટ સમજાઈ છે. તમને નવગજના નમસ્કાર. પાપી—અધમ—" એટલું કહી તે નોટબુક લઈ તેણે જોરથી અમરેશના મોં પર ફેંકી.

આખર મોરોક્કો લેધરની નોટબુક હોઠપર એવી તો લાગી કે અમરેશના મોંમાંથી "આહ" નીકળ્યો ને તે ઊભો થયો.

ભાનુએ જોયું કે તેણે જે દિવસે ખોટા આક્ષેપથી મહેશના દિલને કારી ઘા કર્યો હતો તે દિવસે તેના મોં પર અંતરની તીવ્ર વેદનાની જે છટા હતી તેનાથી દશગણી તીક્ષ્ણ મર્મ-સ્પર્શી છટા અમરેશના મોં પર છે."

ડાબો હાથ ઓઠપર દાબી, મોં ઠીક કરી અમરેશે કહ્યું— "આ બધાનું છે શું?"

"છે શું?' ભાનુયે જોરથી કહ્યું, ચોર! દગાબાજ! નીચ! પાપી! આટલું પોત પ્રકાશ્યું છતાં પૂછતાં શરમ નથી આવતી કે છે શું? આબરૂનો લેશ પણ છાંટો હોય તો માણસ પોતાનું પાપ પ્રકાશ્યા પછી ઊભો પણ ન રહે. નફ્ફટાઈની પણ હદ છે!"

"આ ઘર સાથે મારો જૂનો સંબંધ છે અને તારાપર એક પ્રકારનો હક્ક છે." અમરેશે લેશ પણ બન્યું ન હોય તેવા ભાવે કહ્યું.

"એઠા ટુકડા ખાનાર કૂતરાને જેટલો હક્ક છે તેટલોય તમને હક્ક નથી. કૂતરો તો એટલો ઈમાની છે કે જેના ટુકડા ખાય છે તેની ચાકરી કરે છે. અપકાર કરતો નથી. પણ તૂં કૂતરાથી પણ અધમ-નીચ, બેઈમાન છે. ચાલ્યો જા; નહિ તો નોકર પાસે ધક્કા મરાવી બહાર કાઢી મૂકાવીશ."

અમરેશને પગથી માથા સુધી ક્રોધ વ્યાપ્યો. વરૂના જેવા ડોળા ઘૂરકાવવા લાગ્યો. કંઈ પણ બોલ્યા વગર પિશાચ જેવી

દૃષ્ટિ ભાનુ પર ફેંકી તે ત્યાંથી ચાલ્યો ગયો.

ભાનુ મનમાં વિચાર કરવા લાગી. 'અમરેશના સુંદર મે પર આટલો બધો ફેરફાર! તેનો ચ્હેરો ભયાનક રાક્ષસ જેવો શાથી થઈ ગયો? કેવી ક્રુર દૃષ્ટિ! કેવો ભયાનક ચ્હેરો!' આમ વિચાર કરતી હતી એટલામાં નોકરે આવી એક કાગળ તેના હાથમાં મૂક્યો. કવર ફોડી તે વાંચવા લાગી.

ચિ. ભાનુ,

મહેશની બાબતમાં કાલે તમારી સાથે વાતચીત થઇ. તેમાં મહેશ હાલ ક્યાં છે તે મેં તમને જણાવ્યું ન હતું. આજ મહેન્દ્રનો પત્ર આવ્યો છે. નાસિકમાં પ્રોસેશન વખતે કંઈ મારામારી થઈ છે. મહેશ ત્યાં ગયેલ છે. અને ત્યાં કામમાં ભારે રસથી ભાગ લે છે. આ કાગળ તેણે ત્યાંથી લખ્યો છે. તેનો મારા પરનો અસલ કાગળ આ સાથે બીડ્યો છે. એજ કુશળ હશો.

લી૦ શુભેચ્છક
ભટ્ટના આશિષ.

કાગળ વાંચતા ભાનુની આંખે અંધારાં આવ્યાં. તેનું હૈયું ધબ ધબ થવા લાગ્યું. શરીરની રગોમાં જોરથી લોહી ફરવા લાગ્યું. ભાનુ ક્ષણવાર હાથમાં માથું ટેકવી બેસી રહી. તેને લાગ્યું કે મહેશ જ તેની સાથે વાત કરી રહ્યો છે. થોડીવાર પછી ધ્રુજતે હાથે બીજો પત્ર લીધો અને વાંચવા લાગી.

મહાનુ ભાવ,

કૉલેજ છોડી અહીં આવ્યા પછી જનતા જનાર્દનના

સંસર્ગમાં આવી તન મનથી અલ્પ સેવા કરવા ભાગ્યશાળી નીવડયો છું. આ કાર્યમાં એટલો તો આનંદ આવે છે કે હૃદયમાં એક પ્રકારનો સંતોષ અનુભવું છું. આપણા અજ્ઞાત ભાઈઓને માટે એટલું બધું કરવાનું છે કે શહેરમાં વસનારને ભાગ્યેજ તેનો ખ્યાલ આવે. ગરીબાઈમાં પણ એ લોકો એટલો સંતોષ અનુભવે છે કે શ્રીમંતને તેનો ખ્યાલ ભાગ્યે જ આવી શકે.

આપ જાણો છો કે કંઈ કારણ વગર એક જાતના આક્ષેપનો હું ભોગ બન્યો હતો. આથી મારું હૃદય ચિરાઈ જતું હતું અને મનમાં હું વૃશ્ચિક દંશની વેદના અનુભવતો હતો. આ અજાણ્યા શહેરમાં આવી સેવા કાર્યમાં આત્મોત્સર્ગ કરી અનેરી તૃપ્તિ માણીશ. અમારી ટોળીને અહીંથી નાસિક જવાનો હૂકમ મળ્યો છે. ત્યાં પહોંચ્યા પછી આપને પત્ર લખીશ. આશા છે કે આપ કુશળ હશો.

લી○ આજ્ઞાકિંત
મહેશના પ્રણામ.

પત્ર વાંચતાં વાંચતાં ભાનુની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. આંસુથી કાગળના અક્ષરો પલળ્યા. ટેબલ પર તે કાગળ રાખી તે પર માથું મૂકી ભાનુ રોવા લાગી. કેટલીક વાર રોયા પછી તેના હૃદયનો ભાર હળવો થયો. પણ આંખો ફૂલીને લાલ થઈ ગઇ. તે કેટલીક વાર સુધી ત્યાં ને ત્યાં જ બેસી રહી. તેની દષ્ટિ તેના પિતાના ચિત્ર પર પડી. ટગર ટગર તે તરફ જોઈ મનમાં કહેવા લાગી કે— ‘ પિતાજી. આપે મરતી વખતે મહેશને દેવદૂત કહ્યો હતો. ખરેખર તે

દેવદૂત છે. આપની વાણી સત્ય હતી ! પિતા !' વળી પાછી તે પોતાના મનમાં વિચાર કરવા લાગી કે શા માટે મેં અમરેશના કહેવા પર એકાએક વિશ્વાસ મૂક્યો ? શા માટે પુરતો તપાસ કર્યા વગર મહેશને વાગ્બાણથી વીંધી નાંખ્યો ? કેવી ગંભીર ભૂલ... માણસ માણસમાં પણ કેટલો ફેર હોય છે ! ક્યાં મહેશ ને ક્યાં અમરેશ ! અમરેશનો દેખાવ સુંદર છે. પણ અંતરમાં કેવું હળાહળ વિષ ભર્યું છે ? જ્યારે સુદૃઢ બાંધાનો મહેશ સાદો છે. આકર્ષક નથી; પણ ઉન્નત ચારિત્ર્યનો છે."
આમ વિચાર કરતાં તેની આંખો મળી ગઈ. બેએક કલાક ઊંઘ કાઢ્યા પછી ઊઠીને જોયું તો પાંચ વાગી ગયા હતા. મોં ધોઈ કપડાં પહેરી તે એપોલો પર ફરવા ગઈ. સાયંકાળનો મનોરમ દેખાવ અને સમુદ્રની શીત પવન લહરીએ તેના ક્ષુબ્ધ પામેલા મનને શાંતિ આપી. તે ઘેર આવી ત્યારે તેના મેઘાચ્છન્ન હૃદયમાં એક પણ વાદળું રહ્યું ન હતું.

[૬]

ભાનુએ અસ્પૃશ્યની માફક કે પ્રાણહર વિષની માફક અમરેશનો ત્યાગ કર્યો હતો છતાં અમરેશ તેની પૂરેપૂરી બાતમી રાખતો હતો. પોતાની મોટાઈ, કુળની ખ્યાતિ, ભરપુર દોલત ઉપરાંત દેખાવ અને છૂટી જીભ ને લઈને તે કેટલીક સંસ્થાઓ પર પોતાનો પ્રભાવ જમાવવામાં વિજયી નીવડ્યો હતો. તેની બહારની મનોરમ આકૃતિની અંદર કેવી અધમતા, કૂટિલતા અને પાપવૃત્તિ છુપાઈ હતી તેનો કોઈને ખ્યાલ ન હતો. માત્ર ભાનુને તેનો પૂરેપૂરો ખ્યાલ હતો, અમરેશ પણ સમજી ગયો હતો કે મારી ચાલબાજીમાં હું

પકડાઈ ગયો છું. ભાનુ આગળ મારી દાળ સીઝવાની નથી. આથી ફરીથી તેણે તે દિશામાં પ્રયત્ન આદર્યો ન હતો. તેની કપટલીલા ખુલ્લી થતાં તેને ભાનુ પર એક પ્રકારનો રોષ આવ્યો હતો. તેના પર વેર લેવાને તે તલપતો હતો અને લાગ આવે તો તેના પર લોકો થુંકે એવી રીતે બાજી ગોઠવવા ઈચ્છતો હતો. એમ ન બને તો એના પર એવો બટ્ટો લગાડવો કે મોં ઉંચું કરી સમાજમાં કોઈની સામે જુવે નહીં. દેશને માટે આત્મોત્સર્ગ કરનાર, જનતાને પરાધીનતામાંથી મૂક્ત કરનાર, તેમની દુર્દશા જોઈ આંસુ સારનાર દેશભક્ત અમરેશના અંતરમાં નીચ ભાવ કીડાની માફક ખદખદતો હતો.

પોતાની માતાને સમજાવી, સ્થાનિક સેવાસંઘની મંજૂરી મેળવી ભાનુ નાસિકના 'ગોદાવરી આશ્રમ'માં આવી પહોંચી. ગોદાવરી આશ્રમમાં શ્રીમતી તારાદેવી પ્રધાન કાર્યકર્તી હતા. એજ આશ્રમને ચલાવતા હતાં. ભાનુએ આશ્રમ પ્રવેશ કરતાં જોયું કે એક પ્રૌઢ વયની સ્ત્રી ઝાડુ લઈ જગા સાફ કરી રહી છે. ભાનુ પાછળ તેનું બેડીંગ અને પેટી લઈ એક મજૂર ચાલતો હતો. ભાનુને જોતાંજ તે બાઈએ તેને પૂછ્યું કે—"ક્યાંથી આવો છો, બેટા!"

ભાનુએ જવાબ આપ્યો—"હું મુંબઈથી આવું છું. તારાદેવીની ઓફિસ ક્યા ખંડમાં છે?"

તે પ્રૌઢાએ હસીને પૂછ્યું—"તમારું નામ શ્રીમતી ભાનુમતિ મહેતા કે?" ભાનુ તે પ્રૌઢાના મોં સામું જોઈ રહી, તેને એમ લાગ્યું કે આશ્રમમાં એક સામાન્ય ઝાડુ કાઢનાર

પણ આટલી બધી ખબર રાખે છે! ભાનુને આશ્ચર્યચકિત જોઈ તે મહિલાએ કહ્યું—મારું જ નામ તારા.”

ભાનુએ ઝટ્ વાંકા વળી તારાદેવીને નમસ્કાર કર્યા.

જે ઉત્સાહ અને ઉચ્ચ આકાંક્ષા લઈને ભાનુ સેવાશ્રમમાં આવી હતી તે બધું એક જ દિવસમાં ઉડી ગયું. તેણે મનમાં ધાર્યું હતું કંઈ અને અહીં જોયું કંઈ! દશબાર જણની સાથે સૂવાનું, અને નોકર માફક કામ કરવાનું તેના દિલને અને તેની કુલિનતાના અભિમાનને ખૂંચતું હતું. ખાવાપીવાનું પણ જાડું હતું. જમતા જમતાં તેને પોતાના ઘરનો વૈભવ યાદ આવ્યો.

વધ રે આશ્ચર્ય તો જમી રહ્યા પછી જ્યારે તારાદેવીએ આવી તેને કહ્યું કે, “ભાનુ, નીચે જઈ ઓરડા ધોઈને સાફ કરી નાંખો” ત્યારે થયું.

ભાનુ ચોંકી. તેને લાગ્યું કે આ તો મારી પરીક્ષા લે છે કે મશ્કરી કરે છે! તારાદેવીના સામું એકીટશે જોઈ તેણે કહ્યું: “બીજી બધી બહારના કામે ગઈ છે તો મને પણ બહારના કામમાં ગોઠવો તો શું—”

“ઘરના કામમાં હોંશિઆરી છે કે નહીં તે જોયા પછી બહારના કામની વાત.” તારાદેવીએ દૃઢતાથી જવાબ આપ્યો.

કંઇક અસંતોષ અને ગર્વ દર્શાવતા સ્વરે ભાનુએ કહ્યું, “મારી એમ ધારણા હતી કે મારી શિક્ષાને યોગ્ય કોઈ ઉચ્ચ કામ મને આપવામાં આવશે, પણ—” “ઉચ્ચ શ્રેણીનું કામ તમે કોને કહો છો?” ગંભીર સ્વરે તારાદેવીએ પૂછ્યું. કંઈક

સંકોચ પામતાં ભાનુએ જવાબ આપ્યો; "ભાષણ કરવાનું, પિકેટીંગ કરવાનું કે કંઈ સેવા સુશ્રુષા કરવાનું કામ ઠીક પડત. આ—"

તારાદેવીએ કહ્યું—"સ્પીચ કે પિકેટીંગ કરવાની હમણાં કંઈ જરૂર નથી. કોંગ્રેસ હોસ્પીટલમાં હમણાં એ લોકો કામ કરે છે. જો જરૂર પડશે તો ત્યાં મોકલીશું. અહીં શું કામ છે તે સંભાળો. સેવિકાઓ મહોલ્લે મહોલ્લે જાય છે, ત્યાં ઘેર ઘેર જઈ ચરખા માટે રૂ આપી આવે છે. ચરખો ચલાવતાં શીખવે છે. કાંતેલુ સુતર લઈ આવે છે. તેને જુએ છે. તેમાં જો કંઈ ભૂલ હોય તો બતાવે છે. તમારે આ બધું શીખવું પડશે અને શીખવવું પડશે. આ ઉપરાંત જે ઘરનું કામ છે તેને પડતું મૂકવાનું નહીં. તમે કહો છો કે મારી ઉચ્ચ કેળવણીને અનુસાર કંઈ કામ આપો તો ઠીક. તમો હજી ઈંટરમાં છો. મેં તો. બી. એ. પાસ કરી છે, છતાં ઝાડુ મારતાં શરમાતી નથી, તે તો તમે જોઈ શકો છો. જા બેટા, વાર ન કર ત્યાં બાલ્ટી પડી છે, પાણી ભરી ઓરડા બધા ધોઈ નાંખો. મારે રસોઈઘરની વ્યવસ્થા કરવાની છે."

કંઈ પણ બોલ્યા ચાલ્યા વગર ભાનુ સીધી કામ કરવા ચાલી. બાલ્ટી લઈ પાણી ભરવા લાગી. ભરતાં ભરતાં તેણે તારાદેવીને કહ્યું—"બાલ્ટી ઉચકવા કોઈ ચાકર મળશે કે?"

"અહીં તો બધાં જ ચાકર! સેવિકા એટલે સેવા કરનાર. આશ્રમમાં બધુંય કામ હાથે કરવાનું. નોકર ચાકર અહીં નથી." તારાદેવીએ જવાબ આપ્યો.

પાણી ભરતાં ભરતાં ભાનુનાં મનમાં વિચાર આવ્યો. "મહેશે

કાગળમાં કંઈ ઈશારો કર્યો હતો. આપત્તિ તે શી હશે ? મહેશ અહીં કંઈ જણાયો નહીં. આ ઢસરવેડો કરવો મુશ્કેલ છે. પણ અહીંથી પાછા જવામાં પણ શું ઓછી નામોશી છે ? વારું, પણ અહીં જે કારણથી આવી છું તેનું શું ?"

પાણી ખેંચી બાલ્ટી ભરી તે લઇ ભાનું એક ઓરડામાં ગઈ. પાણી મૂકી સાવરણી હાથમાં લઈ તે ઓરડો ધોવા લાગી. ફરી પાછી બાલ્ટી લઇ પાણી ભરવા ગઈ. પાણી ભરીને જ્યાં ચોગાનની નાની સીડી પર ચઢવા જાય છે ત્યાં તેનો પગ સરક્યો. બાલ્ટી પડી ગઈ, અને એક યુવકે તેને પડતાં પડતાં ઝીલી લીધી. તે યુવકને જોઈ ભાનુ ચોંકી—આભી જ બની.

યુવકે ભાનુ પર નજર રોપી કહ્યું—"ભાનુ ! તું ! અહીં ! !

ભાનુને શો જવાબ આપવો તે સુઝ્યું નહીં. તે નીચું જોઈ રહી.

મહેશ કંઇ ખાસ કામને માટે આશ્રમમાં આવ્યો હતો. તે ઉપર જતો હતો ત્યાં તેણે યુવતિને સીડી પરથી લપસતી જોઇ. ઝટ તેણે જઈ તેને પકડી લીધી અને અકસ્માત થતાં અટકાવ્યો. જ્યારે તેણે ભાનુને જોઈ ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહીં, ભાનુને મૂક જોઇ તેણે તેને 'અહીં ક્યાંથી ? શા માટે આવી છો ?' વગેરે પૂછ્યું નહી. જે કામને માટે તે ત્યાં આવ્યો હતો તેની વાત કરવા માંડી. મહેશે કહ્યું:—"હું ખાસ કામને માટે અહીં આવ્યો છું. એક છોકરો બહુ જ માંદો છે. કઈ ઘડીએ તે પ્રાણ મુકશે તે કહી શકાતું નથી, તે બેભાન હાલતમાં તેની માને ઝંખે છે—"

ભાનુએ મહેશના ચહેરા પર સ્થિર દૃષ્ટિ રોપી. મહેશે બોલવાનું જારી કર્યું: "સેવાશ્રમમાં જોઈ મને એક કામ સોંપવાનું મન થાય છે. ભાનુ, કૉલેજમાં તો અભિનયને માટે તમારી પુષ્કળ ખ્યાતિ હતી તે સર્વ કોઈ જાણે છે. અહીં તમારે એક પ્રકારનો અભિનય કરવો પડશે."

બીજી કોઈ વાત નહીં ને અભિનયની વાત સાંભળતાંની વાર ભાનુને ચીઢ ચઢી. અભિમાનથી, રોષથી તેનું શરીર કાંપવા લાગ્યું. તેને એમ થયું કે મહેશ મારી મજાક ઉડાવવા ચહાય છે. તે રોષભરી દૃષ્ટિએ મહેશ સામું જોઈ રહી.

મહેશે કહ્યું: "ભાનુ, તે છોકરાંની માની ભૂમિકા તમારે ભજવવી પડશે. તેને શાંત્વન આપવું પડશે. આ કામને માટે હું તારાદેવી પાસે જતો હતો. પણ સુભાગ્યે તમને જોયાં. તમે એ કામ બેશક કરી શકશો."

ભાનુના રોષનો પાર રહ્યો નહીં. તેના અભિમાનને ભારે ધક્કો પહોંચ્યો. કુંગરાયલા ચહેરે, કઠોર સ્વરે તેણે કહ્યું:–

"કોલેજમાં મેં શું કર્યું છે? તેની યાદ આપી મારી અહીં મજાક ઉડાવવા ઈચ્છો છો? આ કૉલેજ નથી. હાં. મેં ત્યાં ગમે તે કર્યું હોય તેને અત્યારે અહીં શો સંબંધ છે? તમો જો એમ સમજતા હો કે હું એક પબ્લીક નટી છું તો તે તમારી ભૂલ છે. જે તેવી નટી હોય તેની પાસે જાવ."

ભાનુ વધારે બોલી નહીં. તેની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. મહેશના દિલને પણ ચોટ લાગી કે "મેં આ ક્યાં કહ્યું" પછી તેણે કોમળ સ્વરે કહ્યું:—

માફ કરો, ભાનુ! તે છોકરાની ગંભીર હાલત જોઈ મેં તમને અહીં જોઈ આ પ્રકારની વિનતી કરી. એમાં જો મારાથી અજાણપણે અપરાધ થયો હોય તો હું તમારી માફી માંગું છું."

એટલું કહી મહેશ અંદર ચાલ્યો ગયો. ભાનુ રોષથી ધુંગરાયલી ત્યાંને ત્યાં જ ઊભી રહી. તેનું દિલ અંદરથી તેને ડંખવા લાગ્યું. તેને એમ થઈ આવ્યું કે જેને માટે હું અહીં આવી છું, જેને શોધવા હું ફાંફાં મારૂં છું, તે અનાયાસે મારી પાસે આવતાં અભિમાનથી હું તેને હડસેલી મૂકું છું. થોડીવાર પછી બાલ્ટી લઈ તે ઉપર ગઈ. જોયું. મહેશ અને તારાદેવી બન્ને આંગણાંની બહાર ચાલ્યાં જાય છે.

[૭]

બીજે દિવસે ભાનુને ખબર પડી કે શ્રી તારાદેવી તે બિમાર બાળકના માતા બન્યાં અને તેને પુરતું આશ્વાસન આપ્યું. આનું પરિણામ એ આવ્યું કે બિમાર બાળકની સ્થિતિ સુધરવા લાગી અને દાક્તરોએ અભિપ્રાય આપ્યો કે વખતે તે બાળક બચી પણ જાય. આ હકિકત સાંભળી ત્યારે ભાનુના દિલને ખટકો થયો. તેને એમ લાગ્યું કે પારકાનું ભલું કરવાની તક આવી હતી પણ મેં મારે હાથે તે પાછી ઠેલી. કોઈને ઘેર કામધેનુ ગાય આવે તે તેને દોહી મનોવાંચ્છના પૂરી કરવાનું કહે પણ તે હતભાગી મનુષ્ય તેને ન દોહતાં મારકણી સમજી મારીને હાંકી કાઢે. અને પછી પશ્ચાતાપ કરે તેના જેવી હાલત ભાનુની હતી.

જમતી વખતે સેવિકાઓ સમક્ષ આ વાત નીકળી. વાતને

અંગે મહેશનું નામ આવ્યું. શ્રીમતિ તારાદેવીએ મુક્ત કંઠે મહેશની પ્રશંસા કરી. સેવિકાઓએ તે વાતને પુષ્ટિ આપતાં કહ્યું કે, “ મહેશ એક રત્ન છે. કેટલું કામ કરે છે. જ્યાં જુવો ત્યાં હાજર. જેને જોઈએ તેને મદદ કરવા તૈયાર. આટલું છતાં તેને લેશ પણ અભિમાન નથી. એના જેવો સદ્વર્તન-શાલી, ઉત્સાહી, સત્સાહસી યુવક ભાગ્યે જ અમે જોયો છે.” મહેશની પ્રશંસા સાંભળી ભાનુને આનંદ થયો. પરંતુ તેના હૃદયમાં એવો અંધકાર હતો કે મહેશની વાત ચાલતી હતી છતાં, તે બોલી શકી નહી કે હું મહેશને ઓળખું છું. તેના ઉદાત ચરિત્રથી હું વાકેફ છું. તેની સાથે મારે લાંબા સમયનો પરિચય છે. આ સર્વ કહેવાનું તેને મન થઈ આવતું હતું છતાં તે બોલી શકી નહીં.

ભાનુ એક અઠવાડિયામાં આશ્રમના ઘણાખરા કામમાં નિપુણ થઈ ગઈ. સ્વાભાવત: તે હોંશિયાર હતી જ. માત્ર દિશા દેખાડનાર અને કામ કેમ કરવું ને વેળાસર આટોપી લેવું, તે શિખવાડનારની જરૂર હતી. તે તો તેને આશ્રમમાં મળી ગયું. ચરખો ફેરવતાં. રૂ પીંજતાં, પુણીઓ બનાવતાં. ભાનુ નવા આવનારમાં ઘણું જલદીથી આ કામ શીખી ગઈ. શ્રી તારાદેવીએ તેની હોંશિઆરી જોઈ કહ્યું, “ ભાનુ, તું હવે કેવી ચાલાક થઈ છે. પહેલાંતો “ આ નહીં, આમ નહીં ” કરતી, હવે કંઈ કરતી નથી. એમાં તારો વાંક ન હતો. ઘણી છોકરીઓ આવેશના જોમમાં સેવિકાઓ બની બેસે છે. પિકેટીંગ કરશુ, સ્પીચીઝ આપીશું, એમ ખ્યાલ બાંધે છે. પણ તેઓ સમજતી નથી કે આશ્રમમાં બેસીને ઘણું કામ કરવાનું છે. આ કંઈ ઓછી દેશસેવાનું કામ નથી. તમે જાતે જ જોઈ

શકશો કે જ્યારે પિકેટીંગ જોરથી ચાલે છે ત્યારે કેવું કામ હોય છે. તેઓ અહીં કામ કરતાં કરતાં યુવકોમાં ઉત્સાહ પ્રેરે છે. અહીં બેઠે બેઠે તે તમે વખત આવ્યે જોઈ શકશો."

તારાદેવીએ જોયું કે ભાનુ નીચું જોઈ રહી છે. કંઈ બોલતી નથી. તેણે તેને ઉત્સાહ આપવા કહ્યું. "ભાનુ, તમે ભણેલાંછો પણ ભણવા સિવાય બીજું કંઈ કામ કોઈ દહાડો કર્યું હોય એમ લાગતું નથી. બીજું કંઈ કામ શિખવાની જરૂર પણ નહીં જણાઈ હોય. પરંતુ જુવો, એક અઠવાડિયામાં અહીં આવી તમે કેટલું શીખી ગયાં. ભાનુ, તમારામાં શક્તિ છે. ખૂબ છે. તેનો પ્રયોગ ક્યાં અને કેમ કરવો એટલું સમજો તો તમારે હાથે દેશસેવાનું સુંદર કામ થાય."

ભાનુ રહેજ હસી. તેના મનને એક પ્રકારનો સંતોષ થયો.

એક દિવસ ભાનુ મેડી પર બેસી આવેલું સુતર એકઠું કરતી હતી. સેવિકાઓ ઘેર ઘેર સુતર એકઠું કરવા ગઈ હતી. સુતર ભરી રહ્યા પછી તે ચરખો લઈ રૂ કાંતવા લાગી. શ્રીમતિ તારાદેવી રસોડામાં આદુ મરચાં વાટતા હતાં.

ચરખો ગૂંજતો હતો ત્યાં એકાએક ભાનુને કાને સ્વર પડયો કે, "હેલો"

ભાનુ ચમકી. અમરેશ બારણામાં ઊભો છે. હસતાં હસતાં તેણે વ્યંગ ભરી દૃષ્ટિ ભાનુ પર નાંખી. શરમથી ભાનુનું મોં લાલ થઈ ગયું. તેના મોંમાંથી વાચા ફુટી નહીં.

અમરેશ નિર્લજની માફક હસ્યો અને બોલ્યોઃ—"મને લાગે છે કે હજી સુધી તમારો મારા પર ગુસ્સો નરમ થયો નથી. તમે મને ત્યાગવાનો નિશ્ચય કર્યો છે તેમ તેમ બમણા જોરથી તમારી પાછળ પાછળ આવવાનું મને મન થાય છે."

ભાનુને ક્રોધ વ્યાપ્યો. તેને થઈ આવ્યું કે એનું માથું રંગી નાખું. પણ સમય અને સ્થળનો વિચાર કરી તે બોલીઃ એ પવિત્ર ઉદ્દેશ્યથી તમારૂં અહીં શુભાગમન થયું છે ? ”

તીરછી નજરે ભાનુ સ્હામું જોઈ તેણે કહ્યું:—“ ત્રિવિધ કારણોને લઈને હું અહીં આવ્યો છું. પહેલું તો એ કે અહીં મારી કંઈ જમીન છે. બીજું એ કે સેવાશ્રમની વર્કીંગ કમિટીનો હું મેમ્બર છું. ઘટના બળથી આ આશ્રમમાં જ નામ લખાવ્યું એ ત્રીજું કારણ. ”

ભાનુએ દૃઢતાથી કહ્યું, “ ત્યારે મારે આ આશ્રમમાંથી નામ કઢાવી નાંખી, મુંબઈ પાછા જવું પડશે. ”

“ એમ કરવાની કંઈ જરૂર નથી, ભાનુ ! ” અમરેશે મીઠા સ્વરે કહ્યું, “ હું અહીં કેમ આવ્યો છું તે તો સાંભળ. અહીં આવવાની મારી મતલબ એ છે કે શ્રીમતિ તારાદેવીને કહેવું કે તને કંઈ ઉચ્ચ, તારા લાયક કામ આપે. ”

મજાક ઉડાવતી હોય તેમ હસતાં હસતાં ભાનુએ કહ્યું: “ ધન્યવાદ તમને કે વગર માગ્યે તમો આટલી મહેરબાની મારા પર વર્ષાવી રહ્યા છો. હવે મહેરબાની કરી અહીંથી ચાલ્યા જાવ નહિં તો શ્રીમતિ તારાદેવીને હાક મારીશ. ”

અમરેશને અતિશય ક્રોધ આવ્યો. જાણે તેના દિલને આઘાત થયો હોય તેવો ઢોંગ કરી કહ્યું. “ મારા પર લેશ પણ દયા નથી. ભાનુ, ત્યારે તારે માટે મારે આશા છોડવી પડશે. ”

ભાનુ જોરથી ચરખો ચલાવવા લાગી. તેણે કંઈ પણ જવાબ આપ્યો નહીં.

રસ્તા પર કંઈ ગડબડાટ થતો હતો. આશ્રમની અંદર તેનો આછો આભાસ આવતો હતો પણ હવે ઘોંઘાટ વધવા લાગ્યો. આશ્રમમાં ભારે ધમાલ મચી. અમરેશ આવ્યો ત્યારે તેણે સાંભળ્યું હતું કે કોઈ દેશનેતાને સજા થવાના સંબંધમાં આ ધમાલ હતી. અમરેશ ભાનુના કહેવા તરફ ધ્યાન ન આપતાં બહાર ધ્યાન આ.. લાગ્યો. ભાનુના મનમાં તો તોફાન મચ્યું હતું. તે પોતાનું સઘળું જોર ચરખા પર કાઢવા લાગી.

ગુંડાઓ લાઠી લઈ આવ્યા છે એ જોતાં જ રસ્તા પરના દુકાનદારો દુકાનો બંધ કરીને ને કોઈ એમને એમ આશ્રમમાં નાસી છૂટયા. અને આશ્રમનો દરવાજો બંધ કરી દીધો. ઉન્મત ગુંડાઓ આશ્રમનો દરવાજો તોડી અંદર આવી ક્રુરતાથી હુમલો કરવા લાગ્યા. કોલાહલ એટલો વધી પડયો કે ચરખાના ખરખર અવાજને ડૂબાડી તેનો અવાજ ભાનુના ઓરડામાં સંભળાવા લાગ્યો.

આશ્રમમાં સામાનની લૂંટાલૂંટ, ગુંડાઓની લાઠી. અને નિઃશસ્ત્ર માણસોની ચીત્કારક બૂમાબૂમ સંભળાતી હતી. કોઈ પ્રાણને માટે ભિક્ષા માગતા હતા, કોઈનાં માથાં ફૂટયાં હતાં કોઈ દોડભાગ કરતા હતા. કોઈના માથામાંથી લોહીની ધાર વહેતી હતી. મામલો વિફરેલો જોઈ હતાશ ન થતાં સીડી પર આવી ગુંડાઓને સમજાવતા તારાદેવી કહેવા લાગ્યાં " બેટે ! આપ યહ કયા કર રહે હો ? યહ અચ્છા નહીં. આપકુ તો " તે પોતાનું બોલવું પૂરું કરે તે પહેલાં એક ગુંડાએ પાછળથી તેના હાથ પર છરી મારી. બીજાએ લાઠીનો પ્રહાર કર્યો.

તારાદેવી બેશુદ્ધ થઈ નીચે પડયાં. ગુંડાઓ ચોમેર ફરવા લાગ્યા. જે હાથમાં આવે તે લૂંટવા લાગ્યા.

બારીમાંથી ભાનુ આ સર્વ જોઈ રહી હતી. તેનું શરીર પાંદડાની માફક ધ્રુજતું હતું. અમરેશ પણ હતબુદ્ધિ જેવો બની ગયો હતો. તેણે આવી દરવાજો બંધ કરી અંદરથી સાંકળ દીધી. થોડી પળમાં તો ગુંડાઓ ત્યાં આવી લાગ્યા. દરવાજાનું બારણું હચમચાવવા લાગ્યા. ભાનુંનું હૃદય કાંપવા માંડયું.

દરવાજા પર આઘાત થતાં બારીમાંથી ડોકિયું કરી અમરેશે કહ્યું: " તમારી મહેરબાની પર વિશ્વાસ રાખી બારણું ખોલી નાંખું છું " બારણું ઉઘડતાં ગુંડા અંદર આવ્યા. અમરેશે પોતાના ખિસ્સામાં હાથ નાંખી ચામડાની પર્સ બહાર ખેંચી કાઢી અને કહ્યું:—" નોટો અને રોકડા રૂપિયા મળી દોઢ હજાર છે. આ બધું તમને આપું છે. શરત માત્ર એટલી કે તમારે મને અને મારી સ્રીને મારે ત્યાં નિર્ભય રીતે પહોંચાડવા. ત્યાં પહોંચ્યા પછી બીજું ઇનામ આપીશ. "

પેટાયેલા અગ્નિ પર લીલાં પાંદડાંવાળી ડાળીઓ નાંખતાં જેમ અગ્નિની ઝાળો થોડીવારને માટે શમી જાય તેમ ગુંડાઓની લુંટણ વૃત્તિ થોડીવાર માટે શમી. કેટલાક તો એકઠા થઈ પોતપોતામાં મસલત કરવા લાગ્યા. પર્સ લઈ તેમાંની નોટો ગણવા લાગ્યા. મસલત કરી રહ્યા પછી ગુંડાના નાયકે પૂછયું. " તમને કયાં લઈ જવાં પડશે ? "

" યશોક રોડની બાજુમાં બંગલો છે ત્યાં. "

" ત્યાં તો અમે નહીં આવીએ. પણ તપોવનના રસ્તા

આગળ હસરતગંજમાં અમારો અડ્ડો છે. તમારી બીબીને અમે ત્યાં લઈ જઈશું. તમારે ચિંતા કરવાનું કંઈ કારણ નથી. ત્યાં કોઈ પણ વાતની તકલીફ નહીં પડે. પણ બીજા અઢી હજાર રૂપિયા તમારે આપવા પડશે. તે મળ્યા કે છૂટકારો."

"વારુ, તેમ, મને કંઈ વાંધો નથી."

ગુંડામાંના એક જણે પૈસા આપશે કે નહીં તે સંબંધી શંકા કરી. તેમના નાયકે કહ્યું. "અરે, બેવકુફ, જેના ખિસ્સામાંથી દોઢ હજારની રકમ મળી તેને બાકીની રકમ આપવી એ તો રમત છે. એટલી રકમ તો જરૂર આપશે પણ ઉપરથી પાન સોપારીને માટે પણ કંઈક મળશે."

અમરેશે ખિસ્સામાંથી એક બુક બહાર કાઢી કહ્યું. "બંગલે પહોંચ્યા પછી હું ચેક લખી આપીશ. તમો પૈસા વટાવી લાવજો. પછી કંઈ છે ?"

"કંઈ વાંધો નહીં. બાબુજી, ગુજરાતી લોકો કેવા ઉદાર હોય છે તે હું જાણું છું. તમારી બીબીને લઈને ચાલો અમારી સાથે."

અમરેશે ભાનુની તરફ જોયું. ભાનુએ ગર્વથી કહ્યું: "મારે આવવા કરતાં અહીં મરી જવું બહેતર છે."

બહારથી ગુંડાના નાયકે કહ્યું: "કુચ્છ ડરના નહીં. બીબી સાહેબા! કસ્મે ખૂદા, કીસકી મજાલ હૈ કિ કાંઈ બદનજરસે આપકી તરફ દેખે ?"

"અમરેશે હસીને કહ્યું: "અહીં આ લોકનાં માથાં કુટેલાં જોઈ મારી બીબી ડરી ગઈ છે."

ભાનુએ અગ્નિભરી દષ્ટિથી અમરેશ સામું જોયું. અમરેશે જોરથી ભાનુનો હાથ પકડી કહ્યું:—"ચાલો."

નીચે લૂંટ ચાલતી હતી. આશ્રમમાં સંઘરેલા ચોખા, દાળ, ગોળ, પટેટા સર્વ લૂંટાઈ ગયું હતું. કપડાં અને ખાદીના તાકા પર સપાટો ચાલી રહ્યો હતો. આઠ દસ જણ મુએલા પડયા હતા. સોડી નીચે શ્રીમતિ તારાદેવી બેશુદ્ધ હતાં. દરવાનો જે પહેરો ભરતા હતા તે પણ લૂંટવાના કાર્યમાં લાગ્યા હતા. કોઈએ પાસેની દુકાન પર સપાટો ચલાવ્યો હતો. આમ વસ્તુસ્થિતિ હતી.

બરાબર આ સમયે એક સુવ્યવસ્થિત યુવકના દળે આવી આશ્રમને ઘેરી લીધો. તેમના વડા બે ચાર દરવાજા આગળ આવી પહોંચ્યાં. તેમને જોતાંની વાર ગુંડાઓનાં હાજા ગગડી ગયાં. આવનાર યુવક દળની ન્હોતી ધમાલ, કે ખાલી અવાજ. તેઓ મુંગે મોંએ કામ કરતા હતા. આવનાર ઉપર ગુંડાઓએ હુમલો શરૂ કર્યો. યુવકોએ બરાબર સામો જવાબ આપ્યો. કાયદેસર લાઠી ચલાવવાની ખૂબી, તેમાં પકવેલી લાઠી અને શીસ્તબંદીએ ગુંડાઓમાંના કેટલાકને મ્હાત કર્યા. ઉપરથી પેલો ગુંડાનો નાયક અને ગુંડા નીચે દોડી ગયા. અમરેશનો હાથ છોડવી ભાનુ બારીમાંથી નીચે જોવા લાગી. આ ધમસાણમ ગુંડાનો નાયક અને બીજા કેટલાક ચોટ ખાઈ નીચે પડયા હતા.

ભાનુ બીતી બીતી જોતી હતી કે ચોકમાં ધમસાણ મચ્યું છે. માથે ફેંટો બાંધેલો એક યુવક ગુંડાઓનો સામનો કરી રહ્યો છે. કેટલાક યુવકો તેની પાછળ ઊભા રહી તેની રક્ષા કરી રહ્યા છે. તેની લાઠી ફેરવવાની ચપળતા, બચાવ કરવાની કુશળતા અંગની સ્ફૂર્તિ અને સાહસ અપૂર્વ છે. તેનો એક પણ પ્રહાર ફોગટ જતો નથી. ગુંડાઓની ચોટમાંથી

પોતાનો બચાવ કરી લાગ આવે ઝબ્બર ફટકો લગાવે છે. આ તે માણસ છે કે કોઈ દેવદૂત ? તે યુવકે પોતાના સાથીદારને કંઈ સૂચના કરી, આ વખતે તેનું મુખ જોઈ ભાનુનું હૈયું હર્ષથી ફુલી ગયું. તે યુવક બીજો કોઈ નહીં પણ મહેશ હતો.

જોત જોતામાં ગુંડાઓનું જોર નરમ પડી ગયું. કેટલાક ઘવાયા. કેટલાક નાસવા જતા હતા તે પકડાયા. જોત જોતામાં ધમાલનું નામ રહ્યું નહીં.

[૮]

એક કલાકમાં આશ્રમ ઈસ્પીતાલના સ્વરૂપમાં ફેરવાઈ ગયો, વેરાયલી અન્ય સામગ્રી યથાસ્થાને પાછી મૂકી દેવામાં આવી. યુવકો સહુ કામે લાગી ગયા. જેને ઘા પડ્યા હતા કે ઈજા થઈ હતી તેમની સુશ્રુષા થવા લાગી, ગુંડાઓને પણ અપકારનો બદલો ઉપકારથી મળ્યો. તેમને પણ મલમપટ્ટા થવા લાગ્યા. પણ તેમને જુદા એક ઓરડામાં રાખવામાં આવ્યા. શ્રીમતિ તારાદેવીને મહેશે સ્વહસ્તે પાટો બાંધ્યો. તેમને એક ઓરડામાં આરામ લેવા કહ્યું. સેવિકાઓ કામે લાગી ગઈ, યુવકો પોતાના કામમાં જોડાયા. આશ્રમની આસપાસ પહેરો ગોઠવાયો. રસ્તામાં કોઈ સેવિકાને સતાવે નહી. તેને માટે યુવકોની બે પાર્ટી ચાલી ગઈ.

ગુંડાઓ નાસી છુટ્યા તે વખતે ભાનુ નીચે આવી મહેશની પાસે ઊભી. મહેશે કહ્યું :—" ભાનુ, આ વખત ઊભા રહીને વાત કરવાનો નથી, કામનો વખત છે. ગુંડાઓ ભાગ્યા છે. હવે આ સર્વને યથાસ્થાને ગોઠવાવો અને જુઓ કે કોઈ ઘવાએલું પડ્યું કર્યું તો નથીને ?"

ભાનુને આશા ન હતી કે મહેશ આટલી મીઠાસથી તેની સાથે વાત કરશે. કારણ કે વિના કારણે તેણે તેના દિલને દુભાવ્યું હતું. મહેશનું નિખાલસ દિલ જોઈ તેના મનની સર્વ ગ્લાનિ ઉડી ગઈ. સ્નેહભરી દૃષ્ટિ મહેશ પર નાંખી. છાતી પરનો સાડીનો છેડો કમરે લપેટી તે કામે લાગી ગઈ. આજે મહેશ અને તેના સાથીદારો, અને સેવિકાઓ સાથે કામ કરવામાં જે ઉમંગ અને હૃદયને એક પ્રકારની શાંતિ થઈ તે તેણે પહેલાં કદિ અનુભવી ન હતી. તેને પોતાના બાલ્યકાળથી માંડી અત્યાર સુધીના સમયને મનમાં ચાળી જોયો. ઓગણીશ વર્ષની વય સુધીમાં આવો આનંદ, આવી પરમ તૃપ્તિ તેણે પૂર્વે કદિ અનુભવી ન હતી.

ત્રણ કલાક સુધી સતત કામ કર્યા પછી મહેશ અને સાથેના કાર્યકરો સીડી આગળ આવી બેઠા હતા. ભાનુ ત્યાં આવી અને મહેશને પૂછ્યું:—" કંઈ નાસ્તો અને ચા લાવું ? "

" હમણાં નહિ. ભાનુ. કલાક પછી આપણે બધાં સાથે મળી ચા લઈશું. " મહેશે કહ્યું.

આમ વાતચીત થતી હતી ત્યાં અમરેશ ઉપરથી નીચે આવ્યો અને બોલ્યો:—" મહેશ, હું વર્કીંગ કમિટીનો મેમ્બર છું. એ તું જાણે છે ને ? "

" તેથી શું ? " મહેશે પ્રત્યુત્તર આપ્યો.

અમરેશે કહ્યું:—" હું અહીં હાજર છું છતાં તમારા કામને માટે મારી અનુમતિ લેવાની જરૂર તમને જણાઈ નથી. આ કેવો ગંભીર અન્યાય છે તે તું સમજે છે ? "

" અન્યાય હશે ! અપરાધ હશે ! પણ એ અપરાધની શી શિક્ષા છે ? " મહેશે પૂછ્યું.

" તે કાલે ખબર પડશે. " રોષમાં અમરેશે કહ્યું.

ભાનુએ કંઈક રોષ અને કંઈક કટાક્ષના સ્વરે કહ્યું, " કાલ પડશે ત્યારની વાત ત્યારે. પણ અત્યારે તમારે જે સમજવાનું છે તે સમજી લ્યોને ! "

કરડી આંખો કરી જાણે અગ્નિ વર્ષાવતો નહોય તે પ્રમાણે તે ભાનુના સામું જોઈ રહ્યો. ભાનુએ ક્રુર હાસ્યથી પોતાનું બોલવાનું જારી રાખ્યું. તેણે કહ્યું : કમિટીની વાત કહો છો પણ કમિટી જેવું રહ્યું છે શું ? ખબર નથી કે ' માર્શલલો ' શરૂ થઈ ચૂકયો છે. કમિટીના એક સભ્ય હોવા છતાં ગુંડાઓની સાથે તમે ' પેકટ ' કર્યો – ત્રાગડો રચ્યો. તમારી આ બેઈમાની અને ગેરવ્યાજબી વર્તનનો વિચાર પણ હમણાં જ કરવો પડશે."

ક્રોધથી સળગી ઊઠતાં અમરેશે કહ્યું: – " જીભપર લગામ નથી તેથી તે બહુ ' ફાસ્ટ ' જાય છે, નહિ વારૂ ? મેમ્બરના અધિકારની ખબર નહીં હોય. જો હું ચાહું તો અત્યારે ને અત્યારે આ સર્વ બંધ કરાવી દઉં. તમને પણ અહીંથી હાંકી કાઢું ! સમજ્યાં ? "

ભાનુએ પણ ગભરાયા વગર દાબથી જવાબ આપ્યો :— " કદાચ તમને ખબર નથી કે સેવાશ્રમની એક સામાન્ય સેવિકા કમિટીના એક ધનેતર મેમ્બરને " એમર્જન્સી " વખતે તમને કામમાં ભાગ ન લેવા માટે, જાણી જોઈ તે આંખમીંચામણા કરવા માટે, મુગાં બેસી તમાશો જોવા માટે કે છૂપાઈ રહેવા માટે પકડીને બહાર કાઢવાની કે કામ કરાવવાની શક્તિ રાખે છે. "

મહેશ ચાતકની માફક ભાનુની સામું જોઈ રહ્યો હતો. હર્ષમાં આવી તેણે કહ્યું:—તમારે મોંએ આવી સ્પષ્ટ અને સત્ય વાત પૂર્વે મેં કદિ સાંભળી નથી. મારે તમારા કહેવા પ્રમાણે કામ લેવું પડશે." એટલું કહી તેણે ખિસ્સામાંથી એક વ્હીસલ કાઢી તે વગાડી. તરત જ એક જણ ત્યાં આવી લાગ્યો.

મહેશે કહ્યું:—"છજ્જુરામ. અમરેશ જે સામે ઊભા છે તે. હમણાં તેમનાં પોતાના કહેવાથી સમજાય છે કે તેઓ વર્કીંગ કમિટીના મેમ્બર છે. છતાં તે અત્યાર સુધી ઉપર લપાઈ રહ્યા હતા. તેઓ કામમાં ભાગ ન લે તે તેમને ઠીક ન લાગે એટલું જ નહીં પણ આપણને પણ તે ઠીક ન લાગે. એમને લઈ તમે ગુંડાઓની સેવા સુશ્રુષાનો ભાર તેમને સોંપો."

છજ્જુ અમરેશનો હાથ પકડવા ગયો પણ અમરેશ તેને તેમ કરવા જતાં સામો થયો. છજ્જુ કાચો ન હતો. તેણે એક જીજીત્સુનો નાનો પેચ અજમાવ્યો કે અમરેશ ઢીલો થઈ ગયો. તેને કાબુમાં લીધા પછી અમરેશનું સુંદર રેશમી શર્ટ જોઈ તેણે કહ્યું:—"કમિટીના મેમ્બરને આ શોભે ખરૂં?" એમ કહી તે શર્ટના છજ્જુ એ ચીંધરડાં કર્યાં.

આજ સમયે ભાનુ અમરેશની તે પર્સ લઈ આવી. અને બધાંની સામે અમરેશને કહ્યું:—

"ગુંડાઓની સાથે તમે મળી ગયા હતા અને તેમની સાથે 'પેકટ' કર્યો હતો તેનું આ સ્મૃતિ ચિન્હ છે. તે તમો સારી રીતે જાણો છો. એ તો ઠીક પણ જે દિવસે મહેશે મને લખેલી ચીઠ્ઠી તમે ચોરી લીધી હતી અને તે જ્યારે

તમારી પોકેટ બુકમાંથી બહાર નીકળી આવી તે દિવસે મેં તમને ઈનામ આપ્યું હતું. તે નોટબુકને તમારા મોં પર મારી હતી યાદ છેને? આજે તમે ગુંડાઓને કહ્યું કે આ મારી સ્ત્રી છે. એમ કહેતાં જીભ નહીં તૂટી પડી? જે મનીબેગ તમે ગુંડાને આપતા હતા તે હું તમને પાછી આપું છું." એમ કહી જોરથી તે પર્સ અમરેશના મોં પર ફેંકી. ને અમરેશના નાકે વાગી. તેણે મોટેથી ચિત્કાર કર્યો કે:—"આહ!!"

અમરેશને અપરાધીની માફક છજ્જુરામ ત્યાંથી લઈ ગયો.

સ્નેહયુક્ત સ્વરે મહેશે કહ્યું:—"ભાનુ!"

"તમે પહેલાંના જેવા પ્રેમાળ ભાવથી મારી સાથે બોલો છો?" ભાનુએ ભાવના આવેશમાં કહ્યું.

મહેશે કહ્યું:—"શા માટે નહિ? ભૂલ કોનાથી નથી થતી? પ્રોફેસર ભટ્ટ સાહેબના પત્રથી મને તે વાતની ખબર પડી હતી.

ગળગળા સ્વરે ભાનુએ કહ્યું:—"એ તો ઠીક પણ તે દિવસે અહીં મેં તમને કઠોર વચનો કહ્યાં હતાં. તમને ટોણા માર્યા હતા ને?"

"તેમાં મારો દોષ હતો, મારે જે તમને સમજાવવાનું હતું તે સીધી રીતે સમજાવી શક્યો નહીં તેનું એ પરિણામ હતું."

ભાનુએ કહ્યું:—"મહેશ! તમે મારા દોષને જોતા નથી. હું અપરાધિની છું. છતાં તમો તે વાત મનમાં આણતા નથી. તમે ખરેખર અતિઉદાર હૃદયના છો. તમે જાણો છો કે હું અહીં કેમ આવી? શા માટે આવી? મને એમ થયું કે

તમારે પગે પડી તમારી માફી માગું ! મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરૂં. તમને શોધવાને માટે જ હું અહીં આવી હતી. દૈવવશાત્ તમો મળ્યા. મારા અભિમાને તમને ખોવા જેવું કર્યું. પણ તમારી કર્તવ્યપરાયણતાએ મારા અભિમાનને ગાળી નાંખ્યું. એ તમારો મહાન ઉપકાર છે."

હૃદયના ઉંડાણથી બોલતો હોય તેમ મહેશે કહ્યું: "ભાનુ, તમારા મનનો સંતાપ હવે દૂર થયો છે. શોકના વાદળ ઊડી ગયાં છે. ભોગનો જે મોહ હતો તે સરી ગયો છે. ત્યાગમાં એક પ્રકારની તૃપ્તિ અનુભવો છો. એ ઓછી વાત નથી. પારકાની સેવામાં જીવનને ઝોકવાથી ખરી પૂજાનો આનંદ થાય છે એ જાણી શકયાં છો. આપણે ઘણું મેળવ્યું છે.

ભાનુ મહેશને પગે પડી કહેવા લાગી. મહેશ તમે દેવ છો. તમે મને અધઃપતનમાંથી બચાવી લીધી છે. તે દિવસે મરતાં મરતાં પિતાએ કહ્યું હતું કે "મહેશ દેવદૂત છે." ખરી વાત. તમે જ મારા ઉદ્ધારક છો. આધાર છો."

મહેશે ભાનુને ઊભી કરી. વાંસે હાથ ફેરવ્યો.

ડૉ. સુનિતાકુમારી

હીરાબહેન કે. મોદી

ડૉ. સુનિતાકુમારી

"એય ! અહીં કેમ ઊભી છે ?" ધનસુખલાલ શેઠે પોતાના બંગલાનાં પગથીઆં આગળ ઊભેલી ભિખારણને જે જોઈએ તે અપાવી રવાના કરવાના ઉદ્દેશથી પૂછ્યું.

"કંઈ નહિ, શેઠજી !"

"કંઈ નહિ ! ત્યારે ઊભી છે શા માટે ?" શેઠની વાણીમાં ચોકખો તીરસ્કાર અને બેદરકારી હતાં. શ્રીમંતોના બંગલા આગળ ભિખારીઓ ઊભાં રહે તે પણ ધનસુખલાલ શેઠને હીણપત જેવું લાગતું હતું.

"મને થોડી મદદ જોઈએ છે, શેઠજી !"

"મદદ ! શાની મદદ ?"

"પચીશ રૂપીઆ જેટલી રકમ જોઈએ છે, શેઠજી"

"શું ?" શેઠની આંખો ફાટી ગયા જેવી થઈ. "ગાંડી થઈ ગઈ કે શું !"

"નહિ, શેઠજી. ગાંડી નથી."

"છોટુ, આને જે જોઈએ તે આપીને જલદીથી રવાના કરી દે." કહેતા શેઠ અંદર ગયા. છોટુ શેઠનો નોકર હતો.

"શું આપું બાઈ? ખાવાનું આપું?" છોટુએ ભિખારણને પૂછ્યું.

"નહિજી."

"ત્યારે? કપડાં જોઈએ છે?"

"નહિજી, મને પચીશ જ રૂપિઆ જોઈએ છે."

"પચીશ રૂપીઆ? શું કરવા છે? જા, જા, ચાલી જા. પચીશ રૂપીઆ તે કંઈ નાની સુની વાત છે!"

નોકર હસતો હસતો અંદર ચાલ્યો ગયો. ભિખારણ ઊભી જ હતી. એક કલાક પછી ધનસુખલાલ શેઠ પાછા અચાનક બહાર આવ્યા. પેલી ભિખારણને હજુ ત્યાંની ત્યાં જ ઊભેલી જોઈ શેઠને ક્રોધ ચઢયો. ક્રોધના આવેશમાં તે ઉકળી ગયા. "કેમ અહીંથી ખસતી નથી.?"

"શેઠજી, ફક્ત પચીશ રૂપીઆ આપો. આપ નસીબદાર છો, એટલી રકમ આપને કંઈ વિસાતમાં નથી. એટલા રૂપીઆ હું આપને બે ત્રણ વરસે પાછા આપી જઈશ."

"અરે બાઈ! તુ તે ગાંડી છે કે ડાહી? ભિખારી તો ઘણાં આવે છે પણ રૂપીઆ તો કોઈ નથી માગતું. ભાગ નહિ તો..."

"ઠીક ચાલી જાઉં છું." ભિખારણ એક અક્ષર પણ વધુ બોલ્યા વિના ચાલી ગઈ. શેઠ બે પળ ઊભા રહી તેને જતી જોઈ રહ્યા. "ભિખારીમાં આવી સજ્જનતા હોય નહિ. એ તો બૂમો પાડયા જ કરે, ખસે જ નહિ. આ બાઈ કોઈ વિચિત્ર લાગે છે." તે મનમાં બોલ્યા અને નોકરને દોડાવી તેને પાછી બોલાવી.

"તારે રૂપીઆ શું કરવા છે?" જરા લાગણી બતાવી; જો બેચાર આનાથી પતી જતું હોય તો આવું ઉમદા દાન કરવાની તક જવા ન દેવી એમ ધારી શેઠે પૂછ્યું.

"શેઠજી, પચીશ રૂપિયા જો મને આપશો તો પ્રભુ એનો બદલો આપને આપશે. અને હું મજુરી કરી બે ચાર વરસે તમારા રૂપિઆ પાછા આપીશ અને હું આ મારો ભિખારણ વેશ બદલી બધી સ્રીઓ પેઠે કામકાજ કરી મારું નીભાવીશ. ભિખારીના વેશે કોઈ મને કામ ચીંધતું નથી."

"બાઈ, એ તો કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવવાં પડે છે. તારે જોઈએ તો બે ચાર આના લઈ જા." શેઠે ઉદારતાની અવધી બતાવી.

"શેઠજી, એટલામાં શું થાય? કૃપા કરી મને પચીસ રૂપિયા આપો, પ્રભુ તમોને બદલો આપશે."

"ગાંડી લાગે છે! વિદાય કરી દે." શેઠ નોકરને કહી અંદર ગયા.

ભિખારણ સમજી ગઈ કે શેઠની આપવાની દાનત કંઈ દેખાતી નથી. એટલે શેઠે પૂંઠ વાળી કે તરત તેણીએ રસ્તો માપ્યો અને જોતજોતામાં શેરીઓ વટાવતી અદ્દશ્ય થઈ ગઈ.

*

ભિખારણનું નામ સુભલી હતું. તેની ઉમ્મર પંદરેક વર્ષની હતી. રતની ભિખારણની તે છોકરી હતી. રતનીની આખી જિંદગી ભીખ માગવામાં જ ગઈ હતી. સુભલી નાની હતી ત્યારે તો ભીખ માગવામાં તેને આનંદ આવતો પણ જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તેની સમજ શક્તિમાં ફેર

પડતો ગયો. ભિખ માગવી એ નરી નબળાઇની નિશાની છે એમ તેને લાગ્યું. તેને વિચાર થયો કે આટલાં બધાં માણસો મઝા લૂંટી રહ્યાં છે અને મારે કેમ ભીખ માગવાની? શું પરમેશ્વરે આવો કાયદો ઘડ્યો હશે? પરમેશ્વરમાં પણ પક્ષાપક્ષી હશે શું! અર્ધા માણસો મઝા કરે, એશઆરામ કરે ને અર્ધા માણસો આમ રખડતાં રઝળતાં ફરે તેનું શું કારણ? આ અન્યાય હમેશાં તેને ખૂંચતો; પણ શું કરવું તે પ્રશ્ન હમેશાં તેને મુંઝવતો.

રતનીનું રહેઠાણ એક શાળા પાસેના મકાનની ઓસરીમાં હતું. હમેશાં તે ત્યાં સૂઇ રહેતી. મકાન માલીક કોઇ કોઇ વાર એ મકાન ઉઘાડવા આવતો તો રતની પોતાનાં કપડાં લઇ ઓસરીમાંથી નીચે ઊતરી જતી અને માલીકના ગયા પછી પાછી ઓસરીમાં પથારો નાખતી.

શાળામાં જતી આવતી કન્યાઓને જોઇ સુભલીનું મન લલચાયું. તેને તેમની સાથે જઇ ભણવાનું મન થયું, પણ ભિખારણની છોકરીને નિશાળમાં કોણ પેસવા દે? અને એવું કહેવાય પણ શી રીતે? એક દિવસ સુભલીએ પોતાની માને કહ્યું: મા મને આ નિશાળમાં ન જવા દે? મારે ભણવું છે.' અને માએ કહ્યું: "અરે છાની મર સુભલી! એ તો મોટા માણસની દીકરીયું. આપણાથી ત્યાં ન જવાય. જોજે, કોઇને કંઇ કહેતી નહિ. નહિ તો આપણને અહીંથી કાઢી મુકાવશે. આટલો પડ્યો રહેવાનો આશરો છે તે પણ જશે." માના કહેવાથી ડરી જઇને સુભલીએ શાળામાં જવાની વાત ફરીને ઉચ્ચારી નહિ; પણ ભિખારીની દશામાંથી મૂક્ત થવાના વિચાર તેણે છોડ્યા નહિ. આખરે જાત મજુરી કરીને સામાન્ય

ગરીબ વર્ગની સ્ત્રીઓ જીવન ગુજારે એવું જીવન જીવવાનો તેણે મનમાં દૃઢ સંકલ્પ કર્યો. પચીસ રૂપીઆ જો પાસે હોય તો સહેલાઈથી આ સ્થિતિનું રૂપાંતર કરી શકાય એ હેતુથી તેણે ધનસુખલાલ શેઠની પાસે પચીસ રૂપીઆ માગ્યા; પણ તેમાં એને નિરાશા જ મળી.

થોડા દિવસમાં સુભલીની મા મરી ગઈ. બાપ તો એના બચપણમાંથી જ મરી ગયો હતો. આટલો માનો આશરો હતો તે પણ ગયો. સુભલીને માંથે દુ:ખનાં ઝાડ ઊગ્યાં. હવે ક્યાં જવું ? તે પ્રશ્ન એના કુમળા મગજમાં ઉપસ્થિત થયો. અનાથ બનેલી સુભલીને કોઈનુંએ આશ્વાસન નહોતું. સુભલીને એક બીજી પણ ચિંતા હતી. ભિખારીના વેશમાં માગી ખાતાં પેટતો ભરાય પણ તેને કોઈ નો આશરો નહોતો; ઉપરાંત પોતે દિવસે દિવસે મોટી થતી હતી એટલે પોતાની જાતનું રક્ષણ પોતે કેવી રીતે કરશે, એ ચિન્તા તેને વારંવાર મુંઝવતી હતી

સુભલીમાં ભિખારણના ગુણો તો હતા જ નહિ. કોણ જાણે એને શાથી સારા સારા તરંગો આવ્યા કરતા. પોતે ભિખારણ છે એવું તો એના મનમાં કદીએ ન આવતું. એ તો ઉચ્ચ ને ઉચ્ચ કલ્પનાઓ કર્યે જતી હતી. એને એમ જ લાગતું કે, ભિખારી રહેવા તો પોતે સર્જાઈ જ નથી.

અને જ્યારે તેની મા ભીખ માગવા ઘેરઘેર ભટકતી ત્યારે સુભલી તો માની પાછળ છાનીમાની ઊભી રહેતી. માત્ર રતની એની મા જ બૂમો પાડચા કરતી ! એ તો ઊભી ઊભી ગૃહસ્થી લોકોના ઘરનું બારીકાઈથી અવલોકન કર્યા કરતી. ‘ કોઈ આ...પો ’ એ શબ્દ બોલતાં તેને ખૂબ સંકોચ થતો; પણ ભિખારણની છોકરીની મનોદશા જાણવાની કોને

નવરાશ હતી ? રતનીના મૃત્યુ પછી સુભલીને હાથમાં ચપણું લઈ ભીખ માગવા જતાં એટલી શરમ લાગી કે, પ્રભુ પાસે એ વિનંતી કરીને કહેતી કે, આના કરતાં તો પ્રભુ મોત આપે તો સારૂં. રતની મરી ગઈ એ ખબર આજુબાજુના પાડોશમાં પહોંચી જવાથી સૌને દયા આવતાં સુભલીને માટે ખાવાનું મોકલતાં. નાનાં છોકરાં વાટકામાં ખાવાનાં ભરી ભરી સુભલી પાસે લઈ આવતાં અને તેને ખાવાનું આપી કહેતાં, " હેં સુભલી ! તારી મા મરી ગઈ ? હવે તું શું કરીશ ? " સુભલી મુંગે મોંએ ખાવાનું લઈ લેતી ને કંઇ ઉત્તર ન આપતી. થોડા દિવસ તો સુભલીને સૌએ યાદ કરી પણ ધીમે ધીમે સૌ તેને ભૂલી ગયાં.

સુભલીને હવે સેંકડો તર્કવિતર્ક થવા લાગ્યા. ભૂખ લાગે ને ભીખનું ચપણું યાદ આવે, પણ ભીખ માગવા નીકળવું એ તેને મરવા કરતાં એ વધારે ખરાબ લાગ્યું. બે ત્રણ દિવસ સુધી સુભલી ભીખ માગવા ન ગઈ. જે ટાઢા ટૂકડા પડેલા તે ખાઈ ચલાવી લીધું. પણ પછી માગવા ગયા વિના તો છૂટકો જ ન હતો. આ તેનાથી ન ખમી શકાયું. તેને તો સાધારણ માણસોની માફક પોતાનું ઘર કરીને રહેવાના કોડ જાગ્યા હતા. પણ પૈસા મેળવવા ક્યાંથી ? ધનસુખલાલ શેઠ પાસે એણે માગ્યા તો ખરા પણ ન મળ્યા. પચીસ રૂપીઆ એટલે કેટલા રૂપીઆ તે સુભલી જાણતી હતી, કારણકે જોડેની શાળામાં કન્યાઓને અપાતા શિક્ષણના શબ્દે શબ્દો સુભલી સમજણી થઈ ત્યારથી ધ્યાન આપીને સાંભળતી હતી. સો કોને કહેવા ને હજાર કોને કહેવા તે પણ તેને આવડી ગયું હતું, પણ એની પરીક્ષા જોનાર કોઈ નહોતું.

આથી જ એણે પચીસ રૂપીઆ ગમે ત્યાંથી મેળવી તે પર કંઈ કંઈ સુખનાં સ્વપ્નો અને કલ્પનાની ઈમારતો બાંધી હતી, પણ ધનસુખલાલ શેઠના તિરસ્કારમાં એ બધું ભાંગીને ભુક્કો થઈ ગયું. તેણે બીજે ક્યાંકથી માગી જોવાનો વિચાર કર્યો ખરો, પણ ક્યાંય એની જીભ ન ઉપડી.

પણ સુભલીના મનમાં એક વિચાર સજ્જડ ઘર કરી રહ્યો હતો. એક દિવસ તે પોતાની ઓસરીમાં બેઠી હતી ને રસ્તા પર જતા આવતા માણસોનું નીરીક્ષણ કરી રહી હતી. એવામાં એક નવયુવક તેની પત્ની સાથે ત્યાં થઈને પસાર થતો હતો તે જરા ઊભો રહ્યો અને પોતાની પત્નીને સંબોધી તે કહેવા લાગ્યો, " જો, આના કરતાં તો આપણે સુખી છીએ ને ? " એની પત્નીએ એ સાંભળી કહ્યું: " આતો બિચારાં ભિખારી ! એની સરખામણી આપણી સાથે કરો છો ? આપો એને કંઈક " અને યુવક ખીસ્સામાંથી એક આનો કાઢી સુભલીની આગળ નાખી ચાલતો થયો.

યુવકના શબ્દોથી સુભલીને ખૂબ શરમ આવી, પણ તે કરતાં એની આગળ એક આનો પડયો તે જાણી એને વધારે દુઃખ થયું. એની આંખમાંથી બે આંસુ ખરી પડયાં.

આમને આમ સુભલીએ બે ત્રણ માસ પસાર કર્યા પણ હવે તે પોતાના આવા જીવનથી કંટાળી હતી. " રોજને રોજ ભીખ માગીને ખાવું એ તે કંઈ જીવન છે ? " આવા આવા ઊભરા હમેશાં તેના અંતઃકરણમાંથી બહાર પડતા.

પણ ખરી કસોટી તો તેની હવે જ થવાની હતી. જે ભયની તેના મનમાં હમેશાં ધાસ્તી રહેતી હતી તે ભય તેના સન્મુખ થોડા જ વખતમાં ખડો થયો.

કેટલાક ભટકતા લોફરોએ એના નિરાધારપણાનો લાભ લઈ એની છેડતી કરવી શરૂ કરી. કંઈ કંઈ લાલચો અને કંઇ કંઈ ધમકીઓ તેમણે સુભલીને બતાવી. તેઓ એને ફસાવવાનો પ્રપંચ કરવા લાગ્યા. સુભલી એ લોકોને એટલો જ જવાબ આપતી કે, "ચાલ્યા જાઓ, નહિ તો હમણાં બૂમેબુમ પાડી તમારો ફજેતો કરી નાખોશ." અને કોઈ ફજેત થવાની બીકે તો કોઈ કાંકરા નાખી, તો કોઈ સુભલીને એકાદ સોટી ફટકારી ધમકી બતાવી ચાલ્યા જતા, સુભલી આથી ત્રાસી ગઈ. "રોજને રોજ આમ કેમ ખમાય? હવે ક્યાં જઈ રક્ષણ માગવું?" તેણે ખૂબ વિચાર કર્યો; પણ જે ઓસરીમાં પોતે બેઠી હતીં તેના છાપરાં સિવાય કોઈ રક્ષણ એને માટે ન હતું.

સુભલી આખી રાત રડી રડીને પસાર કરતી, હવે તેને એક જ માર્ગ સૂઝયો, જ્યાં તે પોતાના છૂટકારાનો દમ ખેંચી શકે અને તે આત્મઘાત. રતનીનાં માગેલાં તેની પાસે બે સારાં કપડાં હતાં તે એણે પહેર્યાં અને બાકીની બધી વસ્તુઓ ઓસરીમાં જેમની તેમ પડી રહેવા દઈ ત્યાંથી તે ચાલી નીકળી.

શહેરથી થોડે દૂર નદી વહેતી હતી તે તરફ સુભલી ઝપાટાબંધ ગતી કરી રહી હતી. તેનો વિચાર પાણીમાં ડુબી જીવનનો અંત લાવવાનો હતો, પણ નદી ઉપર માણસોની ભીડ જોઈ તે પાછી પડી ગઈ અને એકદમ અટકી. જરા છેટે એક લીંમડાનું ઝાડ ઊભું હતું ત્યાં જઈને બેઠી. એક માણસે એને જોઈ હતી અને અચાનક અટકી પાછી ફરી; ઝાડ નીચે જઈને બેઠી તે પણ તે માણસે જોયું. તેને નવાઈ

લાગી. કંઈક જાણવાની આતુરતા પણ વધી. તે એની પાસે આવ્યો ને થોડી વાર ધારી ધારીને જોઈ રહ્યા પછી બોલ્યોઃ

"બહેન, કેમ એકલાં બેઠાં છો?" સુભલીએ કોઈએ આપેલાં સ્વચ્છ કપડાં પહેરેલાં હોવાથી અને શરીરનો વાન ધોળો હોવાથી તે ભિખારણ છે એવી શંકા આવે એમ હતું જ નહિ.

સુભલીએ જવાબ ન આપ્યો. તે નીચું જોઈ બેસી રહી. પેલા યુવાને જાણ્યું કે કોઈ દુઃખીઆરી બાઈ લાગે છે. નાદાન બુદ્ધિમાં આપઘાત કરવા નહિ જતી હોય! તેણે ફરી પૂછ્યું. "બહેન, તું કંઈ મૂંઝવણમાં છે! હો, તો જરૂર કહે. હું તારી ગમે તેવી મૂંઝવણ હશે તો દૂર કરીશ."

આ શબ્દો સાંભળી સુભલીએ ઉંચું જોયું. તે યુવક અંતઃકરણથી બોલતો હતો કે ઉપર ઉપરથી તેની ખાત્રી કરવા તેણે એ યુવકના ચહેરા તરફ ધારીને જોયું.

"તને જે દુઃખ હોય તે કહે. હું તને મદદ કરીશ."

"મદદ આપશો?" સુભલીના ચહેરાપર આશાનાં ચિન્હ દૃષ્ટિગોચર થયાં.

"જરૂર, તું મારી ધર્મની બહેન છે. બોલ, તારે શું જોઈએ?" યુવક સુભલીના સામે બેઠો.

"મને મારી કથની કહેતાં શરમ આવે છે, ભાઈ! હું ભિખારણની છોકરી છું. મારી મા મરી જવાથી જગતમાં હું એકલી થઈ ગઈ છું. જીવનથી કંટાળી ગઈ છું. ભાઈ! નદી ઉપર હું મરવા જ જતી હતી પણ લોકોની ભીડ હોવાથી પાછી ફરી."

આ સાંભળી યુવકના હૃદયમાં દયાનો ઝરો વહેતો થયો. " અરે ! એટલું બધું માઠું શા માટે લગાડે છે બહેન ? મરવાથી પણ સુખ નથી. બીજે જન્મે પણ પાછું આને આ દુઃખ ભોગવવું પડે છે. ચાલ બહેન, તું મારે ત્યાં. તને હું મારે ત્યાં રાખીશ. તને ભીખ માગવા નહિ જવું પડે. '

" ભાઈ, મારી વાત તમે સાંભળશો ? મને જન્મથી ભીખ માગવાનું ગમતું નથી. મને રોજ એવા વિચારો આવે છે કે, જગતમાં આટલા બધા માણસો આનંદ કરે છે ને મારે ઘરબાર કશું નહિં ને ભીખ માગી પેટ ભરવાનું ? અને આને આ દશામાં મરી જવાનું ! મારા મનની વાત સાંભળનાર પણ કોઈ નહિ ? "

" બહેન, તારી વાત હું સમજી ગયો છું. હું ઘરનો સુખી માણસ છું. મારે ઘેર બૈરાં છોકરાં છે. તું મારી સાથે ચાલ. તારૂં નિરાધારપણું તને કેટલી જાતની મુશ્કેલીઓમાં મૂકતું હશે તે હું સમજી શકું છું. બહેન તું ઊઠ. "

ના, ના. લોકો તમારા પર ધિક્કાર વરસાવશે અને મને કાઢી મૂકાવશે. ભલા શેઠ, તમે ચાલ્યા જાઓ. મારે લીધે હું તમને દુ:ખી કરવા નથી માગતી. "

" બહેન, હું તને એક સરસ નિશાળમાં ભણવા મુકીશ. તને ભણાવીશ, પરણાવીશ, બધું કરીશ. મને કોઈનોએ ડર નથી. તું મારી સાથે ચાલ. તું જરાએ ડરીશ નહિ. મેં તને ઓળખી પણ છે. તું રતનની દીકરી તો નહિ ? "

અને સુભલી એ યુવકની સાથે પાછી શહેરમાં ગઈ.

*

શેઠ ધનસુખલાલના બંગલા આગળ આજે કેટલાંએ ભિખારીઓની ઠઠ જામી હતી. ન છૂટકે ભિખારીઓને કટકો ફોર આપનાર શેઠને ત્યાં આખા શહેરમાંથી ખેંચાઈ ખેંચાઈ ને સેંકડો ભિખારીઓ એકઠાં થયાં હતાં. શું એમને કંઈ દાન આપવા શેઠે બોલાવ્યાં હતાં? એવું જ કંઈક લાગતું હતું. ભિખારીઓનાં ટોળાં આતુરતાથી બંગલા તરફ જોઈ બેઠાં હતાં.

પણ અંદરનું વાતાવરણ સૂમસામ હતું. ચારે તરફ ચુપકીદી છવાઈ ગઈ હતી. ભારે પગલે કુટુંબની પ્રત્યેક વ્યકિત ચાલતી હતી. શેઠ ધનસુખલાલ આજે માંદગીના છેલ્લે બિછાને પડયા હતા. તેમના ચારે પુત્રો દીલગીર ચહેરે પથારી પાસે બેઠા હતા. થોડી થોડી વારે એકાદ વ્યક્તિ બારણા પાસે આવી બહાર ડોકિયું કરી જતી. કોઈની રાહ જોવાતી હોય તેમ લાગતું હતું. ટેલીફોનની ઘંટડી વાગી અને પાંચેક મીનીટ પછી શેઠના બે પુત્રો અને એક બે સગાવહાલા બંગલાની બહાર ઓટલા પર આવી ઊભા રહ્યા.

બહાર ઊભેલા માણસો તરફ જોઈ ભિખારીઓનાં ટોળાં ઊભા થઈ ગયાં અને 'શેઠજી અમને કંઈ આપો માબાપ!' એમ એક પછી એક બૂમો પાડવા લાગ્યાં.

"અરે! હમણાં તમે કોઈ બોલશો નહિ. મોટા ડૉક્ટર સાહેબ આવવાના છે તેમની રાહ જોવાય છે. ગરબડ કરશો તો કાઢી મુકવામાં આવશે. છાનાં રહો, જુઓ મોટર આવે છે." શેઠના એક સગાએ ભિખારીઓને શાંત કરી બેસાડી દીધા.

ધનસુખલાલ શેઠ સંધીવાના અસાધ્ય રોગથી પીડાતા હતા. લગભગ સાતેક વરસથી તેમને આ રોગ લાગુ થયો હતો. ઘણા સારા સારા ડૉકટરોની દવાઓ કરી હજારો રૂપીઆ ખર્ચી નાખ્યા હતા પણ તેમને કંઈ ફેર પડયો નહોતો. મંદવાડે દીન પ્રતિદીન ભયંકર રૂપ પકડયું હતું. છેવટે સગાં વહાલાં અને કુટુંબીજનોએ શેઠને આરામ થવાની આશા છોડી હતી.

ધનસુખલાલ શેઠ ગર્ભશ્રીમંત હતા. ગામમાં તેમની આબરૂ સારી હતી. દેશાવરોમાં ઝવેરાતની દુકાનો ધમધોકાર ચાલતી હતી. તેમના ત્રણ પુત્રો વેપારમાં પડેલા, પણ સાથી નાના પુત્ર રમેશકાન્તને ઉચ્ચ ડીગ્રી સંપાદાન કરવા માટે ઇંગ્લેંડ મોકલવામાં આવ્યો હતો. બધાંને લાગ્યું કે શેઠને હવે બચવાની આશા થોડી છે એટલે રમેશકાન્તને તાર કરવામાં આવ્યો. રમેશકાન્ત આવ્યો. પિતાજીની ભયંકર સ્થિતિ જોઈ તેને લાગી આવ્યું. કોઈ નિષ્ણાત ડૉકટરને બતાવી પિતાજીને બચાવવાની રમેશકાન્તની આકાંક્ષા હતી. વિલાયતથી ડીગ્રી લઈ તાજાજ આવેલા કુશળ ડૉકટરોને તેણે યાદ કર્યા અને તેના મનમાં અચાનક કંઈક યાદ આવતાં ચહેરા પર આનંદની રેખા દ્રષ્ટિગોચર થઈ.

"બાપાજી, તમને સારૂં થવાનુ જ છે, હો! ગભરાશો નહિ. હું એક સંધીવાના નિષ્ણાત ડૉકટરને તાર કરૂં છું."

"ભાઈ! મને હવે જીવવાની ખાસ ઈચ્છા નથી. પ્રભુની એવી જ મરજી હશે. કોઇ ડૉકટરને હવે બોલાવવાની જરૂર નથી. મારે શું ખોટ છે? પુત્રો, પરિવાર, પૈસાટકા બધું છે.

એવું મરણ તો બધાંને હોજો, ભાઈ, પણ......રમેશ! બેટા! મારી છેલ્લી એક ઇચ્છા છે કે ગામમાં જેટલાં ભિખારી છે એટલાં બધાંને બોલાવી થોડા થોડા પૈસા આપો. પણ ભાઈ, મારે તને એક ખાનગીમાં વાત કહેવી છે."

"બોલો, પિતાજી, બધાં જમવા ગયાં છે. હું એકલો જ છું."

"જો ભાઈ, એક ભિખારણ બાઈએ થોડાંક વરસો ઉપર મારી પાસે પચીશ રૂપીઆ માગેલા, પણ મેં તેને આપ્યા નહોતા, એ બાઈના નિસાસા કદાચ મને લાગ્યા હોય. એ લોકોને થોડા થોડા પૈસા આપો અને પૂછી જોજે કે પેલી પચીશ રૂપીઆ માગનારી ભિખારણ કઈ? એટલે જો કોઈ બોલશે તો છોટું એને બરાબર ઓળખે છે. એને એકલીને પચીશ રૂપીઆ આપજે, એટલે મારો આત્મા ગતી પામશે. મને રાત દિવસ એ જ લાગણી થાય છે કે, મને એના નિસાસા લાગ્યા છે. પણ તું ને છોટું બે સિવાય કોઈ ન જાણે હો!"

"વારૂ, આપની મરજી પ્રમાણે કરીશું. પણ હમણાં તો હું એક ડૉક્ટરને મુંબઈ તાર મુકું છું. જો કે એમની ફી ભારે છે પણ એમની સાથે મારે સારી ઓળખાણ છે."

"આપણે ફીની શી ખોટ છે ભાઈ? એ કયા ડૉક્ટર?"

"લેડી ડૉક્ટર છે, અને હમણાં જ ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી છે. ૭ મહિના થયાં તેમણે મુંબઈમાં પ્રેક્ટીસ શરૂ કરી છે. હાડકાનાં નિષ્ણાત છે. મારે વિલાયતમાં તેમની સાથે ઓળખાણ થઈ છે."

"ઠીક, પણ પેલી બાઈને રૂપીઆ આપવાનું ભૂલાય

નહિ. કદાચ હું વહેલો મરી જઈશ તો મારો આત્મા અહીંઆ ભટકશે. કાલે સવારે એ કામ કરવાનું ભૂલશો નહિ."

"કાલે સવારે જરૂર એ કામ કરીશું. ડૉકટર પણ કાલે આવી જશે. બનશે તો એ કામ પહેલા પતાવીશું અગર ડૉકટરના ગયા પછી તો તરત જ."

અને બીજે દિવસે બંગલા આગળ ભિખારીઓના ટોળેટોળાં ખેંચાઈને જમા થયાં હતાં. છોટુની ચકોર આંખો પેલી ભિખારણ બાઈને શોધી રહી હતી અને ગામમાંથી પણ જેમ ખબર પડવા લાગી તેમ ભિખારીઓ દોડી આવતાં હતાં. છેવટ આવવાનો વખત થઈ ગયો અને સમસ્ત બંગલાનું વાતાવરણ શાન્ત થઈ ગયું હતું.

ભિખારીઓનાં ટોળાં 'આપો, આપો'ની બૂમો પાડી રહ્યાં હતાં. તે ધનસુખલાલના હૃદયમાં ચીરા પાડી આરપાર નીકળી જતી હતી. આખી જિંદગીમાં શું શું પૂણ્ય તેમણે કરેલું તે સરવાળો ધનસુખલાલની આંખ આગળ ખડો થયો. ભિખારીઓની કીકીયારીઓ સહન ન થતાં તેમણે કાનમાં આંગળીઓ ઘાલી. બહારથી દોડતા આવી નોકરે શેઠના પલંગ આગળ ખુરશી ગોઠવી. દૂરથી મોટરનું હૉર્ન સંભળાયું અને શેઠના બે પુત્રો સામા જઈ ડૉકટરને લઈ આવ્યા. શેઠે કાનમાંથી આંગળીઓ કાઢી લીધી. ભિખારીઓની બૂમો ડૉકટરના આવવાથી શાન્ત પડી હતી. પણ એ ચીસોથી ટેવાએલા ધનસુખલાલ ઘડી ઘડી ચમકતા હતા. "રમેશ! ભાઈ, એ ભિખારીઓને કંઈ આપી શાન્ત કરોને!" તેમના હૃદયના ઊંડાણમાંથી અવાજ નીકળ્યો.

ડૉકટર સુનિતાકુમારીએ સ્ટેથેસ્કોપ કાઢી કાનમાં નળીઓ ભેરવી ધનસુખલાલની છાતી તપાસી, અને અનીયમીતપણે ચાલતા ધબકારા સાંભળ્યા.

શેઠનું કુટુંબ ચુપચાપ બેઠું હતું. ડૉકટર સુનિતાકુમારીએ બધાંને આકર્ષ્યાં હતાં. સુનિતાકુમારી ગુજરાતી બાઈ હતાં પણ તેમની બોલવાની છટા, તેમનો પોષાક, લાવણ્ય અને ચપળતા એવાં આકર્ષક હતાં કે યુરોપની કોઈ પણ રૂપસુંદર યુવતીની હરિફાઈમાં ઉતરે. ડૉકટરે સ્ટેથેસ્કોપની નળીઓ કાનમાંથી કાઢી અને ધનસુખલાલ સામે એકી ટસે જોઈ રહ્યાં.

"મી. રમેશકાન્ત !" ડૉકટરે કહ્યું.

રમેશ નજીક આવ્યો પણ ડૉકટરે કંઈ કહ્યું નહિ. ડોસાના ચહેરા તરફ પાંચેક મિનિટ સુધી ધારીને તાકી રહ્યાં. રમેશે જાણ્યું કે ડૉકટર દરદીના ચહેરા પરથી દરદની ચિકિત્સા કરે છે, એટલે રમેશ છાનોમાનો ડૉકટરની નજીક ઊભો.

ડૉકટરે બંગલામાં ચારે તરફ ચપળતાથી નજર ફેરવી લીધી અને એકદમ ઊભાં થઈ બારણા પાસે જઈ અટક્યાં. છેવટે કમ્પાઉન્ડમાં એક નજર નાખી. થોડીવાર બહાર જઈ બંગલાનાં પગથીઆં આગળ ધારીધારીને કંઈક જોઈ ફરી અંદર આવ્યાં. બધાંને લાગ્યું કે બંગલાની અંદરનું અને બહારનું વાતાવરણ કેવું છે તે ડૉકટર જુએ છે. રમેશને ધાસ્તી લાગી કે વિલાયતની હવાથી ટેવાએલ ડૉકટર હમણાં કંઈક ટીકા કરશે.

ડૉકટર અંદર આવ્યાં. અને શાન્તીથી ધનસુખલાલના પલંગ આગળ બેઠાં. ગંભીર દેખાતાં ડૉકટરના ચહેરાપર મંદ મંદ હાસ્યની રેખાઓ અંકિત થતી દેખાણી.

"બેસો, રમેશકાન્ત!" રમેશ જે અત્યાર સુધી ડૉક્ટર શું કહેવા માગે છે તેની રાહ જોઈને ઊભો હતો તે પાસેની ખુરશી પર બેઠો.

"બીજા ડૉકટરોના અભિપ્રાય લીધા છે ને?"

"હા." રમેશે એક બે સારા ડૉકટરનાં નામ ગણાવ્યાં.

"તમે બધાં નિરાશ થઈ ગયાં હો એમ લાગે છે, પણ દરદ સાધ્ય થઈ શકશે. છ માસ લાગશે, પણ કેસ સુધરી જશે. હજુ બધું શરીર હું હવે તપાસીશ પણ તમને બધાંને ધીરજ આપવા પૂરતું આટલું કહી લઉં છું."

"આભાર" રમેશે કહ્યું અને બાકીનાં બધાંના મોં પર નવીન તેજ ઝળકયું.

ડૉકટરે ફરી સ્ટેથે-કોપ મૂકી પીઠ પાછળ બધે તપાસી લીધું. તમામ શરીર ફેરવીને જોયુ. આંખો, જીભ, નખ, હૃદય બધા ભાગો તપાસીને બેઠાં. એટલામાં બહારથી ભિખારીઓની એક ચીસ સંભળાણી "માબાપ, શેઠજીનો આવરદા વધે, અમને કંઈક આપો." ધનસુખલાલ શેઠે આ સાંભળી કાનમાં આંગળી-ઓ નાખી. ભિખારીઓની ચીસો ડૉકટરના કાનમાં પહોંચી અને એકદમ તેમનો ચહેરો મ્લાન થઈ ગયો.

છોટુએ એકદમ બહાર જઈ કહ્યું: "અંદર ડૉકટર સાહેબ બેઠા છે. બોલશો નહિ. તમને રાજી કરવાના છીએ." અને એ શબ્દો ડૉકટરના કાને અથડાતાં ફીકકું હાસ્ય તેના ચહેરા પર ફરકયું.

"બસ ત્યારે, રમેશકાન્ત! રજા લઉં છું. બાપાજીને

સારૂં થવાનું છે. કોઈ નકામી ચિન્તા કરશો નહિ. હું પ્રીસ્ક્રીપ્શન લખી આપું છું, તે મંગાવી લો." રમેશે લેટરપેડ આગળ ધર્યું. ડૉકટરે પ્રીસ્ક્રીપ્શન લખી આપ્યું. દરમીઆન રમેશના મોટાભાઈ સો રૂપીઆની બે નોટો લઇ ઊભેલા તે તેમણે ડૉકટરના હાથમાં મૂકી. ડૉકટર ઉઠતાં બેસી ગયા. નોટો જોઈ ચમકયા હોય એમ લાગ્યું.

'રમેશકાન્ત, તમારી ફી ન લેવાય.'

બે નોટો સુનિતાકુમારીની બે આંગળીઓ વચ્ચે રમી રહી. તે કંઈક વિચારમાં પડયાં હોય એમ લાગ્યું.

"છોટાલાલ !"

"જી સા'બ," ડૉકટરના મોંમાંથી છોટુનું નામ સાંભળી બધાં આશ્ચર્યમાં ડૂબી ગયાં. છોટુનું નામ ડૉકટર શી રીતે જાણે !

છોટુ અંદર આવી સલામ કરી ડૉકટર આગળ ઊભો રહ્યો.

"આ બે નોટો વટાવી દરેક ભિખારીને એક એક રૂપીઓ દો. રૂપીઆ વહેંચાઈ જતાં ખૂટે તેટલા મારી પાસેથી લઈ જજો." ડૉકટરે કહ્યું.

ઊભેલાં માણુસો બધાં દિંગ થઈ ગયાં.

"પણ સાહેબ, આ તો આપની ફી છે. હું બીજા બસો રૂપિયા ભિખારીઓને વહેંચવા કાઢું છું. આ તો આપ રાખો. હું આપની રૂબરૂ જ ભિખારીઓને આપું છું." રમેશના મોટાભાઈ રજનીકાન્તે છોટુના હાથમાંથી બે નોટો લઈ ડૉકટરને પાછી આપતાં કહ્યું.

"હં…" ધીમું હાસ્ય વેરતાં ડૉક્ટરે કહ્યું, "મારી ફી? મારું શું છે? મી. રજનીકાન્ત, મારામાં અને ભિખારીઓમાં તમને આસ્માન જમીન જેટલો ફેર લાગતો હશે, પણ મને તો તે મારા જેવાં જ લાગે છે. તમે ધનપતીઓ ધનદ્વારા આ ગરીબ લોકોની સેવા હમેશાં કરશો પણ મારા જેવીને થોડી પણ સેવા તો કરવા દો!"

છોટુ નોટો લઈ વટાવવા ચાલ્યો. રજનીકાન્તે બીજી બે નોટો ડૉક્ટરના હાથમાં મૂકી. ડૉક્ટરે તે નોટો રમેશકાન્તના હાથમાં આપી કહ્યું, "ગરીબોનો ઉદ્ધાર કરવામાં આ પૈસા વાપરજો." હવે વધારે આગ્રહ કરવો એ રમેશને ઠીક ન લાગ્યું. સુનિતાકુમારીની ઉદારતા જોઈ રમેશને માન વધ્યું.

*

ધનસુખલાલ શેઠનો કેસ સુધારવાનો ડૉક્ટરે ખરા હૃદયથી નિશ્ચય કર્યો. બરાબર એક મહિના સુધી તો ડૉક્ટર શેઠને ત્યાં જ રહ્યા. તેમને માટે રહેવાની સગવડ બંગલાના એક ભાગમાં અલગ રાખવામાં આવી. પોતાની પ્રેક્ટીસ બંધ રાખીને એક મહિના સુધી ધનસુખલાલની ચાકરી કરવામાં સુનિતા-કુમારીએ તનતોડ મહેનત કરી, અથાગ શ્રમ લીધો. રમેશકાન્તની મિત્રતા જ આમાં મુખ્ય ભાગ ભજવે છે એમ આખા કુટુંબની તથા સગાંવ્હાલાંની માન્યતા હતી. એક માસને અંતરે બીજા સારા ડૉક્ટરની સારવાર નીચે શેઠને મૂકી ડૉક્ટર મુંબઈ ગયા. તે પછી દર અઠવાડીએ આવી દરદીની મુલાકાત લઈ જતા.

છ માસ વીતી ગયા. ડૉક્ટરની કાળજીભરી સારવાર અને રાત દિવસના ઉઠાવેલા અથાગ શ્રમને લીધે ધનસુખલાલ શેઠ

લાકડીના ટેકે ઊભા રહેતા અને પથારીમાં બેસતા ઊઠતા થઈ ગયા.

"કેમ કાકાજી! કેમ લાગે છે હવે?" સુનિતાકુમારીના દયાર્દ્ર હૃદયમાંથી રણકારવાળી વાણી નીકળી.

"સાહેબ! આપે મને નવું જીવન આપ્યું છે. આપ ક્યાંનાં રહીશ, સાહેબ!" અત્યંત ઉપકૃત બનેલું શેઠનું હૃદય ડૉકટરની ઓળખાણ કાઢવા મંથન કરી રહ્યું હતું.

"હું અહીંની જ રહીશ. આ મારું વતન છે." ડૉકટરે મધુરતાથી કહ્યું.

"હું કેમ ઓળખતો નથી?" કંઈ યાદ કરતા હોય તેવો ભાવ ચહેરાપર લાવી શેઠે કહ્યું.

"મને નહિ ઓળખી શકો શેઠજી! અને ઓળખવાની જરૂર પણ શું છે?"

સુનિતાકુમારીના મોહક ચહેરા તરફ શેઠ તાકી રહ્યા હતા.

"હવે હું ચારેક માસ માટે બહારગામ જવાની છું; એટલે તમારી સંભાળ હમણાં તો મારાથી નહિ લઈ શકાય. દવા નિયમીત લેજો."

"આપ ક્યારે પધારો છો?"

"આવતી કાલે."

"બસ! સાહેબ, આપનો બદલો હું શી રીતે વાળું?"

"કહું?"

"હાજી, ફરમાવો."

"તમારે આંગણે કોઈ મદદ માગવા આવે તો નિરાશ કરી એને પાછું ન કાઢશો. તમને પ્રભુએ ઘણું આપ્યું છે."

"જી, ના હું આંગણે આવેલાંને કદી નિરાશ નથી કરતો. મારો પણ એ જ સ્વભાવ છે."

"કાકાજી, રતની ભિખારણ તમારા ઘેર આવતી હતી એ તમને યાદ છે?"

"હા, બિચારી મરી ગઈ. એ જીવી ત્યાં સુધી હું તેને મદદ આપ્યા જ કરતો."

"એ મારી માતા હતી!" અને ડૉક્ટર સુનિતાકુમારીની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા ચાલી.

શેઠની આંખે કમકમાં આવ્યાં. સોનેમાપટની માફક એક પછી એક ચિત્રો તેમની આંખ આગળ ખડાં થયાં અને શેઠનું મસ્તક ડૉક્ટરના પગમાં ઢળી પડ્યું.

ભામા

એક વીતી જવાની અણિ ઉપર

આવતા જતા જમાનાની કથા

ઉછરંગરાય કે. ઓઝા.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्य: सम्यग्व्यवसितो हि सः॥

બહુ દુરાચારી હોય તોપણ બીજાને છોડીને મને ભજે તો તેને સાધુ માનવો. એ સારા વ્યવસાયમાં પડેલો છે.

[૧]

"ભદ્રાયુ, દીકરા, હું જરા મંદિરે જઈ આવું હો !" ભામાએ તેના દસ વરસના દીકરાને કહ્યું. ભામા વિધવા હતી. તેના વરે પૈસા મૂકયા હતા. તેના કુટુંબી સાથે તેને બનતું નહોતું અને તે પોતાના પુત્ર સાથે એકલી રહેતી હતી.

"બા, હું જીઆકાકીને ત્યાં રમું ?" ભદ્રાયુએ પૂછયું.

"હા, ભલે. બહુ આઘો ન જતો, ને બીજા છોકરાઓ બહાર જાય ત્યારે તું એકલો આવીને ઘરમાં બેસજે. પાછળ પાછળ મંદિરે ન આવતો.'

ભામા ઘરમાંથી બહાર નીકળી.

ભામાના પિતા કરસનદાસ આફ્રિકાના કિનારા પરના એક ગામમાં વેપારી હતા. ત્યાં તે કુટુંબ સાથે રહેતા હતા ત્યારે તેની પત્ની શ્યામમૂત્ર તાવથી મરણ પામી હતી. ભામા તે પછી બાપ સાથે એકલી રહેતી. રિવાજ મુજબ બાપે એક આફ્રિકન શ્યામાને ભામાની તથા પોતાની સંભાળ લેવા માટે રાખી.

કરસનદાસ ચુસ્ત વૈષ્ણુવ હતા, એટલે ભામા પણ વૈષ્ણુવ થઈ. પણ સ્વતંત્ર અને નિરંકુશ વાતાવરણમાં રહેવાથી તે સ્વભાવે સ્વચ્છંદી તથા નિરંકુશ બની. સ્વભાવચપળ ભામાની નજર પિતાની એ આફ્રિકન રમણી સાથેની ચેષ્ટા પણ જોઈ ગઈ. ગામમાં થતી મશ્કરીનો પણ તેના કાનને દોષ થયો. વૈષ્ણુવતા અને સ્ત્રીપુરુષોના સંબંધને કોઈ રીતે લાગતુંવળગતું હોય એ સંભવ જ બાળપણથી તેના મનમાં ઊભો ન થયો. આસપાસના છોકરાઓ તેની સાથે છૂટ લેવા માંડ્યા, તેમાં ભામાને કશું અયોગ્ય ન લાગ્યું. તે કાળા લોકોને રસોડા પાસે ફરકવાય ન દેતી, અહિન્દુઓને ત્યાં પાણીનો છાંટો પણ ગમે તેટલી તરસી હોય તોય ન પીતી, અને એ માનતી કે એ ધર્મ સાચવતી. પણ બધે છૂટથી જતી, રમતી, છોકરાઓ સાથે અથડાતી, અફળાતી, હસતી, બોલતી.

એમ કરતાં ભામા કુમારિકા મટવા માંડી, અને તે બરોબર સમજતી ન હતી, તો પણ તેને એમ લાગવા માંડ્યું કે એ આફ્રિકાના નાના ગામની વસતિમાં રહેતા છોકરાઓમાંથી એક જુવાન અને દેખાવડા છોકરાનો સમાગમ તેને વધારે ગમતો. એ છોકરા સાથે ભામાએ પરિચય વધાર્યો અને એ પરિચય મર્યાદા પણ મૂકત, પણ કોઈએ તે દરમ્યાનમાં કરસનદાસનું, પોતે જરા કડવો થઈને પણ, ધ્યાન ખેંચ્યું અને બે શબ્દો શિખામણના કહ્યા. કરસનદાસની આંખ ઊઘડી. તેણે ભામાને થોડા દિવસ શહેરમાં સગાંઓમાં મોકલી આપી, વેપાર સમેટી લીધો, અને પછી શહેરમાં આવી ભામાને લઈ પોતાના વતનમાં આવી પહોંચ્યો.

કરસનદાસને વેપાર અને આફ્રિકા ગળે વળગ્યાં હતાં,

એટલે તેને ભામાને એકદમ કોઈને ગળે વળગાડી દેવી હતી. ખિયશી શેઠ પણ કોઈ નવજુવાન કન્યા શોધતા હતા. તેને દમ હતો. વખતોવખત તાવ આવતો – લોકો એ દમ અને તાવને ભેળાં કરી ક્ષયનું નામ આપતા હતા. તે બધી વાતો ખિયશી શેઠ છુપાવતા. તેની પાસે પૈસો હતો, ધીકતો વેપાર હતો. પેઢી પર મુનીમગુમાસ્તા હતા. વયનો હિસાબ તો હિન્દુસ્તાને તેના ઉપર પરદેશી આક્રમણો થવા માંડ્યાં ત્યારથી જ મૂકી દીધો હતો. કરસનદાસનાં બુઢ્ઢાં ફુઈએ ખિયશી શેઠને કાને ભામાની વાત નંખાવી. કન્યાના બાપને વેપાર માટે મૂડી જોઈતી હતી અને દીકરી માટે ઢાંકપછેડો જોઈતો હતો. શેઠને ઘરઉજાળણુ અને ઘડપણસંભાળણુ સુંવાળો હાથ અને હસતું મોં જોઈતું હતું. સોદો પતી ગયો. ભામા ખિયશી શેઠની શેઠાણી થઈ અને સાતમેઆઠમે મહિને માતા થઈ. શેઠનો મુનીમ કોઈ એવી કોમનો માણસ હતો કે જે નવાં નવાં નામો શોધતો જ ફરે. શેઠ પુત્રજન્મની ખુશાલીમાં કોઈ એવું નામ શોધતા હતા કે જે " અમારી નાતમાં કોઈ માઈના પૂતને સૂઝ્યુંય ન હોય." મુનીમજીએ છોકરાનું નામ ભદ્રાયુ બતાવ્યું. વરસની પચાસ કોરીનો તેના ખીસામાં વધારો થયો અને ખિયશી શેઠનો ઘરસંસાર મુનીમજીની મદદથી અને ભામાની આફ્રિકન ચતુરાઈ તથા હિંમતથી ચાલવા માંડ્યો.

વતનમાં પણ ભામાએ વૈષ્ણવતા ન છોડી. કથાવાર્તા. બ્રાહ્મણબાવા, સાધુસંત, મહારાજમુખ્યા અને વ્રતઅપવાસમાં ભામા વતનમાં પહેલે નંબરે ગણાવા માંડી. મંગળાથી સેન સુધીનાં એકેએક દર્શનમાં ભામા ખરી. મોડી પડે તો એક માઈલથી " જે જે, જે જે " ની બૂમ પાડતી, ભદ્રાયુને

કાખમાં લઈને, તે દોડતી હોય. પછી તો ભામા દર્શન ન કરે ત્યાં સુધી પૂજારીઓ દર્શન બંધ જ ન કરે. વૈષ્ણવમંડળોમાં ખિયશી શેઠ ધન્ય મનાયા. લોકો વાતો કરતાઃ "અહો! આટલી જુવાન, આટલી ફૂટડી, આટલી લટકાળી, આટલી અપ-ટુ-ડેટ, આટલી શોખીન પણ પરમવૈષ્ણવ – આફ્રિકામાં પણ કરસનદાસને આટલી ધરમની ખેવના; વાહ, વાહ." એટલે ભામા સમાજપ્રસિદ્ધ થઈ અને તેની કીર્તિ પણ ગવાવા માંડી. છતાં તેણે પરદેશમાં ભોગવેલી સમાજછૂટ તો છોડી જ નહિ. તેનો તેમાં વાંક કઢાય તેમ નહોતું. તેને મર્યાદા જેવી વસ્તુ શીખવવામાં જ આવી નહોતી. ભદ્રાયુની ફઇ – નામ પાડનાર મુનીમજી આ બાબત સમજી ગયા હતા. તે શેઠની ખુશામત-પ્રિયતા અને ભામાની રસવૃત્તિ ઉશ્કેરતા અને પેઢી કરતાં શેઠને ઘેર ગમે તે બહાને વધારે વખત ગાળતા. ગામના જાહેર કાર્યકર્તાઓ પણ ખિયશી શેઠનો હવે વધારે લાભ લેવા માંડ્યા. ગૌરક્ષણ ફંડ, ખાદી ફંડ, પાણી ફંડ એ ફંડનો ફાળો ઉઘરાવવા તેમણે મુલાકાતો શરૂ કરી. ત્યાં શેઠાણીનો સમાગમ સાધ્યો. પછી શેઠાણીને હાથે મેળાવડાઓના કેટલાક પ્રસંગો શરૂ કરાવવા માંડ્યા અને ભામાશેઠાણી જુવાન સમાજસેવકોમાં પણ અત્યંત પ્રિય થઈ પડ્યાં.

એમ કરતાં દોઢેક વરસ વીતી ગયું અને ખિયશી શેઠ માંદા પડ્યા. તેણે ભામાના નામનું વસિયતનામું કર્યું અને પછી એક રાતમાં ગુજરી ગયા. ભામા વિધવા થઈ, અને વસિયત-નામા પ્રમાણે વહીવટ કરવા રાજ્યે મુનીમજીને નીમ્યા. સગાં-વહાલાંઓ ભામાની પડખે ચઢવા આવ્યાં. પણ તેઓ તો તેની પાસે કઠણ વૈધવ્ય પળાવવા મથતાં હતાં. ભામા વૈષ્ણવ હતી,

પણ વૈધવ્યનું તપ સહન કરવાની તેનામાં વૃત્તિ કે શક્તિ નહોતાં, એટલે ભામાએ સંબંધીઓને તો તેરમે દિવસે જ તડતડાવીને કાઢ્યાં.

અને પછી વૈષ્ણુવ રહેતે છતે પણ વૈધવ્યની નિરંકુશતા ભોગવવા માંડી. પેઢી બંધ કરી. ગુમાસ્તાઓને રજા આપી. મુનીમજીને સ્વતંત્ર વેપાર માટે હલકે વ્યાજે નાણાં ઉછીનાં આપ્યાં. નોકરોને રજા આપી. ગાડી કાઢી નાંખી. વ્યાજમાંથી પોતાનું ખર્ચ ચલાવવા માંડી, વતનના શેઠિયા કાંઈ મુંબઈ જેવા નહિ. તેમનાં શેઠાણી પણ કાંઈ મુંબઈ . જેવાં નહિ. એટલે પોતે અને ભદ્રાયુ અને એક ઘરડી ડોશી કામકાજ માટે: આટલાથી વધારે ઘરમાં માણુસ નહિ. નાતના અને ધર્મના જે વ્યવહારો તેટલા જ વ્યવહારના વ્યવસાય અને વતનના સમાજજીવનના જાહેર પ્રસંગો, તે સિવાય ભામાને બીજા વ્યવસાયો પણ રહ્યા નહિ. ભદ્રાયુ મોટો થવા લાગ્યો, તે દસ વરસનો થયો. ભામા લગભગ ૨૭ વર્ષની ભરજુવાનીના પાક-કાળમાં આવી. આ વખતે આ વાર્તાનો પ્રસંગ ઊભો થાય છે.

[૨]

"બેટી, સાક્ષાત્કાર કરવો હોય તો ગુરુચરણુ સેવવાં પડે છે." ભામાને મહંતજીએ કહ્યું.

"મહારાજ, ગુરુચરણુ આજ આઠ વરસથી સેવ્યાં છે. એક ચરણુજુગલ વધારે. પણુ સાક્ષાત્કાર કરવો છે," ભામાએ જવાબ આપ્યો. ગુરુચરણોમાં દેહ અર્પણુ કરવામાં એ ખરેખર પુણ્ય માનતી હતી તેથી મહંતજીના વચનથી તેને ઘૃણા ઉત્પન્ન થઈ નહિ.

મહંતજી હિન્દુસ્તાનથી ફરતા ફરતા ભામાના વતનમાં આવી ચઢ્યા હતા. લાંબા ગુચ્છાદાર વાળ, તેજસ્વી મુખમુદ્રા ચમકતી કાળી આંખો, કેસર તથા અત્તરથી મઘમઘતું પુષ્ટિ-માર્ગનું તિલક, આંધ્રની ઝીણામાં ઝીણી ખાદીનાં રેશમી કોરવાળાં ઉપરણાં અને ધોતિયાં તથા બાલમુકુંદજીની પૂજાના ઠઠારાથી તેણે ભકતોનાં મન હર્યાં હતાં. તે હિન્દુસ્તાની બોલતા અને વચમાં વચમાં ગૂજરાતીનું અશુદ્ધ રૂપ વેરવા પ્રયત્ન કરતા. તેણે આઠ દિવસમાં બેએક ભકતોને સાક્ષાત્કાર કરાવ્યો હતો. ભામાએ એ સાંભળ્યું હતું. ધર્મશ્રદ્ધાળુ ભામાએ પણ સાક્ષાત્કારનો અનુભવ મેળવવા નિશ્ચય કર્યો હતો, અને તેટલા માટે દીકરાને ઘેર મૂકી મંદિરમાં ઉતારો પામેલા આ નવા મહંતજીને તે મળવા આવી હતી.

"બેટી, ભગવાન ગોપી જનોકો સાક્ષાત્કાર જલદી દેતા હેં. સંધ્યા હો જાવે તે પછી ગોપી બન કે આના. ઘરસે ન આ સકતી હો, ઈશ્વર સબ સુવિધા બના દેંગે. ગભરાના મત–બીછડના મત–કુછ ભી હો–બીહના મત-સાક્ષાત્કાર હો ગા. તુમારે જેસી રૂપસુંદર ભકિતન કો નહિ હોગા તો કીસીકો હોગા ?"

"હ્યો, મહારાજ, જેશ્રીકૃષ્ણ! સાંજે આવીશ," ચરણ વાંદી ભામા જવાને નીકળી.

"નિશ્ચલ, ઊઠો, બેટી કે સાથ જાઓ. રાસ્તેમેં કોઇ મલિન સત્ત્વહીન છાંયામે વો ન આ જાય, યહ દેખના," કહી મહંતજીએ પોતાની સાથેના બે માણસોને ભામા ચાલી ગયા પછી આજ્ઞા આપી, અને કોઈને ખબર ન પડે તે પ્રમાણે તે ભામા પાછળ ચાલવા માંડ્યા.

ભામા ઘેર પહોંચી. રાતે ગોપીરૂપ કઈ રીતે લેવું તેનો વિચાર કરવા માંડી. તે સાક્ષાત્કાર કેવો હશે તેની પણ તેને કલ્પના આવવા માંડી. તે વિચાર અને કલ્પનામાં જ તે નાહી, સજ્જાઈ તૈયાર થઇ, રસોઈ કરવા બેઠી. હજી ભદ્રાયુ આવ્યો નહોતો.

'અહાલેક,' કરતો એક બાવો આંગણામાં આવીને ઊભો.

"તેનો અવાજ સાંભળીને ભામાએ હાથ ધોયા અને લોટ લઈ તેની ઝોળીમાં નાંખવા બારણા તરફ ગઈ. બાવો અલમસ્ત હતો. તેણે થોડી વાર પોતાના તરફ આવતી ભામાને એક સર્વાંગસરસી નજરથી નિહાળી.

"લ્યો, બાવાજી, લોટ," કહી લોટની ચપટી બાવાજીની સામે ધરી. ભામા ઊભી રહી. બાવાજી હસ્યા.

"મૈયા, લોટ બોટ નહિ ચૈયે. લડુકા સીધા દે દે. તેરે સામને તૈયાર કરકે ખાઇંગે. ચલતે ચલતે દૂર સેં આયેં હેં. સૂકા આટાકી રોટી તો બહોત ખાઈ. આજ બસ લડુ ખાના હેં. સંતોકો ખિલાના ગિરિસ્થ લોગોંકા ધરમ હે," કહી ઝેરકોચલાનું કમંડળ તેમાં લોટ ન પડે તે પ્રમાણે આડું રાખી બાવો ઊભો રહ્યો.

ભામાએ આ બાવાને શુકનિયાળ માન્યો, મહંતજીની દયા અને આ ખાખીનું આગમન બન્ને આજે સાથે ભેગાં થયાં. તેથી સાંજે જરૂર સાક્ષાત્કાર થવાનો જ, એમ માનીને તેણે બાવાની માગણી સ્વીકારી

"ભલે, બાવાજી, તમને લાડુનું સીધું અપાવું. પણ મારા છોકરાને ભભૂતીની એક ચપટી એવી આપો કે એનું હૈયું ઊઘડી જાય ને દેશપરદેશમાં ડાહ્યો ગણાય."

"બા, મને જીઆકાકીનો કનુડો મારે છે —" કરતો

ભદ્રાયુ આંગણામાં આવ્યો. ભદ્રાયુ શરીરે હૃષ્ટપુષ્ટ હતો. તેને માથે સુંદર ઝુલ્ફાં હતાં. તેની આંખો મોટી, વિકસેલા કમળ જેવી હતી, પણ તે બુદ્ધિશાળી નહોતો. મા સંતસમાગમોમાં અને મંદિરોમાં ભટકતી એટલે છોકરો ટણક થઈ ગયો હતો.

બાવાને મા સાથે ઊભેલો જોઈને તે ખંચાયો. બાવાએ એ છોકરા સામે જોયું: અચ્છા મૈયા, ઉનકું ભભૂતી બી દેંગે, ઓર ઉસકા ભલા બી કરેંગે. અભી તો બસ સીધા દે દે. ઔર થોડી લકડી બસ. તેરે સામને હી લકુકી રસોઈ પકાકર ખાઇંગે. મેં ઓર મેરા ચેલા."

"ઊભા રહો. બાવાજી! સીધાં પૂરી આવું છું. ભદ્રાયુ, નહિ મારે હો. બાવાજીની ભભૂતી ખાઈ લે," કહી ભામા અંદર ગઈ.

બાવાજીએ ઝોળીમાંથી ભભૂતી કાઢી અને છોકરાના હાથમાં ચપટી આપી. પછી તેના કપાળમાં ચપટીમાં બાકી રહેલી ભભૂતીવતી ચાંદલો કર્યો: અને પછી આંગણામાં લીલી બદામનું ઝાડ હતું તેને છાંયે પલોંઠો લગાવી ઝોળી ઉતારી બાવાજી બેસી ગયા.

"હમારા ગુરુજી ઈધર આયા થા, કીધર ગયા?" કરતો ચીપિયો ખણખણાવતો એક બીજો જુવાન બાવો ઉતાવળથી અંદર આવ્યો. તેને જોઈને ભદ્રાયુ અંદર ભાગ્યો. પણ મોટા બાવાજીએ "ઈધરહીરામ બેઠે હે, બેટા, આ જા. મૈયાને લકુકા સીધા દેનેકા કબૂલ કીયા હે. તું પથ્થર લા, મૈયા લકડી દેગી–તું દેવતા લગા–લકુ કરકે રામ કો તિરપત કરે."

" જી, ગુરુજી ! " કરી જુવાન બાવે પણ ઝોળી ઉતારી, અને મંગાળો માંડવા પથ્થર ગોતવા માંડ્યો.

ભામા એક મોટા થાળમાં સીધાં ભરીને લઈ આવી, " લ્યો, મહારાજ."

" રામ તેરા ભલા કરે ગા, મૈયા. સંતનકો તિરપત કરકે તેરા ભલા હો જાયગા, " કહી બાવાજી સીધાં લેવા આવ્યા.

" ભકતન શેઠાની ભામા ઈધર રહેતી હૈ, " આંગણા બહારથી બૂમ પડી. મહંતજીને ત્યાંના નિશ્ચલ અને ઉધો કેસ-રીયાં પ્રસાદિયાંથી ઢાંકેલા બે મોટા ખૂમચા લઈ અંદર દાખલ થયા. બન્ને બાવાઓએ તેને જોયા. તેને જોતાવેંત બીના હોય, ઓળખાઈ જવાનો ભય હોય તેમ બન્ને જરા દૂર હઠી નરમ બની ઊભા રહ્યા. નિશ્ચલે કે કે ઉધોએ તેમની તરફ જોયું પણ નહિ. તેમણે તો ભામાની સમીપ જઈ કહ્યું: " જે શ્રીકૃષ્ણ, શેઠાની, મહંતજીને ભકતન કે લિયે મહાપ્રભુજીકા પ્રસાદ ભેજા હૈ. સ્વયં પ્રભુજી આકર આરોગતેં હૈં. મહંતજીકો બાલક બન કે હાથોસે ખિલાતેં હૈ-સ્વયં ખાતે હૈં, મહંતજીને કહા, લે જાઓ. સાક્ષાત્કારકી અધિકારિણી શેઠાણીકો યહ પહુંચાવો-કહના કે યહ ખાઓ. ઉદ્ધાર હો જાયગા. આંખો કે પડળ ખૂલ જાયગે. ભગવાનને જૂઠા કિયા અમરિત હૈ. લો, ધન્ય હો શેઠાણીજી, તું તો આજ ધન્ય હો ગઈ."

" બા, ઇ શું છે ? હું ખાઉં ? " બાવાઓથી બીતો, મા પછવાડે લપાતો ભદ્રાયુ ખૂમચા ઊતરતાં તથા પ્રસાદ પરથી પરસાદિયું ખેંચી લેવાતાં એકદમ આગળ આવ્યો. ભામા પણ તે સ્વીકારવામાં પડી. બાવાઓ ન સાંભળે તેવી રીતે ઉધો બોલ્યો: " ધરમે લે જા, શેઠાનીજી : નજર લગેગી.

એસે જોગટે કો ઘરમે દાખલ હોને દેના ઠીક નહિ. પરસાદ બીગડ જાયગા."

ભામાને ઉધોનું કહેવું સાચું લાગ્યું. તેણે ભદ્રાયુને 'મરને છાનો' કહી એક ઢીંકો માર્યો. પછી પ્રસાદના ખૂમચા ઘરમાં લઈ જઈ તેણે ખાલી કર્યા અને અંદર પાંચ રૂપિયા મૂકીને તે થાળ પાછા આપ્યા. "મારી ભેટ ઠાકોરજીને. પરસાદ અમે મફત ન ખાઈએ," ભામા બોલી. બાવાઓ ઉપર કતરાતી નજર નાંખી નિશ્ચલ તથા ઉધો ચાલ્યા ગયા. બાવાજીને રસોઈ કરવા માટે ઘરની કામ કરનારી ડોસીએ પાણીની તાંબડી, વાસણ, લાકડાં વગેરે મૂકવા માંડયાં.

નિશ્ચલ અને ઉધો ચાલ્યા ગયા પછી બન્ને બાવાઓ જાણે સચેત થયા હોય તેમ લાગ્યું. તેમના જીવમાં જીવ આવ્યો હોય તેમ તેઓ આગળ આવ્યા. મોટા બાવાએ કહ્યું: "બેટા, યહ ભી પરસાદ હમકો હી દે દે. રસોઈકી સરકૂટ કોન કરેગા. યહી રખ દે ઝોળી મેં – હમ ખા લેંગે."

"પણ મહારાજ, મહંતજીનો પ્રસાદ તો અમારે ખાવો હોય ને, ઈ તમને કેમ દેવાય? તમે લાડુ રાંધો," ભામાએ કહ્યું.

"બેટા, બસ રામકી ઈચ્છા પ્રસાદ ખાનેકી હે. દે દે. ઓર નહિ દેગી તો મેં ઓર મેરા ચેલા ઈધર ભૂખાતિરસા લોટ રહેંગે. ઓર ભી નહિ દેગી, સિર ફોડેંગે; તેરે ઘરકે ઉંબર મેં લોહુ છાંટેગે–શ્રાપ દેંગે. બસ રામકી ઈચ્છા ભયી – તું ના કહેગી, બેટા?"

બાવાજી ગુસ્સાથી લાલચોળ થઈ ગયા. ગુરુજીના શબ્દે શબ્દે ચેલો ચીપિયો પછાડતો જતો હતો. ભામાએ બાવા

જોગીનાં ત્રાગાંની વાતો સાંભળી હતી. ભદ્રાયુ બીતો હતો એવી તેને બીક લાગી. તેને છાતીસરસો ચાંપી ઘરમાં ખેંચી ગઈ, અને થોડો પ્રસાદ ઝટપટ એક નાની થાળીમાં પોતાને માટે કાઢી લઈ પોતે ભરેલા ખૂમચા બહાર લઈ આવી. "લો, બાવાજી, ખાઓ. તમારે બાવાઓને વળી આ ને તે શાં? " તેણે ખૂમચા બાવાઓ તરફ હડસેલ્યા.

ચેલાએ ચીપિયો પછાડ્યો. ગુરુએ તિરસ્કારથી હસી કહ્યું, "મૈયા સંતલોકોકી ચોરી છૂપી ન રહેગી. ઘરમેં પ્રસાદ રખ્ખા હે વો ભી લા, ક્યા તેરા બેટા કો રામકી ભભૂત મુફતમેં ખિલાયગી–ચોરી કરેગી?"

ભામાને બાવા માટે માન પેદા થયું. બાવો ચમત્કારી ખરો–જાણી ગયો કે પ્રસાદ રાખી લીધો હતો. તે દોડતી અંદર ગઈ અને હસતી હસતી જે નાની થાળીમાં પ્રસાદ રાખી લીધો હતો તે લઈ આવી.

"મહારાજ, માફ કરો, હું પામર તમારો મહિમા ન સમજી."

"ઊઠા જા તેરા સીધા, મકનગર, દે દે ઇનકા લડુકા સીધા. ખા મૈયા, લડુ કરકે ખા–તું ઓર તેરા બેટા. ઓર યહ પ્રસાદ હમ નહિ ખાયગા–ક્યા સરધા કે બગેર દિયા હુવા પ્રસાદ હમ જોગીલોક–અવધૂત ખાવે? ફેંક દે બેટા, કુત્તેં બિલ્લો કો—"

ગુરુજી વાક્ય પૂરું કરે તે પહેલાં તો ચેલાએ ત્રણે થાળીઓ એકસામટી ઉઠાવી અને આંગણા બહાર તેમાંના પ્રસાદનો ધૂળમા ધા કર્યો. પછી થાળીઓ આંગણામાં મૂકી ને ગુરુ તથા ચેલો 'અહાલેક' નો પોકાર કરી ચીપિયો તથા કેડે બાંધેલા ઘંટ ખણખણાવતા લાડુનો સીધો પડતો મૂકી ચાલ્યા ગયા.

ભામાને જેટલો આનંદ થયો હતો તેટલો જ આઘાત

થયો. બાવાજીએ લાડુ ન ખાધા અને મહંતજીનો પવિત્ર પ્રસાદ ધૂળમાં રગદોળ્યો. જે બાવાને તેણે શુકનિયાળ માન્યો હતો તે જ બાવાએ ભયંકર અપશુકન કર્યાં. તેને રાતે શું થશે તેની ચિન્તા થવા માંડી. તેણે પોતે પણ બપોરે તો ખાધું નહિ.

[૩]

સાંજ પડી. ભામાને લાગ્યું કે ખેદ દૂર કરી સંધ્યાનો સમય સાચવવામાં ધર્મ રહેલો છે. મહંતજીના ખ્યાલમાં તે અંતે બાવાઓને ભૂલી. તેણે પોતાને તથા ભદ્રાયુ માટે રસોઈ કરી અને આનંદથી જમી. બાળપણથી જ પોતાને બહાર જવા કરવામાં અંતરાય ન આવે તે સારુ ભદ્રાયુને મુંબઈના વૈદરાય અમથાશંકર મથુરભાઈની ખાસ બાળાગોળીઓ આપતી હતી, અને જેમજેમ તે મોટો થતો ગયો તેમતેમ તે આપવામાં વધારો કરતી ગઈ હતી. ભદ્રાયુને એ ગોળીઓ આપીને સુવાડ્યો. કામ કરનાર ડોસી તો ત્યાં જ સૂતી. એ ઉપાધિ દૂર કરીને તે નાહી. સુગંધી અત્તર પાણીમાં નાંખી શરીરે તેનું ખૂબ મર્દન કર્યું. પછી કાળાબૂઝાણ બગસરાનાં રૂમાલિયાંમાં સજ્જ થઈ મંદિરે જવા નીકળી.

ત્યાં મહંતજી તેની રાહ જોતા જ હતા. "આઈ કે બેટી! આ, તું આજ ધન્ય હોગા —"

બોલતાં બોલતાં આંચકો લાગ્યો હોય તેમતે તે ચમક્યા.

"યે તૂં ક્યા કર કે લાઈ હો. શ્યામ અંબર પહેન કે સાક્ષાત્કાર નહિ કર સકોગી. લાલ કસૂંબલ અંબર ધારણ કરો. બાલમેં તેલ ઓર ફૂલેં લગાઓ. લલાટ મેં બીંદગી ભી ચાહિયે. ગોપી બનકે બ્રિજનાથ કે ચરણોં મે લૌટગી

તો ક્યા સિંગાર કે બિના ? વ્રજનાથ તેરા કેસા સ્વીકાર કરેગા, બેટી ?”

જેમજેમ મહંતજી બોલતા ગયા, તેમ તેમ તેની આંખોમાંથી કોઈ શરીર તથા આત્માને શિથીલ કરી નાંખે, નિશ્ચેટ તંદ્રામય કરી નાંખે તેવું તેજ ભામાને મોહવશ કરી નાંખવા, તેને આવરવા ઊમટી ઊમટી નીકળવા માંડયું. ભામા અનુકૂળ તો હતી જ, એટલે એ તરત જ એ મોહને વશ થવા માંડી. “ભલે મહારાજ; ભગવાનની ગોપી થવામાં શો બાધ ? રાધાજી અને સતભામાજી પોતાનાં ઘરબાર છોડી ભગવાન સાથે રાસ રમવા ગ્યાં' તાંને ?”

તે ઊભી થઈ અને શૃંગારખંડમાં દાખલ થઈ. મહંતજીએ પોતે એ ખંડનું બારણું બહારથી બંધ કરી દીધું. શૃંગારખંડમાં ચોતરફ ભોંયથી પાંચ ફૂટ ઊંચે સુધી અરીસા જડી લીધા હતા, અને તે પછી કામોદ્દીપક ચિત્રસમુદાયના ભવ્ય અને મોહક નમૂના ગોઠવ્યા હતા. એક બાજૂ અલંકારો અને વસ્ત્રો ગોઠવેલાં પડયાં હતાં, અને તેની પડખે ડોલરના મઘમઘતાં ફૂલોની વેણીઓ રહી ગઈ હતી. ભામાની કલ્પના હવે ખીલી. ઘરના કરતાંય વધારે કોઈ સુગંધી જળથી ભામાએ મોં ધોયું. વાળમાં નવું તેલ નાંખ્યું. માથું નવે પ્રકારે, આડી સેંથી તથા ગુચ્છાઓ પાડી, આંકડાઓ અને ચગદાંઓ લટોમાં ખોસી ખોસીને ગૂંથ્યું. તેના મહાનાગના ફીંડલા જેવા અંબોડામાં વેણીઓ ગૂંથી. શણગાર પણ બરોબર સજ્યા; અને પછી પોતાનો ધોળો ચણિયો અને કાળું રૂમાલિયું ઉતારી પોતાના જ રૂપ ઉપર અરીસામાં જોતી જોતી ફીદા ફીદા થતી એ વ્રજકન્યાઓની રીતે અંબર સજવા માંડી.

તેણે હજી અરધાં અંબર નહોતાં સજ્યાં તેટલામાં તો તે જે બારણેથી દાખલ થઈ હતી તેની સામેના અરીસાઓ ઊઘડયા અને જાણે સૂરજ પ્રકાશી રહ્યો હોય તેવું અજવાળું દેખાયું. ભામા અંબર સજતી એમ ને એમ ઊભી રહી અને એ આશ્ચર્ય તરફ જોવા માંડી. તરત જ એ અજવાળા વચ્ચે બાલમુકુંદની સંપૂર્ણ લક્ષણવંતી મૂર્તિ દેખાઈ. ભગવાન, ભગવાન કરતી ભામા જ્યાં હતી ત્યાં જ સ્થિર થઈ ગઈ. મૂર્તિ આગળ આવી અને બંસીના સ્વર કાઢતી તેની સામે નજીકમાં જ આવીને અટકી. ભામાએ હાથ જોડયા. લજ્જા પણ અનુભવી. પરંતુ મૂર્તિએ 'ગોપિકા, લજ્જા છાંડ' એવા શબ્દો ઉચ્ચાર્યા. ભામા તે છતાં વિનય અને ભક્તિભાવથી નમ્ર બની, આનંદોત્કંપ અનુભવતી મૂર્તિને નિહાળવા માંડી. આ તેનું નિહાળવું મૂર્તિને જાણે પસંદ ન આવ્યું હોય તેમ તે મૂર્તિની ભ્રમર જરા ખેંચાઈ. ભામાની આકૃતિ અને વૃત્તિ અનુકૂળ જણાતાં એ ભ્રમરો પાછી સૌમ્ય થઈ અને મૂર્તિ આગળ વધી. તેણે ભામાને હાથનો મોહક વળ દીધો અને પોતાના આશ્લેષમાં ખેંચી. ધન્યતાનો અનુભવ કરતી ભામા તેમાં ખેંચાઈ અને લપાઈ. મૂર્તિએ હવે ભામાનાં પરિપક્વ અવયવો ઉપર બાલકૃષ્ણ ક્રીડા તો નહિ પણ અનુભવી નાયકની ચેષ્ટાઓ કરવા માંડી.

ભામા કાયાશુદ્ધ તો નહોતી જ, પણ તેને એકદમ વિચાર આવ્યો: "પૃથ્વીનિવાસી મહારાજાઓને કાયાનું સમર્પણ જોઈએ, પણ ભગવાનને પણ જો એ જ જોઈએ તો પછી તેનામાં અને માણસોમાં ફેર શો? તો પછી ભગવાનની શી જરૂર? અહીં જ જે બધું થાય છે તે બસ નહિ?" આ બળવાખોર કલ્પના આવતાં તેના મોહમાં ક્ષતિ થઈ. તેનામાં તે ક્ષતિ થતાં

પ્રગલ્ભતા આવી. હવે તેને લાગ્યું કે મૂર્તિનું મોં સુવાસિત પાન અને મસાલામાંથી પણ કાંઈક છાક મારતું હતું.

તેણે વધારે હિંમતથી સાક્ષાત્કાર આપતી ભગવદ્મૂર્તિ તરફ જોવા માંડયું. મૂર્તિ ગભરાતી હોય, કંઈ વિસામણમાં પડતી હોય એવો ભામાને મન ભાસ થયો. વિલાસની આકાંક્ષિણી ભામા મૂરખ બનવા તો તૈયાર નહોતી જ. માણસના જેવા ભગવાન હોય તો તેનો સાક્ષાત્કાર પડતો મૂકવા પણ તે તૈયાર હતી. આવા ભગવાન પાછળ તે પૈસા વેરતી, વ્યર્થ દોડાદોડ કરતી – ભામાને તો હસવું આવવા માંડયું. ભગવાન પણ જરા ગાભરા બની ચેષ્ટા કરવી છોડી સ્થિતિસંજોગ તપાસવા માંડયા હતા. ભામા તેની બાથમાં હતી. તે તેના ઉપર પડી અને ભગવાન પાસેના કોચ પર બેસી ગયા. તેણે ભામાને છોડી ન હોતી, એટલે ભામા પણ તેના ખોળા ઉપર સહ જ બેસી ગઈ. બેસતાં વળી ભામાને કંઈક વિચાર આવ્યો, અને તે બોલીઃ " પણ, ભલા, ભગવાન, બાલમુકુંદજી તો કુણાગલ્લર બાળક હતા – ને તમે તો જુવાનજોધ જેવા છો ! " કહી એ હસી, તીરની કમાન છટકે તેમ ભગવાનને હડસેલી છટકી ઊભી થઈ ગઈ. ભગવાન હડસેલાથી કોચ ઉપર પડી ગયા.

અરીસા પાછળના ભગવાને ઉઘાડેલા બારમાંથી બૂમ પડી. ' અહાલેક ', અને પોલીસનો પોશાક ધારણ કરી બે મજબૂત માણસો અંદર દાખલ થયા. ભામા તેમને જોઈને ગભરાઈ, પણ તરત સ્વસ્થ થઈ ગઈ. કંઈક આધેડવયના પોલીસે કહ્યું: " બાઈ, અમે તે તરફ નહિ જોઈએ. તમે સ્વસ્થ થઈ જાઓ." તે કોચ પર પડેલા અને પોલીસના સિપાઈઓને જોઈ

ગભરાઈ ઊભા થયેલા ભગવાન તરફ ફર્યો, અને તે મૂર્તિનું બહાવડું પકડી તેને હચમચાવવા માંડયો. "પણ અમરસિંહ, હવે રે'વા દઈશ ?" મૂર્તિએ થાકીને મૂર્તિપણું છોડી બૂમ પાડી.

"કુંવરસાહેબ, બાપુનો હુકમ છે – તમને આમ ને આમ સીમાડાબહાર મૂકી આવવાનો. પછી તમારી મરજી પ્રમાણે કરજો," અમરસિંહના નામથી સંબોધાયેલા આધેડ પોલીસના માણસે તેને છૂટો મૂકી કહ્યું. તે જ ક્ષણે ભામાએ અમરસિંહને ઓળખ્યો. આ પીટચો નમૂછિયો કોણ છે ? ભગવાનનો વેષ ધરીને મને ફસાવવા આવ્યો'તો," ભામા સ્વસ્થ થઈ આગળ આવીને બોલી.

"બાઈ, બપોરે પ્રસાદ ખાધો હોત ને તો અત્યારે તને ખબર ન હોત કે કુંવરસાહેબ માટીનું પૂતળું છે કે મનોહર કૃષ્ણભગવાનનું સ્વરૂપ છે. બાવાજીએ તો તારો જન્મારો સુધાર્યો, બેટા. આ તારા મંદિરના ભગવાન ખરાઃ તારી શ્રદ્ધાના ભગવાનનો પાડ માન કે આજ આ બધાં જોગાનું-જોગ મળી ગયા અને કુંવરસાહેબ રાતે સાડલે પકડાઈ ગયા પ્રીતમસિંહ, જાઓ બાઈ સાહેબ સાથે તેમને ઘરભેગાં કરી આવો,"

અમરસિંહની આંખમાં હુકમ હતો. ભામાને લાગ્યું કે તે માનવો પડશે. ચોપિયાને બદલે તલવારનું મ્યાન ખણખણાવતો ચેલો–અમરસિંહનો મદદનીશ આગળ ગયો; સલામ ભરી અને ભામાને નિશાની કરી બોલ્યોઃ "બાઈ, આગળ થાઓ." ભામા પાછળ જોયા વિના ચાલી નીકળી.

[૪]

"મહારાજ, કુંવરસાહેબને તે જેવા કૃષ્ણના વેશમાં હતા તેવા જ વેશમાં સીમાડાબહાર ચોકીપહેરા સાથે પહોંચતા કર્યા

છે," હાથલપુરના ઘરડાખખ્ખ પણ તેજસ્વી રાજવી રામસિંહને રાતે બાર વાગે અમરસિંહે તેના મહેલમાં નિવેદન કર્યું.

"અમર, તેં એને કહ્યું કે હાથલપુરનો રાજવંશ રાજકુટુંબને પણ સજા કરવી જાણે છે? તેને તેં કહ્યું કે રામસિંહના બીનો હો—રજપૂતાણીનો દીકરો હો—તો રાજની હદમાં પગ મૂકીશ મા? મહાલે મહાલમાં લખો કે દીનવત્સલસિંહનું પગલું પડે ત્યાં લોકોએ સવા હાથ ઊંડો ખાડો કરી માટી કાઢી નાખી તેમાં ગૌમૂતર અને ગાયનું છાણુ ભરવું, નવી માટી ભરવી અને ઉપર ચોકો કરવો. તેને શોધી કાઢી વહીવટદારની રૂબરૂ ફોજદારે તેનો પગ કાપી નાંખવો," વૃદ્ધ રાજાએ ફરમાવ્યું.

"હુઝૂર, બધા મહાલને કાલે સરક્યુલર જશે કે કુંવરસાહેબ દીનવત્સલસિંહને દેશવટે મોકલેલ છે અને રાજ્યના સીમાડામાં તે દેખાય તો તેને સામાન્ય ગુનેગાર ગણી, પકડી, પોલીસ સાથે ફરી સીમાડાબહાર મૂકી આવવા અથવા જેલ આપવી."

"અંગ્રેજ આવ્યો ને રજપૂતાઈ રંડાણી — પગ કાપવા. તેને ધગધગતા અંગાર ઉપર ઉભાડવો. અમર, હવે વાત કર. કેની રીતે તેં દીનવત્સલને પકડયો!" રાજાએ પૂછ્યું.

"હુઝૂર, આંહીંથી બૈરીઓને ઉઠાવી મકરાનમાં વેચી નાંખતી ત્રણ જણની ટોળી પાંચેક મહિનાથી કયાંહી નજરે ન પડી. કમર મકરાણી, સોભાગ સોની અને જાદવજી પુરાણી આ ત્રણને બાપુ કયાં નથી જાણુતા? અમે તપાસ બહુ કરી પણ હુઝૂર, તાગ ન લાગ્યો. પંદરેક દિવસ પહેલાં ગામમાં વાતું ચાલવા માંડી કે હિન્દુસ્તાનમાંથી કોઈ મોટા મહંત આવ્યા છે અને મંદિર પાસે મકાન લઈ રહ્યા છે. એમ

પણ સાંભળ્યું કે મહંતજી મહાપંડિત છે અને યોગી છે પરમેશ્વરનો–શ્રીકૃષ્ણભગવાનનો સાક્ષાત્કાર કરાવે છે. હું મહંતજીના દર્શને બેત્રણ વાર જઈ આવ્યો, પણ જાદવો એવો વેશધારી કે મને પણ સૂઝ ન પડી. હું પણ છેતરાયો તો ખરો.”

રાજાને હસવું આવ્યું: “અમર, ત્યારે તારે માથે સવાશેર પડ્યા છે ખરા ?”

“હા. બાપુ. પણ હુકમ હોય તો વાત પૂરી કરું ?”

“હા, હા, કર ત્યારે,” રામસિંહે કહ્યું.

“આ મહંતજીને ત્યાં થોડા દિવસમાં તો શ્રદ્ધાળુ સ્ત્રી-પુરુષોની ઠઠ જામવા માંડી, કથાવાર્તા, ભજનકીર્તન, પ્રવચન-વ્યાખ્યાન થવા માંડ્યાં. અને મહંતજીનાં તો ગામમાં ચારે તરફ વખાણ થવા માંડ્યાં. મેં રાજકોટ, કરાંચી, અમદાવાદ, મુંબઈ બધે તપાસ કરાવી, પણ આ મહંતજીને ત્યાં પોલીસ કે ભક્તસમુદાય કોઈ ઓળખતું જ નહોતું. ક્યાંથી આવ્યા ? ક્યાંના છે ? ક્યાં જવાના છે ? હાથલપુરમાં જ એકાએક કેમ ફૂટી નીકળ્યા ? કાંઈ ખબર જ ન પડે. બાપુ, હું તો મૂંઝાણો.

“પછી, અમર !” રામસિંહે મૂછો આમળવા માંડી. તે ઘરડો તો બહુ જ હતો, પણ ચારિત્ર્ય, ધર્મ અને આચારથી તેજસ્વી અને શરીરે દૃઢ હતો.

“બાપુ, પછી તો એવી વાતો થવા માંડી કે એ ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરાવે છે. ત્રણ શેઠિયાઓને સાક્ષાત્કાર કરાવ્યો છે. મેં ત્રણેને પૂછ્યું તો કહે, વાત સાચી. તે પછી તો બૈરાંઓ પણ સાક્ષાત્કાર કરવા માંડ્યાં. તેમનામાં છૂપી તપાસ કરી તોપણ વાત તો સાચી ઠરી. એ બૈરાંઓ કહે કે હા—અમે ભગવાનનો સાક્ષાત્કાર કર્યો. અમે ભક્તિઘેનમાં હતાં પણ

ભગવાનને બરાબર જોયા. વાત વધતી જતી હતી અને અમારી પાસે આગળ વધવાનો કોઈ મુદ્દો નહોતો. પંડિત અને યોગી મહંત, આબરૂદાર શેઠિયાઓ, ચારિત્ર્યવંતી સ્ત્રીઓ – અમારાથી થાય શું? ત્યાં બાપુનો હુકમ થયો. બાપુ, પૂછું, આપે હુકમ કેમ કર્યો?"

"એમાં પૂછવાનું શું? ઓડિટ ખાતામાં પાંચ મહિના પહેલાં દીનવત્સલને ખાતે રૂપિયા ૫૦,૦૦૦ ઊધર્યા અને તે ક્યાં ખરચાયા તેનો ક્યાંહી હિસાબ મળે નહિ, એવો રિપોર્ટ આવ્યો. મેં સાંજે સંધ્યા કરીને પુછાવ્યું કે દીનવત્સલ ક્યાં, તો કહે ઈતો મહંતને ત્યાં યોગ શીખવા ગયેલ છે. મને આવ્યો વિચાર કે દીનવત્સલ રોજ સાંજે દારૂને પીઠે હોય, કે કોઈ ખવાસણને ત્યાં, કે રખાતને ત્યાં પડયો હોય, તેને આ યોગની લત ક્યાં લાગી? શું સૂરજનારાયણ ભગવાન આથમણા ઊગવાના થયા! કે હિન્દુસ્તાનના દી પાધરા થાવા માંડયા થ્યું શું! હું કુંવરનાં લખણ તો જાણું ને? મને થાવા માંડી ચિન્તા કે આ કુંવરનાં કાળાં કરતૂક મારા કુલ માથે કાળી ટીલી બેસશે, અને આ રહ્યુંસહ્યું રાજ્ય ધનોતપનોત થઈ જાશે. એટલે મેં હવે હુકમ કર્યો કે આ બાબતનો તાગ લો અને વસતિની વહુદીકરી ઉપર કુંવર નજર નાખતો હોય કે એની કાયા ઉપર બળાત્કાર કરતો હોય તો એની આંખને ધગધગતા સળિયા ચાંપો, અગર તેના ગાતરેગાતર કાપી નાંખો."

"બાપુ, આજના જમાનામાં એવું કાંઈ થાય નહિ. પણ હુકમ મળ્યો એટલે અમે થયા તૈયાર. કુંવરની પછવાડે ચોકી મૂકી. વાત સાચી. રોજ સંધ્યાકાળે મહંતને ત્યાં જાય ને રાતે દશેક વાગે પાછા નીકળે. બે વાર તો તપાસ કરાવી. મહંતજીએ

ચોકખું કહ્યું કે કુંવરસાહેબ જોગ સાધે છે, નહિ મળે — હુકમ નથી — હુકમ તોડીએ તો મારી નાખે."

"ઠીક છે કે હજી તો કુંવરડો જ છે!" રામસિંહ બડબડયો.

"પણ ત્યાં જતાં જતાં આ ભામા શેઠાણી અમારી નજરે પડયાં. એની છૂટ, એની અવરજવર, ચાળાચસકા વગેરે જોતાં અમને એમ લાગ્યું કે એના ઉપર નજર રાખવી સારી. આજે સવારે મને રિપોર્ટ મળ્યો કે ભામા શેઠાણી સવારમાં મહંતજી પાસે આવ્યાં હતાં અને વખતે બીજે દિવસે એને સાક્ષાત્કાર થાય. ચોથે દિવસ ગુલાબ ખવાસણને સાક્ષાત્કાર થયો હતો. પણ તે કહે છે કે કોણ જાણે કેમ પણ બહુ નીંદર આવતી હતી અને સાક્ષાત્કાર થયા પછી તરત ભાન જતું રહ્યું હતું. તેના પહેલા રવજી દરજીની દીકરી ત્રિવેણીને સાક્ષાત્કારમાં શું થાય છે તે બધું કહેવા માટે સમજાવી હતી. તેણે કહ્યું કે મને તો ભગવાને સાક્ષાત્કાર આપ્યો નહિ. થોડીક ઝાંખી થઈ, પણ પછી અલોપ થઈ અંતરિક્ષ વાણી થઈ કે ગોપી, તારું રૂપ ભગવાન સ્વીકારશે નહિ. માટે આવતા ભવમાં તને નવું રૂપ મળશે ને તે પછી ભગવાનનો જોગ થશે."

"આહા, વિદ્યાનો ઉપયોગ તો ભારી સરસ!" રામસિંહ બોલ્યો.

"કાલનો જોગાનજોગ તો બાપુ અણધાર્યો બની ગયો. ભામા શેઠાણી મહંતના મંદિરમાંથી સવારે નીકળ્યાં ત્યારે કાંઈ બહુ આનંદમાં દેખાયાં અને મને તે વિષે ટેલિફોન મળ્યો. મેં પ્રીતમસિંહને સાથે લીધો અને અમે અહાલેકિયા બાવા બની બન્ને જણે શેઠાણીને ત્યાં અડ્ડો જમાવ્યો. અને

અમારો અહાલેક ફળ્યો. કારણ કે મહંતજીના બે મુખ્યાઓ પ્રસાદ લઈને ત્યાં આવ્યા અને તેમનો વેષ પરખાઈ ગયો. કમર મકરાણી અને સૌભાગ સોની અદલ મુખ્યાજીના વેષમાં ત્યાં પ્રસાદ આપવા આવ્યા હતા. હું અને પ્રીતમ એકદમ ચેત્યા. તે ગયા ત્યાં સુધી તો અમારો જીવ તલપાપડ થતો હતો. રખેને એ શકરાઓ અમને બેને ઓળખી કાઢે તો! પણ તે ઓળખી શકયા નહિ. પછી અમે તરકીબ રચી કે ભામા શેઠાણીના મોંમાં એક દાણો પણ પ્રસાદનો ન જાય. શેરીની ધૂળમાં અમે ફેંકી દીધેલા પ્રસાદને ભંગિયો ઊસરડીને ડૉકટર સાહેબને તરત જ સોંપી આવ્યો, અને અમે નક્કી કર્યું કે મહંતજી તે કોઈ નહિ પણ જાદવો પુરાણી જ હોવો જોઈએ.

"સવારે દીવાન આવે કે તરત પુરાણ, પુરાણી અને પંથેપંથના મંદિર મહંત બંધ કરાવું, અમર! આ પાપનાં પોથાં, પાખંડી પંડિત અને વાડા હવે નથી પોસાતા," વૃદ્ધ રામસિંહ બોલ્યોઃ "ચલાવ આગળ."

"કુંવર દીનવત્સલ વચમાં ન હોત, તો તો જાદવાને હું એકદમ પકડત. પણ મારે રાત સુધી રાહ જોવી પડી. મેં તરત જ મહંતના મંદિર આસપાસ માણસ ગોઠવ્યા. દીનવત્સલ માટે આપને રજૂ કર્યો તે રિપોર્ટ ઘડયો. ડાકટર પાસે પ્રસાદ જોવડાવ્યો."

"પ્રસાદમાંથી કાંઈ નીકળ્યું?" રાજાએ પૂછ્યું.

"બાપુ, પ્રસાદમાં મકરાનમાં 'સૂફીઓં કી સખજી' કરીને એક વનસ્પતિ થાય છે તે હતી. એ વનસ્પતિના રસમાં એવો ગુણ છે કે તેથી પીનારની બુદ્ધિ અને શુદ્ધિ નાશ પામે છે, પણ શરીરની તમામ ચેષ્ટા માણસ જાગતો હોય તેવી ને

તેવી રહે છે. દીનવત્સલને કામિનીઓની શુદ્ધિબુદ્ધિરહિત પણ પોતાની ઇચ્છા પ્રમાણે ચેષ્ટા કરાવતાં કરાવતાં ભોગવવાનો જાદવા પુરાણીએ શોખ પાડ્યો હતો. જાદવો પડખેના ઓરડામાં બેસી વશીકરણસિદ્ધિથી, પ્રસાદમાં નાખેલી વનસ્પતિના ઘેનથી, શુદ્ધિબુદ્ધિ વિનાની કામિનીઓ પાસે રતિકેલીની તમામ ચેષ્ટાઓ કરાવતો અને દીનવત્સલસિંહ તેનો ઉપભોગ લેતા. તેમની ભોગ થઈ પડેલી સ્ત્રીઓને આ વાત યાદ ન રહેતી—"

"ઓ... .....પિશાચ.........!" રામસિંહે કમકમતા ઉદ્‌ગાર કાઢ્યા.

"સાંજે મારા માણસોએ ને મેં કુંવરસાહેબ મહંતજીને ત્યાં યોગ સાધવા જતા જોયા. તે પછી ભામા શેઠાણીને અંદર દાખલ થતાં જોયાં. તેમના દાખલ થયાને દશ મિનિટ થઈ તે પછી મહંતના મંદિરમાં અમે બધા દાખલ થયા. અમને કમર અને સોભાગ બન્ને મળ્યા. તેમને મુશ્કેટાટ કરી દમ દીધો એટલે તેમણે જ્યાં બેસીને જાદવો પુરાણી અરીસાઓ દ્વારા ભામા શેઠાણી પર વશીકરણ અજમાવતો હતો તે જગ્યા બતાવી. શેઠાણીએ પ્રસાદ નહોતો ખાધો, એટલે પરોક્ષ વશીકરણ અજમાવતાં જાદવો ફાવતો નહોતો અને મૂંઝાતો હતો. અમને જોઈ ને તેનાં ગાત્ર ગળી ગયાં, અને તે એકદમ શરણ થયો. તે પછી મેં આંખ ખેંચી પિસ્તોલ બતાવી એટલે તેણે ભામા શેઠાણી જે ઓરડામાં હતાં તે ઓરડો બતાવ્યો. ત્યાં પણ કુંવરસાહેબનો ફજેતો થઈ રહ્યો હતો. બીજી બાઈઓ પેઠે ભામા શેઠાણી અબુદ્ધ કે અશુદ્ધ નહોતાં અને વશીકરણ નીચે ઢળી પડતી બીજી બાઈઓ માફક તે ઢળી પડવાનું પણ કોઈ ચિહ્ન બતાવતાં નહોતાં. ઊલટાનાં કંઈ કંઈ વિચિત્ર સવાલો

પૂછી કુંવરસાહેબના પાખંડ પરથી પડદાઓ ખેંચી કાઢવાની તેણે શરૂઆત કરી હતી."

"જોગની સિદ્ધિ, જ્ઞાન, શ્રદ્ધા એનો આ રીતે ઉપયોગ, અમર! કઈ રીતે આ પાપનું નિકંદન નીકળે?"

"બાપુ, એ મારું કામ નહિ. એ સવારે દીવાનજીને પૂછજો. મને તો મારાથી બને તેટલાં પાપ પકડી પાડવાનો હુકમ કરો — હું વીણી વીણીને હજૂરમાં તેમને ઊભાં કરીશ."

રામસિંહે આળસ મરડ્યું અને આ દરબારગોષ્ઠિ બંધ પડી.

[૫]

સવારે રામસિંહે પૂજાપાઠમાંથી પરવારી દીવાનને બોલાવ્યા. હાજર રહેલા અમરે કમરૂદ્દીન મકરાણી, સોભાગલાલ સોની અને જાદવજી પુરાણીની ટોળીને પકડી પાડ્યાની બધી વાત કહી. સાથેસાથે આખા પ્રસંગમાં રાજાજીના બીજા કુંવર દીનવત્સલે ભજવેલો ભાગ, ભામા શેઠાણીનો ઈતિહાસ તથા દીનવત્સલ માટે મહારાજાએ ખાસ ફરમાવેલો હુકમ એ બધું પણ કહી સંભળાવ્યું.

કોઈ સામાન્ય માણસની વાત હોત તો તો પોલીસ આખો કિસ્સો શહેરન મુનસફને સોંપી દેત. પણ આમાં તો રાજકુટુંબ જ સંડોવાયેલું હતું.

રામસિંહનો દીવાન લોકકલ્યાણવાદી હતો – લોક સત્તાવાદી નહોતો. તેણે યુનિવર્સિટીના મોરલ ફિલોસોફીના હૃદયંગત આવેશના પૃથકતત્ત્વના વિશારદોની એક ધર્મસભા સ્થાપવાનો હુકમ કર્યો અને રાજ્યમાંનાં બધાં મંદિરો તેમના સીધા, સ્વતંત્ર એકાંકુશ વહીવટ નીચે મૂક્યાં.

દીનવત્સલને તો તેણે સજા કરી જ હતી. તેને લાગ્યું કે જાહેર મુકદ્દમો ચલાવવામાં સનાતન ધર્મના, ભામા શેઠાણીના, રાજકુળના અને હિન્દુસ્તાનના તેજની જ હાનિ થવાની છે. તેણે જાદવાને, કમરને અને સોભાગને એવી ભીષણ સજા કરી કે એ સજાનો ઉલ્લેખ અમે આંહી કરવા માગતા નથી. બ્રિટીશ હિન્દનાં છાપાઓએ થોડા દિવસ તે વિષે વિચિત્ર, બિનમાહિતગાર ઊહાપોહ કર્યો પણ દીવાને કે રામસિંહે તેને મચક આપી નહિ.

"પણ દીવાનજી," રામસિંહે પૂછ્યું, "આ વિલાસી, સ્વચ્છંદી શેઠાણી કયા પુણ્યે દીનવત્સલને હાથે કાયા ભ્રષ્ટ કરાવતાં બચી ગઈ ?"

દીવાનજીએ કહ્યું: "તેની શ્રદ્ધા અને અજ્ઞાનતાને લીધે જ તે બચી. વૈષ્ણવધર્મમાં અને ભગવાનમાં તે બાઈને અચલ શ્રદ્ધા હતી, તેથી તે ભ્રષ્ટતાની પરાકાષ્ટાનો ભોગ થવાની અણી ઉપર આવી અને બચી ગઈ. તેને કોઈએ કદી શીખવ્યું નહોતું કે શરીરવિલાસ એ પાપ છે, તેથી તેણે અનેક વિલાસો કર્યા છતાં પણ તેનામાં પાપની ભાવના નહોતી: ફક્ત માયાની લંપટતા હતી. એ લંપટતામાં રહેલા જોખમ તથા ભયનું તેને ભાન થયું છે. એની કાયાને હવે કોઈનો સ્પર્શ થવો અસંભવ છે, હુઝૂર."

"પાપની ભાવના હોય તે પાપ—એમ ને ?" રાજાએ પૂછ્યું

"જે જે પોતાનાથી જ છુપાવવાનું મન થાય—જે જે મન કબૂલ જ કરે નહિ તે તે બધું પાપ, મહારાજ!" દીવાને કહ્યું.

નવીના

રણજીત મ. શેઠ.

[૧]

"ઊંચુ જોઈને જ ચાલો છો શું?" સામેથી આવતી પોતાની સાથે ભટકાયલી વ્યક્તિ તરફ ખીજાઈને નવીનાએ કહ્યું.

"ઊંચુ જોઈને તો તમે આવો છો. સામેથી કોઈ આવતું હોય તે જોયા વગર એકદમ દોડયા જાવ એટલે ભટકાઈ જ જાવને? ખાદીની સાડી પહેરીને એટલો પણ વિચાર ન કર્યો કે આવડા નાના બારણામાંથી બે જણ કેવી રીતે જશે?" ભટકાઈ ગયેલા તુષારે સામો જવાબ આપ્યો.

"ઓહોહો! તુષારભાઈ આવ્યા તેવા જ નવીના ભાભી જોડે વાતોએ વળગી પડયા શું?" રંભાએ પ્રવેશ કરી પૂછ્યું.

'તુષાર' શબ્દ સાંભળી નવીના દોડતી બીજી ઓરડીમાં ભરાઈ ગઈ. તુષાર પોતાની ભાવી પત્ની નવીના જોડે વાતો કરતો હતો એની તેને પોતાને જ ખબર ન હતી.

તુષાર તેના મામાની છોકરી રંભાના લગ્નમાં આવ્યો હતો. નવીના પણ રંભાની બહેનપણી હોવાથી રંભાના લગ્નમાં

આવી હતી. નવીના અને તુષારનો વિવાહ થોડા દિવસ ઉપર જ થયો હતો. નાનપણમાં પોતાની સાથે રમેલી તોફાની નવીનાને તુષાર સારી રીતે ઓળખતો હતો અને એથી જ તુષારે વિવાહની સંમતિ આપી હતી. આજ લગભગ દસ વર્ષે તે નવીનાને જોતો હતો. એટલે ન્યાતિને માટે બાજપડીયા લેવા આવેલા તુષારે — અગર નવીનાએ પોતાની સાથે ભટકાઈ ગયેલા તુષારને — એક બીજાને ઓળખ્યા નહિ. રંભાએ તેની ઓળખાણ કરાવી. પોતાના ભાવી પતિદેવને પોતાની સાથે ભટકાઈ ગયેલા જોઈને નવીના ઓરડીમાં નાસી ગઈ. તુષાર રંભા આગળ શરમીંદો પડી ગયો. તુષાર અને નવીના બન્ને આ અચાનક બનેલા બનાવથી મનમાંને મનમાં ખૂબ હસ્યા.

"કઢી ગર...મ ..." ન્યાતમાં કઢી પીરસવા નીકળેલો તુષાર કમંડળ લઈ બોલ્યો. થોડી જ વારમાં તેની સ્નેહભૂખી આંખોએ પારીજાતકની અર્ધ ઉઘડેલ કળી જેવી નવીનાને શોધી કાઢી. નવીના જમતી હતી ત્યાં તે આવી પહોંચ્યો.

"નવીનાને કઢી જોઈએ છે અને તમે ઊંચુ જોઈને ચાલ્યા જાવ છો" રંભાની નાની બહેન આશા કે જે નવીના સાથે બેઠી હતી તેણે તુષારને ટાણો માર્યો.

"ખાદી પહેરે તેનાથી બહુ તીખું ન ખવાય. એમને તો સાદો અને મોળો ખોરાક લેવો ઘટે. આજની કઢી તીખી......" નવીના ના પડીયામાં કઢી રેડતો હસતો તુષાર બોલ્યો. નીચું મોં કરીને બેઠેલી નવીનાએ તુષાર તરફ તીરછી નજરે જોયું. અને સાથે સાથે ગુલાબકળી ઉપરથી ઝાકળબિંદુ સરી પડે તેમ તેના મોં પરથી હાસ્ય લહરી સરી પડી. મંદ મંદ હસતો તુષાર ચાલ્યો ગયો.

ન્યાતિ ઊઠી ત્યારે તુષાર નવીનાની પાછળ કોઈ ઓળખીતા જોડે વાતો કરતો હતો. જમીને ચાલી જતી નવીના અને તુષારના ચર્મચક્ષુ મળ્યાં. પતવાળી પર રહી ગયેલો નવીનાનો રૂમાલ તુષારે લઈ લીધો અને બીજી પંગત માટે બાજપઠીયા લેવા તે ઓરડીમાં ગયો. નવીના ત્યાંજ હતી.

"આ રૂમા...લ..." કહી તુષારે નવીના પર છૂટો રૂમાલ ફેંક્યો. નવીનાએ વાંકા વળી ભોંય પર પડેલો રૂમાલ લઈ લીધો. તેની આંખમાં રોષ હતો પરંતુ એ ખોટા રોષની પાછળ છૂપાયેલું ધવલ હાસ્ય એના મુખ પર ફરકી ઊઠયું. તેણે હાસ્યને દબાવવા બહુ પ્રયત્ન કર્યો પરંતુ તેનાથી હસી પડાયું.

"પોતે પેટ ભરીને ખાધું એટલે છે બીજાની ચિંતા? મને કોણ પીરસશે?" તુષાર બોલ્યો.

"હું પીરસું. ચાલો" આટલું બોલી તે શરમાઈ ગઈ. તેને લાગ્યું કે પોતાના ભવિષ્યના જીવનસાથી સાથે પહેલ વહેલી જ વાત કરતી હતી અને તે પણ એકાન્તમાં. નવીના જે ઓરડામાં શ્રીખંડ મૂકયો હતો ત્યાં જવા લાગી.

"નવીના! કયાં જાય છે?" ચાલી જતી નવીનાનો સહજ હાથ પકડી તુષારે પૂછ્યું.

"તમને પીરસુને? ચાલો."

"નહિ. નહિ."

"હવે ચાલોને." કહી નવીના તેનો હાથ પકડી, ખેંચી બીજી ઓરડીમાં ચાલી ગઈ.

"બેસો" મોગરાની કળીમાંથી ફોરમ નીતરે તેમ તેના મોંમાંથી અત્યંત મધુર અને મૃદુ શબ્દો નીકળ્યા. તુષાર એક બાજના બાંધા પર બેઠો. અને નવીના અંદરથી હાથમાં શ્રીખંડ લાવી બોલી:

"જુવો. અહિં પડીયો નથી. તમારે મારા હાથમાંથી લઈ ખાવાનું છે."

"હું એમ નહિ ખાઉં."

"પહેલી વખતે નવવધુને હાથે ખાવું જોઈએ નહિ! લ્યો." કહી હસીને શ્રીખંડવાળી સુકોમળ અંગુલિ તેણે તુષારના મોંમાં મૂકી અને...

"શ...એવા છો? આંગળી પણ કરડી ખાધી!" તુષારના મોંમાંથી વહેલી વહેલી આંગળી કાઢી લેતા નવીના બોલી. તુષાર હસી પડ્યો.

"તારી આંગળી પણ શ્રીખંડ જેવી મીઠી છે એટલે કરડાઈ ગઈ. નવીના! જોઉં, ક્યાં ઘા પડ્યો છે?" કહી નવીનાનો હાથ પોતાના હાથમાં લઈ તેની આંગળી જોવા લાગ્યો.

"અરે! કોઈ આવ્યું..." કહી નવીના હાથ છોડાવી ઝડપથી દોડી ગઈ તેના હાથમાંથી ખાદીનો રૂમાલ અને પત્ર પડી ગયા.

"નવીના! આ..." નીચે પડેલા પત્ર અને રૂમાલ લઈ તુષાર બોલ્યો.

"એ તમારા..." ઝડપથી બારણામાંથી નીકળી જતા નવીના બોલી. તુષારે બીજી તરફના બારણા તરફ જોયું; કોઈ આવતું નહતું. નવીના તેને બનાવી ગઈ. સ્ત્રી સહજ ચાલાકી વાપરી ગઈ હતી.

"લુચ્ચી!" તુષારે સ્વગત બબડી પત્ર ખોલ્યો. અંદર લખ્યું હતું.

"પ્રિય તુષાર,

આ ખાદીનો રૂમાલ આપ્યો છે. એ રૂમાલ તમને કદાચ

ખરબચડો લાગશે પણ તમે કયાં નથી જાણતા કે કોઈ સુંદર વસ્તુ પ્રાપ્ત કરવા કેટકેટલા તપ કરવા પડે છે? મારી ખાદીની સાડી તરફ કરેલી ટીકાથી મને લાગે છે કે તમને ખાદી પસંદ નથી. પરંતુ એ ખરબચડી ચીજમાંથી જ આપણે ક્રમે ક્રમે સ્વમહેનતથી સુંવાળી ચીજ મેળવી શકીશું.

તમને લાગશે કે હું તમને શીખામણ આપું છું; પણ તેમ નથી. કેટલાય શ્રીમંતો સવા બે રૂપીયે અગર ચાર રૂપિયે વાર વાળા રેશમી ખમીશો પહેરે છે; અરે ! એકલા શ્રીમંતો જ નહિ મહિને બાર રૂપીયાનો પગાર મેળવતો કારકુન પણ બોસ્કી પહેરે છે. તેમને કડકડતી ઠંડેમાં ચીંથરે હાલ–અરે ! નગ્ન અવસ્થામાં બેઠેલા મજૂરનો કયાંથી ખ્યાલ આવે? તેમને બસ એટલો જ ખ્યાલ હોત કે આપણે મજૂરો પાસે મેળવીએ અને તેમને જ ભૂખે મારીએ? આપણા દેશમાં સસ્તી બનતી જતી ખાદી ખરીદી દેશના ભૂખ્યા પીડીત મજૂરોને આપણે ઉત્તેજન આપીએ એમાં ખોટું શું? દેશને મદદ કરવા દેશનો પૈસો બીજે ન મોકલતા એ સિવાય બીજા ઘણા ઉપાયો છે. તેમાં પહેલો આ વસ્ત્રનો. આપણા દેશની સ્ત્રીઓ શોષીત છે. મારા જેવી યુવતી-ઓના હાડમાંસ એક થઈ ગયા છે. માતાઓના સ્તનોમાંથી દૂધ સૂકાઈ ગયા છે. બાળકો ભૂખથી ટળવળતા હિંદમાતાની માટીમાં ભળી જાય છે. તમે કહેશો તેઓમાં બુદ્ધી નથી–જ્ઞાન નથી. એઓ મરવા જ જોઈએ. પણ એથી કંઈ ફાયદો? એ લોકો મરે એટલે ગુલામીમાંથી છૂટી ગયા? જે દેશમાં તમે જન્મ્યા તે દેશને ગુલામ તમે કઈ જીભથી કહી શકશો?

એમને છોડાવવા, એમને ઢાંકવા, એમને બનતી મદદ કરવા મેં એક શાળા ખોલી છે. તેમાં એવાઓ જ્ઞાન મેળવે છે; કાંતે

છે-પીંજે છે-કાપડ તૈયાર કરે છે અને તેમના જ દેહને ઢાંકે છે. મનુષ્ય તરીકેની આપણી પહેલી ફરજ બીજાને સુખી કરવાની છે-આપણે દુઃખી થઈને. આપણે માર ખાવાનો છે-પોતે મરીને, બીજાને સુખ આપવા.

આમાંનું કંઈ આપણા બંધુઓ માટે કરવા વિનંતી છે. વધુ નહિ તો ખાદી પહેરવા-આટલું કરશો ? તમારી નવીનાની આટલી વિનંતી છે. આટલું કરશો ?

લિ. તમારી
"નવીના"

કાગળ વાંચી તુષારની આંખ આગળ કંગાલ મનુજોના ચિત્રો તરવરવા લાગ્યા. કડકડતી ઠંડીમાં પોતાના શરીરમાં ગરમી પેદા કરવા ગરીબ નવસ્ત્રા મજૂરો પાણી ઉકાળીને પી રહ્યા હતા. એક સ્ત્રીના ઘરની જડતી લેતા પોલીસે તેના ઘરની પાણીની ગોળી ભાંગી નાખી હતી. તે સ્ત્રી હવે શામાં પાણી ભરશે તેની ચિંતાથી રૂદન કરતી હતી. જેને પાણી જ મહામુશીબતે મળે તેને ગોળી શી રીતે મળે ? એવા કેટલાય અસહાય આંસુઓ તેમના ગાલ પર જ જુલ્મગારોના તાપથી સૂકાઈ જતા હશે ?

બીજે દિવસે તુષાર જતા પહેલા બધાને મળ્યો પણ નવીના હજી સુધી દેખાઈ જ ન હતી. તે નવીના ને ખોળી વળ્યો પણ તે ક્યાંયે ન દેખાઈ. છેવટે તેણે બધાની વિદાય લઈ જવા માંડ્યું. અચાનક એની નજર મકાનની મેડી તરફ ગઈ. નવીના ત્યાં ઊભી રહીને અનિમેષ નયનથી તેને જોઈ રહી હતી. તેણે એક હાથ ઊંચો કરી વિદાયનું ભાવભીનું સૂચન કર્યું. તેની આંખમાં આંસુનું પાતળું પડ હતું. તુષાર ગયો—

ગરીબોને સહાય કરવાના વિચાર લઈ ને જાડી ખરબચડી ખાદી પહેરવાનો નિશ્ચય કરીને.

卐

તુષારને – ગરીબ અવસ્થામાં જિંદગી ગુજારી રહેલા તુષારને અત્યાર સુધીમાં કેટલાય દુઃખો સહન કરવા પડયા હતા. પિતા તરફથી એને ગરીબીનો વારસો મળ્યો હતો. માએ છાના દળણા દળીને, અર્ધું પેટ પોતે ભરીને બાળક તુષારના મોં આગળ બધું ઠાલવી દઈ એને ભણાવ્યો, એની સંભાળ રાખી, એને કોલેજમાં મોકલ્યો. એને કોલેજમાં મોકલતા પહેલાં કહી દીધું, "બેટા ! જ્યાં સુધી હું છું ત્યાં સુધી પૈસાની ચિંતા કરીશ નહિ. પ્રાણ આપીને પણ હું તને પૈસા મોકલીશ." તુષાર અત્યારે ઈન્ટર સુધી પહોંચ્યો.

રંભાના લગ્નમાંથી આવી તુષાર કોલેજની ઓરડીએ ગયો. ઓરડીમાં એક પત્ર પડયો હતો. પત્ર વાંચતા તેના હોશકોશ ઊડી ગયા. આફતો જ જાણે એની જીગરજાન દોસ્ત હોય એમ પાછળ ભમ્યા કરતી. એક મહા આફત એને માથે આવી પડી અને તે પૈસા કમાવાની. ભયંકર રેલમાં એની બધીય સમૃદ્ધિ ગણાતી એની મા કેટલાય મનુષ્યો સાથે તણાઈ ગઇ હતી. ઘરો બધા તારા જ થઈ ગયા હતા તેમાં એનું પણ ઘર હતું. બધું બેદાન મેદાન થઈ ગયું. એની ડોકટર થવાની અભિલાષા એક જ કડકા સાથે ભાંગીને ઢગલો થઈ ગઈ. એક આંખ મીંચીને ઉઘાડતાં જે અકસ્માત થાય તે થઈ ગયો, એને, હવે કોઈ ન હતું. કાલે એ પરણશે તો શું કમાઈને નવીનાને ખવડાવશે ! જો કે નવીના પણ ગરીબ જ હતી એટલે એનો

સંસાર ચલાવવામાં અડચણ ન આવે તે એ જાણતો હતો. પણ પૈસા જ ન હોય તો શું? શા વડે એ ભણશે? એની કૉલેજની ફી? એ શું ખાશે! રાબડી પી રહેશે? શું પહેરશે? રહેશે ક્યાં? ઓરડીનુ ભાડું? એના પૈસા એ શામાંથી આપશે? બધી જ બાબતમાં પૈસા? પૈસો જ સર્વવ્યાપી પરમેશ્વર? તુષારના મનમાં ઘોડા ઊભા થતા હતા.

નોકરી! સર્વ નિરાશ્રિતોની આશા! એમાં પણ તુષારને નિરાશા મળી. 'No vacancy' ના પાટીયાં વાંચી એનું મન ચકડોળે ચઢી ગયું. કોઈને ટ્યૂશન આપું? અરે! પણ આ જમાનામાં માસ્તરોનોય ક્યાં તોટો છે? એમાંય એનો શુક્રવાર ન વળ્યો. છેવટે એક લાગવગ મારફતે એણે પોલિસમાં જોડાવાની અરજી કરી... અરે! પણ ખાદીના કપડાં...? નવીનાનું સ્વપ્ન...? પણ ત્યારે બીજું શું થાય...? એને માટે ભૂખે મરવું— ? પેટ કંઈ છોડે ..? એને પોલિસની નોકરી મળી ગઈ.

卐

આજે જાણીતા સ્વયંસેવિકા દળના આગેવાન બેન નવીના સત્યાગ્રહ તથા ભાષણ કરવાના છે એવી વાત છાપામાં પ્રસિદ્ધ થઈ હતી. ભાષણ શરૂ થાય તો પહેલાં તે નવીનાના હાથમાં સાર્જન્ટે બેડી નાંખી અને પોલિસ સુપ્રીન્ટેડન્ટની ઓફિસ તરફ સ્પેશીયલ મોટર નવીનાને લઈ દોડી. ક્રોધે ભરાયલા ગીધની માફક સભામાં કોલાહલ થઈ રહ્યો. પણ પાછી શાંતિ છવાઈ.

"હાં...હાં, બેવકૂ...ફ...પ્રે...ક...પા.." પૂરપાટ દોડી જતી મોટર શોફરની ભૂલથી સામેના ઝાડ સાથે અથડાય તે પહેલાં

સાર્જન્ટ બરાડી ઊઠ્યા. પણ " ક...ડ...ડ...ડ " અને મોટર સુપ્રીન્ટેડન્ટની ઓફિસ સામેના ઝાડ સાથે અથડાઈ ઊંધી વળી. મોટરમાંથી એકતીણી ચીસ સંભળાઈ. ઓફિસ આગળ ઉભેલો પોલિસ દોડયો. તેણે સાર્જન્ટને ધીમેથી ઊડાડયા. તેમને મોં આગળ સહેજ જ ઈજા થઈ હતી. તેમણે દૂર પડેલી નવીનાને સંભાળવા કહ્યું. નવીના થોડે દૂર ઊંધી પડી હતી. તેના માથામાં સખત વાગ્યું હતું. તે બેભાન હતી. પોલિસ તેની પાસે ગયો અને ચમકયો.

" નવી... ના ...! " તેનાથી બોલાઈ ગયું. અને નવીનાને ભાનમાં આણવા તેણે મોટરમાંથી બહાર ઉછળી પડેલા ડબ્બામાંથી પાણી કાઢી નવીનના મોં પર છાંટયું.

" એને હોસ્પીટાલમાં ખસેડો. મને બહુ ઈજા નથી થઈ. હું હોસ્પીટાલમાં બંદોબસ્ત કરાવું છું. એને ઓફિસમાં સૂવાડો. " કહી સાર્જન્ટ હોસ્પીટાલ ગયા.

પોલિસ નવીનાની આંખ પર પોતું ફેરવતો હતો. થોડી વારે નવીના એ આંખ ઊઘાડી. અને જાણે સ્વપ્નમાં જોતી હોય તેમ પોલિસને જોઈ બબડી. " તુ...ષા...ર...અહિં...? " અને આંખ મીંચી દીધી.

卐

" નવીના... ! " હોસ્પીટાલની ઓરડીમાં જઈ તુષારે નવીનાને ધીમી બૂમ મારી. નવીનાની દેખરેખનું કામ તેને સોંપાયું હતું. નવીનાએ આંખ ઉઘાડી. એ મંદમંદ હસી.

" પણ તારા કહ્યા પ્રમાણે હું ન કરી શકયો. "

" તેમાં શું ? હું અત્યારે કહું તે તમારે કરવું જ પડશે. "

નીલા રંગની સાડી પહેરેલી જળ જોગિણી જેવી નવીના બોલી.

"શું?"

"મને દરિયા કિનારે લઈ જાવ!"

"હોસ્પીટાલની પાછળ જ દરિયો હતો.

"આવી સ્થિતિમાં! સાથે કોઈને લઈશું.?"

"ના. તમે છો ને!" નવીના હસીને બોલી.

"નવીના! શું વિચાર કરે છે?" દરિયા કિનારે બન્ને આવ્યા પછી નવીના ઊભી ઊભી શાંત ચિત્તે દરિયા તરફ જોતી હતી તે જોઈ તુષારે પૂછ્યું.

"ઓ...મને ઝાલી લો...હું પડી જઈશ...નવીના એ એકદમ કહ્યું. તુષારે એનો હાથ પકડી એને નીચે બેસાડી દીધી.

"અરે! હાથ કેમ છૂટતા નથી? આ શું છે?" નવીનાને હાથે સાંકળ જેવી બાંધેલી વસ્તુ પર હાથ ફેરવતાં તુષાર બોલ્યો. "એ બેડી છે" ક્ષણવાર તુષારની આંખ પહોળી થઈ.

"કોણે પહેરાવી:"

"મેં પહેરી"

"તેં જાતે?"

"હા. કેમ? બંગડી કરતાં બેડી મને વધારે શોભે છે કે નહિ?" નવીનાએ સ્મીત કરતાં કહ્યું. એણે જાતે જ બેડી પહેરી હતી.

"હું એ બેડી તોડી નાંખીશ."

"નહિ તૂટે."

"નહિ શું તૂટે?" કહી અત્યંત બળપૂર્વક તેણે બેડીનો ગાળો મોટો કરી અંદરથી નવીનાના સુકોમળ હાથ કાઢી નાંખ્યા.

"વાહ! હિંદ મૈયાની બેડી પણ તમે આવી જ રીતે

છૂટી...અરે...મારા માથામાં દરદ થાય છે." માથાને બે હાથથી અત્યંત જોરથી દબાવતી નવીના બોલી.

"બહુ બોલ બોલ ન કર નવીના! વધારે બોલવાથી તારા માથામાંથી લોહી નિકળે છે," કહી તુષારે તેને પોતાના ખોળામાં સૂવાડી.

"તમારો હાથ લાવો જોઉં." તુષારે તેના હાથમાં હાથ આપ્યો.

"ઓ હો! બેડી તોડી તેથી કેટલા ચકામા પડ્યા છે! એની દવા મારી પાસે છે. હોં!" કહી પોતાની સુકોમળ હથેલી તુષારના વજ્ર પંજામાં મૂકી દીધી. એકમેકની અંગુલિઓ વેલ માફક ગૂંથાઈ ગઈ.

"હિંદ મૈયાની બે...ડી...તમા...રે...તો...ડ..." આટલું બોલતાં નવીનાના મસ્તકમાંથી પાછું રુધિર નિકળ્યું.

"નવીના! તું આરામ કર હવે."

"મારે માટે એવું...જ...લખા...યું...છે..." કહી તેણે આંખ મીંચી; એક ક્ષણ તુષારે સાગર તરફ નજર નાંખી. સાગરના જલગર્ભમાં નવીના છૂપાઇને મોતી બની જતી હતી. એની નીલા રંગની સાડી સાગરે પરિધાન કરી લીધી હતી.

"હું એ મોતીને લાવીશ અને ગૃહે ગૃહે એ મોતીને દરેક ગૃહલક્ષ્મીની કંઠમાળમાં લટકાવીશ..." કહી તેણે નવીનાના મસ્તક પર હાથ મૂક્યો. તેનો હાથ રુધીરથી ખરડાઈ ગયો. તેણે નવીના તરફ જોયું. તેની આંખ મીંચેલી હતી. તેના મુખ પર અલૌકિક સ્મીત રમતું હતું. તુષાર એ તરફ મીટ માંડી રહ્યો. એની આંખમાંના આંસુ નવીનાના સ્મીત કરતા અધર પર પડ્યા અને ક્ષણવાર સાંજ થંભી ગયા.......

સમાપ્ત



મર્મ અને ભરપૂર હાસ્યપ્રધાન નવલકથા : સેટાયર. હળવું તેમ જ શિષ્ઠ સાહિત્ય વાંચનાર તમામ વર્ગનાં સ્ત્રીપુરુષ આબાલવૃદ્ધ: કુમાર–કુમારિકા સર્વેને સરખો રસાસ્વાદ ચખાડનારી સળંગ આ નવલકથા માટે માનનીય વિદ્વાનો તેમજ હાસ્યરસના માન્ય લેખકોએ અને જાણીતા વર્તમાનપત્રોએ એકે અવાજે પસંદગી દર્શાવી છે. "ભદ્રંભદ્ર"ની શૈલીપર લખાએલી આ નવલકથા નૂતન સ્વરૂપી શિરપેચ! આદિથી અંત સુધી માર્મિક કટાક્ષ અને મીઠા હાસ્યરસથી ભરપુર : કવર જેકેટ સાથે, કિં. રૂ. દોઢ

સર્વાંગ સુંદર—અપૂર્વ ને અજોડ

કલાત્મક રસદાયક માર્મિક નવલિકા સંગ્રહ

રસમૂર્તિઓ

લેખક : રણજીત મ. શેઠ

ગુજરાતના શ્રેષ્ઠ વિવેચક શ્રી. પ્રો. વિજયરાય વૈદ્ય તે માટે શું કહે છે. "સામાન્યત આકર્ષક આરંભ; સંવાદોમાં વેગ તથા સચોટપણું, ભાવ કે પ્રસંગનું ઝડપી, અસરકારક આલેખની શૈલીની એકંદર અકૃત્રિમતા આમાંના એક અપવાં વધારે ગુણ અહીં છપાએલી ઘણીખરી નવલિકાઓમાં છે. અને લેખકને માટે આશામય ભાવી સુચવે છે.

તેમાં સામાજિક મર્મભેદી વાર્તાઓ આપવામાં આવી છે.



લેખક : **શ્રી જેઠાલાલ ના. ત્રિવેદી**

જ્ઞાનવર્ધક પુસ્તકમાળાનું આ સત્તાણુમું પુષ્પ, એક નવીન ઇતિહાસ લઇને આવે છે. ક્યો ભારતવાસી સંવતના સ્રષ્ટા વિક્રમને નથી જાણતો ?

એજ નરવીરોના

મુકુટમણિ અવંતીસમ્રાટ વિક્રમાદિત્યના રોમાંચક જીવનકાર્યોની સુરેખ ને સુંદર સુલલિત વસ્તુગૂંથણી અહીં રજૂ થઇ છે

એનાં થોડાં પાત્રોજ
તમને ડોલાવી દેશે

- પરદુઃખભંજન વિક્રમ
- ભૂતોના અવતાર વૈતાળ
- સાધ્વી સરસ્વતી
- આગના ગોળા જેવા કાલિકાચાર્ય
- ઇન્દુમતી
- મંજરી ઘાંચણ

આવાં અનેક પાત્રો તમને એ ભવ્ય ભૂતકાળમાં ખેંચી જશે.

કિં : અઢી રૂપિયા

જ્ઞાનવર્ધક પુસ્તકમાળા
પીરમશા રોડ, **અમદાવાદ**

નવલકથા

પરીની શોધમાં

તમામ વર્ગના સ્ત્રીપુરુષો, કુમાર-કુમારિકા એકસરખો હાસ્ય માણી શકે તેવી.

કવર જેકેટ સાથે : કિં. : રૂપિયો દોઢ

ગુજરાતી સાહિત્ય-જગતની આ તદ્દન અનોખી કૃતિને અનેક વિદ્વાનોએ વધાવી છે.